
હરિઃ ૐ



# શ્રીમોટાની મહત્તા

(પૂજ્ય શ્રીમોટાના પ્રેરણાત્મક જીવનપ્રસંગો)

પૂજ્ય શ્રીમોટા
હરિઃ ૐ
હરિઃ ૐ આશ્રમ-સુરત

॥ હરિ:ૐ ॥

# શ્રીમોટાની મહત્તા

[ પૂજ્ય શ્રીમોટાના પ્રેરણાત્મક જીવનપ્રસંગો ]

● લેખક ●

શ્રી નંદુભાઈ શાહ

હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિ:ૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

❑ © હરિ:ૐ આશ્રમ, સુરત, નડિયાદ

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૯૫ | ૨૦૦૦ | ત્રીજી | ૨૦૦૬ | ૧૦૦૦ |
| બીજી | ૧૯૯૯ | ૨૦૦૦ | ચોથી | ૨૦૧૨ | ૨૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૨+૨૦૦=૨૧૨

❑ કિંમત : **રૂ. ૧૫**/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિ:ૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિ:ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** (મો.) ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ **મુદ્રક :**
**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૨૨, ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

પૂજ્ય શ્રીમોટા ઉપરાંત અન્ય અનેક સાધુસંતો પ્રત્યે
આદરભાવ સાથે સંપર્કમાં આવી, સેવકભાવથી
ગુપ્ત રીતે તેમના ઉપયોગમાં આવનાર
અને એ રીતે હરિઃૐ આશ્રમ, સુરતની
જરૂરિયાતોમાં સહાયક બનનાર
અને
અથાક પરિશ્રમથી પોતાના પરિવારને
પ્રગતિના પંથે આગળ લઈ જનાર સેવાભાવી
સજ્જન એવા
**સદ્‌ગત શ્રી નટવરલાલ છોટાલાલ ચશ્માંવાળા**
અને તેમનાં ધર્મપત્ની
**શ્રી ઉમાબહેન નટવરલાલ ચશ્માંવાળા**ને
**'શ્રીમોટાની મહત્તા'**ની આ ચોથી આવૃત્તિનું
પ્રકાશન આદરપૂર્વક અર્પણ કરીને અમો
આભારની લાગણી અનુભવીએ છીએ.

તા. ૧-૪-૨૦૧૨ — **ટ્રસ્ટીમંડળ,**
રામનવમી — હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# નિવેદન

(પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા સાથે સાડા ત્રણ દાયકા સુધી રહેવાનું સદ્‌ભાગ્ય મને મળેલું. એમાંય છેલ્લા દોઢ દાયકા દરમિયાન (૧૯૬૦ થી ૧૯૭૬) તેઓશ્રીએ પ્રેરેલાં સમાજકલ્યાણનાં કાર્યોના વહીવટની જવાબદારી મને સોંપાયેલી. આથી, સતત એમની સાથે જ રહેવાનું થયું.

પૂજ્ય શ્રીમોટાનાં ઘણાં સ્વજનો પૂજ્ય શ્રીમોટા સાથેનાં મારાં સંસ્મરણો જાણવા આતુર હતાં, પરંતુ શરીરની ઉંમર વધતાં લખવાની તકલીફ રહેતી હતી. એ ઉપરાંત, વય વધવા સાથે યાદદાસ્ત પણ મંદ પડતી હતી. દક્ષિણભારતના કુંભકોણમ્‌માં આવાં સંસ્મરણો રૅકૉર્ડ કરવાની તૈયારીરૂપે મેં મુદ્દા પણ નોંધી રાખેલા, પરંતુ એ કામ ત્યાં ના થઈ શક્યું. એ પછી શ્રી રમેશભાઈ ભટ્ટે વિદ્યાનગર આવીને બે દિવસ રોકાઈને ચાર કૅસેટસ્ ઉપર મેં કહેલાં સંસ્મરણો ટેપ કરી લીધાં. એના ઉપરથી એમણે **'શ્રીમોટાની મહત્તા'** (પૂજ્ય શ્રીમોટાના પ્રેરણાત્મક જીવનપ્રસંગો) નામનું આ પુસ્તક સંપાદિત કર્યું છે. આ લખાણ હું થોડુંક વાંચી શક્યો અને આંખની તકલીફને લીધે બાકીનું લખાણ શ્રી ચંદનબહેન પટેલ પાસેથી સાંભળી ગયો. હું જે બોલેલો એને રમેશભાઈએ વાચનક્ષમ બને તે રીતે સંપાદિત કર્યું છે. એ વાંચી-સાંભળીને એમાં મારાથી થઈ શક્યો તેટલો સુધારોવધારો કર્યો. આથી, મને સંતોષ થયો છે. ઉપરાંત, પૂજ્ય શ્રીમોટા સાથે મારે ઘણા પ્રવાસો કરવાના થયા. એમાં શરૂઆતના પ્રવાસનાં વર્ણનો

મેં મારા પૂજ્ય મામા-ગોપાળદાસને પત્રરૂપે લખેલા. બીજા કેટલાક પત્રો અન્ય સંબંધીઓને લખેલા. એ પત્રોનો પણ આ પુસ્તકના બીજા ખંડમાં સમાવેશ થયો છે. એ પત્રોમાંથી પૂજ્ય શ્રીમોટાના મહિમાની ઝાંખી વાચકને થશે એવી આશા રાખું છું.

આ પુસ્તક નિર્માણમાં જે શ્રમ રમેશભાઈએ લીધો છે, એનું મૂલ્ય મારા દિલમાં ઘણું છે. હરિઃૐ આશ્રમ, નડિયાદના ટ્રસ્ટીમંડળે આ પુસ્તક પ્રકાશિત કરવાનું નક્કી કર્યું, એ બદલ હું આશ્રમના વ્યવસ્થાપકોનો આભારી છું.

મને શ્રદ્ધા છે કે આ પુસ્તકથી કોઈ પણ ‘જીવ’ પૂજ્ય શ્રીમોટાની મહત્તાની ઝાંખી પામી શકશે.

**નંદુભાઈ શાહ**

‘આશીર્વાદ’ બંગલો,
બાકરોલ રોડ, વલ્લભવિદ્યાનગર,
તા. ૩૦-૬-૧૯૯૫
(વસંતપંચમી)

॥ હરિઃૐ ॥

# સંપાદકીય

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનો આત્માનુભવ અને તેઓશ્રીની એ અવસ્થાનું સંસારવહેવારમાં અવતરણ એ આપણા જમાનાની એક અનોખી ઘટના છે. એમનાં વિશાળ, વ્યાપક, ગૂઢ-સૂક્ષ્મ કાર્યોને જોવાં, સમજવાં અને મૂલવવાં એ કપરું કામ છે. તેઓશ્રીએ કરુણાભાવે નિમિત્તયોગે અનેક જીવાત્માઓને સ્પર્શ કરીને પરમ ચેતન પ્રત્યે જાગૃત કર્યા છે અને ચેતનજાગૃતિનું બીજારોપણ પણ કર્યું છે. એવા પુરુષની સાથેનો સ્થૂળ-સૂક્ષ્મ સમાગમ-એટલે કે સત્સંગ-જેમણે માણ્યો છે, એવા લોકો અત્યંત ભાગ્યશાળી છે.

પૂજ્ય શ્રીમોટાની પૂર્વાવસ્થાના કાર્યસંગી શ્રી હેમંતકુમાર નીલકંઠ અને તેઓશ્રીની શરીરની હયાતી દરમિયાનના છેલ્લા સાડા ત્રણ દાયકાના સંગી શ્રી નંદુભાઈ શાહ, પૂજ્ય શ્રીમોટા સાથેનાં પોતાનાં સંસ્મરણો રજૂ કરે એમાં ઘણી પ્રેરક સામગ્રી મળી રહે એમ છે. સદ્‌ભાગ્યે આજે આ બંને વ્યક્તિઓ પોતાની જિંદગીની નવ સદી પૂરી કરીને સો વર્ષ પૂરાં કરવા તરફ છે. આ બંનેમાંથી શ્રી નંદુભાઈએ શ્રીમોટા વિશે થોડુંક જ લખ્યું હતું. એમની પાસેથી સંસ્મરણો ટેપ રૅકૉર્ડ કરીને આ પુસ્તકમાં સંપાદિત કર્યાં છે. એ સંસ્મરણોમાં એક વાત ખાસ ઊપસી આવે છે, કે પૂજ્ય શ્રીમોટા પોતાને મળેલાને જીવનના હેતુ અંગેની સ્પષ્ટતા કરાવે છે અને એ મુજબનું વહેવારવર્તન કેવી રીતે થાય એ જ શીખવે છે. મતલબ કે ઊર્ધ્વજીવન માટેની ભાવનાને સીધી જ ચરિતાર્થ કરાવે છે.

આથી, કર્મ દ્વારા ભાવના પ્રતિષ્ઠિત થાય છે. જેથી, એમની સાથે સંકળાયેલ કોઈ પણ વ્યક્તિ ભીરુ કે ભાગેડુ ના બને.

શ્રી નંદુભાઈએ પોતાનાં સંસ્મરણો દ્વારા પૂજ્ય શ્રીમોટાની મહત્તાની ઝાંખી કરાવી છે. એમાં ભરપૂર પ્રસંગો છે અને એ પ્રસંગોનું હાર્દ એમણે પ્રગટ કર્યું છે.

આ હકીકતની પૂર્તિરૂપે આ પુસ્તકનો બીજો ખંડ એમણે લખેલા પત્રોનો છે. એ પત્રોમાં બીજી અનેક વ્યક્તિઓનાં જે ચિત્રો આલેખાયાં છે, એ દ્વારા કેટલીક ઉચ્ચભાવનાઓ ચરિતાર્થ થઈ છે. એ રીતે એવી ભાવનાનો મહિમા રજૂ થયો છે. પૂજ્ય શ્રીમોટા જે 'ગુણ અને ભાવ' પ્રત્યે દિલ ઠારવાનું શીખવે છે, એવા 'ગુણ અને ભાવ' પ્રત્યે શ્રી નંદુભાઈએ આપણા દિલને આકર્ષ્યું છે. જે વ્યક્તિઓના ગુણોનું નિરૂપણ કર્યું છે, એ આપણા સૌને પ્રેરક બને એવું છે. આવા નિરૂપણની પાછળ પૂજ્ય શ્રીમોટાનો સ્પર્શ અને એમની વહેવારકળા પણ સૂચવાઈ છે.

પૂજ્ય શ્રીમોટા પ્રત્યેની ભાવના જુદા જુદા પ્રસંગે, જુદી જુદી વ્યક્તિઓ પ્રત્યે જેવી રીતે વ્યક્ત થઈ છે, એનાં વર્ણનો પણ આહ્‌લાદક છે. એ બધી ક્ષણોએ પૂજ્ય શ્રીમોટાની સાચી ભાવના, નિઃસ્પૃહા તથા પ્રગટી રહેલા પરમ પ્રેમની ઝાંખી આપણને મળ્યા કરે છે.

આ પુસ્તક 'શ્રીમોટાની મહત્તા' પૂજ્ય શ્રીમોટાના પરમાત્માનુભવના સંસારવહેવારમાં પ્રગટી રહેલાં તેજકિરણોના મહિમાસ્તોત્રના કેટલાક અંશો છે. આથી, આ પાનાંઓ એ સ્તોત્રનાં પવિત્ર પાનાં છે. આનું વાંચન પૂજ્ય શ્રીમોટા પ્રત્યે આકર્ષણ વધારનારું છે.

આ સંપાદન પાર ઉતારતા ઘણો સમય પસાર થયો. છેલ્લાં ત્રણેક વર્ષથી આ કામ કરવાનું વિચારાતું હતું. આ પુસ્તક તૈયાર

થાય એવો પહેલો વિચાર પૂજ્ય શ્રીમોટાનાં સ્વજન શ્રી ઓચ્છવલાલ શાહને (ઉષા પેઈન્ટસ્-વડોદરા) આવેલો અને એમણે મને આ કામ માટે પ્રેરેલો. એ પછી તો એક સ્વજને આ પુસ્તક છપાવી આપવાની તત્પરતા દર્શાવી. પરિણામે આ પુસ્તક પ્રકાશિત થઈ શક્યું.

આ પુસ્તકનું લેખન-સંપાદન કાર્ય મને સોંપીને હરિઃૐ આશ્રમ, નડિયાદે ઉપકાર કર્યો છે.

પૂજ્ય શ્રીમોટાના બધા જ ચાહકોને શ્રી નંદુભાઈ શાહનું આ સ્મરણ પુસ્તક પૂજ્ય શ્રીમોટાના મહિમાસ્તોત્રના ગાન જેવું મધુર અને આસ્વાદ્ય લાગશે એવી શ્રદ્ધા છે.

તા. ૩૦-૬-૧૯૯૫ **રમેશ ભટ્ટ**

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ સમાજકલ્યાણનાં કાર્યોની વહીવટી જવાબદારી સને ૧૯૬૦થી ૧૯૭૬ દરમિયાન શ્રી નંદુભાઈને સોંપેલ. તે દરમિયાન પૂજ્ય શ્રીમોટા સાથેનાં સંસ્મરણો તથા દક્ષિણ ભારતના કુંભકોણમ્‌નાં સંસ્મરણોના મુદ્દા રમેશભાઈ ભટ્ટે ટેપ કરેલ. તે પરથી **'શ્રીમોટાની મહત્તા'** (પૂજ્ય શ્રીમોટાના પ્રેરણાત્મક જીવનપ્રસંગો) પુસ્તક સંપાદિત કર્યું. આ સિવાય કેટલાક પત્રોનો પણ બીજા ખંડમાં સમાવેશ કર્યો છે. આ પુસ્તકની પહેલી આવૃત્તિ ૧૯૯૫માં છાપેલી. શ્રી ગોપાળદાસ પરિવારના આર્થિક સહયોગથી આ પુસ્તકની ટૂંકા સમયમાં જ આ બીજી આવૃત્તિ પ્રગટ કરતાં આનંદ અનુભવીએ છીએ.

આ પુસ્તકની બીજી આવૃત્તિનું મુદ્રણશુદ્ધિનું કાર્ય ખૂબ જ શ્રમ લઈને શ્રી જયંતીભાઈ જાનીએ કર્યું છે. અગાઉની આવૃત્તિની ઘણી બધી ભૂલો (અંદાજે ૩૭૧) તેમણે સુધારી છે. તેમના આવા શ્રમ બદલ અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આ પુસ્તકની આકર્ષક આવરણ ડિઝાઈન તૈયાર કરી આપનાર શ્રી મયૂરભાઈ જાનીનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

ટાઈટલને ચાર રંગમાં છાપી આપનાર સાહિત્ય મુદ્રણાલયના નિયામકો શ્રી શ્રેયસભાઈ તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યાનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

ગુજરાતી વાચકો આ પુસ્તકને વાંચી તેના હાર્દને જીવનમાં ઉતારી જીવનની ધન્યતા પામશે તેવી આશા છે.

હરિઃૐ આશ્રમ
નડિયાદ.
તા. ૨૫-૩-૧૯૯૯
રામનવમી

**સી. ડી. શાહ**
મૅનેજિંગ ટ્રસ્ટી

# નિવેદન (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા સાથે સંકળાયેલ સ્વજનનું નિમિત્તયોગે જીવનઘડતર થતું હોય છે. પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈ હેતુની સભાનતા સાથે જીવનવિકાસ માટે સાધના કરવા પોંડિચેરી શ્રીઅરવિંદ-શ્રીમાતાજી પાસે જતાં જતાં પૂજ્ય શ્રીમોટાને મળ્યા હતા અને પૂરેપૂરી ખાતરી થયા બાદ તેમના શરણાગત થયા હતા.

ત્રણ-સાડા ત્રણ દાયકા સુધી પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગ પર્યંત પોતે જે જે અનુભવ્યું તે વિગતો શ્રી રમેશભાઈ ભટ્ટના સૂચનથી ટેપ થઈ હતી. આ ટેપના આધારે **'શ્રીમોટાની મહત્તા'**નું સંપાદન શ્રી રમેશભાઈએ કર્યા બાદ પૂજ્ય ભાઈશ્રીએ જરૂરી સુધારા-ફેરફાર સાથે પ્રકાશન માટે અનુમતિ આપી હતી. સને ૧૯૯૫ની પ્રથમ આવૃત્તિ બાદ **'શ્રીમોટાની મહત્તા'**ની અન્ય બે આવૃત્તિ સને ૧૯૯૯ અને સને ૨૦૦૬ સાથે કુલ પાંચ હજાર પ્રત સ્વજનો સુધી પહોંચી ગઈ છે.

પૂજ્ય શ્રીમોટાએ સ્થૂળ, સૂક્ષ્મ અને સૂક્ષ્મતર ઘટનાઓ દ્વારા પોતાનું ઘડતર જે કર્યું તેની રસપ્રદ વિગતો આ પ્રકાશનમાં હોવાથી સ્વજનને તે ઉપયોગી થઈ પડ્યું છે. હાલમાં આ પ્રકાશનની પ્રતો ઉપલબ્ધ ન હોવાથી અને તેની સતત માગ રહેતી હોવાથી તેની ચોથી આવૃત્તિ પ્રકાશિત કરાઈ છે. આશા છે કે અગાઉની આવૃત્તિઓની જેમ આ નવી આવૃત્તિ પણ સ્વજનોમાં આવકાર પામશે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ.

તા. ૧-૪-૨૦૧૨ **ટ્રસ્ટીમંડળ,**
રામનવમી હરિઃૐ આશ્રમ, સુરત.

# શ્રીમોટાની મહત્તા

[ પૂજ્ય શ્રીમોટાના પ્રેરણાત્મક જીવનપ્રસંગો ]

❑

શ્રી નંદુભાઈ શાહ

## ‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

**- શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# ખંડ : ૧

## સંસ્મરણો

### [૧]

આજથી ૫૫ વર્ષ પહેલાં-૧૯૩૯માં હું, કુંભકોણમ્‌માં હતો ત્યારે હેમંતભાઈ દ્વારા મોટાની જાણ થઈ. મારો વિચાર પોંડિચેરીમાં આવેલ શ્રીઅરવિંદ આશ્રમમાં જોડાવાનો હતો, પણ પછી કુટુંબ સાથે ત્યાં ના રહેવાતું હોવાથી અને પૂજ્ય મોટાની સાથે એમ થઈ શકતું હોઈ, હરિજન આશ્રમ, સાબરમતીમાં રહેવાનું કર્યું. સાબરમતી આશ્રમમાં આઠેક મહિનાથી રહેવા આવ્યો હતો. પૂજ્ય મોટાને મળ્યો. આમ તો ત્યાં મળેલા, પણ આશ્રમમાં વાતચીત થયેલી નહિ. એક સીધા સાદા ક્લાર્ક તરીકે હું એમને જાણતો હતો. તેમને મેં વાત જણાવી. એમણે મને કહ્યું કે ‘મારી પાસે કોઈ ચમત્કાર નથી. હું તમને સાધનાની અમુક પદ્ધતિ બતાવું, તે પ્રમાણે તમે વળગીને કર્યા કરો અને પરિણામ જુઓ.’ મેં તે સ્વીકાર્યું. દીક્ષાના આરંભમાં પહેલું જ એમણે મને કહ્યું કે ‘તમારે કોની સાથે અણબનાવ છે ? જેની સાથે અણબનાવ હોય તેની પહેલાં માફી માગી આવો.’

મેં કહ્યું, ‘એ અણબનાવમાં મારો વાંક નથી.’

તો મોટા કહે, ‘એની સાથે મારે નિસ્બત નથી. તમારો વાંક હોય કે ના હોય, તમે માફી માગો. આપણે જેવા થવાનું છે તેની આ શરૂઆત છે.’

મેં તે સ્વીકાર્યું અને એક વડીલ ભાઈને અને બીજા એક વડીલ ભાઈને અમદાવાદમાં એમના ઘેર જઈને તેમની ક્ષમા

માગી. તેઓ ખૂબ રાજી થયા. મને ભેટ્યા અને આશીર્વાદ આપ્યા. એ દિવસથી એમની સાથે મારી સાધના શરૂ થઈ.

મોટા અને હું પૂજાના ઓરડામાં બેઠા. એમણે બનિયન અને ધોતિયું પહેરેલું. મેં પણ બનિયન અને ધોતિયું પહેરેલું. બંનેનાં બનિયનને બટનો હતાં. દેશી દોરાનાં બટનો હતાં. એમણે દોરી લીધી અને પોતાના બનિયનના બટનની સાથે મારા બનિયનના બટનને દોરી બાંધી દીધી. એટલે કે દોરી દ્વારા સંદેશો મને પહોંચે ! મોટા, મનમાં કંઈક શ્લોક બોલ્યા. પોતે પ્રાર્થના જેવું કર્યું અને પછી મને 'હરિઃૐ'નો મંત્ર આપ્યો. પછી મને કહે, 'તમે ઊંધા સૂઈ જાઓ.'

હું સૂતો. મારી આખી કરોડરજ્જુ ઉપર એમણે ફૂલથી સ્પર્શ કર્યો. પછી એક બ્લેડ લઈને ગુદાના ઉપરના ભાગમાં એક ચોકડી કરી. મને લોહી નીકળ્યું. એમણે ચુંબન કરીને એ લોહી ચૂસ્યું. સ્પષ્ટ ચોકડી થાય એવું મને અનુભવાયું હતું. લોહી નીકળ્યું એ પણ ખ્યાલ આવ્યો. એમણે ચુંબન કરી ચૂસ્યું, પછી હું બેઠો થયો. એ ધ્યાનમાં ગયા પહેલાં દોરી બાંધી હતી તે પ્રમાણે ફરી બાંધી, પછી એ ધ્યાનમાં ગયા. મને કહેલું, 'તમે બને તેટલા નીરવ રહેવાનો પ્રયત્ન કરો.' મારી જિંદગીમાં આવું ધ્યાન કોઈ દિવસ કર્યું નથી અને એકાએક હું ધ્યાનમાં ચાલ્યો ગયો. તંદ્રા ન હતી એનો પણ મને ખ્યાલ છે, કારણ કે આમ જાગૃતિ હતી અને આમ વિચારની શૂન્યતા. પંદર મિનિટ આમ રહ્યું હશે, પછી એમણે ધ્યાન મૂકી દીધું અને બાંધેલી દોરી એમણે છોડી દીધી અને થોડાક જ સમયમાં મારી ગરદન ઉપર, પાછળ ડોકી ઉપર એક-દોઢ ઈંચ લાંબો, દોઢ ઈંચ પહોળો આકાર ઊઠી આવ્યો અને ચામડી જાણે ખરજવું હોય અને ફદફદી ઊઠી હોય તેવી થઈ આવી. મને કહે, 'તમે ગભરાશો નહિ. તમને બે દિવસમાં આપોઆપ મટી

જશે. કોઈ દવા કરવાની જરૂર નથી. એને ઢાંકવાની પણ જરૂર નથી. સામાન્યપણે પહેરણ પહેરાય છે તે પહેરજો.' ખરજવું થાય અને જે લાગણી થાય તેવું સ્પષ્ટ અનુભવાય અને જાણે ખરજવું જ છે તેવું ઘરનાંને લાગ્યું. તે વખતે મારી સાથે હેમંતભાઈ એકલા હતા અને મારાં પત્ની અને બાળક તો કુંભકોણમ્ હતાં. હેમંતભાઈએ આ જોયું. મને થયું કે 'આ ઉપાધિ ક્યાંથી આવી ?' પણ બે જ દિવસમાં ખરજવું અદૃશ્ય થઈ ગયું. આ એમની સાથેનો મારો પહેલો અનુભવ. ખરજવું થયું અને મટી ગયું એ સ્થૂળ અનુભવ. જે બે મિનિટ પણ વિચારશૂન્યતા ના રહી શકે તે લગભગ પંદર મિનિટ સુધી રહી. તેમણે જ્યાં સુધી ધ્યાન ચાલુ રાખ્યું ત્યાં સુધી નીરવતા રહી તે સૂક્ષ્મ અનુભવ.

પછી મને કહેલું કે 'તમે ધ્યાન કરજો.' એક જગ્યાએ અમુક ક્રિયાઓ બતાવી. આમ બેસવાનું, ભજન ગાવાનું. શરૂઆતમાં બે મિનિટ પછી 'હરિઃૐ'નો જાપ કરવો અને પછી આંખો મીંચીને ધ્યાનમાં જવાનો પ્રયત્ન કરવો અને શું થાય છે તે જોયા કરવું. પંદર મિનિટ-ત્રીસ મિનિટ સુધી જેટલું થાય એટલું કરવું. શરીર ઉપર દબાણ કર્યા વગર કરવું.

મેં પૂછ્યું, 'ક્યાં સુધી મારે કર્યા કરવાનું ?'

તેમણે કહ્યું , 'એક વર્ષ તો તમે મને કહ્યું છે, કે હું તમારી સાથે રહીશ, તો એક વર્ષ તો કરો. પછી આગળની વાત આગળ છે.' બે દિવસ મારી સાથે રહ્યા અને પછી તો કરાંચી ચાલ્યા ગયા.

એમણે ત્રાટક કરવાની રીત બતાવી. ત્રાટક એટલે આંખો ખુલ્લી રાખીને, પાંપણ પણ હાલવી ના જોઈએ અને હાલે તો એ વખતે આંખો બંધ કરી દેવાની અને થોડી વાર રહીને ખોલવાની.

આંખની ઊંચાઈએ દીવો રાખીને, જ્યોત હાલે નહિ એટલે આગળ ફાનસનો ગોળો મૂકી દેવો. સ્થિર નજરે જોયા કરવાનું. આંખ બળે, પાણી પણ કદાચ આવે તોપણ આંખ હાલવી ના જોઈએ. પાંપણ પણ હાલવી ના જોઈએ. આ એની શરત. હવે, દીવો આપ્યો તે પહેલાં એમણે એક કૂંડાળું કરાવેલું. પતરાનું ગોળ સર્કલ, એમાં સાત રંગો અને સફેદ રંગ વચ્ચોવચ્ચ. એના ઉપર આંખ ખુલ્લી રાખીને ત્રાટક કરવાનું હતું. ત્યાર પછી દીવાની જ્યોત આવી અને તે સાથે સાથે સવારના પહોરમાં વહેલા ઊઠીને સૂરજની સામે, એક મિનિટ, અડધી મિનિટ તો અડધી મિનિટ, એ ઊગતા સૂર્યની સામે આંખો સ્થિર કરીને જોઈ રહેવું. આવું એક વર્ષ સુધી કરવાનું કહેલું.

હું નિયમિત તેને વળગી રહ્યો. એક વર્ષ પછી તેઓ આવ્યા. વચમાં બેત્રણ વખત તેઓ આવી ગયેલા. એક વર્ષને અંતે તેમણે કહ્યું, ‘કેમ લાગે છે ?’ મેં કહ્યું, ‘ઠીક લાગે છે. મારામાં ખાસ કંઈ ફેર પડ્યો હોય તેમ લાગતું નથી.’

‘બીજો કોઈ ચમત્કાર નહિ થાય, પણ તમારી પ્રકૃતિમાં ફેરફાર થતો હોય તેવું તમને લાગવું જોઈએ.’

મેં કહ્યું, ‘ભલે.’

## [૨]

કેવી રીતે રહેવું, કેવી રીતે ફરવું એવી કેટલીક સૂચનાઓ આપી. એમ કરતાં ચારેક વર્ષ વીત્યાં. આ ગાળામાં શ્રીઅરવિંદ આશ્રમમાં જવું કે એમની સાથે રહેવું એ હું દર વર્ષે નક્કી કરતો. મનથી જ નક્કી કરતો હતો કે ક્યાં રહેવું ? પણ પહેલું મારું ઓપનિંગ શ્રીઅરવિંદ આશ્રમમાં થયું. આમ તો તદ્દન નાસ્તિક. મન શું છે તેનો તો કંઈ ખ્યાલ પણ નહિ. ગુરુ કોને કહેવાય તેનું કોઈ દિવસ ચિંતન કે મનન કરેલું નહિ. જાણેલું

નહિ અને જોયેલું નહિ, પણ એકાએક શ્રીઅરવિંદનાં દર્શને ગયેલા અને ત્યાં દર્શન પહેલાંના કલાક બે કલાક કંઈક ચમત્કાર થયો અને મારી આંખો જાણે ખૂલી ગઈ. મને એમના માટે ભાવ થયો અને એમના માટે બધા નકામા વિચારો કરેલા તે બદલ દુઃખ થવા લાગ્યું. આંખમાંથી આંસુ નીકળવા માંડ્યાં. અશ્રુભીની આંખે દર્શન કર્યાં. દસપંદર સેકંડ, લાઇનમાં ઊભા રહીને ચાલી નીકળવાનું હતું. હું તો દર્શન કરીને તરત નીકળી ગયો. બીજું કંઈ થયું નહિ. પછી હું, હેમંતભાઈ સાથે તરત પોંડિચેરીથી ત્રિચિનાપલ્લી આવવા નીકળી ગયો. હેમંતભાઈ જ મને પોંડિચેરી લઈ ગયેલા. હું તો કંઈ જવાનો ન હતો, પણ એમને સાથ આપવા માટે હું તો ગયેલો, પણ કંઈક થયું. રાત્રે રૂમમાં ઠીક ધ્યાન તો નહિ પણ ઠીક એવી શાંતિ થઈ. પછી ઘેર જઈને ધ્યાન કરવાનું શરૂ કર્યું. પછી શ્રીઅરવિંદના આશ્રમમાં જવાની સંમતિ માગી. તે પછી હેમંતભાઈએ કહેલું, ‘કુટુંબ સાથે રહેવું હોય તો મોટાની સાથે રહીને સાધના શરૂ કરો.’ ત્યાર પછી મેં સાધના શરૂ કરી.

ચારેક વર્ષ પછી મનમાં નિશ્ચિત થયું કે મોટાની સાથે રહેવું એ મારે માટે વધારે સગવડભર્યું છે. આ દરમિયાનમાં હું પોંડિચેરી દર વર્ષે જતો. ત્રિચિની નજીક કેરાપટ્ટી કરીને એક ગામ હતું. ત્યાં હું સાધના અર્થે રહેલો. એમની સાથે જોડાયાને છએક મહિના થયા કે ગાંધીજીની જેલમાં જવાની હાકલ વાગી. વ્યક્તિગત સત્યાગ્રહ કરવા માટે હાકલ કરી. મેં મોટાની રજા માગી. ‘હું તો ના કહું છું. જેલમાં જઈને કંઈ ફાયદો થશે નહિ. હું ચારપાંચ વાર જઈ આવેલો છું. ત્યાં તો બધો કોલાહલ, દ્વેષનું વાતાવરણ અઠીક હોય. ત્યાં નહિ ફાવે.’ એમ મોટાએ કહ્યું. ‘ગાંધીજી મારા પહેલા ગુરુ. એટલે કે હરિજન આશ્રમમાં આવેલો તે સાધનાને

કારણે નહિ, પણ દેશની સેવાને માટે મારે જોડાવું હતું. એટલે હું વેપાર છોડીને અહીં આવ્યો છું.' 'તો તમને ઠીક લાગે તેમ કરો.' એમ મોટાએ કહ્યું. એમનો કોઈ દિવસ આગ્રહ રહેલો ન હતો. શરૂ શરૂમાં સાધકની સાથે આગ્રહ બિલકુલ ના રાખવો. ઘણી વખત તો પોતાને અગવડ પડે તોપણ પેલાનું કહ્યું માને. તેનો ભાવ જગવવા તેમની આ ખાસ લાક્ષણિકતા હતી. સામાનો ભાવ જગવવા માટે સામાનું કહ્યું કરવું. અગવડ ભોગવીને પણ કરવું. એ વખતે કંઈ મને સમજ પડતી ન હતી. હું તો સત્યાગ્રહમાં જોડાયો. જેલમાં જવાનું થયું. છ મહિના જેલમાં જઈ આવ્યો, પણ મોટાએ કહ્યું હતું તે જ પ્રમાણે અનુભવ થયો. 'ત્યાં કંઈ કશી સાધના બાધના બરાબર થશે નહિ અને ફાવશે નહિ' એમ કહેલું. બહાર આવ્યો પછી મને કહે કે 'તમે હવે અહીં ના રહો. ૧૯૪૨ની ક્વિટ ઇન્ડિયાની ચળવળ આવી કે તમને જેલમાં લઈ જશે. પાછા બધાને પકડી લેવાના છે. જો તમારે સાધના કરવી હોય તો જ્યાં ફાવે ત્યાં કુટુંબ સાથે એકાંતમાં ચાલ્યા જાવ.'

એ મેં સ્વીકાર્યું અને ત્રિચિનાપલ્લીથી ચારેક માઈલ દૂર એક નાનું સરખું મકાન લઈને ત્યાં રહેવા ચાલ્યો ગયો. મોટા, દર વર્ષે ત્રણચાર મહિના ત્યાં આવતા. મારી સાથે રહે. એ પ્રમાણે હું ત્યાં આગળ ચાર વર્ષ રહ્યો. ૧૯૪૩થી મૌનમાં બેસવાનું શરૂ કર્યું. ઘરનાં બારીબારણાં બંધ રાખવાનાં. શૌચ પેશાબ બધું રૂમની અંદર જ કરવાનું. કોઈનું મોં જોવાનું નહિ. બહુ નાનો ઓરડો હતો. શરૂઆત સાત દિવસથી કરી.

એકવાર મને ગુદામાં ખૂબ લાય બળવા માંડી. કબજિયાત તો હતી જ, એટલે મેં કહ્યું, 'મને એનિમા માટેનું સાધન આપી દો.' એનિમાનું સાધન ઘરમાં હતું. કાંતાબા અને સિદ્ધાર્થ એ બે બહાર અને હું રૂમમાં. 'સાધન બાધન કંઈ આપવાનું નથી.

રહેવું હોય તો રહો, નહિ તો નીકળી જાવ.' એમ મોટાએ કહ્યું. એ વખતે બીજું વર્ષ હતું. એટલે પંદર દિવસ માટે બેઠેલો. હું પણ હઠીલો. સાધન ના આપવું હોય તો હું જમીશ નહિ ! સાત દિવસ બાકી હતા. જાજરૂ થાય તો ગુદામાં લાય બળે. 'તમારે જેમ કરવું હોય તેમ કરો.' સાત દિવસ તે પ્રમાણે મેં ગાળ્યા. કંઈક સારું લાગ્યું. આ બન્યું ૧૯૪૬માં. હું મૌનની બહાર નીકળ્યો ત્યારે એકદમ સુસવાટા સાથે કાનમાં પવન પેઠો. રાત્રે દસેક વાગ્યે હું સૂવા ગયો ત્યારે આપોઆપ મને બોલવાનું શરૂ થયું. હિંદી અને અંગ્રેજીમાં. એકાએક મનમાં ભાવ જાગ્યો. વિચાર તો ઘણા વખતથી આવ્યા ન હતા. શ્રીઅરવિંદ આશ્રમનો મારી પાસે દાખલો હતો. ત્યાંના સાધકો પાર્થિવ સંપત્તિથી સંપન્ન હતા. તે શ્રીઅરવિંદને ચરણે કંઈક ધરતા. પોતે ખાલી થઈને રહેતા હતા. તે પ્રમાણે મેં મોટાને કહ્યું, 'મારી પાસે જે કંઈ છે તે મારે તમને આપી દેવું છે.'

એમણે મને કહ્યું, 'આપવાથી કંઈ વળશે નહિ, ભાઈ ! તેથી કંઈ તમારી પ્રગતિ થઈ જશે તેમ આશા રાખશો નહિ. પૈસાથી કશું વળશે નહિ. માટે, તે વાત જવા દો.' મેં તો હઠ લીધી. રાત્રે ૧૦-૧૧ વાગ્યાથી બોલવાનું શરૂ થયું તે લગભગ ૧૬ કલાક બોલ્યો. સતત અંગ્રેજી અને હિંદી. ગુજરાતી બિલકુલ નહિ. હિંદીનો મને બિલકુલ મહાવરો નહિ. હિંદીમાં વચ્ચે વચ્ચે બોલું. અંગ્રેજીમાં મોટા ભાગે બોલું. મેં કહ્યું , 'મોટા, મારી પાસે જે કંઈ છે તે મારે તમને આપી દેવું છે અને પછી તમારી સાથે વધારે મજબૂત રીતે સાધનામાં જોડાવું છે.' એમણે મને વધારે સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ હું સમજ્યો નહિ. વધારે ને વધારે ઉત્સાહપૂર્વક હું બોલતો ગયો. મારાં પત્નીને થયું કે આમની કંઈ ડાગળી તો છટકી નહિ ગઈ હોયને ! બધું આપી દેવાની વાત

કરે છે ! એટલે મોટાએ મારા કપાળે હાથ મૂક્યો. મેં કહ્યું, 'ડોન્ટ ટચ મી. બી ઑફ (મને અડશો નહિ. આઘા રહો). એમ બીજે દિવસે ૨ વાગ્યા સુધી ખુલ્લામાં તાપમાં પડી રહ્યો. ઊઠ્યો જ નહિ. 'ઊઠીશ નહિ. જ્યાં સુધી મારી પાસે જે કંઈ છે તે તમને આપી ના દઉં-રજિસ્ટર્ડ કરીને પાકે પાયે. મારું મન પાછું કંઈ ફરી ના જાય. જ્યાં સુધી મારી પાસે જે કંઈ છે તે બધું તમને આપી નહિ દઉં ત્યાં સુધી ખાઈશ નહિ. પેશાબપાણી નહિ કરું. ઊઠીશ નહિ. માટે રજિસ્ટ્રારને બોલાવો. ડૉક્ટરને બોલાવો. વકીલને બોલાવો. બધાની સાક્ષી લો અને આમ આપું તે સ્વીકારી લો.' એમણે સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ ના માન્યો. એમણે કહ્યું, 'સારું, હું ડૉક્ટરને બોલાવું છું.' માણસોને મોકલ્યા. કહેણ આવ્યું-'વકીલ બહારગામ ગયા છે.' ડૉક્ટરે કહ્યું, 'આવી બાબતમાં હું સાક્ષી થઈ જ ના શકું.' મને કહ્યું, 'તે તો બહારગામ ગયા છે. આ રવિવારનો દિવસ હતો. હવે વાત સોમવારે.' મેં કહ્યું, 'બીજે દિવસે નહિ કરી શકું. અત્યારે મને જે ઉત્સાહ છે તે પછી નહિ રહે. પછી મારું મન પાછું પડી જશે. એટલે મારે એમ કરવા દેવું નથી', પણ એમણે એવું કર્યું કે કંઈ થયું નહિ અને મારે ઊઠવું પડ્યું. **મોટાની ધન પ્રત્યેની નિરાસક્તિનો આ મારો પહેલો અનુભવ.** લોભનો સંપૂર્ણ અભાવ. આજના લગભગ દોઢ કરોડ રૂપિયા થાય તેટલી રકમ મારી પાસે હતી. તે વખતે રૂપિયાનું મૂલ્ય વધારે હતું એટલે સંખ્યામાં ઓછું, પણ આજે જો તે રૂપિયા હોય તો દોઢ કરોડ થાય. નાનીસૂની રકમ ન હતી. તેમને મન તો એ તુચ્છ હતું.

પછી તો હરિજન આશ્રમ-ગાંધીઆશ્રમમાં રહેવા આવ્યો. ઉત્તરોત્તર એમની સાથે જોડાતો ગયો. શરૂઆતમાં તેમની સાથે કેવી રીતે વર્તવું. એની સમજણ ના પડે. શું કરવું ? કદીક

ગુસ્સે પણ થઈ જતા. એક વખતે ૧૯૪૨ કે ૧૯૪૩માં એમને પ્લેનમાં જવાનું હતું. અમદાવાદમાં અમે ઘોડાગાડીમાં બેસી ઍરોડ્રામ જવા નીકળ્યા અને મોડું થયું. પ્લેન ઊપડી જવાની સંભાવના હતી. તેમણે ગાડીવાળાને ખૂબ ગુસ્સાથી કહ્યું, 'તું ઘોડાને જલદી ચલાવ. આળસ ના કર. ધીમે ધીમે ના ચલાવ.' મને થયું કે સામાન્ય સંજોગોમાં પણ માણસ શાંતિ રાખી શકે તો મોટા કેમ આમ ગુસ્સે થાય છે ? સમજાતું ન હતું. હું બોલું નહિ, પણ મનમાં વિચારતો હતો. પ્લેનમાં ગયા પછીથી બધું સમજાવા લાગ્યું કે જે ભાષામાં પેલો માણસ સમજી શકે તે ભાષા તે વાપરતા હતા. જ્યાં સૌમ્ય બોલવાનું હોય ત્યાં સૌમ્ય અને જ્યાં આક્રોશપૂર્વક-જોશપૂર્વક બોલવાનું હોય ત્યાં તે પ્રમાણે બોલતા. એટલે વાણી ઉપર તેમનો કાબૂ હતો. આક્રોશ ઉપર તેમનો કાબૂ હતો. જેને સાત્ત્વિક કોપ કહીએ તેના ઉપર તેમનો કાબૂ હતો. કેટલી માત્રામાં, શું કહેવું તેનો પૂરેપૂરો તેમને ખ્યાલ રહેતો. એ ત્યાર પછી મેં જોયું. બીજા મુક્તાત્માના પરિચયમાં આવવાનું ઠીક ઠીક બન્યું. રામદાસ સ્વામી, મહર્ષિ રમણ તો બોલતા ન હતા. શ્રીઅરવિંદ આશ્રમમાં માતાજીના ગુસ્સાની વાતો સાંભળી. તે ગુસ્સો ક્ષણિક હોય છે. તે ગુસ્સો સાચો નથી હોતો. એમ કરતાં કરતાં સાતેક વર્ષ નીકળી ગયાં.

**[૩]**

૧૯૪૦ના પ્રથમ વર્ષમાં મારી પ્રત્યક્ષ-નજર આગળ આશ્રમમાં શું શું બન્યું તેની હું થોડી જાણ કરું. તેઓ પોતે ગુજરાત હરિજન સેવક સંઘના સહમંત્રી હતા. પરીક્ષિતલાલ મજમુદાર એમના સાથીમંત્રી હતા. બંને સરખું ભણેલા હતા. સરખી કક્ષા-વાળા હતા. ઉંમરમાં પણ સરખા હતા. પરીક્ષિતલાલને બહાર

ફરવાનું થાય. તેમના ભોજનની થાળી તેમની ઑફિસમાં આવે તે સાચવી રાખે. પછી પરીક્ષિતલાલ જમી લે એટલે થાળી પોતે ઉપાડી સાફ કરી અને પાછી મૂકી દે. જાણે એમના નોકર હોય. એટલા બધા તે નમ્ર હતા. એટલે શરૂઆતમાં મેં તો એમ જ માનેલું કે આ એમની ઑફિસના નોકર કમ ક્લાર્ક છે ! એ ઉઘાડા શરીરે ચડ્ડી પહેરીને ટાઈપિંગ કર્યા કરે ત્યારે મને થયેલું કે આ તો અંગ્રેજી જાણતા લાગે છે ! મને અચરજ થયું. ઑફિસની બહાર મોટું ટેબલ, તે ત્યાં બધાં છાપાંઓ આવે. આશ્રમના માણસો ત્યાં વાંચવા આવે. લોકો વાંચવા આવે અને પછી અંદર ચર્ચાઓ પણ ચાલે. એ પોતે એક અક્ષર પણ બોલે નહિ. ઑફિસમાં બેઠાં બેઠાં સંભળાય ખરું, પણ એમાં એમનું લક્ષ નહિ. કોઈની સાથે કશી વાત ના કરે. કોલાહલ જેવું વાતાવરણ હોય છતાં તે તો તેમનું કામ કર્યે જ જાય. સવારના છ-સાડા છ વાગ્યે ઑફિસમાં આવી જાય તે રાતના આઠ-સાડા આઠ - નવ સુધી સતત કામ કર્યા કરતા. તેમનું ઘર પાસે હતું. જમીને પાછા એ તો તરત જ ઑફિસમાં જાય. આ એમનો રોજનો ક્રમ. આવી નમ્રતા હતી. લોકોનું એમના વિશે બહુ હલકું મૂલ્યાંકન હતું, પણ પોતાને એવું ન હતું. કોઈ દિવસ પોતે વાત કરવાનો પ્રયત્ન પણ નહિ કરેલો. પછી હું જ્યારે કુંભકોણમ્ ગયો ત્યારે હેમંતભાઈએ મને એમની સાધનાની વાત કરી હતી. મને શ્રીઅરવિંદ આશ્રમમાં જતો રોકવા માટે એમણે વાત કરેલી. હેમંતભાઈ મારા સાથી હતા. જીવનસાથી જેવું દિશાસૂચક એમનું વલણ હતું. એવું એમનું વર્તન હતું. વ્યક્તિત્વ હતું. એમણે મને એમના તરફ પ્રેર્યો.

મોટા, દિશાએ જતા હોય, હાથમાં ટમલર હોય અને આશ્રમની છોકરીઓ કહે, ‘ચૂનીભાઈ, નથી જવાનું.’ એટલે ટપ

દઈને ટમલર નીચે મૂકીને પાછા ઓટલે બેસી જાય. મને થયું, 'આ કેવું ગાંડપણ છે ! જાજરૂ જતાં છોકરીઓએ તો મશ્કરીમાં કહ્યું, પણ એમ સ્વીકારી લેવાતું હશે ?' એક દિવસ વ્યવસ્થાપકના દીકરા-મોહનભાઈ પરીખે ચપટી ધૂળ લીધી. 'મોટા, આ લો પ્રસાદ.' મોટા તો ફાકી ગયા. મોહનભાઈએ આ પ્રસંગ ૧૯૬૮ના 'સ્મૃતિ ગ્રંથ'માં લખી મોકલ્યો હતો. નાનાંમોટાં બધાંનું કહ્યું કરે. એ વખતે સમજાયું નહિ પણ પછીથી સમજાયું કે અનાગ્રહ કેળવવો હોય તો આ રીતે કેળવાય. મને અને હેમંતભાઈને દાખલો બેસાડવા. અમે જોઈ શકીએ કે કેવી રીતે એ વર્તે છે. એ વખતે ૧૯૩૯ના રામનવમીના દિવસે તો તે મુક્ત થઈ ગયા હતા અને આ વાત કરું છું ૧૯૪૦ની શરૂઆતના છ એક મહિના પછીની. આવી રીતે પ્રત્યક્ષ વર્તનથી સાધકને ઘડવાનો પ્રયત્ન કરતા. એમણે મને કોઈ દિવસ સીધો ઉપદેશ આપ્યો નથી. તમે તમારી પત્ની સાથે આમ વર્તો, મિત્રો સાથે આમ વર્તો, આમ કરો કે તેમ કરો કે ખર્ચ ઓછો કરો. કશું જ નહિ. કોઈ જાતની સૂચના નહિ. કોઈ જાતનો આદેશ નહિ, પણ એમના સ્થૂળ સંબંધથી ધીમે ધીમે મારામાં પરિવર્તન આવતું ગયું. શરૂઆતમાં ઝડપ ઘણી ઓછી હતી. એ વખતે મારામાં કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, મત્સર, રાગદ્વેષ બધું હતું. કોઈને દાન આપવું હોય તો ચાર જણ જાણે એવી મારી ઈચ્છા હતી. મનમાં ફુલાતો. એક બાજુ ગાંધીજીનું સાહિત્ય, 'નવજીવન', 'હરિજન બંધુ' વાંચતો. સમજણ પડે, પણ આચરવાનું બહુ મુશ્કેલ લાગતું. એટલે આવી બધી વૃત્તિઓ ઉપર તરી આવતી. માઠું લાગે. આશ્રમમાં આઈસક્રીમની પાર્ટીમાં બધાંને બોલાવે અને મને ના નોતર્યો હોય તો મને મનમાં ઓછું આવે. એમ લાગે કે 'જોયું, મને બાજુ ઉપર રાખ્યો.' આવું બધું સામાન્ય માણસને થાય તેવું

બધું મને થતું ખરું. ગાંધીજીનું બધું વાંચેલું ખરું, પણ વર્તનમાં કશું આવેલું નહિ. સમજાય ખરું, પણ વર્તી શકાય નહિ. મનના વેગો અટકાવી શકાય નહિ. જેમ જેમ વર્ષો વીત્યાં તેમ તેમ એ બધાંમાં સૂક્ષ્મ ફેરફાર થતો ગયો. એક દિવસ ગુરુદયાલ મલ્લિક જેને બધા ચાચાજી કહેતા, તેઓ ટાગોરના શાંતિનિકેતનમાં અંગ્રેજીના અધ્યાપક હતા અને સૂફી સંત હતા. તેમણે મને પૂછ્યું કે 'નંદુભાઈ, તમે મોટામાં એવું શું જોયું કે તમે પોંડિચેરી જવાનું માંડી વાળ્યું અને એમના પ્રત્યે આટલો બધો લગાવ થયો ? કંઈ ચમત્કાર ?'

મેં કહ્યું, 'ચાચાજી, તમે તો બધું સમજો છો. તમે તો મને પૂછવા ખાતર પૂછો છો. મને એવો ખાસ કોઈ ચમત્કાર નથી થયો. માત્ર, દીક્ષાના દિવસે થયું તે. એ સિવાય મને એકેય ચમત્કાર થયો નથી. થયા હશે, પણ એ બધા ક્ષુલ્લક.' મારે મન ચમત્કારનું પહેલેથી મહત્ત્વ ન હતું. કોઈ બાવો પથ્થર કે માટીની સાંકળ કરી આપે. એવું બધું કરે એવી કોઈ ઇંતેજારી થતી નહિ કે કુતૂહલ થતું નહિ. એની પાસે જવાનું મન પણ ના થતું. ત્યારે મેં ચાચાજીને કહ્યું, 'ચાચાજી, હું મારી પ્રકૃતિમાં રૂપાંતર અનુભવું છું. જે પાયાના નવ વિષયો છે, એ નવ વિષયોમાં ઓછાવત્તા પ્રમાણમાં હું સખત ફેરફાર જોઉં છું. એ મને ચિટકાવી રાખે છે.'

તેઓ રાજી થયા. એમણે કહ્યું, 'તમારી બધી સમજ બરાબર છે.' પછી મોટાએ 'ના' કહેવા છતાં જેલમાં ગયો અને બહાર આવ્યો.

**[૪]**

એ પછી ત્રિચિનાપલ્લી એકાંતમાં ચાલ્યો ગયો. ત્યાં ચાર વર્ષ રહ્યો. ત્રણેક વર્ષ થયાં હતાં. મોટા મને કહે કે 'બાળક તમારી પાસે છે, તેને માટે શું વિચાર્યું છે ?'

મેં કહ્યું, 'મેં તો કંઈ વિચાર્યું નથી.'

'તો તમે બાળક ઉત્પન્ન કરો છો અને તેની જવાબદારીનો કોઈ ખ્યાલ નથી તમને ? બાળકની સાઇકૉલૉજી તમે જાણો છો ? બાળક સાથે કેમ વર્તવું એ જાણો છો ?'

મેં કહ્યું, 'આમાંનું કશું જાણતો નથી.'

મોટા કહે, 'તમે એમ કરો. તમે અને તમારાં પત્ની અમદાવાદ જાઓ. વિદ્યાપીઠમાં એનો વર્ગ ચાલવાનો છે, એમાં અરજી કરીને દાખલ થઈ જાવ. ત્રણ મહિનાનો કોર્સ છે. તે પૂરો કરો. ભણવા જાવ.'

શું ભણવાનું ? ચાઈલ્ડ સાઇકૉલૉજી. બાળકોનું મનોવિજ્ઞાન. બાળકો સાથે કેમ વર્તવું અને બાળકોના મનમાં શું શું ફેરફાર થાય છે તે જાણવાનું તે શાસ્ત્ર છે. મૅડમ મૉન્ટેસોરી હિંદમાં આવેલાં અને તેમની આ શિબિર હતી. અમે બંને ગયાં. મનમાં કચવાટ સાથે હું ગયો. આ વખતે મારી ઉંમર લગભગ ૩૯ વર્ષની હતી. આથી, ભણવા જવા માટે કચવાટ હતો, પણ એ કહે તેમ કરવું ખરું, એમ નક્કી કરેલું. ભલે રુચે કે ના રુચે તે જુદી વાત છે. અમે ગયાં. અમે બંને વર્ગમાં જોડાયાં. કોર્સ પૂરો કર્યો. મોટાએ કહ્યું, 'પરીક્ષા આપવાની ના હોય. પરીક્ષા આપવાની જરૂર નથી. સર્ટિફિકેટની તમારે જરૂર નથી. જાણી લો એટલે બસ છે.' એટલે બાળમનોવિજ્ઞાન શીખીને પાછા આવતાં રહ્યાં, પણ તે દિવસથી મને ચાઈલ્ડ સાઇકૉલૉજીમાં રસ પડવા લાગ્યો. બાળક સાથે કેમ વર્તવું તે સમજણ પડે, પણ તેમ છતાં પાછું વર્તાય નહિ. સમજણ એક વસ્તુ છે અને વર્તવું તે જુદી વાત છે, પણ આમના સત્સંગમાં રહેવાથી સુખદ ફેરફાર ધીમે ધીમે થતો જાય છે. એમની ઘડવાની રીતો આવી જુદી જુદી હતી.

મને દિવસમાં ઓછામાં ઓછું બે વખત તો નાહવા જોઈએ જ. ઉનાળો હોય તો ત્રણ વાર અને ચાર વાર પણ નાહવું. કપડાં રોજ ચોખ્ખાં સફેદ પહેરવાની આદત. એક દિવસ મોટા મને કહે, 'તમારે અઠવાડિયું નાહવાનું નથી. કપડાં બદલજો, પણ નાહવાનું નથી.'

મેં કહ્યું, 'ભલે.'

એ તો બહુ આકરું ના લાગ્યું.

પંદર દિવસ પછી કહ્યું, 'તમારે કપડાં બદલવાનાં નથી. એ જ લેંઘો અને એ જ પહેરણ પહેરીને તમારે જ્યાં જવું હોય ત્યાં જવાનું, ઘરમાં રહેવાનું, રાત્રે સૂવાનું, ખાવાનું, પીવાનું-બધું એ જ કપડે.'

મેં કહ્યું, 'મોટા, એ તો બહુ ભારે ગંદું થઈ જાય. પસીનો વળે.' જોકે મને પસીનો બહુ ઓછો થાય છે, તે છતાં મેં તો કહેલું.

એમણે તો કહ્યું, 'એ જે છે તે. પાળવું હોય તો પાળો, ના પાળવું હોય તો ના પાળો.'

મને કે કમને પાળ્યું, પણ પછી ટેવ પડી ગઈ. જૂનાં કપડાં હોય તોય વાંધો નહિ. સમાજનો ડર ના રાખવો. લોકભય કાઢવાનો એટલે કે સમાજનો ડર કાઢવો. લોકો તમને શું કહેશે ? ગુરુની આજ્ઞાનું પાલન કરતાં તો તમારે શીખવું પડેને ! મને સમાજ શું કહેશે ? તમારે માટે શું વિચારશે એ લોકલજ્જાનો ભય તમારે કાઢી નાખવાનો. એટલા માટે મને લાગે છે કે એ સૂક્ષ્મ સૂચન હતું. કોઈ દિવસ એમણે ખુલાસો કર્યો નથી. મેં પૂછ્યું પણ નથી.

એક વખત તો મને કહી દીધેલું કે 'સાધના વિશે તમારે મને પૂછવું હોય તો પૂછજો. બીજી બાબતોનો ખુલાસો મારી પાસે ના

માગશો. તમને જે સમજાય તે સમજો, બાકીનું જવા દેવું.'

'મને તો ઘણું સમજાતું નથી.' તો કહે, 'કંઈ વાંધો નહિ. વખત આવ્યે સમજાશે. સમજાવ્યાથી કશી સમજણ પડતી નથી અને સમજ પડે તો તે ટકતી નથી. કોઈના સમજાવ્યાથી કોઈ સમજતું નથી. અનુભવથી સમજાય છે.' હું તેમને 'શા માટે આમ કરાવો છો ? કેમ કરો છો ?' પૂછતો નહિ. જેમ જેમ પરિચય વધતો ગયો તેમ તેમ સમજાતું ગયું કે ઘડવાની એમની આ રીત જ છે. તમારી બધી આદતો નીકળી જવી જોઈએ. વળ જેટલો વીંટળાયો હોય તે વળને પાછો કરવાનો. ગંદામાં ગંદા સ્થળે તમને રહેતાં આવડવું જોઈએ. શુદ્ધમાં–ચોખ્ખામાં ચોખ્ખા સ્થળે પણ રહેવાનો તમને આનંદ આવવો જોઈએ. મહેલમાં જાવ તોપણ અંજાવાનું ના બને, ગરીબના ઝૂંપડામાં જાવ તોપણ આનંદથી રહી શકો એ જાતનો તેમની ઊલટસૂલટ સ્થિતિનો અનુભવ કરાવડાવે. આ બધું પ્રત્યક્ષ વર્તનથી સમજાવે. એ એમની ટેવ હતી.

ગરીબોને કંઈક આપવામાં મને પહેલેથી ઉમંગ ખરો. મોટાની સાથે જોડાયા પહેલાંથી હતો. એટલે ધોતિયાં, સાડી એવું લાવી રાખતો અને અપંગો આવે એમને આપતો. ખાસ કરીને રક્તપિત્તિયાંને વિશેષ આપું. રક્તપિત્તિયાં અને ગરીબોને આ વાતની જાણ થઈ એટલે બારણાં આગળ મોટું ટોળું થવા લાગ્યું અને કોલાહલ અને એવું બધું ન્યૂસન્સ-કંટાળાજનક-થવા માંડ્યું. પડોશીઓએ વાંધો ઉઠાવ્યો.

મેં કહ્યું, 'અલ્યા ભાઈ, ગરીબોનું કામ થાય છે. તમે શું કામ વાંધો લો છો ?'

પછી મને થયું કે 'આ તો એવું ન્યૂસન્સ છે કે તેને પહોંચી વળાય નહિ. એટલે આપોઆપ મેં બંધ કર્યું.' મોટાએ પહેલેથી જ બતાવેલું કે 'આવું બધું કરવાથી કંઈ તમારી દાનની વૃત્તિ

ખીલવાની નથી. આમાં તો તમને એક જાતનો મોહ છે કે ચાલો હું કંઈક કરું છું. સંતોષાઈ જવાપણું છે. આનાથી બહુ આગળ કરવાનું છે. આવું બધું ઠીક નથી.' છતાં મોટા થવા દેતા, કેમ કે જાતે અનુભવથી શીખવા દે.

આપણને ઘણી વખત તો એમ લાગે છે કે મોટા કેટલા સખત દિલના છે ! આમ, ગરીબોની વાતો કરે છે અને મને અમુક રીતે જ વર્તવાનું કહે છે.

એકવાર અમે હિમાલય ગયેલાં અને હિમાલય ઉપર સાથે મુસાફરી કરતાં હતાં. એક વૃદ્ધ માણસ ઘોડા ઉપરથી પડી ગયો. મોટા અને બીજાં બધાં તો આગળ હતાં. હું સૌથી પાછળ મારાં બાની સાથે રહેતો. એ લોકો તો મુકામે પહોંચી ગયાં. મુકામ બદરીનાથની નજીકમાં જ હતો. દોઢેક માઈલ છેટે. એ ડોસા ખીણમાં પડી ગયા. તેની મદદમાં હું ગયો. બીજા લોકો પણ હતા. બધામાં આગળ પડતો ભાગ લેવો અને સિચ્યુએશન હાથમાં લેવી, સંજોગોને પોતાને વશ-હાથમાં લઈ લેવા એ મારી ટેવ હતી. મારી પાસે દવાની પેટી હતી અને એનો ઉપયોગ કર્યો. પછી એને સરખું કરી, ઉપર લાવીને તેમને પહોંચતા કર્યા. તેમાં લગભગ દોઢ કલાક નીકળી ગયો. હું મુકામ ઉપર પહોંચ્યો.

મોટા કહે, 'કેમ મોડા આવ્યા ?'

મેં કહ્યું, 'આ પ્રમાણે બન્યું હતું.'

'તમે એકલા હોત અને આ કર્યું હોત તો વાંધો ન હતો. બીજા લોકો ત્યાં હતા. બીજા લોકો મદદ કરવા ધસી પણ આવ્યા હતા, પણ તમને જે આગળ પડીને ભાગ લેવાનો-કરવાનો જે શોખ છે, મોહ છે તેને કારણે તમે ત્યાં રોકાયા અને અહીં અમારી શી સ્થિતિ થઈ હશે તેનો ખ્યાલ છે તમને ? એ દોઢ બે કલાક શું થયું હશે ? અમને થાય કે કેમનું થયું ? પડી ગયા ? દોઢ

બે કલાક મોડું થયું એટલે અમને તો ચિંતાનો પાર ના રહ્યો. તમને જવાબદારીનો ખ્યાલ ના રહ્યો કે હું એકલો નથી. કુટુંબ સાથે છું.'

હવે, એ વખતે એમ થાય છે, કે આ તો નિર્દયતા કહેવાય.

'કોઈની મદદે જવું એ તો ઘણું સારું છે.'

'પણ તમે એ દૃષ્ટિથી ગયા નથી. તમે તો આગળ પડતો ભાગ લઈને આગેવાની કરવા ગયા હતા. એની સામે મારો વાંધો છે.'

આવું બધું એ વખતે સમજાય નહિ, પણ આજે સમજાય છે કે જ્યારે એક જવાબદારી સ્વીકારી લીધી હોય ત્યારે બીજી જવાબદારી સ્વીકારાય નહિ. તેના પ્રત્યક્ષ દાખલા તેમણે પોતાના વર્તનથી આપેલા છે.

જેને ત્યાં કરાંચીમાં રહેતા હતા, તેમની બે દીકરીઓને અભ્યાસ માટે તેમને પરસદભાઈએ સોંપણી કરીને બનારસ મોકલ્યા. બનારસ હિંદુ યુનિવર્સિટીમાં બે બહેનો દાખલ થઈ. ભાડાના ઘરમાં રહેતાં હતાં. છ મહિના-આઠ મહિના રહેવાનું હતું. એવામાં એમનાં બા નડિયાદમાં માંદા પડ્યાં. સંદેશો આવ્યો કે 'ચૂનિયા, તને બોલાવે છે.' તેમને થયું કે મારી મા જેવી મા માંદી છે. મારી પહેલી ફરજ છે, કે મારે ત્યાં જવું જોઈએ, પણ મેં પહેલી ફરજ આ સ્વીકારી છે. એટલે એ બીજી ફરજ છે. આ અગત્યની ફરજ છે. તેથી, હું જઈ ના શકું. આથી, એ ના ગયા. આવું કોણ કરી શકશે ? જોકે પોતાની અદ્‌ભુત શક્તિથી બાને પોતાનાં દર્શન કરાવ્યાં. એ પ્રસંગ જુદો આવે છે. બહુ રસિક પ્રસંગ છે. બાએ એમને ખાટલે બેઠેલાં જોયાં. બા કહે કે 'ચૂનિયા, તું આવી ગયો ?' 'હા, બા.' પણ એ જાતે ત્યાં ના ગયા એ બતાવે છે કે એમને પોતાની ફરજનું કેટલું બધું ભાન હતું ? 'મારે

ભરોસે આ છોકરીઓ આવી છે, તેમને એકલી મૂકીને હું કેમ જઈ શકું ?' આવી એમની આગવી સૂઝ હતી. જવાબદારીનું ભાન એમના થકી મારામાં વિકસ્યું. ગાંધીજીએ બીજારોપણ કરેલું ખરું, પણ પ્રત્યક્ષ ઊગવાની ક્રિયા તો મોટાએ જ કરાવી.

**[૫]**

મોટા, ધન પ્રત્યે નિર્લોભી હતા એનો દાખલો હેમંતભાઈએ પૂરો પાડ્યો. હેમંતભાઈ પાસે આજની કિંમતના લગભગ ચારેક લાખ રૂપિયા હતા. હું આજની કિંમત એટલા માટે કહું છું કે તે વખતનો રૂપિયો આજની કિંમતથી સાઠથી સિત્તેરગણો હતો. આજે કોઈને કહીએ તે દસ હજાર કે પંદર હજાર તો એનું મૂલ્યાંકન સાંભળનાર-વાંચનારના મનમાં એમ થાય કે આ દસ પંદર હજાર એટલે શું ? તરત એનો ખ્યાલ નથી આવતો. એટલે વસ્તુનું હાર્દ સમજાવવા, ચોક્કસ ખ્યાલ આપવા માટે હાલના ચાલુ રૂપિયામાં હું વાત કરીશ. હેમંતભાઈએ એ રકમ લેવા મોટાને ખૂબ આગ્રહ કર્યો. એટલે મોટાએ કહ્યું, 'ઠીક ભલા, તમારા રૂપિયા આશ્રમમાં છે, તે મારા નામે ટ્રાન્સફર કરાવો.' ચૂનીલાલ ભગતનું એક ખાતું ચાલુ હતું એમાં એ રકમ બેત્રણ વર્ષ સુધી પડી રહી. એમ ને એમ એ રૂપિયા રહ્યા. એમણે કંઈ વાપર્યું નહિ. પાઈ પણ વાપરી નહિ. મોટાએ હેમંતભાઈને તો બહુ આગ્રહ કર્યો, પણ હેમંતભાઈ માનતા ન હતા. હેમંતભાઈ થોડા જિદ્દી ખરા. એટલે પોતાના નામ ઉપર રહેવા દીધા. ચારપાંચ વર્ષ પછી કહ્યું કે 'ભલા માણસ, મારે રૂપિયાની ક્યાં જરૂર છે ? મારે કોને આપવા અને કોને શું કરવું ? મને બધું મળી રહે છે. તમે તમારા રૂપિયા પાછા કરી લો.' એ એમનો પહેલો પ્રસંગ હતો. એમનો બીજો પ્રસંગ મારી રાત્રિની અવસ્થા વિશે

કેરાપટ્ટીમાં જે બન્યો તે. ત્યાર પછી બીજા ઘણા બધા કિસ્સાઓ તો જોવામાં આવ્યા છે.

મોટા કહેતા, 'સેક્સ, પાવર અને વેલ્થ. સેક્સ એટલે કામુકતા. પાવર એટલે સત્તા અને વેલ્થ એટલે લક્ષ્મી. એનાથી મુક્તાત્મા પર હોય.' એટલે લક્ષ્મીના આવા આવા પ્રસંગો અનુભવમાં આવતા ગયા તેમ તેમ સમજાતું ગયું કે એમનામાં નાણાંનો મોહ નથી. આ બધું સમજવું છતાં એ બધાનો વિચાર હંમેશાં સતત એકધારો ભંગ થયા વગરનો ટકી રહેવો એ પાછી જુદી વાત છે. એટલે જ મોટા કહેતા કે 'અનુભવો થાય એટલે કંઈ ફેર નથી પડતો, ભાઈ. એ તમે જ્યારે જીવી બતાવો ત્યારે થાય.'

આવા નક્કર અનુભવો થવા છતાં ક્યારેક મનમાં વિચાર આવી જાય કે મોટા આમ કરશે અને મોટા તેમ કરશે.

**[૬]**

અમે હિમાલય ગયાં ત્યારે મેં પૂછ્યું, 'મોટા, કેટલા રૂપિયા જોઈએ ? કેટલા રૂપિયા રાખું ?' તો કહે, 'લગભગ ત્રણચાર લાખ રૂપિયા રાખ.' હું આજના રૂપિયા કહું છું તે ખ્યાલમાં રાખજો. મને થયું કે આટલા બધા રૂપિયાની જરૂર શી ? પણ મને તો એમણે કહ્યું એટલે એટલા સાથે લીધા. શરૂઆતથી જ એમણે પર્સનો કબજો લઈ લીધો.

એમણે કહ્યું, 'જુઓ, તમારે તો ખાલી ચાલવાનું જ છે. શું જમવાનું, કેટલું કરવાનું, એ બધાની વ્યવસ્થા હું કરીશ.' એટલે મેં એમને પર્સ સોંપી દીધું.

જમવામાં ભાખરી અને બટાકાનું શાક. અમે બાવન દિવસ ચાલ્યાં. બાવન દિવસ પ્રવાસ કર્યો. સરેરાશ રોજના દસ માઈલ ચાલવાનું હતું. બાવન દિવસનો પ્રવાસ કર્યો. ચાર ધામનો

પ્રવાસ. બાવન દિવસ સુધી બટાકા અને ભાખરી ખાધાં. ભાત ચડે પણ દાળ ચડે નહિ. ભાખરી અને બટાકા ખાઈ ખાઈને કંટાળ્યા. દાળભાતની કડાકૂટ નહિ, છતાં ભાખરી તો પૂરતી મળવી જોઈએ. ભાખરીઓ ઓછી કરાવે. ગણીગાંઠી કરાવે. સાથે રસોઈ કરનાર રાખેલો, બોજો ઊંચકનાર હતો. અડધા ભૂખ્યા રહેવું પડે. ભૂખ્યા એટલે રોજના દસ માઈલ નીચેઉપર ચાલવાનું એટલે થાકી જવાય. થોડા દિવસ થયા પછી અકળાઈ ગયો.

મેં કહ્યું, 'મોટા, આ તો કેમ ચલાવાય ? આવી રીતે મુસાફરી થતી હશે ? ભૂખ્યા પેટે ચાલવાનું ?'

થોડીક વાર થોભ્યા અને પછી એકદમ અકળાઈ ગયા. મને કહે, 'આ તમારું પાકીટ.' હું એમનાથી લગભગ દસેક ફૂટ દૂર બેઠેલો. એમણે પાકીટ મારા ઉપર ફેંક્યું અને બોલ્યા, 'આ, તમારું પાકીટ તમે સંભાળો. આજથી બધી વ્યવસ્થા તમારે કરવાની. શું ખાવું, કેટલું ખાવું, કેટલો હૉલ્ટ કરવો-એ બધું તમારે સંભાળવાનું.'

મારે તો પાછી ઉપાધિ થઈ. એટલે મેં તો નમ્ર થઈ જઈને એમને પગે પડીને કહ્યું, 'તમે આ બધું સંભાળી લો. તમે જેમ કહેશો તેમ કરીશું.' પણ મનમાં મને એ વખતે વિચાર ઊઠી ગયો કે આ બધી જે કરકસર કરાવે છે અને એમાંથી જે પૈસા બચશે તે પોતે રાખી પાડશે. આવો મનમાં મને વિચાર આવ્યો. આ વખતે એમણે મારા પૈસાનો અસ્વીકાર કર્યો હતો એ અનુભવ નહિ થયેલો એની પહેલાંનો આ બનાવ છે. ૧૯૪૫ના વૉરનો અંત આવ્યો ત્યારનો આ બનાવ છે. અનુભવ થાય, પણ ટકે નહિ. પોતાની વૃત્તિઓ કંઈ જાય છે ? એ બધું મને મનમાં થયેલું. મોટા બધું સમજે. એ બોલે નહિ. આવું મનમાં થયું. હું બોલ્યો નહિ. મર્યાદા-માન રાખવા બોલ્યો નહિ. મનમાં સમજી રહ્યો.

બાવન દિવસ બધું ફરીને આવ્યાં. ગંગાના કિનારે હરિદ્વાર પાછા આવી ગયાં. આવતાંવેંત મને કહે, 'આ તમારું પાકીટ, સંભાળી લો.' હું સ્તબ્ધ થઈ ગયો. આજની ખરીદશક્તિના લગભગ ચાર લાખમાંથી બે એક લાખ વપરાયા. બાકીના બધા અકબંધ હતા. એટલે એ વખતે મને થયેલું કે બાકીના બધા એ રાખી પાડવાના, પણ એમણે તો પાછું આપી દીધું.

મને કહે, 'હવે, આ પૈસાનું શું કરશો ?'

મેં કહ્યું, 'તમે કહો એમ કરીશું.'

એટલે મને કહે, 'આપણે નીકળ્યાં ત્યારે આજની ખરીદ-શક્તિની જેટલી રકમ સાથે લીધેલી. તેટલી રકમ પૂરેપૂરી કરીને આપણા હેમંતભાઈના દાદાના નામના 'મહીપતરામ રૂપરામ અનાથ આશ્રમમાં પાંચે પાંચ લાખ બાના નામે દાન કરી દો.'

ત્યારે મારી આંખો ખૂલી. મારી બાના નામથી મેં અનાથ આશ્રમમાં રૂપિયા જમા કરાવી દીધા.

આવી નિમ્ન વૃત્તિઓ મનમાં ઘણી ઊઠતી. એક તો અમે વણિક રહ્યા. વળી, વેપાર કરીએ-એમાંય હીરાનો વેપાર કરીએ. એમાં ડગલે ને પગલે ઘરાકને આવી શંકાથી જ જોવાનું. એમ થાય કે આ માણસ સાચો હશે કે ખોટો ? માલ બદલી લેશે કે કેમ ? આવી બધી શંકાકુશંકાઓ સાથે કામ શરૂ કરવાનું એટલે એક આદત થઈ ગયેલી. એટલે મોટા માટે પણ શંકા થયેલી. હિમાલયના પ્રવાસનું જુદું પુસ્તક પ્રગટ થયું છે. એટલે હું અહીં બધું કહેતો નથી. એના પ્રસંગો જે બન્યા છે તે ઘણા સરસ બન્યા છે. એમની નીડરતા, અભય, એના પ્રત્યક્ષ પુરાવા, તાદાત્મ્યની ચમત્કારિક ઘટનાઓ, સર્જનો એ બધું એ પ્રવાસ પુસ્તકમાં આવે છે. એટલે એ બધું એમાંથી વાંચી લેવું ઠીક રહેશે.

## [૭]

એમ કરતાં કરતાં સાતેક વર્ષ થયાં. પત્નીને શરૂઆતમાં એમ હતું કે આ સાધુ થઈ જશે કે શું ? પણ જેમ જેમ એણે જોયું કે એને સ્વતંત્રતા મળતી ગઈ. સ્વતંત્રતા પ્રાપ્ત થતી ગઈ તેમ તેમ એનું મન એમના તરફ આકર્ષાવા લાગ્યું. શરૂઆતમાં હું એટલો બધો આગ્રહી હતો કે ઘરમાં મારું ધાર્યું જ થાય. મને સમજણ ખરી કે બહેનોને સન્માન આપવું જોઈએ. છતાં પણ બધું આપણી ઈચ્છા મુજબ જ - પુરુષની ઈચ્છા મુજબ જ ઘર ચાલવું જોઈએ એવો એક જાતનો આગ્રહ રહેતો. મેં ઘરમાં કશું વસાવેલું નહિ. ગાંધીઆશ્રમમાં ગયાં ત્યારે ઘરમાં માટલીઓ રાખેલી. પિત્તળનું વાસણ રાખતો ન હતો. ઘડો-દેઘડો-પાણી ભરવાનું કશું નહિ. માટીનાં માટલાં ગોઠવેલાં. એમાં દાળ-અનાજ-ચોખા બધું ભરતો. ઘાસતેલ પણ વાપરતો નહિ. દિવેલનું કોડિયું વાપરતો. બહાર જવા માટે તાત્કાલિક ફાનસ બનાવેલું. કાચ ખોલી નાખવાના, અંદર કોડિયું મૂકી દેવાનું અને હાથમાં લઈને બહાર જવાનું. જાજરૂ જવું હોય કે બહાર જવું હોય તો આ જ વાપરવાનું. હું એટલો બધો આગ્રહી હતો કે કેરોસીન પરદેશથી આવે છે એ નહિ વાપરવું. ઘરમાં કશું રાચરચીલું મળે નહિ. બાવાના જંગલ જેવું લાગે. વ્યવસ્થિત ઘર જેવું ના લાગે. એ બધું ધીમે ધીમે નીકળી ગયું અને સમજાવા માંડ્યું કે ઘર તો ગૃહિણીનું છે, એની ઈચ્છા મુજબ ઘર ગોઠવાય. એ આપણી સાથે છે ત્યાં સુધી આપણે દેખભાળ રાખવાની છે. તો એની ઈચ્છાને શા માટે સંતોષવી નહિ ? એટલે ધીમે ધીમે ઘરમાં બધું ફર્નિચર આવ્યું. ઘડિયાળો આવી, પાટો આવી. એટલે પત્નીને તો સંતોષ થાય કે ચાલો આ તો સારું થયું. એટલે એની ઈચ્છા મુજબ આપણે કરતા થયા. ઘરમાં શું ખાવું અને શું ના ખાવું, શું

કરવું અને શું ના કરવું, એ બધું એની ઇચ્છા મુજબ થવા દેવું.

હું એટલો બધો આગ્રહી, હઠાગ્રહી હતો કે એને 'સારા દિવસો' હતા એથી એને ગળ્યું ખાવાનું મન થાય તોય મને મનમાં એમ કે ઘરમાં ગળ્યું ખાવાનું કેવું ? ઘરમાં ગળ્યું કરવાનું કેવું ? હું રેંટિયાનું શીખવા માટે બહાર ગયેલો. પાછો આવ્યો ત્યારે મારાં પત્નીએ મોહનથાળને ધાબો દીધેલો. મેં પૂછ્યું, 'આ શું છે ?' જવાબ સાંભળીને મારો મિજાજ ગયો. એ થાળી લઈને બાજુની સાબરમતી નદીમાં ફેંકી દીધી. નદી, મારી ઓસરીથી ૧૫ ફૂટ દૂર આવેલી, પણ એ વાતનું મને એ વખતે દુઃખ ન હતું. મોટા, આ બધો તાલ જોયા કરે. આ બધું ૧૯૪૦માં બનતું. મોટાએ હેમંતભાઈને કહ્યું , 'આ પેલો લાંબા વાળવાળો ભાઈ છે, એ એની પત્નીને બહુ હેરાન કરે છે.' હવે, કાંતાને 'સારા દિવસો' છે, એ એમની બા મારફતે જાણ્યું હશે. એટલે કહ્યું, 'બરાબર ખાવા દેતો નથી.' આથી, મોટાએ પોતાની બાને કહી રાખેલું કે 'તું કંઈ સારી વસ્તુ કરે તો એને ઘેર આપી આવવી.' એમ કરતાં કરતાં સમય વીતવા લાગ્યો. ઘરમાં બધું એની ઇચ્છા મુજબ થવા લાગ્યું. એટલે પત્નીને થવા લાગ્યું કે આ રસ્તો તો સારો છે. પાછળથી મારા અનુભવથી મેં જોયું કે મોટા, જે જે લોકોના નિકટના સંપર્કમાં આવ્યા તે તે લોકોના ઘરમાં પત્નીને શરૂઆતમાં ડર રહેતો કે એમના પતિ સાધુ થઈ જશે, પણ પછીથી લાગ્યું કે 'ના, આ સાચું જીવન છે અને એમાં અમારાં બંનેનું કલ્યાણ છે.' આવી પ્રતીતિ થવા લાગી. એવા દાખલા નામ સાથે આપી શકું એમ છું, પણ એવા પાંચસાત દાખલા તો ચોક્કસ મારા ખ્યાલમાં છે કે જ્યાં સ્ત્રીઓનું ઘરમાં વર્ચસ્વ સ્થપાયું. પુરુષો

બોલે છે ખરા, પણ વર્તનમાં મૂકવું બહુ મુશ્કેલ છે. આવા સુખદ ફેરફારો મારી પ્રકૃતિમાં થતા ગયા. એને લીધે મને આકર્ષી રાખ્યો.

**[૮]**

આ બધું બનવા છતાં, સાતેક વર્ષ પછી મને થયું કે છેલ્લા એકાદ વર્ષમાં મને કશો ફેરફાર મારામાં લાગતો ન હતો. પ્રગતિ થતી લાગતી ન હતી. એ ધ્યાન કરવાનું કહે ત્યારે કલાક સુધીય ધ્યાન કરાતું નહિ. કલાક-અડધો કલાક જપ કરો. જપ ઉપર વધારે ભાર આપતા. વૃત્તિને જોયા કરો. તમારામાં શું વિચારો ઊઠે છે તે જોયા કરો. વિચારની સાંકળ ના જોડો. એમણે **'સાધનામર્મ'**ના ૧૮ મુદ્દા નોંધ્યા છે, તે પ્રમાણે જીવન જીવવાનો પ્રયત્ન કરતો. એ અઢાર મુદ્દા મોટા અક્ષરે લખીને હરિજન આશ્રમના મારા નાના ઓરડામાં ટાંગી દીધેલા અને 'હરિઃૐ'નાં પાટિયાં કરાવીને મૂકી દીધેલાં. જેથી, 'હરિઃૐ' બોલવાનું ભૂલી જવાય તો નજર પડે. 'હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ' આવું બધું આપસૂઝથી હું કર્યા કરતો. સાતઆઠ વર્ષ પછી મન પાછું એકદમ વીફર્યું. દર વર્ષે મૌનમાં બેસતો. ગાંધીઆશ્રમમાં મારા ઘરની બાજુમાં મીરાં કુટીર હતી. ત્યાં અમે મૌન લેતા. બધું સારી રીતે ચાલતું હતું, પણ મન પાછું પડતું. 'ના,ના, શ્રીઅરવિંદ આશ્રમમાં જ જવું સારું છે.' એટલે મેં તો શ્રીઅરવિંદ આશ્રમમાં પોંડિચેરી કાગળ લખ્યો. મારો પુત્ર સિદ્ધાર્થ, સાતેક વર્ષનો થયો. એટલે એના અભ્યાસ માટે ત્યાંની એકેડેમીમાં દાખલ કરવાનું ફૉર્મ લઈ આવ્યો.

મેં મોટાને કહ્યું, 'મારે શ્રીઅરવિંદ આશ્રમમાં જવું છે.' મેં એમની રજા માગી.

એમણે કહ્યું, 'રજાની કંઈ જરૂર નથી. તમે જ્યાં જશો ત્યાં

મારું જ ધામ છે. શ્રીઅરવિંદ આશ્રમ પણ મારું જ ધામ છે. આ પણ મારું ધામ છે. તમે જ્યાં જશો ત્યાં મારા ભાઈ તરીકે યાદ કરીશ અને વેલ્કમ કરીશ. આપણો સંબંધ છૂટી જવાનો નથી. તમને જ્યાં તમારું હિત લાગતું હોય ત્યાં ખૂબ ખુશીથી જાવ. ખૂબ આનંદથી જાવ.'

આ સાંભળ્યું એટલે થયું કે સામાન્ય ગુરુઓ પોતાના શિષ્યોને જોડે રાખવા માટે અને ખાસ કરીને બે પૈસે સુખી હોય તેને ખાસ જકડી રાખવા માટે પ્રયત્ન કરે છે. શિષ્યોની સંખ્યા વધારવા માટે પણ પ્રયત્ન કરે. જ્યારે મોટાએ તો મને ખૂબ પ્રેમથી-ખુશીથી-આનંદથી જવાની સંમતિ આપી. એક શબ્દ પણ એમણે દિલગીરીનો કે નાખુશીનો દર્શાવ્યો નહિ. છતાં મેં નક્કી કર્યું કે જવું છે. મૌન આવતું હતું. મૌન મને ગમતું હતું. આથી, એમ વિચાર્યું કે 'આ મૌન પૂરું કર્યા પછી જઈએ.' એ વખતે ૪૯ દિવસનું મારું મૌન હતું. ૧૯૪૯માં ૯ વર્ષ પછી મૌનમાં બેઠો. ૪૯માં છેલ્લાં અઠવાડિયાંમાં બેત્રણ દિવસ લંબાવવા છે. આનંદ આવે છે. એ વખતનો ઓરડો કેવો હતો ! ૧૨ થી ૧૩ ફૂટ લાંબો અને ૬ ફૂટ પહોળો. ૭૮ થી ૮૦ ચોરસ ફૂટની ઓરડી. એમાં બધી ક્રિયાઓ કરવાની. ફરવાનું-પેશાબ-શૌચ કરવાનું-બધું જ ઓરડામાં કરવાનું. એમાં આનંદ રહેતો. બીજા લોકો પણ બેસવા આવતા. મેં ૪૯ દિવસ મનમાં નિશ્ચિત કર્યા અને ૪૯ દિવસ મેં પૂરા કર્યા. એ વખતે છેલ્લા દિવસોમાં એવો ચમત્કાર થયો કે મારું મન ફરી ગયું. 'ના, હવે મારે ક્યાંય જવું નથી.' વચ્ચે વચ્ચે એવા પણ વિચારો આવી જતા કે આ જપ કર્યા કરવાના. કાંસોટા વગાડવા, તબલાં વગાડવા એ કરતાં રવિશંકર મહારાજ સાથે રાધનપુરમાં જોડાઈ જવું કે ત્યાં જપ પણ થશે અને કામ પણ થશે. એક પંથ ઔર દો કામ. તો એમ કેમ ના કરવું ? એવા

બધા ઊલટા સીધા વિચારો આવતા હતા અને પછી એમાં જવાનું નક્કી કરેલું, પરંતુ એ બધું ટળી ગયું. છેવટે મેં કહ્યું, 'હવે ક્યાંય જવું નથી. હવે પહેલેથી છેલ્લે-જીવીએ ત્યાં સુધી મોટાની સાથે જ રહેવું છે.'

એ અનુભવે મને એવો પાક્કો નિશ્ચય કરી દીધો કે હંમેશને માટે મોટા સાથે રહેવાનું મેં નક્કી કર્યું. આમ, આ પ્રસંગ વર્ણવવાનું કારણ એ છે કે આવી સઘન સાધનામાં આઠ આઠ વર્ષ સુધી હું જોડાયો તોપણ મન થાળે નથી પડતું અને આપણે એમ સમજીએ કે હવે આપણે થાળે પડી ગયા. વર્ષો પછી પણ મન પાછો પલટો મારે છે. એટલે મનની ચાલબાજી સમજવી બહુ ભારે છે. જેમ માણસ વધારે આગ્રહી તેમ વધારે મુશ્કેલી છે. પ્રભુકૃપાથી ત્યાર પછી મને એવું થયું નથી. એમની સાથે જ રહેવાનું કર્યું. પછી આગળ બધા પ્રસંગો બનતા આવ્યા છે, પણ એમાં કશી નવીનતા નથી. પછી તો મન થાળે પડી ગયું હતું.

આપણે લક્ષ્મીની પહેલી વાત કરતા હતા. લક્ષ્મીમાં આપણે બે અનુભવ તો જોયા.

## [૯]

આશ્રમ બંધાવવાનો હેમંતભાઈનો ખૂબ આગ્રહ હતો. એટલે એમણે મોટાને કહ્યું, 'મોટા, આપણો આશ્રમ કરો. આ કોઈના ઘરમાં રહેવું અને આ સમૂહ વચ્ચે રહેવું, ગાંધીવાદીઓને આ બધું ગમે નહિ. આપણે એકાંતમાં આશ્રમ જેવું કરીએ તો કેમ ?' મોટા, એ વાત બહુ લક્ષ ઉપર લેતા ન હતા, પણ એક દિવસ હેમંતભાઈએ બહુ આગ્રહ કર્યો એટલે મોટાએ કહ્યું, 'એમ કરો હેમંતભાઈ, એક લાખ રૂપિયા ભેગા કરો.' એ વખતના લાખ એટલે અત્યારના કરોડ થાય અને અત્યારના ત્રીસ લાખનું મકાન. એટલું ભેગું થાય એટલે કહેજો. પછી આપણે આશ્રમ

શરૂ કરીશું. એટલે મોટાને એમ હશે કે એટલા રૂપિયા કોઈ આપવાનું પણ નથી. આ લોકોને એટલી લાગવગ પણ નથી. નંદુભાઈને થોડી લાગવગ છે પણ તેથી આટલા બધા પૈસા મળે નહિ અને એ ભાઈ શાંત પડી જશે. હું પણ રાજી થયો કે મોટાએ આ શરત મૂકી તે સારું થયું. મારા ઘરમાંથી ક્યાં બીજે જવું ? પણ હેમંતભાઈની ટિનેસિટિ-ચીવટ-જબરી. મને એમના માટે માન ઘણું. એમના કહેવાથી સગાંવહાલાંને, ઘણા મિત્રોને-બધાંને કાગળો લખ્યા. રૂપિયા ભેગા થયા. બૅંકમાં મૂક્યા. બૅંક ઑફ ઇન્ડિયામાં મોટાનું અને મારા નામનું સ્વતંત્ર ખાતું ખોલાવી એ પૈસા મૂક્યા. આશ્રમ કરવાનું નક્કી કર્યું. જગ્યાઓ શોધવા નીકળ્યા અને એક ભાઈએ મકાન આપવાનું કહ્યું. ‘ત્રીસ લાખનું મકાન આપીશું.’ તો કહે, ‘ચાલો હવે આપણે શોધીએ.’ પણ કંઈ મેળ ખાધો નહિ. શિનોર બાજુ ગયા. નર્મદાના કિનારાની આજુબાજુ ગયા. કુંભકોણમ્ ગયા. ત્રિચિનાપલ્લી ગયા. આજુબાજુ ગયા પણ ક્યાંય મેળ પડતો ન હતો. છેવટે કુંભકોણમ્માં એક જગ્યા પસંદ પડી ગઈ. પહેલાં તો ૪૮ લાખ ભેગા થયેલા હતા. એકાએક મોટા બોલ્યા કે ‘નંદુભાઈ, બધાંને પૈસા પાછા આપી દો.’

મેં કહ્યું, ‘મોટા, શું કહો છો ?’

મોટા કહે, ‘હા, હું કહું છું. પૈસા પાછા આપી દો. મારે આશ્રમ કરવો નથી અને જ્યારે કરવાનું મન થશે ત્યારે મારા પૈસામાંથી હું કરીશ. મારી પાસે એ વખતના પાંચ હજાર રૂપિયા એટલે આજના લગભગ પાંચ લાખ રૂપિયા થાય એટલે હું જમીન લઈશ અને નાની સરખી મઢૂલી બનાવીને રહીશ.’

‘ભલે.’ એક કરોડ ભેગા કરવાના હતા. તેમાં પંચાસી લાખનાં તો વચનો મળી ગયાં હતાં. એમાં અડતાળીસ લાખ

આવી ગયા હતા. એ બધાંને પાછા આપી દીધા. જે જે લોકોમાં વધારે ભાવ હતો તે કહે, ‘મોટા, અમે તો તમને આપી દીધા હતા. તમે આ પાછા આપો છો ?’ તો કહે, ‘એમ કરને તું તારે, જ્યારે મારે જરૂર હોય ત્યારે હું માગીશ અને તેનું વ્યાજ મને આપજો અને મૂડી તમારી પાસે રાખજો.’

બેએક વર્ષ પછી એમણે કહ્યું, ‘મારે તો કુંભકોણમ્‌માં, મેં જે જગ્યા નક્કી કરી છે ત્યાં હું મારી મઢૂલી બાંધીને રહીશ.’

મારા મામા કહે કે ‘મોટા, આટલી નાની જગ્યામાં નહિ ફાવે. પછી નંદુભાઈ કહેશે કે મારે અહીંયાં રહેવું છે. બીજા તમારા મિત્રો પણ.... એટલે જગ્યા થોડી મોટી લો. સારી લો.’

મોટા કહે, ‘ના, આ બરાબર છે.’

ત્યારે કુંભકોણમ્‌ની જગ્યા હતી એ એમના પૈસામાંથી લીધી.

મકાન બાંધવાના પૂરા પૈસા હતા નહિ. પચીસ લાખનું મકાન થાય. પછી મામાએ કહ્યું, ‘મોટા, હું તમને પૈસા આપીશ-ધીરીશ. જ્યારે આવે ત્યારે મને વિના વ્યાજે પાછા આપજો. સમયમર્યાદા નથી.’

મોટા કહે, ‘તેમાં મને વાંધો નથી. મને મળશે તેમ તેમ આપતો રહીશ.’ પછી નક્કી કર્યું. જેમ જેમ લોકોએ જાણ્યું તેમ તેમ પૈસા પાછા આપી દીધા અને મકાન થઈ ગયું. ત્યારે ૧૯૫૧માં કુંભકોણમ્‌માં આશ્રમ શરૂ થયો. પહેલાં મને મૌનમાં ત્યાં બેસાડ્યો અને ત્યાં ૧૦ વર્ષ રાખ્યો.

હવે જુઓ સાધકોને ઘડવાની મોટાની રીત.

મેં કહેલું, ‘મોટા, આ આશ્રમ થાય છે તે સારી વાત છે, પણ મને કંઈ ધ્યાન બ્યાન ફાવે નહિ. એ મારો વિષય નહિ. એ બધો વિષય હેમંતભાઈનો એટલે હું મૅનેજમેન્ટ કરીશ. એમાં

મને હથોટી છે. વહીવટ કરવો મને ગમશે.'

એ વખતે તો હા, હા, કર્યા કર્યું. બધું તૈયાર થઈ ગયું પછી મને કહે, 'તમારે અહીંયાં રહેવાનું છે. અહીંથી ક્યાંય જવાનું નથી. બાર મહિનામાંથી આઠ મહિના અહીંયાં અને ચાર મહિના તમારા કુટુંબ સાથે સાબરમતી ગાંધીઆશ્રમમાં - એ પ્રમાણે રહેવાનું છે અને તમારે સાધના કરવાની છે. હેમંતભાઈ તમારી સાથે રહેશે.' હેમંતભાઈના સ્વભાવમાં એકાકીપણું. બધાંને મળવું કરવું બહુ ફાવે નહિ. આ બધી ઉલઝન અને દોડા દોડ ફાવે નહિ. એમને માટે એ રિઝર્વ રાખ્યું અને મારા માટે એનાથી ઊલટું. બેઉનું ઘડતર થાય એ માટે આમ ગોઠવ્યું.

૧૯૫૫માં નડિયાદમાં નાનો સરખો આશ્રમ થયો. એમણે સ્વયં કશું કર્યું નથી એ જોવાની ખૂબી છે. એમણે કોઈ પણ કાર્યનો આરંભ કર્યો નથી. 'અનારંભોહિ કાર્યાણામ્' અને શરૂ કર્યા પછી એને કોઈ કાળે અધવચ્ચે મૂકી દીધું નથી. જે કામ હાથમાં લીધું પછી ચીટકી રહેવાનું. સુખ આવે કે દુઃખ, મુશ્કેલી આવે કે ગમે તે થાય. નડિયાદમાં કુબેરદાસભાઈ ભાવસારના આગ્રહથી નડિયાદમાં જ્યાં આ જમીન છે ત્યાં જૂનું મકાન હતું તેને રૂ. ૧૮૦૦-૨૦૦૦/- ખર્ચીને થોડું રિપૅર કરાવ્યું.

ત્યાં મોટાએ હેમંતભાઈને કહ્યું કે 'ત્યાં આગળ કોણ રહેશે ?'

હેમંતભાઈએ કહ્યું કે 'મકાન રિપૅર થશે તો હું રહીશ.'

મોટા કહે, 'એકલા રહેવું પડશે.'

'રહીશું.'

હેમંતભાઈને બહુ ઉત્સાહ હતો. ત્યાં પંચાવન દિવસ સુધી તો હેમંતભાઈ દૂધ ઉપર રહ્યા હતા. રસોઈ કરતાં તો આવડે નહિ. નાગરના સુખી કુટુંબના દીકરા હતા. કોઈ દિવસ શેક્યો

પાપડ પણ ભાંગે નહિ એવી એમની પ્રકૃતિ હતી. એમને કામમાં લપેટ્યા. ત્યાં રહ્યા. કામ ચાલ્યું. આશ્રમ થયો. પછી પૂજ્ય મોટા કહે, 'હવે તમારે આ આશ્રમ મૅનેજ કરવો. હું તો ફર્યા કરીશ. હું કંઈ આશ્રમમાં કાયમ રહેવાનો નથી.' એમ મોટાએ કહ્યું. આ રીતે હેમંતભાઈનો પગ સ્થિર કરી નાખ્યો.

હું, કુંભકોણમ્‌થી ચાર મહિને આવું ત્યારે આશ્રમમાં જઉં. મળીને પછી પાછો ગાંધીઆશ્રમમાં જઉં, ત્યાંથી પાછા ફરતી વખતે એકવાર આશ્રમમાં જઈ આવું. મોટાની સાથે રહેવાનું મારું મંતવ્ય એટલું બધું જોરદાર હતું કે હું અને મારી સાધના, જપ, ત્રાટક, ધ્યાન બધું થવા દીધું અને 'તમે તમારી મેળે જે સમજશો અને જે કરશો તે સારું છે.' એમ મોટા કહેતા. ૧૯૫૦ થી ૧૯૫૯ સુધી નવ વર્ષ મેં કુંભકોણમ્‌માં ગાળ્યાં. ૧૯૫૯માં મને પાછું એકવાર થયું કે 'ના, ના, આ બધું બરાબર નથી થતું. આ બધું મારી ઇચ્છા મુજબ થાય છે. ગુરુની સાથે રહીએ તો બધું એમની ઇચ્છા મુજબ થવું જોઈએ.' આવું કંઈ ઘણા લાંબા વખત પછી મારામાં ઊગ્યું. એટલે પછી મેં એમને લખ્યું કે 'મારે તમારી સાથે રહેવું છે અને તમારી સેવામાં આવવું છે.'

તો કહે, 'તમને આકરું પડશે. ફાવશે નહિ.'

'બધું ફાવશે. કેમ નહિ ફાવે ?'

'એક શરત. તમારી પત્નીની લેખિત મંજૂરી લાવો. કુંભકોણમ્‌માં તમારાં બા તમારી સાથે છે. તેમની પણ મંજૂરી લાવો. પછી તમે અહીં આવો. તે લોકો એકલા રહેવા ખુશી છે કે કેમ ? રહેશે કે કેમ ? તે નક્કી કરતા આવો. જો એમ હોય તો ખુશીથી આવજો.'

એ લોકોએ સંમતિ આપી. હું ગયો. ત્રણેક મહિનામાં મેં જોઈ લીધું. આ તો બહુ ફરાફર છે. મુંબઈ, સુરત, ખંભાત અને

આ ને તે ને દોડાદોડ અને ફરાફર. મારાથી ના થાય ધ્યાન, ના થાય પ્રાર્થના, ના થાય જપ. જાણે તદ્દન સામાન્ય મામૂલી જીવન. હરફરથી હું કંટાળ્યો. ત્રણ મહિના સાથે ફર્યો.

મેં કહ્યું, 'મોટા, મને નહિ ફાવે.'

તો કહે, 'મેં તમને ક્યાં નોતર્યા હતા ? તમે આવ્યા. હવે જાઓ પાછા.'

પાછો હું તો કુંભકોણમ્ ચાલ્યો ગયો, પણ ગયા પછી ડંખવા માંડ્યું કે આ બધું બરાબર થતું નથી. મારો અહમ્ એટલો બધો જોરદાર કે હું તો ગયો. ત્યાં સાધના શરૂ કરી.

એવામાં એક દિવસ નડિયાદથી મથુરીબહેન ખરેનો કાગળ આવ્યો. મોટાને, કંઈ કોયડાની મુશ્કેલી આવી હશે. એટલે એ એમ બોલ્યા કે 'મારો નંદુ હોત તો આ બધું સરળ થઈ જાત.' લમણે હાથ દઈને એ બોલ્યા. એમ મધુરીબહેને મને કાગળ લખ્યો. મને એવી ચોટ લાગી ગઈ કે આજ સુધી મારી ઈચ્છા મુજબ વર્ત્યો. હવે મારે મોટાની ઈચ્છા મુજબ વર્તવું જોઈએ. તરત નિશ્ચય કર્યો કે પાછો ચાલ્યો જઉં. એટલે મેં મથુરીબહેનને લખ્યું. વળતું મોટાએ લખાવ્યું કે 'હવે જો આવો તો પાકું કરીને આવજો, ભાઈલા.'

મેં લખ્યું, અંગ્રેજીમાં એક વાક્ય આવે છે કે 'મારી પાછળ ભીંત છે. એટલે પાછા જવાનો સવાલ જ નથી.' પાછા જવાનો રસ્તો જ નથી. છૂટકો જ નથી. રહેવું પડશે. એટલે લશ્કરના સેનાપતિએ હુકમ આપ્યો કે 'Wall at your back' કાં તો ગોળીથી મરી પડો, કાં તો વિજયી થઈ આગળ વધો. એ સૂત્ર સાથે હું પાછો આવ્યો.

મોટા મને કહે, 'મારું બધું કામકાજ તમારે કરવાનું છે.

પાણીની માટલી સાફ કરીને ભરવાની, પથારી કરવાની, રૂમ સાફ કરવાનો, પોતું કરવાનું, મારાં કપડાં ધોવાનાં. બધું કામ તમારે સંભાળી લેવાનું છે.'

મને તો હાથે કામ કરવાની ટેવ નાનપણથી હતી, પણ મોટાનું કામ કોઈ દિવસ કરેલું નહિ. હું તો મારી ધૂનમાં રહું. સાધના ને જપ ને વહેલા ઊઠવું ને રૂમમાં રોકાઈ રહેવું. કાંતાબા બધું કરે. એટલે મોટાનું તો મેં ધ્યાન આપેલું જ નહિ. એમની અંગત જરૂરિયાત ઉપર પણ ધ્યાન નહિ આપેલું. અહીંયાં તો બધું મારે કરવાનું. મેં તો કહ્યું, 'સારું.' તે બેચાર દિવસ થયા. હું તો ચાર વાગ્યે ઊઠું. મારું ધ્યાન ધરું અને છએક વાગ્યે રૂમની બહાર આવું અને પછી મોટાનો રૂમ સાફ કરું. મોટાએ બેત્રણ દિવસ બધું જોયા કર્યું.

મોટા મને કહે, 'નંદુભાઈ, સેવાનો આ પ્રકાર ના કહેવાય.'

મેં કહ્યું, 'કેમ, મોટા ?'

'તમે તમારું કામ પહેલું કરો છો. મારું પછી કરો છો. મારી રૂમ પહેલાં સાફ થવી જોઈએ. તમારું પછી. એનું નામ સેવા.'

હું ચાર વાગ્યે ઊઠીને ઓટલા ઉપર જતો રહું. બહાર છ વાગ્યા પહેલાં-સાત વાગ્યા પહેલાં આવતો નહિ, પણ સેવા એટલે પોતાની ઈચ્છા મુજબ કરવી એ સેવા નહિ. સેવ્ય એટલે કે જેની સેવા કરવાની છે તેની ઈચ્છા મુજબ થવી જોઈએ. આ પહેલો પાઠ. એ પ્રમાણે કરવા માંડ્યું. પછી ધીમે ધીમે મને કહે, 'મારાં એકલાંનાં કપડાં નહિ. બધાંનાં કપડાં ધોવાનાં છે.' એ વખતે બે મૌનરૂમ થયા હતા. પહેલો નંબર અને બીજો નંબર. મેં કબૂલ રાખ્યું. કામનો કંટાળો તો મને હતો જ નહિ. કામ તો મને ગમતું. એ વખતે આશ્રમમાં પથ્થર કંઈ મળે નહિ. બધે ધૂળ જ હતી.

એટલે સવારમાં ઊઠીને લગભગ ચારથી નવ વાગ્યા સુધી આ જ બધી ખટપટમાં રહેવાનું. જપ તમારાથી થાય એટલા કરો. ધ્યાન બ્યાન કશું નહિ કરવાનું. ગમતું થવા માંડ્યું, પણ બધું ગમતું ન હતું. જે રીતે આશ્રમનો વહીવટ ચાલતો હતો તે ગમતું ન હતું. બેએક વર્ષ તો ચાલ્યું. ઘણી વાર વિચારો ઊથલો મારે, પણ પેલું, 'Wall at the back' ભીંત પાછળ છે એવું મનમાં નક્કી કર્યું હતું-લખી લીધું હતું-કબૂલ કર્યું હતું. એટલે ટેકના માર્યા પણ રહેવું પડે. બેએક વર્ષ થયાં.

હવે, હેમંતભાઈની વાત આવે છે. ૧૯૬૨ની સાલ આવી. આ વાત ઘણાં નિકટનાં સ્વજનો જ જાણે છે. એટલે કહું તો વાંધો નથી. હેમંતભાઈ કહે, 'મને તો અહીં ફાવતું નથી.' મન કેવું છે ! સાધના પ્રત્યે વળ્યા પછી આપણે ફુલાઈ ના જવું. કોઈક વખત તો આપણે ખૂબ આગળ વધી ગયા, આપણામાં ઘણું આવી ગયું-એમ પણ થાય. હેમંતભાઈ તો મોટાના વર્ષો જૂના સાથી હતા. ૧૯૩૦થી પરિચયમાં હતા અને ૩૨ વર્ષ પછી ૧૯૬૨માં આમ બન્યું. મોટા અને હેમંતભાઈ વચ્ચે એકબીજા સાથે આશક માશૂકનો પ્રેમ હતો.

હેમંતભાઈ કહે, 'એમના વિચારો સાથે હું સહમત થઈ શકતો નથી. માટે મારે હવે જવું છે.'

મોટા કહે, 'બેશક, જાઓ. બારણાં ખુલ્લાં છે.' કોઈ જાતની આસક્તિ ના મળે. ૩૨ વર્ષથી સાથે હતા. પતિપત્ની જેવો ગાઢ સંબંધ હોય એવો બે મિત્રો વચ્ચે પ્રેમ હતો. સાથે ભણ્યા. સાથે કામ કર્યું. સાથે આશ્રમ ખોલ્યા અને આશ્રમ સ્થાપવાના એ નિમિત્ત બનેલા.

હેમંતભાઈ મને કહે કે 'નંદુભાઈ, તમને બધું ફાવે છે ?'

મેં કહ્યું, 'જુઓ હેમંતભાઈ, ફાવવા ના ફાવવાનો સવાલ

નથી. વ્યાવહારિક દૃષ્ટિએ વાત કરું છું. આનાથી બીજું કોઈ સ્થાન સારું મળતું હોય અને મને લાગે કે મારો ત્યાં આગળ ઝડપી વિકાસ થવાનો છે તો આ સ્થળ પકડી રાખવાનો મને મોહ નથી. મોટાની સાથેનો લગાવ પણ છોડવા હું તૈયાર છું. મને મૂળથી કશા પ્રત્યે આસક્તિ ન હતી. નાનપણથી જ આ વસ્તુ મારામાં હતી. ગુરુ તરફની ભક્તિ ખરી, પણ આસક્તિ નહિ. મને તો સ્વાર્થ છે, કે મને તો મારી સાધના જ્યાંથી વધારે ચાલતી લાગે, વધારે ઝડપથી વિકાસ થાય, ત્યાં જવાને માટે હું ઉત્સુક હતો. એટલે જ મેં આશ્રમ જવાનો વિચાર કરેલો. એ તો બધું રહ્યું. મને તો કોઈ એવું સ્થળ દેખાતું નથી કે જે આના કરતાં વધારે સારું, મારા શ્રેય માટે હોય. તમને દેખાતું હોય તો જુદી વાત છે.'

હેમંતભાઈ કહે, 'મને દેખાતું નથી, પણ મને ફાવતું નથી. હું જઉં છું.'

મોટાએ પ્રેમથી રજા આપી, પણ મનથી એમને સાંકળી રાખ્યા. બચ્ચા, જાઓ, પણ તમારે પાછું આવવાનું છે. જ્યાં જશો ત્યાંથી પાછા આવશો. હેમંતભાઈ તો ગયા. એમની બહેનને ત્યાં રહ્યા. ચારપાંચ જગ્યાએ રહ્યા, પણ એમનો ભાવ પણ એટલો બધો કે એમનાથી મોટાને ભુલાયા નહિ. ખારમાં એકવાર એમને હીરાની વીંટી જડી. લગભગ ૨ લાખની કિંમતની હતી. એમને થયું કે મોટાને આપી દઉં. ઘરમાં બધી બહેનો કહે, 'પહેલાં તો તમારે પોલીસમાં ખબર આપવી જોઈએ કે 'મને આ વીંટી જડી છે અને કોઈ માલિક પૂછતું આવે તો મારે ત્યાં મોકલજો.' એ પ્રમાણે કર્યું. બાર મહિનામાં કોઈ પૂછતું આવ્યું નહિ. એટલે જ્યારે અમે મુંબઈ ગયા ત્યારે એ જ્યાં રહેતા હતા ત્યાં ખાસ મળવા ગયા.

મને કહે, 'આ વીંટી લઈ જઈ આશ્રમમાં જમા કરાવી

દેજો.' આ ઉપરથી મને સમજાયું કે એમના અપરમોસ્ટ માઈન્ડમાં મોટા જ હતા. રમણ આશ્રમમાં ગયા હતા. એકવાર અમે કુંભકોણમ્ જવાના હતા. મોટા કહે, 'ચાલો આપણે હેમંતભાઈને મળવા જઈએ.' અમે ખાર-મુંબઈમાં હેમંતભાઈ પાસે ગયા. એમની સાથે રહ્યા. પછી હેમંતભાઈને કહ્યું કે 'દિલ થાય તો આવો મારી સાથે મહિનો બે મહિના આવી જાવ. કુંભકોણમ્ સારું છે. આશ્રમ જેવું છે.' હેમંતભાઈએ 'હા' પાડી. અમારી સાથે આવ્યા, પણ ગોઠ્યું નહિ. મારા નાના ભાઈ હસમુખભાઈ સાથે પણ છ આઠ મહિના રહ્યા, પણ ત્યાંથી પાછા નીકળી ગયા. પછી મથુરા ગયા.

એ વખતે એમનું સૂત્ર 'લીવ ડેન્જરસલી' હતું. ભયાનક સ્થળોમાં જવું. એટલે જ્યાં વધારેમાં વધારે ભયાનક સંજોગો આવવાના હોય તેવામાં રહો. એટલે એમણે ખૂબ સહન કર્યું. ખૂબ ફર્યા. પછી પાછા છેવટે ૧૯૭૬માં એકવાર મોટાને એમણે કહ્યું, 'મારે આવવું છે.' મોટાએ કહ્યું, 'આશ્રમ તમારો છે. આવો.' એમને માટે ઓરડો તૈયાર કરાવડાવ્યો. પાછળ બધું રિપૅર કરાવડાવ્યું પણ ના આવ્યા. મોટાના દેહ છોડ્યા પછી એમની ઇચ્છા આશ્રમમાં આવવાની થઈ અને આવ્યા. મોટાએ કહેલું, 'તમે ભલેને જાઓ પણ તમે તો મારી સાથે છો, છો ને છો જ. મારી દોરી લાંબી છે. ખીલે બાંધેલો બળદ ફરીને પાછો આવવાનો જ છે.' હેમંતભાઈ પાછા આવ્યા. અમને બધાને પણ ખૂબ સારું લાગ્યું.

આજે આશ્રમમાં એ હયાત છે. આજે પંચાણું વર્ષની ઉંમર છે. (હવે સ્વર્ગસ્થ) મને મોટાનો પરિચય કરાવનાર હેમંતભાઈ. એટલે મારા તો દિગ્દર્શક કહેવાય. એટલે મને એમને માટે ખૂબ માન છે અને ઈશ્વરકૃપાથી આજે એમની સારી સંભાળ

લેવાય છે.

મોટાને છોડીને ગયેલા, પણ મોટાએ એમને છોડ્યા નથી. એમનું કેટલું બધું સંભાળ્યું છે ? આ બધી એમની વાત ચાલે છે. બીજી જાણવા જેવી વાત છે. મોટાનો પ્રભાવ કેવો હતો. હેમંતભાઈનો દેહ ૩૭ વર્ષે પડશે એવું જ્યોતિષીએ ચોક્કસ કહેલું, પણ ૩૭ વર્ષ તો ગયાં. સિત્યાસી-પંચાણું થયાં અને ૯૭ આવશે. આવું શરીર છે. આજે શરીર ઠીક છે. એક પણ દાંત પડ્યો નથી. એમણે શરીરની દરકાર લીધી નથી, પણ મોટાની કૃપાથી અકબંધ છે. પંચાણું વર્ષની ઉંમરે પણ શરીર સારું છે. ખાસ દવા પણ નથી લેવી પડતી. સંભાળ તો બિલકુલ નહિ. ખાંડ સારી પેઠે ખાતા. હમણાં બંધ છે. મીઠું ઉપરથી લે. પાછું આરોગ્યના નિયમ અને કાયદાથી વિરુદ્ધ ચાલે. મોટાની કૃપા. આપણને ખૂબ આનંદ થાય. મોટાએ કેવો ચમત્કાર કર્યો. એમનું સ્વાસ્થ્ય જાળવ્યું. વળી, એ કહે કે 'મોટા, મારું બધું સંભાળે છે.' બધું મોટાને માથે. જે થવાનું હશે તેનો ભાર મોટાને માથે નાખવામાં રાજી ખરા. **'જીવન સંશોધન'** ચોપડી એમના માટે બનાવી છે. જો વાંચો તો ખ્યાલ આવે. મોટા કહે કે 'પુરુષાર્થ' તો એ કહે, 'પુરુષાર્થ-બુરુષાર્થ કશું મારે નહિ. હું તો તમને વળગી રહું છું. તમે જે કહો છો તે કરું છું. બધી જવાબદારી તમારે માથે.' એ એમનું વલણ. એ એમની રીતે ફળે છે. એટલે મોટાનું સાધકને ઘડવાનું-ઠેકાણે લાવવાનું કાર્ય બહુ અદ્‌ભુત હતું.

## [૧૦]

મોટા સાથે હું જોડાયો. એમની સાથે આવ્યો પછી છેક એમની સાથે જ રહેવાનું. પછી મને બીજે ક્યાંય જવાનો વિચાર આવ્યો નથી, પણ પહેલાં એ મારે ઘેર રહેતા હતા અને આજે હું એમના ઘેર આવ્યો. એ બેની વચ્ચે મોટો પાયાનો

ફેર છે. ગુરુ આપણે ઘેર રહેતા હોય ત્યારે ગુરુનું વર્તન એક પ્રકારનું હોય છે અને જ્યારે આપણે એમના ઘેર જઈએ ત્યારે જુદા પ્રકારનું હોય છે. એ સ્પષ્ટ અનુભવાય છે. અને શ્રેષ્ઠ તો ગુરુને ત્યાં રહીએ તે જ છે. ત્યાં આપણું ઘડતર થાય. આપણી નબળાઈઓ વધારે ને વધારે તેમની નજરે ચડે અને તે કેમ દૂર થાય તેનો તે પ્રયાસ કરી શકે. આપણને તે પ્રેરણા આપે. ૧૯૪૦થી સાધના માંડેલી. મૌનમાં બેસવાનું તો ૧૯૫૯ સુધી કર્યું. લગભગ ૨૦ વર્ષ સુધી કર્યું. સાત દિવસથી માંડીને ૧૨૦ દિવસ સુધી એકીસાથે મૌનમાં બેઠેલો, પણ એ વખતે જે હું પામ્યો ન હતો, તે હું મોટાના સંપર્કમાં ચારપાંચ વર્ષમાં પામ્યો. આ બતાવે છે કે સત્સંગનું શું ફળ છે. પેલો માનસિક સત્સંગ હતો. આ દૈહિક અને માનસિક બંને થયો. લગાતાર એમનાં કામમાં રહેવાનું થતું અને મને જે સાથે રહેવાની તક મળી તે મારા જીવન માટે અણમોલ હતી.

એમના સહવાસથી મારા એકલામાં નહિ પણ મારા આખા કુટુંબમાં ફેરફાર થયો. મારા ભાઈઓમાં ફેરફાર થયો. મારાં બાની વાત કરું. બા મરજાદી તો નહિ જ, પણ ચુસ્ત વૈષ્ણવ હતાં. ગાંધીઆશ્રમમાં રહું તો મને પાણીની ગોળીને અડવાની મનાઈ હતી. રસોડામાં બેસવાનું નહિ. જમવાનું બહાર પીરસે. કોઈક દિવસ ઘેર આવું તો બહાર જમવાનું પીરસે. ચુસ્તતામાંથી ધીમે ધીમે સાઠમે વર્ષે મોટા સાથે કંઈક સમજતાં થયાં. એટલે જોડાયાં. જપ કરતાં થયાં. બાને કહ્યું કે 'તારે તો શ્રીકૃષ્ણ શરણમ્ મમ મંત્ર રટવો. તારો જે જપ છે તે જ તારે માટે યોગ્ય છે. 'હરિઃૐ' નહિ.' એ જપ એને કરાવતાં. પછી તો લાંબા ગાળા પછી બા કહે, 'મને 'હરિઃૐ' ટૂંકું લાગે છે. આ લાંબું પડે છે.' તો કહે, 'તારે જેમ કરવું હોય તેમ કર.' એ બા, મુસ્લિમના

ઘરનું ખાતી થઈ ગઈ. પારસીના ઘરનું ખાતી થઈ ગઈ. પરદેશ જઈ આવી. જાવા-સુમાત્રા વગેરે સ્થળે ફરી આવી અને સમજી કે આ બધા આચાર તો કોટલાં છે. આ ખાવું અને આને અડવું અને ના અડવું તે બધું કોટલાં છે. એ બધાં બાહ્ય આવરણો છે. અંદર બેઠેલો દેવ એ જ ખરો છે અને વર્તન એ જ સાચું છે. કેવો ચમત્કાર ! એને લખતાં આવડતું ન હતું. એકાદ ચોપડી ભણી હશે. સાઠમે વર્ષે લખવાનું શીખવ્યું. હિંદી શીખી. કહે, 'મારે મોટાને કાગળ લખવો હોય તો તારી પાસે શું કરવા લખાવવો પડે ? મારે અંગત લખવો હોય તો.' એટલે લખતાં શીખી. કેવો પ્રેમ ! જે પુત્રો ના કરી શક્યા તે એમના પ્રેમભાવે કર્યું. પ્રેમભાવે એમને જીત્યાં અને એનું આખું જીવન સુધરી ગયું.

મોટા એક વાત કહેતા, 'જ્યાં સુધી માની ભક્તિ ના જાગે ત્યાં સુધી તમારી સાધના અધૂરી રહેવાની. માની ભક્તિ અવશ્ય રાખવી.'

મારામાં માની ભક્તિ ન હતી. મારા ભાઈઓમાં ન હતી. બા, મોટા ભાઈ સાથે રહે, પણ એ તો સાંસારિક રીતે. સાંસારિક દૃષ્ટિએ સાથે રહેતાં અને એનું જે કાંઈ કરવાનું હોય તે કરે, પણ એમાં જે ભાવનો ઉમળકો હોય તે નહિ. બધાંય સુખી હતાં. એ વખતના લાખોપતિ ગણાતા. બાને કંઈ જરૂર હોય તો કોઈને આપવાનું મન ના થાય. બધાં માને કે 'એને શી જરૂર છે ?' એ બા ધીમે ધીમે મોટા તરફ આકર્ષાઈ અને એમના જીવનનો પલટો આવ્યો. મારા મોટા ભાઈ, રામદાસ સ્વામીના અનુયાયી હતા. મલબારમાં રામદાસ સ્વામીનો આશ્રમ છે. જાણીતા છે. એમને કહ્યું, 'મોટા ભાઈ, તમારે તો રામદાસ સ્વામીનો જપ કરવાનો અને એમણે બતાવેલી સાધના કરવાની. એમણે સૂચવી હોય

એની પૂજા કરવાની. એ બધું તમારે કરવાનું. ભલે તમારો ભાવ છે, એ સારી વાત છે પણ જેને વળગો તેને જ વળગી રહો. એમાં મારો આનંદ છે. તમારું કયે રસ્તે કલ્યાણ થશે એ મારે માટે મહત્ત્વનું છે. જે રસ્તે કલ્યાણ થાય તે રસ્તે થવા દો.' એમણે પણ લાંબે ગાળે 'હરિઃૐ' સ્વીકાર્યું એ જુદી વાત છે. મોટાની આવી લાક્ષણિકતા છે. કોઈ પણ આવે પણ એના સંપ્રદાયમાં, એના કુળમાં જે જાતનો ધર્મ હોય તેને પુષ્ટ કરવો, કારણ કે લોહીમાં એના આનુવંશિક-જેનેટિકમાં એ ઘૂંટાયો છે. આ હકીકત બતાવે છે કે એમને કોઈ જાતનો મોહ ન હતો. પોતાનો આગ્રહ ન હતો કે 'હરિઃૐ' જ બોલવું જોઈએ. મારી પાસે જ આવવું જોઈએ. 'કંઈ નહિ, તમે તમારું કલ્યાણ કરો. મારી પાસે રહીને કરો કે બીજા પાસે રહીને કરો.' આ જ મોટાના મનની ઉદારતા-આધ્યાત્મિક ઉદારતા. એ પણ બહુ મોટી વાત છે.

એક દિવસ મને કહે, 'તમે બધા ભાઈઓ છો, તો તમે બાને શું આપો છો ?'

મેં કહ્યું , 'મોટા, બાને આપવાનું શું ? એને ક્યાં વાપરવાનું ?'

મોટા કહે, 'તમારી પત્નીને આપો છો કે નહિ ? એને અંગત દાગીના લઈ આપ્યા છે કે નહિ ? એના ખાતામાં રૂપિયા મૂક્યા છે કે નહિ ? તેને શી જરૂર છે ? તમારું છત્ર છે. જેમ તમારી માને જરૂર નથી તેમ તે પણ તમારી સાથે રહે છે. તેને શી જરૂર છે ? તેને શું કરવા આપો છો ? કંઈક વિચાર તો કરો.'

મને થયું, ખરી વાત છે. મોટા જે વાત કહે છે તે સાચી છે. અમે ૨૦૦-૫૦૦ રૂપિયા આપીએ. ૧૦૦૦-૨૦૦૦ રૂપિયા આપીએ, તો એ પાછી આપણી ઈચ્છા મુજબ વાપરે, એવી ઈચ્છાથી આપીએ. એટલે મેં મોટાને કહ્યું, 'અમે બાને પૈસા

આપીએ, તો બા તો મંદિરમાં આપે અને રાજભોગમાં વાપરે અને આમ બધામાં આપી દેશે.'

મોટા કહે, 'એ નદીમાં ફેંકી દે, દરિયામાં ફેંકી દે એ તમારે જોવાનું નથી. ભક્તિ એનું નામ કે જેને માટે આપણે આપીએ પછી એની માલિકી આપણી નહિ. આપણી માલિકી ગઈ. એને જેમ કરવું હોય તેમ કરે. એ ફેંકી દે, આપી દે કે વાપરી દે.'

પાંચ ભાઈઓએ આપવાના શરૂ કર્યા. બા તો બિચારી આગળ પાછળ વાપરે. મંદિરમાં આપે. એમ વાપરવા છતાં થોડા પૈસા ભેગા થયા. આજની કિંમતના લગભગ ૧૫ લાખ રૂપિયા જેવા ભેગા થયા. બા એકાએક માંદી પડી. બધાંને થયું કે બચશે નહિ. એટલે બાએ મને કહ્યું કે 'આ જે મારા પૈસા ભેગા થયા છે, તમારી પાસે છે તે મોટાને આપી દેજો. તેને મેં મારો છઠ્ઠો દીકરો ગણ્યો છે અને મારો સૌથી મોટો દીકરો એ છે.'

એક ભાઈ તો બોલ્યા પણ ખરા કે 'મોટાએ પૈસા અપાવડાવ્યા તે આ જ કારણે અપાવડાવેલા. એમને મળવાના છે તે માટે અપાવડાવેલા.' પણ બા તો જીવી ગયાં. મોટાને પૈસા આપી દીધા. તેમણે તો સારાં કામમાં પૂરેપૂરી રકમ આપી દીધી. બારડોલીમાં મુકુલભાઈનાં પત્ની નાનીબહેન શાળા ચલાવે છે, એમાં આપી દીધા. ત્યારે આજના ૧૫ લાખ રૂપિયા થાય. એ રકમના વ્યાજમાંથી કામ ચાલે છે.

પછી મોટાએ કહ્યું, 'તમે બધા ભાઈઓ ભેગા થાવ. ટ્રસ્ટ કરો. બાળકોને હિમાલય લઈ જાવ. ફરવા લઈ જાવ. બધા છોકરાઓ ભેગા મળે. આ શું તમે લોકો વાણિયાઓ એકબીજાનો હિસાબ કરો છો ? ૨૫ રૂપિયા તમારા ખાતે ઉધાર. તમારા માટે આ વસ્તુ મોકલી, તમે ખર્ચ કર્યું. તે આ તમારે વસૂલ કરવાના.

આ શું બધું ? તમે બધા લોકો વેપારી છો. આવી બધી નાનીનાની બાબતોમાં લેવડદેવડના હિસાબો રાખો છો ?' કટાક્ષથી આવું બધું કહ્યું. મને વાત સાચી લાગી. એટલે આવી રીતે અમારા જીવનની આખી પદ્ધતિ-શ્રેણી બદલવા પ્રયત્ન કર્યો. એટલે આખા કુટુંબને ફાયદો થયો. મારા કુટુંબને અને મારા મામાના કુટુંબના દીકરાઓ એટલે અમારા નિકટના પરિવારના બધાંને એમનાથી ફાયદો થયો.

**[૧૧]**

મામાની વાત કરું. હું શરૂઆતમાં મોટાની સાથે જોડાયો તે એમને ગમેલું નહિ. 'તમે નીકળ્યા ગાંધીજીના કામ માટે અને તમે મોટા સાથે જોડાઈ ગયા.' એમ એ કહેતા. 'મંજીરા વગાડવા એ બરાબર નથી.' એમ એ કહેતા, પણ હું તો ફર્મ હતો. પછી એમણે મારે ત્યાં આવવાનું બંધ કર્યું. ભાગીદાર ખરો અને એમણે જ મને ભાગીદાર રાખેલો. હું તો નિવૃત્ત થવા માગતો હતો. મારી પાસે પૂરતા પૈસા છે. મારે કાંઈ પૈસાની જરૂર નથી. પછી હું તો કેરાપટ્ટીમાં રહેતો હતો. રોજ રોજ ત્રિચિથી આવે, પણ કાંઈ મારે ત્યાં બેસે નહિ. મોટા હોય એટલે એમને ગમે નહિ. મોટા મળે એટલે એ તો એમના રિવાજ પ્રમાણે વડીલોને નમન કરે. ત્યારે મામા વ્યંગમાં બોલે પણ ખરા કે 'નમન નમન મેં ફેર હૈં, બહુત નમે નાદાન, દગલબાજ દોઢા નમે, ચિત્ત ચોર કમાન.' મોટાના સાંભળતાં જ બોલે. મોટા તો સાંભળીને હસે. આવું બધું ચાલતું.

એમના છોકરાનાં લગ્ન તો અમદાવાદમાં થયેલાં. એમણે ત્રિચિમાં પાર્ટી આપેલી. અમે કેરાપટ્ટીમાં રહેતા હતા. ત્રિચિથી ત્રાણ માઈલ દૂર. મને કહેણ મોકલ્યું કે 'આ દિવસે જમણ છે, તો તમે જમવા આવજો.' મોઢે કોઈ કહેવા આવ્યું નહિ. મને

એકલાને જ નિમંત્રણ હતું, મોટાને નહિ. મને અને કુટુંબને આમંત્રણ હતું.

મેં મોટાને કહ્યું, 'મારે જવું નથી.'

મોટા કહે, 'એ ચાલે નહિ. મારે કારણે તમારામાં મામા માટે મનની સહેજ પણ ઊણપ આવે, તો મને માથું કાપી નાખ્યા જેવું થાય. માટે, તમારે જવાનું અને હું પણ સાથે આવીશ. ભલેને ના નોતર્યા. હું તમારા ઘરમાં રહું છું અને આપણે સમજી લેવાનું કે સકુટુંબ આમંત્રણ આપ્યું છે.'

અમે ગયાં. એક ખૂણામાં બેસીને મોટા અને હું ચૂપચાપ જમીને પાછા આવતા રહ્યા. કોઈએ અમને આવકાર્યા નહિ કે કોઈએ અમારી સાથે વાત કરી નહિ. ઘરમાં જ જમણ હતું. મોટો હૉલ હતો. પચાસસાઠ માણસ જમવામાં હતા. આ બનાવ પછી મને લાગ્યું કે મામા હવે હદ કરે છે. એમને ત્યાં લગ્નની પાર્ટી હતી. મને છોકરા જેવો ગણ્યો હતો. એમને તો એમના પુત્ર કરતાં મારામાં વિશેષ પ્રેમ, વિશ્વાસ, ભાવ હતો. છતાં મારી મોટાની સોબત તેમને ગમતી નહિ. એ એમ સમજે કે આ પૈસા પડાવી લેવા જોડાયા છે, પણ જ્યારે એમણે પેલી ટ્રાન્સવાળી વાત જાણી અને મોટાએ ના સ્વીકાર્યું ત્યારે કાંઈક ચોટ લાગેલી.

એ પહેલાં શું થયું ? અમારા હસમુખભાઈ લગ્ન કરીને આવ્યા. એમની પત્નીને વાઈ આવે-હિસ્ટીરિયા આવે. બબ્બે માણસો પગ પકડે તોપણ ઊથલાવી નાખે. કોઈને ગાંઠે નહિ. કુંભકોણમ્માં દવા કરાતી. મામા, છોકરાની સાથે ત્યાં રહ્યા, પણ કંઈ પત્તો ના લાગ્યો.

મામા મને કહે, 'મોટા, આમાં કંઈ કરી શકે ?' મેં મોટાને વાત કરી.

મોટા કહે, 'ઈશ્વરની કૃપા હોય તો થઈ શકે. મારામાં તો કાંઈ નથી.'

મામા કહે, 'મોટાને અહીંયાં મોકલોને !'

મોટા કહે, 'જુઓ મામા, ડૉક્ટરનું કામ હોય તો ડૉક્ટરને ત્યાં જાઓ છો કે નહિ ? સૉલિસિટરની સલાહ લેવી હોય તો એને ત્યાં જાઓ છો કે નહિ ? જો તમારે મારી દવા કરાવવી હોય તો મારે ત્યાં કેરાપટ્ટી આવો. હું તમારે ત્યાં નહિ આવું. એ વાતાવરણમાં મારાથી કશું થશે નહિ.' એ લોકો કુંભકોણમ્થી નીકળ્યાં એના બે કલાક પહેલાં બહેનને વાઈ આવી. રેલગાડીમાં લઈને આવ્યાં. ત્રિચિનાપલ્લી સ્ટેશને ઊતર્યાં અને એમના દીકરાને કહે કે 'તું હવે ભાઈને બંગલે ઘોડાગાડી કરીને ચાલ્યો જા અને એ એમની કારમાં દુકાને ગયા. ઘેર મળવા પણ ના આવ્યા. મૂકવા પણ ના આવ્યા. કેટલો બધો અવિનય કર્યો. મોટાએ કશું મન ઉપર લીધું નહિ. આ બનાવના બે મહિના પહેલાં જ અમે એમના ઓરડામાં બેસીને ચૂપચાપ જમી લીધું હતું. એ અપમાન તો ભારે હતું. આ બીજું અપમાન. મોટાને કંઈ થતું નહિ. મને મનમાં દુઃખ થયા કરે. પ્રભુની કૃપા કે પુત્રવધૂ આવી. આવી કે તરત જ એને વાઈ આવી.

મોટા કહે, 'બધાં આગળ પાછળ બેસીને 'હરિઃૐ, હરિઃૐ' કરો. કોઈ અડશો કરશો નહિ. એને જેમ થાય તેમ થવા દો.'

અડધા કલાકમાં એ શાંત થઈ ગઈ. બસ, પછી એને તે વાઈ ગઈ તે ગઈ. પછી એને વાઈ આવી નહિ. આ ચમત્કાર મામાએ અનુભવ્યો. એટલે એમને થયું કે મોટામાં 'કંઈક'છે. આ વ્યક્તિમાં કંઈક મહત્તા છે. ચમત્કાર થયા પછી થોડા નમસ્કાર કરતા શરૂ થયા. મારાં મામીને પણ ઘણા લાંબા સમય પછી વાઈ આવી હતી. કંઈ ઉપાય ના થાય ? મામાએ પુછાવ્યું. 'મોકલો, મારા

વાતાવરણમાં.' મોટાએ કહ્યું. એટલે એમને મોકલ્યાં. મારી સાથે મહિનો રહ્યાં અને વાઈ ગઈ. પછી બે વર્ષ સુધી વાઈ ના આવી, પણ હસમુખભાઈનાં પત્નીને તો વાઈ ગઈ તે ગઈ. એ ચમત્કાર એમના મનમાં ચોંટ્યો.

પછી તો એવું વલણ થઈ ગયું કે મનેય પૂછે નહિ અને મોટાને પૂછીને બધું કરે. ઘર ધોળાવવું હોય, છોકરાના વિવાહ કરવાના હોય, ધંધામાં સોદો કરવો હોય, કંઈ કરવું હોય ત્યારે 'મોટા, તમારી શી સલાહ છે તે કહો.' એમ પૂછે. એટલે મને થયું, ચાલો મારો જે હેતુ હતો તે સચવાઈ ગયો. મોટાની આંખે મામા દેખતા થઈ ગયા. પછી તો એમણે દેહ છોડ્યો ત્યાં સુધી-૧૯૪૬ થી ૧૯૬૮-એટલે કે બાવીસ વર્ષ એકધારો એમનો ભાવ રહ્યો અને મૃત્યુ વખતે એમનું ધન્ય મૃત્યુ થયું. 'જય જય નમસ્કાર. હરિઃૐ'ના જાપ સાથે કોઈ જાતનું દુઃખ ભોગવ્યા વગર દેહ છોડ્યો એ એમના ઉપર મોટો ચમત્કાર એમણે કર્યો.

મારું આખું બૃહદ કુટુંબ ધર્મમાં માનતું નહિ. નથી અમે કોઈ ગુરુ કર્યા કે કોઈ બાવા પાસે ગયા કે નથી કોઈ પૂજા કરી. નથી કોઈ મંદિરમાં ગયા કે કશું જ કર્યું નથી. આમ જુઓ તો કોરી સ્લેટ. કોઈ પરિપાટી નહિ. પણ માનવસેવા, દયા વગેરે ખરી. આવી આવી ઘડવાની મોટાની રીતો જુદી જુદી હતી. એટલે અમારા આખા કુટુંબને ફાયદો કર્યો. પછી બહારનાં જે સ્વજનો મળ્યાં એમનાં અનેક કુટુંબોમાં મનમેળ ના હોય, સંતોષ ના હોય, ત્યાં સંતોષ પ્રવર્તાવ્યો. પતિ આગ્રહી હોય ત્યાં પત્નીનું કહ્યું મનાવ્યું. બાળકોની સાથે એકરસ કર્યાં. આવું ઘણું ઘણું બન્યું. એમના વિશે બોલવા બેસીએ તો કલાકોના કલાકો વહી જાય. આમ કરતાં કરતાં વર્ષો વીત્યાં.

## [૧૨]

ધનની - લક્ષ્મીની મેં વાત કરી હતી. ડૉ. કાંતાબહેન ૧૯૬૩-૧૯૬૪માં મૌનમાંથી નીકળ્યાં. એમણે કહ્યું, 'મોટા, મારે બધા દાગીના તમને આપી દેવા છે.'

'તો પછી તું શું કરીશ ?'

'મારે તો આપી દેવા છે.'

'સારું લઈ આવ.' એ દાબડો લઈ આવ્યાં. મોટાને ચરણે આખો દાબડો આપી દીધો.

મોટા કહે, 'હવે આનું હું શું કરું ? એમ કર, તારી પાસે રાખ. પહેરીશ નહિ. એટલું કરજે. મારે જોઈતા નથી.' હવે કાંતાબહેન તો 'અમીન'ની દીકરી હતાં. ૪૦-૫૦ તોલા સોનું તો સામાન્ય હોય. દાગીના સારા હશે પણ નહિ લીધા.

ઘણા લોકો તો એમ કહેતા કે મોટા તો પૈસાની જ વાતો કરે છે. જઈએ એટલે એમની પાસે પૈસાની જ વાત હોય. પૈસા સિવાય કશું જ બોલતા નથી. એ બતાવે છે, કે એ પૈસાના બહુ લોભી છે. એવી લોકોના મનમાં ભ્રમણા હતી. જ્યારે સામેથી કોઈ દાન આપતું હોય તો ના પાડે અને કહે કે 'ભાઈ, તારું ગજું નહિ.' કોઈ ત્યારના પાંચ હજાર (અત્યારના ૫૦-૬૦ હજાર) આપતા હોય તો કહે, 'ના ભાઈ, આ તારું ગજું નહિ. બેપાંચ હજાર આપ. બાકીના પાછા લઈ જા.' કેટલાયના પાછા આપ્યા છે.

જમનાબહેન-હરિજન બહેન છે. આજે અમદાવાદમાં છે. (હવે સ્વર્ગસ્થ) એમનું પોતાનું ઘર હતું. એ કહે, 'મોટા, મારે તમને મારું ઘર આપી દેવું છે.'

'તો બહેન, તું શું કરીશ ?' કહે, હું જીવીશ ત્યાં સુધી રહીશ પછી તમારું.'

મોટા કહે, 'જો, તું મને આપીશ તો હું તો લઈ લઈશ, પણ આશ્રમમાંથી કોઈ તારી સેવા કરવા આવશે નહિ. માંદી પડીશ તો તારી ચાકરી કરવા કોઈ આવશે નહિ. તો તમારાં નિકટનાં સગાંમાં કોઈ હોય તેને આપ તો તારી ચાકરી તો કરે. તારું મૃત્યુ તો સુધરે.' જમનાબહેન કહે, 'મારા ભાણેજ છે.'

'તો એને આપ.'

કેટલા બધા પ્રૅક્ટિકલ ! આશ્રમમાં પૈસાની જરૂર હતી. નડિયાદના આશ્રમની આ તો શરૂ શરૂની વાત કરું છું. તેનું ઘર ના લીધું. આજે તેની કિંમત બે લાખ રૂપિયા ઉપરાંત હશે, પણ એમણે સ્વીકાર્યું નહિ અને કહ્યું, 'બહેન, તારી સેવાચાકરી કરે એને આપજે-મને નહિ.' જેમની પાસેથી પૈસા લેવા હોય એમની પાસેથી માગીને લેતા અને આપવા હોય તેને પાછા આપી દેતા. એટલે પૈસા બાબતે લોકોને મોટા વિશે ભ્રમ છે તે ખોટો છે. શરૂઆતમાં તો મને પોતાને પણ એમ થતું. એમાં લોકોનો શું વાંક ? પણ મોટાને પોતે ખોટી રીતે સમજાઈ જવામાં ઘણી વાર આનંદ પડતો. હું ઘણી વાર કહું કે 'મોટા, તમે આમ બોલો છો તો આ માણસ આવ્યો તે તો ભાગી જશે.' મોટા કહે, 'એમાં આપણું શું જવાનું ?'

ઇંદુભાઈ શૅરદલાલ-મોટાના હનુમાન. મોટાની ભક્તિ એણે ગજબ કરી છે. ૧૯૬૦-૧૯૬૧માં એ પહેલી વાર સાંજના પાંચેક વાગ્યે આશ્રમે આવેલા. અમે જમવા બેસવાની તૈયારીમાં હતા. મોટા બોલ્યા, 'કેમ આવ્યા છો ? ક્યાંથી આવ્યા છો ? જાવ પાછા.' પહેલી જ વાર એ યુવક એક ઓળખીતા ભાઈની સાથે આવેલા. ઇંદુભાઈને લઈને જે આવેલા એ ભાઈ પણ છોભીલા પડી ગયા અને એ તો પાછા ગયા. મને થયું કે આ કાચું કપાયું. એટલે હું, મોટા જાણે નહિ એવી રીતે પાછો વળી દરવાજે ગયો

અને કહ્યું, 'ભાઈઓ, (પેલા બીજા ભાઈને તો ઓળખતો હતો.) તમે એમ કરો. તમને ચિઠ્ઠી લખી આપું. નડિયાદમાં રાત્રે ત્યાં રહો. કાલે સવારે આવજો.'

'ના, ના, અમે તો અમદાવાદ જઈશું. સ્કૂટર ઉપર આવ્યા છીએ. પાછા કાલે સવારે આવીશું.' પછી એ તો ગયા. મને થયું, આ તો ગયા તે ગયા. હવે કોઈ આવે નહિ. અત્યારે કાઢી મૂક્યા અને સવારે કોઈ આવે ? પણ અમારા આશ્ચર્ય વચ્ચે એ લોકો આવ્યા. મોટા સાથે ઈંદુભાઈનું નસીબ જોડાયેલું હશે એ કેમ મિથ્યા થાય ? અને પછી તો જે એમની ભક્તિ, જે એમની સેવાની ધગશ, પડ્યો બોલ ઉપાડવાની તમન્ના-તૈયારી-તે બધું બહુ અદ્ભુત હતું. એટલે જેના જેના નસીબમાં હશે, તેને તેને તે આવી મળે છે. મારો કહેવાનો મુદ્દો એ હતો કે કોઈને કોઈક વખત આવું અવિનયભર્યું બહારથી દેખીતી રીતે લાગે, એવું પણ બોલી બેસતા અને કહી દેતા. ભલભલાની શેહશરમ રાખ્યા વગર બોલતા, 'કેમ આવ્યા અત્યારે ? જાવ પાછા.'

આપણે પૈસાની વાત કરતા હતા. મોટા, ભણી રહ્યા પછી આફ્રિકાથી ઑફર આવી. એ વખતે ખેડા જિલ્લામાંથી ઘણા લોકો શિક્ષક તરીકે આફ્રિકા જતા. એમના ભાઈ સોમાભાઈ પણ ગયેલા. મોટા, અન્ડર ગ્રેજ્યુએટ થયેલા. વિદ્યાપીઠમાં સ્નાતક સુધી ભણેલા. એટલે એમને ઑફર આવી. એ વખતે પગાર સારો મળતો. જે જે આફ્રિકા ગયેલા તે તે બધા આર્થિકપણે ખૂબ સુખી થયેલા, પણ મોટાએ તો કહ્યું, 'મેં તો સેવાનું વ્રત લીધું છે. મારે તો ક્યાંય જવું નથી.' એટલે ઑફર નકારી. પછી પેરિસ જવાની ઑફર આવી. ગુલાબભાઈ ભાવસાર કરીને એક ઝવેરી હતા. (પાછળથી મારે એમની સાથે પરિચયમાં આવવાનું બનેલું.) એ ભાઈએ ઑફર કરેલી કે 'મારા સેક્રેટરી તરીકે અહીં આવો.' આ

ઑફર પણ મોટાએ સ્વીકારી નહિ. એ બતાવે છે, કે તે વખતે પણ તેમને ધનનો મોહ ન હતો. એ વખતે ધાર્યું હોત તો સારી નોકરી મળત. સારા પૈસા કમાત, પણ સેવાનું વ્રત લીધેલું. પૈસાનો મોહ તો તેમને એ વખતથી જ ન હતો. એમને તે વેળાના પચાસ રૂપિયા મળતા. તે ઘરમાં આપી દે. મહિને તે વેળાનો એક આનો પોતાની પાસે રાખે. શું કરવા ? તો હજામત કરાવવા પૈસા જોઈએ. પૈસાના તદ્દન નિર્લોભી હતા. ગાંધીઆશ્રમની બાજુમાં લાલ બંગલો છે. તેમના છોકરાને ટ્યૂશન આપે. તે મહિને સારો એવો પગાર મળતો. ઘણો સારો પગાર. સંઘનો જે પગાર હતો તેનો અડધો અડધ પગાર, એક કલાક ભણાવવાનો તેમને મળતો. તે બધી રકમ સંઘમાં જમા કરાવી દેતા.

કોઈકે પૂછ્યું કે 'આમ કેમ ભગત ?' તો કહે, 'મારે સંઘ માટે કામ કરવાનું છે. સંઘનું કામ કરવાનું વ્રત લીધું છે. તેમાંથી હું મારો કલાક આપું છુંને ! તો એ પૈસા હું રાખું તો મેં ચોરી કરી કહેવાય. જે કાંઈ ઉપાર્જન થાય તે સંઘને મળવું જોઈએ.'

આવું કોણ કરી શકે ? એક બાજુ ઘરમાં પૈસાની ખેંચ પડતી. પૈસાની ખેંચને કારણે એમનાં વિધવા ભાભી દળણાં દળતાં. આવી સ્થિતિમાં પણ એમણે પોતાના ટ્યૂશનના પૈસા પોતાની પાસે રાખ્યા નહિ.

એમને પોતાને જે ભેટો મળેલી-૧૯૬૦-૧૯૬૧ના પચાસ હજાર રૂપિયા એટલે આજના લગભગ પચીસ લાખ રૂપિયાથી વધારે ગણાય, તે એમણે ગુજરાતી સાહિત્ય પરિષદને પહેલું દાન કર્યું. એમને વિદ્યા માટે કેટલો બધો લગાવ હતો ? વિદ્યા માટે કેટલો બધો એમનો પ્રેમ હતો ? આમ તો ગરીબોને માટે જ એમનું જીવન હતું, પણ એમને લાગ્યું કે સાથે સાથે આ પણ જરૂરનું છે. એટલે ગુજરાતી સાહિત્ય પરિષદને તે વેળાના પચાસ હજાર

રૂપિયા આપ્યા. કોઈ જાતનું નામ નહિ. કોઈ જાતની જાહેરાત નહિ. કશું જ નહિ. એવી રીતે પૈસા પ્રત્યે નિર્મોહના ઘણા બધા પ્રસંગો છે.

### [૧૩]

હરિઃૐ આશ્રમ એમનો જ ગણાય, પણ તેઓ ટ્રસ્ટી તરીકે પણ રહ્યા નહિ. એવું કોઈ ટ્રસ્ટ ભાગ્યે જ જોવામાં આવશે કે સર્જક પોતે એક ટ્રસ્ટી ના હોય અથવા તો એના કુટુંબનું કોઈ એવું માણસ ટ્રસ્ટી ના હોય. ઘણી જગ્યાએ તો બબ્બે ત્રણ ત્રણ હોય છે, પણ અહીંયાં તો પોતાનું નામ પણ નહિ અને ટ્રસ્ટીઓને એટલે સુધી અધિકાર કે ટ્રસ્ટીઓને જો ઈચ્છા થાય તો મોટાને દાખલ થવા દે, નહિ તો ના પાડે કે 'ના ભાઈ, તમારે આવવાનું નથી.' પછી એમનો કોઈ જાતનો કાબૂ રહેતો નથી. મોટાને સત્તાનો મોહ નહિ. ઑથોરિટી-(અધિકાર) જેને કહીએ તે નહિ. નાનામાં નાના માણસ સાથે પણ પોતાનું કામ હોય તો હુકમથી નહિ, પણ પ્રેમથી કરાવતા.

એકવાર નડિયાદમાં તલાટીને ઘેર જવાનું હતું. તલાટી પાસેથી દાખલો મેળવવાનો હતો. આશ્રમનું કામ હતું. તો કહે, 'ચાલો આપણે તલાટીને ત્યાં.' જે ભાઈ સાથે જવાના હતા તે કહે, 'મોટા, તમારે જવાનું હોય નહિ. પ્રેમથી અહીં આવશે.' તો કહે, 'મારે એનું કામ છે, એને મારું કામ નથી. એ માટે તો મારે એને ઘેર જ જવું જોઈએ.' એ માટે ખોળતાં ખોળતાં નડિયાદમાં એને ઘેર ગયા. આટલે સુધી એમની નમ્રતા હતી. સૂક્ષ્મમાં સૂક્ષ્મ સમજણ હતી.

જેનું સ્થાન જ્યાં હોય ત્યાં એમને માન આપવું. એમના ભાઈ-મૂળજીભાઈના છોકરાનાં લગ્ન હતાં. બપોરે ચારેક વાગ્યે

લગ્ન હતાં. બપોરે ગાડી બોલાવી અને ત્યાં પહોંચ્યા. મેં કહ્યું, 'મોટા, તાપ બહુ પડે છે.' 'તાપ-બાપ જોવાનો હોય નહિ. ચાલો.' અમે પહોંચ્યા. તે વખતે સગાંવહાલાંઓ બેઠાં હતાં. લગ્નનો આગલો દિવસ હતો. છોકરાના મામા-સોમાભાઈ, મોટાનો બહુ આદર કરે અને માન રાખે.

બીજે દિવસે લગ્ન હતાં. આજે એ છોકરાની જોડે બેઠેલા. મોટા ગયા એટલે સોમાભાઈ ખસી ગયા અને બોલ્યા 'આવો મોટા, બેસો.'

મોટા કહે, 'ના, આજે તો એ જગ્યા તમારી છે. હું અહીંયાં ગુરુ તરીકે નથી આવ્યો. હું તો એ છોકરાના કાકા તરીકે આવ્યો છું. મારું સ્થાન તમારા પછી. તમે એ છોકરાના મામા છો. તમારે ઉઘલાવવાનો છે. કર્તા કારવતા તો તમે છો.' કેવો સૂક્ષ્મ વિવેક ! પેલા સોમાભાઈ તો શરમિંદા બની ગયા. મોટા, ના બેઠા તે ના જ બેઠા અને એમને જ વરરાજા પાસે બેસાડ્યા. એટલે જ્યાં જાય ત્યાં પોતાને જ મુખ્ય સ્થાન મળવું જોઈએ તેવી ક્યારેય ઈચ્છા નહિ.

મોટા, કરાંચીમાં જેમને ત્યાં રહેલા હતા, એમની છોકરીનાં લગ્ન એમના મૂળ વતન કાલોલમાં હતાં. અમે એ બહેનનાં લગ્નમાં ગયેલા. જે બહેનને માટે બનારસ રહેલા એ બહેનનાં લગ્ન હતાં. ત્યાં શાક સમારવા બેસી જાય. પરચૂરણ કામ કરવા ઘરમાં બેસી જાય. જાણે સામાન્ય માણસ ઘરમાં હોય તેમ વર્તે. ઘણી વખત તો આવી સામાન્ય રીતભાત જોઈને અવગણના પણ થાય. જે કુટુંબમાં એ ઊછરેલા, જે કુટુંબમાં કરાંચીમાં કદીક કદીક રહેતા એ ભાઈને આધ્યાત્મિક વિષયમાં રસ હતો અને એમને મોટા તરફ માન પણ ઘણું હતું, પરંતુ પોતાના ઘરમાં રહેલા એટલે 'ચૂનિયા' કહીને જ બોલાવે. 'ચૂનિયા, આમ

આવજેને લગીર' એમ કહે. એક બાજુ જુએ ખરા કે નંદુભાઈ છે, હેમંતભાઈ છે- એ મોટાને કેટલું બધું માન આપે છે ! અમે બધા સાથે ગયેલા. એમની ગણના થાય કે ના થાય, કોઈ અવગણે તોય કશું નહિ. મોટા મને કહે, 'જુઓ, હું જે કરું છું તે મને કરવા દેજો. તમારે વચ્ચે કશું બોલવાનું નથી.' મોટા તો તેમની ટોપીને ઈસ્તરી કરે, કપડાંને ઈસ્તરી કરે, વાળી આપે, એમની બૅગમાં મૂકે. બધું નોકરનું કામ પ્રેમથી કરે. એમનું નામ 'પરસદભાઈ'. તે મોટાને શિરડી સાંઈબાબાને ત્યાં લઈ જવાના હતા. એ ભાઈને મૌનમાં બેસવું હતું.

મોટાને કહે, 'ચૂનિયા, તું મારી સાથે જ આવજે.'

ચૂનીભાઈ તૈયાર થઈ ગયા. રસોઈઓ સાથે હતો. પછી તો ચમત્કાર થયો. શિરડીમાં મૌનરૂમમાં પરસદભાઈને પોતાના જીવનની ફિલમ દેખાવા માંડી. એમણે શું શું કર્યું હતું. સારું નરસું બધું જે કાંઈ કર્યું હતું, તે બધું ચિત્રની માફક એમને દેખાવા માંડ્યું. ભીંત ઉપર જાણે ફિલમ ચાલતી હોય તેમ બધું જોતા હોય. ત્રાસી ગયા. કહે, 'ચૂનિયા, હવે આ તારી ફિલમ બંધ કર. મારાથી આ જોવાતું નથી.'

કોઈક વખત અવગણના થાય તોપણ મનમાં તેનો લેશ પણ રંજ નહિ. જરાય રંજ ન હતો. મુક્તાત્માને કશું અડતું જ નથી.

અમે આશ્રમમાં બેઠા હોઈએ. નડિયાદ બિલોદરા ગામના સામાન્ય લોકોના ગોર આવે. ગરોડા કોમના એ ગુરુ. એ ગુરુ સાથે આવે. 'આવો ભાઈલા', કરીને આવકારે. પેલા લોકોને જાજમ ઉપર બેસાડે અને ગુરુને પોતાની સાથે હીંચકા ઉપર બેસાડે. પેલા ભાઈ થોડોક વિવેક કરે, 'ના, ના, મોટા.' મોટા કહે, 'ના, ના, તમે તો ગુરુમહારાજ કહેવાઓ. મારી સાથે

બેસો, એટલે જે જે લોકને ગામના લોક માન આપતા હોય એ સહેજે માનભંગ ના થાય, બીજાની નજરમાં એનું માન ઘટે નહિ, એ જાતનો સૂક્ષ્મ વિવેક હતો. આ વાત બહુ નાની છે પણ મને તો એમાંથી ઘણું બધું સમજવાનું મળતું. સમજણ અને વિનમ્રતા ઘણી ઊંચી અને સૂક્ષ્મ હતી. જ્યાં જેને સ્થાન મળતું હોય, ઘટતું હોય તેને જ તેમ થાય. આવો સૂક્ષ્મ વિવેક !

એમણે સત્તા ભોગવવાનું કદી કર્યું નથી. મોટા, શિક્ષક હતા ત્યારે હરિજન સેવક સંઘમાં ઠક્કરબાપા હેડ હતા. તેમને થયું કે હેમંતભાઈ અને મોટા બંને લગભગ ગ્રેજ્યુએટ છે, પણ હેમંતભાઈ વધારે કાળજીવાળા હતા. જ્યારે આ તો ભગત જ છે. એમની ધૂનમાં અને ભજનમાં રહ્યા કરે. વ્યવહારુ નહિ. એટલે ભગતને કહે, ‘તમારા આચાર્ય તો હેમંતભાઈ,’ મોટા કહે, ‘બહુ સારું.’

હેમંતભાઈ તો એમનાથી નાના. હેમંતભાઈ એમને ઘણું બધું માન આપે. સંઘના બીજા માણસો કહે, ‘ભગત, તમે આ શું સ્વીકારો છો ? આ કેટલું બધું અપમાન થયું કહેવાય ? શાળાનું આચાર્યપદ તમને શોભે અને એના બદલે હેમંતભાઈને આપવાની તમે હા કહો છો ? અને તમે કામ કરવા તૈયાર થયા છો ?’

તો મોટા કહે, ‘ભલા, હું આચાર્ય થઉં તો મારે સહીઓ કરવાની, એના કાગળિયાં આવે, એના જવાબો આપવાના, દેખરેખ રાખવાની, એ બધી માથાકૂટ ક્યાં કરું ? આમાં તો આપણે ભણાવવાનું અને પછી હું છૂટો. આ તો ઈશ્વરે બહુ સારું કર્યું.’ આમ સત્તાનો કોઈ લોભ નહિ. સંઘમાં પણ સહમંત્રી હતા પણ કોઈ દિવસ એમણે સહમંત્રીપદપણું ભોગવ્યું નથી.

આ તો મુક્ત થયા પહેલાંની દશાની વાત છે, પણ મુક્ત થયા પછી પણ એટલી બધી નમ્રતા ! એટલો બધો વિવેક !

ઘણાંને એમ થાય કે વ્યાવહારિકતા અને આધ્યાત્મિક બાબતોને શો સંબંધ છે ? પણ મોટા કહેતા કે ભાઈ, વહેવારમાં નિપુણતા આવે એ પણ આધ્યાત્મિકતાનો એક અંશ છે. કોની સાથે કેવું વર્તવું ? કેમ વર્તવું ? એ આધ્યાત્મિક માણસને આપોઆપ સમજાઈ જાય છે. એનું વર્તન યદ્વાતદ્વા ના હોઈ શકે.' અને એ તદ્દન સાચું છે.

**[૧૪]**

સાધારણ રીતે જ્યારે શિષ્યનો ગુરુ પ્રત્યે ભાવ જાગે છે ત્યારે ગુરુના વર્તનની પણ થોડીઘણી અસર થતી હોય છે. એટલે મને થતું કે શા માટે હું આ ધોતિયું અને ઝભ્ભો કે લાંબું પહેરણ અને એના ઉપર પાછું જાકીટ પહેરું ? હું પણ એમની માફક લુંગી જ પહેરતો. મનમાં સંકોચ થાય કે લોકો શું કહેશે? શહેરમાં જવાનું અને પોળમાં જવાનું એટલે આપણો એ સંકોચ ટળશે. એ પ્રમાણે શરૂ કર્યું. જાકીટ તો નીકળી જ ગયું. લુંગી પહેરતો અને શરીર ઉપર ઓઢી લેતો. એટલે બધાં મને પોળમાં 'બાવો' કહે. છોકરાઓ કહે, 'આ બાવો આવ્યો.' અને રસ પડવા માંડ્યો.

હવે, મારા ક્રોધ વિશે કહું. હું ઘણો શૉર્ટ ટેમ્પરવાળો હતો. મારી ઇચ્છા મુજબ જો ના થાય તો એકદમ ઑફિસમાં કે ઘરમાં તાડૂકી ઊઠું. મારામાં સહનશીલતા બહુ ઓછી. મોટાના સંપર્કમાં આવ્યા પછી ધીમે ધીમે એમાં ઘણો ફરક પડ્યો. હવે તો બગડી જાય, તૂટી જાય, ફૂટી જાય, નુકસાન થાય તોય મન મોટે ભાગે હાલે નહિ. કોઈને વઢવાનું મન ના થાય. સામાનો વિચાર જાગે. એ સ્થિતિ મોટાના સહવાસમાં આવ્યા પછી થઈ. એમણે એ બાબતમાં અમને કશો ઉપદેશ આપ્યો નથી. કદી ઈશારો પણ કર્યો નથી, કહ્યું પણ નથી.

એમની સાથેના સંપર્કથી આપોઆપ મારામાં ધીરજ આવી. સહિષ્ણુતા આવી. સામાનો વિચાર કરતો થયો કે 'શા કારણથી બન્યું ? શા કારણથી આમ કહે છે ?' એને કારણે ઘણી સરળતા થતી. ગુરુ સાથેના સત્સંગમાં બે આવશ્યક તત્ત્વો. એક ફિઝિકલ એટલે કે દેહનો, પણ દેહનો સંગ જોઈએ જ એવું નથી. બીજું એમના સાહિત્યનું વાંચન, મનન અને એના અંગેનું ચિંતન. એ પણ ઘણો મોટો ભાગ ભજવે છે. બધાંને તો ગુરુના સ્થૂળ દેહનો ક્યાંથી લાભ મળે ? પણ જેમ સ્થૂળદેહ, શરીરદેહ છે તેમ અક્ષરદેહ પણ તેટલો જ અગત્યનો છે, પણ એનામય થવું જોઈએ. એના માટે લગાતાર ભાવ જાગવો જોઈએ. તો એ અક્ષરો, એ શબ્દો, એ વાક્યો, એ લખાણ આપણા ઉપર ભારે અસર કરે છે. એ મારો અને મારી સાથેના રહેનારનો પણ અનુભવ છે. હવે તો અકળાઈને-ચિડાઈને બોલવાનું લગભગ નહિ જેવું રહ્યું છે.

મને પૈસા ભેગા કરવાનો લોભ ખરો અને ભેગા કરીને એ પૈસા પાછા ગરીબોને આપવાનો લોભ ખરો. આ એક જાતનો લોભ જ કહેવાય. તે પહેલેથી હતો. એમાં પણ ફેર પડ્યો. મારામાં મદ પણ ખરો. અભિમાન પણ ખરું. ઘણું અભિમાન. ઈચ્છા અને ક્રોધની જોડે અહમ્-અભિમાન તો આવી જ જાય. મત્સર, દ્વેષ પણ ખરો. મેં આગળ કહ્યું તે પ્રમાણે એ બધી નિમ્નવૃત્તિઓ સાથે જોડાયો હતો. મારો સ્વભાવ પણ પુષ્કળ શંકાશીલ. એક પ્રસંગ છપાયો છે કે નહિ તેની ખબર નથી. એક વખત મોટાને નામે વિમાનમાં કરાંચી જવા મનીઑર્ડર આવ્યું અને મેં કહ્યું, 'આ તો તમે પોતે સાંઈબાબાના નામે જ મનીઑર્ડર કેમ નહિ કર્યું હોય ?' મેં તો એમને મોઢે કહ્યું કે 'મોટા, તમે શહેરમાં ગયા હતા અને ત્યાંથી જ તમે આ મનીઑર્ડર નહિ કર્યું હોય તેની શી ખાતરી ?'

'તમે ભલા છો. મારે તેમ કરવાની જરૂર શી ?'

'કેમ શી જરૂર ? મારા ઉપર પ્રભાવ બેસાડવા.'

'તમેય ખરા છો. એનો ખુલાસો નહિ કરું. તમને સમજાય ત્યારે સમજજો.'

કાશીમાં મંદિરમાં તેમનું ખિસ્સું કપાઈ ગયું. સાથેની બહેનોની સલામતી સારુ જાળવવા આપેલાં ઘરેણાં ચોરાયાં. ઘરેણાં ચોરાયાં અને ચોર પછી જાતે જ આવીને આપી ગયો. તે અંગે પણ મેં એમને કહેલું, 'મને આ નથી સમજાતું. મારા ઉપર કાંઈ અસર નથી કરતું. મોટા, તમે તમારી મેળે ખિસ્સું ના કાપ્યું હોય તેની શી ખાતરી ?' મેં મોઢે આમ સ્પષ્ટ કહેલું. હું એમની સાથે જોડાયો તેના ચારપાંચ વર્ષ પછી કહેલું. પહેલા વર્ષે જ નહિ. 'કોઈ સાક્ષી છે ? તમે ઝરૂખે આવ્યા અને પેલો માણસ આવ્યો અને તમને બોલાવીને દાગીના પાછા આપ્યા. એનો કોઈ સાક્ષી છે ? તમે તમારી મેળે જ કર્યું હોય.' મોટા, હસી પડેલા. મને કહે, 'તમારે જે માનવું હોય તે માનો.' પછી ધીરે ધીરે જેમ જેમ સમજણ પડતી ગઈ તેમ તેમ શંકાઓ નીકળતી ગઈ અને નીકળી ગઈ. ટૂંકાણમાં, આવી નિમ્નવૃત્તિઓ મારામાં ઘણી બધી હતી.

એક બાજુ સાત્ત્વિકતા પણ ખરી, પણ એ બધી જડ સાત્ત્વિકતા હતી અને વૃત્તિઓનો ગુલામ તો ખરો જ. રાગ અને દ્વેષ. રાગ પણ એટલો જ. ઘણી વસ્તુમાં રાગ હતો. મારી પ્રણાલિકાઓમાં, કમાવાની રીતમાં, પૈસા ખર્ચવાની રીતમાં, જીવવાની રીતમાં. દરેકમાં રાગ અને હું જે કંઈ કરું તે જ મને સાચું લાગે. એ બધું જ ક્રમશઃ ધીમે ધીમે ઓસરી ગયું. એ મોટાનો પ્રતાપ.

**[૧૫]**

શ્રી વજુભાઈ જાની સાથેનો મોટાના અભયનો એક પ્રસંગ કહું. વજુભાઈ એમના એક સાધક મિત્ર હતા. સાબરમતી

આશ્રમની શાળામાં શિક્ષક હતા. સંસ્કૃતના નિષ્ણાત હતા. ઍમ.એ. સુધી ભણેલા. (જૂના જમાનાનું ઍમ.એ.) એમની સાથે મોટા, ગિર ગયેલા. ગિરના જંગલમાં તેઓ ફરતા હતા ત્યાં સિંહો આવ્યા. વજુભાઈ તો ગભરાયા. મોટા કહે, 'ગભરાવાની જરૂર નથી. એની મેળે ચાલ્યા જશે.' એટલે આસાનીથી એમણે સિંહોનાં દર્શન કર્યાં. મોટા જ્યારે સાધના કરતા હતા ત્યારે નડિયાદમાં તળાવની સામે ગીચ ઝાડી હતી. અભય કેળવવા માટે એક ઝાડીમાં તે ધ્યાન કરવા બેસતા. સ્મશાનમાં રહેતા. સાધના કરવા માટે સ્મશાન પસંદ કરતા. રાત્રે એકાંત અને શાંતિ. નડિયાદમાં અને સાબરમતી આશ્રમમાં ઘરમાં તો કોઈ વાર સૂતા જ નહિ. એવા નીડરતાના પ્રસંગો જીવનમાં ઘણા હતા અને અમારા જેવા પાસે પણ એવા પ્રસંગો યોજીને અમને નીડર બનાવવાનો એ પ્રયત્ન કરતા.

એકવાર અમે નર્મદા નદીના વ્યાસ બેટમાં રહેલાં હતાં. મારી પત્ની 'દૂર' બેઠેલી. મારાં બા અને બીજાં બધાં સાથે હતાં. એ વખતે બાને મોટામાં બહુ શ્રદ્ધા ન હતી. મોટા, કાંતાને કહે, 'કાંતા, તું અહીંથી વેગળી થઈને કૂવામાં જઈને બેસ.' વ્યાસમાં નજીકમાં એક અવાવરું કૂવો હતો. એમાં સાપ પણ આવે. એમાં બેત્રણ પગથિયાં ઊતરીએ એટલે બખોલ હતી. એ બખોલમાં એને બેસાડી. ત્રણ રાતદિવસ ત્યાં રહી. એને ડર તો ઘણો લાગતો.

મોટાએ કહ્યું, 'હું છું પછી તું ગભરાય છે શું કરવા ? તારું રક્ષણ કરનાર હું બેઠો છું.' ઘરનાંને પણ લાગ્યું કે 'મોટા, તમે આ ઘણું દુઃસાહસ કરાવો છો.'

'પણ મને તો ભય નથી અને હું નિર્ભય છું. એને કંઈ નહિ થાય.' અને એ ત્રણ દિવસ કૂવાની બખોલમાં હેમખેમ રહી.

નડિયાદ આશ્રમમાં વડલા નીચે કાળો ફેણવાળો મોટો નાગ રહે. અમે તો ઘણી વાર જોયેલો. બહાર નીકળે. એ નીચે જ રહેતો હતો. વડની નીચે સંતાઈ જાય. વડની ઉપર પણ ચડે. ઉપર ચડે ત્યારે પંખીઓ ચીસાચીસ કરી મૂકે. એ વડ ઉપર લગભગ દસેક ફૂટ ઊંચે એમણે ચાર ડાળીઓ વચ્ચે એક માંચડો કરાવેલો. તેમાં બધાંને એકલાને સુવાડે. બાળકને સુવાડે, બહેનોને સુવાડે. બહેનો તો બિચારી બીવે. પણ મોટા કહે, 'હું તો છુંને. ગભરાઓ છો શું કરવા?' કેટલીએ બહેનો ત્યાં બેઠી. પુરુષો પણ ત્યાં બેઠા છે.

રાતે ૧૨ વાગ્યે, ૨ વાગ્યે બહેનને કહે, 'જા, નદીમાંથી પાણીનો ઘડો ભરી આવ.'

નડિયાદ આશ્રમના બિલોદરા ગામમાં ચોરોનો વાસ ખરો. જ્યારે એમણે આશ્રમ માટે આ જગ્યા પસંદ કરી ત્યારે નડિયાદના કુબેરભાઈ સહાયક હતા. બીજાઓએ કહેલું કે 'મોટા, આ જગ્યા તો ચોરોની છે. અહીં તમને શાંતિથી નહિ રહેવા દે. તમારા પહેલાં જે કબીરપંથી સાધુઓ હતા, જેમણે આ આશ્રમ કર્યો તેમને ઊંધે માથે કૂવામાં પૈસા માટે લટકાવેલા.'

મોટા કહે, 'મારે ત્યાં જ આશ્રમ કરવો છે.' એમણે ત્યાં જ આશ્રમ કર્યો અને આરામથી રહ્યા. એટલે એવી નિર્ભયતા કેળવવાના પ્રસંગો અમારી હાજરીમાં અમને પણ સમજણ પડે તેમ અનુભવાવ્યા. સાબરમતી આશ્રમમાં ઘરના ૧૩ વર્ષ, ૧૫ વર્ષ અને ૧૭ વર્ષના ત્રણ છોકરાઓને કહે, 'તમે અમદાવાદથી દક્ષિણમાં કુંભકોણમ્ સાઇકલ ઉપર જાવ.' સૌથી નાનામાં નાનો છોકરો ૧૩ વર્ષનો હતો. સાઇકલો પાછી નવી નહિ. ચાલુ નિશાળે જવાનું અને એ વખતે ડાંગમાં તો ખરેખર જંગલો હતાં. ગાઢ જંગલોમાંથી પસાર

થવાનું. મુંબઈથી પુનાના ઘાટો ઉપર થઈને જવાનું. એવું બધું હતું. જોડે થોડા પૈસા હતા. કોઈ જગ્યાએ ઊતરવા કરવાની સગવડ નહિ. જ્યાં જગ્યા મળે ત્યાં ઊતરવાનું. જે મળે તે ખાવાનું. એ છોકરાઓએ લગભગ ૨૨૦૦ કિલોમિટર સાઈકલ ઉપર પ્રવાસ કર્યો. કેટલા દિવસ થયેલા એ મને ચોક્કસ યાદ નથી, પણ રોજની ઍવરેજ ૭૫ થી ૧૦૦ કિલોમિટરની હતી. બધે ફરતાં ફરતાં બેંગ્લોર અને ત્રિચિનાપલ્લી થઈ કુંભકોણમ્ આવ્યા. એમાંના બે છોકરા તો એમની માના એકના એક દીકરા હતા.

અમે સાયલામાં હતા અને કાળીચૌદશની રાત હતી. સાત વર્ષના સિદ્ધાર્થને કહે, 'તું તળાવમાં જઈને પાણી ભરી આવ.' લોટી આપી. મને કહે કે 'એને ખબર ના પડે એમ તમે પાછળ જાવ. આડુંઅવળું થાય તો સાચવજો.' સાતેક મિનિટનો રસ્તો હતો. છોકરો ગયો. પાણી લીધું અને જેવો પાછો ફર્યો કે કૂતરું કરડ્યું. કાળું કૂતરું હતું એથી અંધારામાં વધુ દેખાયું નહિ. કાળી-ચૌદશની અંધારી રાત હતી. છોકરાએ ચીસ પાડી. હું એની પાસે ગયો. એને ઘેર લઈ આવ્યો. એની માને તો થાય કે શું થશે ? એ વખતે મોટી સોયથી પેટમાં ચૌદ ઈંજેક્ષનો લેવાં પડે. સાયલામાં હતા એટલે ત્યાં કશી સગવડ નહિ. સુરેન્દ્રનગર જવું પડે.

મોટા કહે, 'જો બહેન, તને મારામાં શ્રદ્ધા હોય તો કશું કરવાની જરૂર નથી. કૂતરું હડકાયું હોઈ શકે અને ના પણ હોઈ શકે. જે હોય તે, પણ તને થાય કે ઈંજેક્ષન અપાવ્યા વગર તો સારું થાય નહિ, પણ જો તને મારામાં શ્રદ્ધા હોય તો હું કહું તેમ કર. ઘરમાંથી એક પૈસો લાવ અને છીંકણી લાવ.' યજમાન જયાબહેનને મોટાએ કહ્યું, 'છીંકણી લાવ. એક પૈસો લાવ.' ઘા ઉપર છીંકણી દબાવીને પૈસો મૂકીને પાટો બાંધી દીધો. પછી કહ્યું, 'થોડા વખત પછી કાઢી નાખજો. કશું થવાનું નથી.' આજે

આ વાતને ૪૭ વર્ષ થઈ ગયાં. હજુ સુધી કંઈ થયું નથી. એવી નિર્ભયતા કેળવવાના પ્રસંગો પણ આવી મળ્યા.

૧૯૪૩માં અમે ત્રિચિમાં રહેતાં હતાં ત્યારે બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું. અમારા ઘરની બાજુમાં, પડોશમાં લશ્કરી છાવણી હતી. મોટું ખુલ્લું મેદાન હતું. અડધી રાતે કાંતાબાને કહે, 'કાંતાબા, જાઓ, દૂર દૂર નળ છે ત્યાંથી પાણી લઈ આવો જોઈએ.' મને કહે, 'તેને ખબર ના પડે તેમ તમે સંતાતાં સંતાતાં પાછળ જજો.' કાંતા, નિરાંતથી, શાંતિથી પાણી ભરી આવી. કોના બળે ? મોટાની શક્તિથી. નહિતર આજે કશું કરી શકે એમ નથી. એનું બીકણપણું પૂરું ગયું નથી, પણ એનામાં હિંમત આવી કે આમ થઈ શકે છે. એનામાં શ્રદ્ધા પણ જાગી કે મોટા સમર્થ છે. આથી, થોડી ભીતિ ઓછી થાય ખરી.

આવા આવા પ્રસંગો-બાળકની કેળવણીના ગુણો-નીડરતાના ગુણો-ઉપજાવેલા. એકવાર મારા પુત્ર સિદ્ધાર્થને સાબરમતી આશ્રમમાં કહે કે 'જા, રાતે ૧૦-૧૧ વાગ્યે એકલો ચાલતો જઈને શહેરમાં ચીમનભાઈ મહાજનની દુકાનમાં જા. છ કિલોમિટરનું અંતર અને ત્યાં જઈને ફોન કરજે.' સાત વર્ષની ઉંમરે એ ગયેલો અને કહ્યા પ્રમાણે કરેલું. એક વખત સાત વર્ષની ઉંમરે એકલો નડિયાદ મૂળજીભાઈને ઘેર મોકલ્યો. ટિકિટના પૈસા આપ્યા. સાબરમતી સ્ટેશનેથી બેસાડ્યો. એને ખબર ના પડે તેમ મોટા પણ એની પાછળના ડબામાં બેસી ગયા. નડિયાદ ઊતરીને પછી મોટા તો ઘેર પહોંચી ગયા. સિદ્ધાર્થ આવ્યો નહિ. કલાકેક થઈ ગયો. એને કંઈ જડ્યું નહિ કે અજાણ્યો હોય તેથી એ ફરતો ફરતો, અથડાતો કુટાતો દોઢ કલાકે ઘેર આવ્યો. છોકરામાં પણ એવી નિર્ભયતા કેળવવા માટે આવા આવા પ્રસંગો ઊભા કરતા. યજમાન વજુભાઈ ઘોડેસવારી શિખવાડે. સાતઆઠ વર્ષની ઉંમર.

વજુભાઈ સાયલાના રાજાના પ્રાઈવેટ સેક્રેટરી જેવા હતા. શિક્ષણ અધિકારી હતા. તેમણે રાજાને વાત કરી કે 'ઘોડો જોઈએ છે.' તો રાજા કહે, 'લઈ જાવ.' એક સરસ ઘોડો આપ્યો. એના ઉપર સિદ્ધાર્થ બેઠો. સાથે કોચ હતો. તે દોડાવે. એક દિવસ ઉપરથી પડ્યો. એણે પછડાટ ખાધી પણ બીન્યો ન હતો. સાતમે આઠમે વર્ષે સાઈકલ ઉપર સાબરમતી આશ્રમથી શાહીબાગ પાંચ કિલોમિટર દૂર શાળામાં ભણવા મોકલે. એ વખતે ટ્રાફિક બહુ ઓછો. આશ્રમ રોડ ઉપર પણ ટ્રાફિક બહુ નહિ અને બીજી બાજુ પણ નહિ, પણ એ છતાં તે ઉંમરે એકલો એને સાઈકલ ઉપર મોકલતા. બાળકેળવણીના આવા અખતરાઓ એમણે ઘણા કર્યા છે.

**[૧૬]**

મોટાને સંકોચ ન હતો એના ઘણા દાખલાઓ છે. કુંભકોણમ્‌માં પ્રમીલાબહેન કહે, 'મોટા, આ સોનાની બંગડી તમને હું ભેટ આપી દઉં, પણ એક શરતે કે હાથે પહેરીને તમે અમદાવાદ જાઓ પછી ઉતારવી.' એક બંગડી એણે આપી અને બીજી બંગડી ઇંદુબાએ આપી. કહે, 'અમદાવાદમાં મારા પિયરમાં જઈને એમની હાજરીમાં તોડાવજો.' આ રીતે મોટાના હાથ ઉપર બંગડી પહેરાવી. બંગડી સહેલાઈથી નીકળે એવી ન હતી. 'સોનીને બોલાવીને તોડાવજો. બોલો, કબૂલ છે ?' 'કબૂલ' કહીને મોટાએ બંગડી પહેરી લીધી. એ અરસામાં ગાંધી આશ્રમમાંથી નરહરિભાઈ પરીખ અને છગનલાલ જોશી એ બે જણા મદ્રાસમાં બાપુને મળવા આવેલા. તેઓ ત્યાંથી પછી ત્રિચિનાપલ્લી આવ્યા.

મોટાને જોઈને કહે, 'આ શું ? તમને બંગડી પહેરવાનો શોખ થયો ?'

મોટા કહે, 'આ બહેનો પહેરે તો મને થયું હુંય કેમ ના પહેરું ?'

મોટા કોઈ દિવસ કોઈને ખરું કારણ કહે નહિ. અમનેય ના કહે અને કોઈનેય ના કહે. જેને જેમ સમજવું હોય તેમ સમજે.

બંગડી પહેરી. બે મહિના પહેરી રાખી અને ટ્રેનથી છેક અમદાવાદ આવ્યા ત્યારે એ બહેનોના પિયરમાં જઈને બંગડી તોડાવી અને તોડાવીને એ સોનું 'હરિજન સેવક સંઘ'ને ભેટ તરીકે સોંપી દીધું. (એ વખતે 'હરિઃૐ આશ્રમ' સ્થપાયો ન હતો.)

મારા વર્તનથી લોકો શું વિચારશે ? એની એમને કશી પડી ન હતી. મોટા એક દાખલો આપતા. જૂનાગઢમાં નવાબી રાજ્ય હતું અને એક ઓલિયો આવ્યો. હાથીની અંબાડી ઉપર સવારી કરાવીને હિંદુ પ્રજાએ એમની શોભાયાત્રા કાઢેલી. રસ્તામાં આરિયું - લાંબી પાતળી કાકડી જેવું - લઈને કોઈક ઊભેલો. એણે ઓલિયાને એ આપવાનો પ્રયત્ન કર્યો. નીચા નમીને એમણે લઈ લીધું અને આરિયું ચાવવા માંડ્યુ. નવાબે પ્રધાનોને કહ્યું, 'હાથી ઉપર રત્નજડિત ગાદી ઉપર બેઠેલા આ ઓલિયા કેવા છે ? તે આપણે જોઈએ તો ખરા.' મુસ્લિમ પ્રધાનને આ ગમેલું નહિ. કિંતુ હિંદુ પ્રધાન નવાબને કહે કે 'મારા છજામાં આવો. તમને કોઈ જાણશે નહિ. ત્યાંથી તમે સવારી જોઈ શકશો.' ત્યાંથી સવારી પસાર થઈ. શોભાયાત્રામાં તો ઓલિયા તો ભચડ ભચડ આરિયું ચાવતા હતા. પેલા મુસ્લિમ પ્રધાન જોડે હતા. તે કહે, 'જોયું આ ? એ તો જંગલી માણસ છે.' 'નવાબ સમજુ હતો. નવાબે કહ્યું, 'આવું કાં તો ગાંડો કરે, કાં તો ઓલિયો કરે. આવી શોભાયાત્રામાં બીજા કોઈની તાકાત નથી.' એ દૃષ્ટાંત મોટા અમને આપતા.

પોતાને કોઈ સંકોચ નથી એ અમને શીખવવા માટે અને અમને અનુસરણ કરાવવા માટે એ પોતે અમુક રીતે વર્તતા અને જીવતા. એટલા બધા આવા પ્રસંગો છે.

મોટાનો પ્રથમ ઉત્સવ રંગૂનવાળા રતિભાઈએ સુરતમાં ઊજવેલો.

એમણે કહ્યું કે 'મોટા, મારે તમારો ઉત્સવ ઊજવવો છે.'

તો મોટા કહે, 'ઉત્સવ ઊજવીને શું કરશો ?' રતિભાઈ કહે, 'લોકોમાં થોડી જાણ થાય. બે પૈસા હું આપું અને બે પૈસા લોકોય આપે. મારે આપવા હોય તો આશ્રમમાં આવીને આપવાનું પણ કરી શકાય, પરંતુ ઉત્સવમાં દેખાદેખીથી પણ લોકો આપશે અને તમને બે પૈસાનો વધુ લાભ થશે.'

મોટા કહે, 'સારું ભાઈ.'

આમ, પહેલો પ્રસંગ ત્યાં ઉજવાયો. મોટાને ફૂલોથી શણગાર્યા. કોઈ પ્રકારના સંકોચ વગર એમણે થવા દીધું. એ વખતે તો માત્ર ૫૦૦-૭૦૦ માણસો ભેગા થયા હશે.

પછી વિનાયકભાઈ જરીવાલાને ત્યાં ઉત્સવ હતો ત્યારે પણ એટલાં બધાં ફૂલોથી શણગાર્યા ! માથે મુગટ, હાથે ગજરા અને બાવડે બાજુબંધ અને એવાં કંઈ કંઈ ફૂલોથી એમને શણગાર્યા અને એટલું ભવ્ય રીતે બધું કર્યું. એનો પણ એમને સંકોચ ન હતો અને ફાટેલી, સાંધેલી, ડાઘા પડેલી ધોતી પહેરીને બેસવામાં પણ એમને સંકોચ ન હતો. એવા પણ પ્રસંગો છે.

હું એમનાં કપડાં ધોતો. તે પાન ખાય. મને પાનની ચીડ હતી. હું પાન ખાતો ન હતો. પાન ખાઈને પિચકારીઓ મારવાની ટેવ ઉપર મને બહુ ચીડ ચડે. મોટા તો સાબરમતી આશ્રમમાં મારે ઘેર આવે અને આશ્રમમાં તમાકુવાળું પાન ખાય. પછી હીંચકે બેસીને જમીન ઉપર પિચકારી મારે. જમીન ગંદી થાય. હું રોજ સવારે માટી નાખી દઉં. કોઈ જાણે નહિ અને ખરાબ

દેખાય નહિ. મારે માટી નાખવાનું કામ અને એમને થૂંકવાનું કામ ચાલુ જ રહે. એક દિવસ મેં એમને આમ ના કરવા કહ્યું. તો કહે, 'તમારે એમાં શું ?' માટી નાખવી હોય તો નાખજો નહિતર ના નાખશો. હું તો મારી મેળે એમ જ કરતો રહેવાનો.'

**[૧૭]**

સેક્સ વિષય પણ બહુ નાજુક છે. એને કેમ રજૂ કરવો એ પણ એક ગડમથલનો પ્રશ્ન છે. રામકૃષ્ણદેવ રાણી રાસમણિના જમાઈ મથુરાબાબુના આશ્રિત તરીકે કાલીઘાટ ઉપર રહેતા હતા. બેલૂરમઠમાં રાણી રાસમણિ, જેણે મોટું મંદિર બંધાવ્યું ત્યાં રામકૃષ્ણદેવ મંદિરના સામાન્ય પૂજારી હતા. રાસમણિએ એમને ગુરુ તરીકે સ્વીકાર્યા હતાં. પછી એમને ઘેર અવારનવાર રહેવા માટે બોલવતાં. મથુરાબાબુને થયું કે આ માણસની પરીક્ષા કરવી જોઈએ. એટલે એમણે રામકૃષ્ણદેવને કહ્યું, 'ચાલો આપણે શહેરમાં ફરવા જઈએ.' આ પણ જાણીતો પ્રસંગ છે. તેઓ શહેરમાં લઈ જઈ એમને વેશ્યાને ત્યાં લઈ ગયા. વેશ્યાને કહી રાખેલું કે શું કરવું અને કઈ રીતે એમને પાડવાનો પ્રયત્ન કરવો. લોભાવવાનો પ્રયત્ન કરવો. એમને વેશ્યાના રૂમમાં ધકેલી દીધા. એ તો ભોળા ભાવે રૂમમાં ગયા. પેલીએ બારણું બંધ કરી દીધું અને પોતાની જે કળા હશે તે ચેનચાળા કરવા માંડ્યા. એ તો 'મા, મા' કરીને ધ્યાનમાં સરી પડ્યા. એટલે આ પ્રમાણે મથુરાબાબુએ એમની ખાતરી કરી લીધી કે આ માણસને કામદેવ સતાવી શકતો નથી-મોહી શકતો નથી. રામકૃષ્ણનાં પુસ્તકોમાં બીજાય ઘણા પ્રસંગો છે. આ પ્રકારની કસોટીમાંથી મોટાય પસાર થયેલા.

મોટા, બહેનો સાથે છૂટથી વર્તતા. એમાં સંદેહ આણવાનું કોઈ કારણ નથી. એમને શરીરની ગરમી બહુ. ૧૯૨૮માં બોદાલમાં સાપ કરડ્યો હતો, એ તો બધાં જાણે છે. તેની ગરમી

આખા શરીરે તપે. આથી, લાય લાય બળે. એટલે રોજ સવારે આખા શરીરે પાઉડર ચોળાવે અને સાંજે નાહવાનું કરે. મુક્ત થયા પછી પણ એમની આ દશા હતી. સાબરમતી આશ્રમમાં એક બહેન ખાસ ચહીને નવડાવવા આવતાં. આશ્રમમાં કેટલાક લોકોએ આ જાણ્યું. આ તેઓને ગમતું ન હતું અને આશ્રમમાં હું જ્યાં રહેતો ત્યાં બાથરૂમમાં એ બહેન ખુલ્લા બારણે આખા શરીરે નવડાવતાં. કોઈ જાતનો વિકાર ના મળે. શરીર ઉપર પાઉડર લગાડ્યો હોય તે ચણાના લોટમાં દૂધ નાખીને નવડાવી દેતાં. કોઈક કહે કે ‘બહેને નવડાવવાની જરૂર શી ? શું પોતે નાહી શકતા ન હતા ?’ નાહી શકતા હતા, પણ બીજાઓને પણ ખ્યાલ આવે કે નિર્વિકારી રહી શકાય છે અને રહે છે એટલે સંકોચ નહિ. લોકોને જે માનવું હોય તે માને. ધારવું હોય તે ધારે. તેઓ કહેતા, ‘મારા વિશે જે માનવું હોય તે માને. મને જે યોગ્ય લાગે છે તે હું કરવાનો.’ આમ, તેઓ કોઈ પણ જાતના સંકોચરહિત હતા.

સેક્સ, પાવર અને વેલ્થ - એ ત્રણેયથી પોતે પર છે, એનો અમને અનુભવ અનેકવેળા કરાવેલો.

બીજું એક લક્ષણ તાદાત્મ્યનું. બીજાના મનના વિચારો જાણવા એ પણ એક પ્રકારની સિદ્ધિ છે. સિદ્ધિઓ સાધનાપંથે આપમેળે આવે છે. આપણામાં જેને અષ્ટસિદ્ધિઓ કહી છે. ગરિમા, લઘુમા વગેરે. તે કેટલાક સિદ્ધને આઠેય સિદ્ધિઓ હોય. કેટલાકને ના પણ હોય, કેટલાકને ઓછી હોય, કેટલાકને સાધનાકાળમાં આવીને પસાર થઈ ગઈ હોય. પછી તેનો ઉપયોગ ના કર્યો હોય. ઘણા બધા ફાંટા છે, જેમ કે સત્ય સાંઈબાબાને માટે કહેવાય છે કે તેમને અષ્ટસિદ્ધિઓ છે. અને એટલે ઘણી વસ્તુઓ ઉત્પન્ન કરી શકે છે. લાવી શકે છે.

મનના વિચારો જાણવા એ એક સિદ્ધિ ખરી, પણ એ તો આજે ટેલિપથી જાણવાવાળા જાદુગરો પણ જાણી શકે છે. એક ફ્રેંચમૅન હતો.એણે અમદાવાદમાં એના દાખલા આપેલા. તે જાદુગર તમને કહે કે તમે કોઈ વિચાર લખો. તમારા ગજવામાં મૂકો અને હું તમને કહી આપું કે તમે આ વિચાર લખેલો છે, પણ મુક્તાત્માને આવું સહજ હોય છે. કોઈ આવતું હોય તો આગળથી કહે કે આ માણસ આવનાર છે. આમ છે અને તેમ છે. દર વખતે ના કહે, જ્યારે કહેવું હોય ત્યારે કહી શકે. એકવાર એમના ગુરુ કેશવાનંદજી પાસે ગયેલા. કેશવાનંદજી તો બીભત્સ ગાળો પણ બોલતા. મોટા, પહેલી વખત ગયેલા ત્યારે તો બધું ગમેલું નહિ. અણગમો થયેલો. ઈંદોરના રાજા, કેશવાનંદજી પાસે આવવાના હશે. 'બડે રાજા આતે હૈ. કુત્તા હૈ, ઐસા હૈ, ઐસા હૈ', એમ એને માટે કેશવાનંદજીએ ખૂબ ભાંડેલું. રાજાએ આવીને કથરોટમાં રૂપિયા, સોનામહોરો અને બધું ધર્યું, પણ કેશવાનંદજીએ મારી લાત અને ઉછાળ્યા બધા. જે લોકો ભેગા થયા હતા તે પૈસા લૂંટવા મંડી પડ્યા. આ તો વિષયાંતર થયું. એવા સમર્થ ગુરુના સમર્થ શિષ્ય મોટા હતા. પૈસાના અભાવે, સમયના અભાવે, નોકરીને કારણે ગુરુ પાસે બહુ ઓછી વાર ગયેલા, પણ ગુરુના ચારેય હાથ એમના ઉપર હતા. બાળયોગીની વાતો તો આપણે જાણીએ છીએ.

**[૧૮]**

મારી પૈસાની કરકસરની ગ્રંથિ હતી. એ ગાંધીજીને કારણે વણાઈ ગયેલી. જેને ત્યાં મોટા કરાંચીમાં રહેતા હતા તે પરસદભાઈ મહિનાની શરૂમાં પગાર આવે ત્યારે ઈમ્પીરિયાલિસ્ટ અને માસને અંતે કૉમ્યુનિસ્ટ થઈ જતા. પૈસા બધા વપરાઈ જાય પછી ખાખી બાવા.

મોટા એમને કહે કે 'પરસદભાઈ, તમારે છોકરીઓ છે. લગ્ન કરાવવાનાં છે. તમારે પૈસાનો બચાવ કરવો જોઈએ.'

હું ઘણી બધી કરકસર કરું. મારો બચતનો હેતુ ગરીબોને આપવા માટેનો. મારા પોતાને માટે સંગ્રહ કરવાનો ન હતો. આ તેઓ જાણતા હતા. તેઓ મને કહે, 'આ કરકસરનો તમારો ગુણ બરાબર છે, પણ કરકસરને અમુક મર્યાદા છે. જરૂર પડે તો ૧૦૦ રૂપિયા ખર્ચતાં પણ સગડગ થવી ના જોઈએ ! દસ હજાર ખર્ચતાં પણ વિચાર ના આવવો જોઈએ.' કરકસરનો ગુણ સ્થૂળ રીતે પકડી રાખવો તે બરાબર નથી. એ વાત તેમણે મને પત્રોમાં પણ લખી છે. **'જીવન પગથી'**માં એ પત્રો છપાયા છે. એ રૂબરૂમાં મોઢે કહેતા નહિ. ઉપદેશ આપતા નહિ. સાધકે કંઈક પ્રશ્ન પૂછ્યો હોય અને તેના જવાબરૂપે આ બધું કહેતા અને એ 'જીવન પગથી'માં શરૂઆતનાં પાનાંમાં આ પ્રસંગ આવે છે.

૧૯૪૧માં સ્વાતંત્ર્યની ચળવળમાં હું યરવડાની પુના જેલમાં ગયો હતો. મારી ઈચ્છા હતી કે મોટા મને ત્યાં લેવા પુના આવે. મને કહે, 'જુઓ, લેવા આવવાની મારી શરત. હેમંતભાઈ, હું અને કાંતાબા ત્રણે જણાં આવીશું ખરાં, પણ સેકંડ ક્લાસની ટિકિટનો ખર્ચ તમારે ભોગવવાનો.' એ વખતનો સેકંડ ક્લાસ એટલે આજનો ફર્સ્ટ ક્લાસ. (૧૯૪૧ની વાત કરું છું.) ત્રણ જણાં સેકંડ ક્લાસમાં આવીશું. તમને મંજૂર છે ? અને પાછાં આવતાં પણ સેકંડ ક્લાસમાં જ આવવાનું. એ બધો ખર્ચો કરવાની તમારી તૈયારી છે ? તો અમે આવીએ.'

મને કે કમને મેં તો હા પાડી. મને તેડવા આવ્યા. પાછા ફરતાં મને કહે, 'થર્ડ ક્લાસની ટિકિટ લેજો.'

મેં પૂછ્યું, 'કેમ થર્ડ ક્લાસની ?' તો તેઓ કહે, 'મેં તો તમને તમારી ટેવો ઊલટાવવા અને તમારી પરીક્ષા કરવા શરત

કરેલી. મને કે કમને તમે મારું કહ્યું માન્યું. આ તમારી ગ્રંથિ તોડાવવા માટે હતું. મને કાંઈ ફર્સ્ટ ક્લાસ, સેકંડ ક્લાસનો મોહ નથી. હું પોતે થર્ડ ક્લાસમાં જ જઉં છું, પણ તમારી ગ્રંથિ તૂટવી જોઈએ કે આપણી ઈચ્છા મુજબ જ બધાં વર્તે.'

ગાંધીજી કરકસર કરતા, પણ જરૂર પડે તે વેળાના રૂ. ૩૫/-નો તાર પણ એમણે કર્યો છે. કાકા સાહેબની પુત્રવધૂની દવાને માટે તાર કરેલો. એ વખતે રૂ. ૩૫/- એટલે આજના રૂ. ૩૫૦૦/- થયા. ટૂંકામાં, આપણી ગ્રંથિ તૂટવી જોઈએ.

સમયની ખેંચ, એ પણ જવી જોઈએ. કશા જ કામ વગર આરામથી બેસીને લહેર કરતાં પણ તમને આવડવું જોઈએ. એની પાછળનો ધક્કો ના રહેવો જોઈએ. કામ એ મુખ્ય નથી. કામનો ભાર પણ જવો જોઈએ અને એટલે જ એમણે મને સાધના કરવા માટે કુંભકોણમ્‌માં મૌનમાં બેસાડ્યો. કામ નહિ કરવાનું અને જરૂર પડી ત્યારે મુંબઈ બોલાવ્યો પણ ખરો અને કામ પણ સોંપ્યું. 'તમારે આખો દિવસ આ જ કરવાનું છે.' જોયું કે હવે ઘડો પાકો થયો છે. થવા દો. એટલે 'હરિઃૐ આશ્રમ'માં મારે ભાગે તો કામ જ કરવાનું. વહીવટ કરવાનો.

મને વાળ રાખવાનો શોખ હતો. શ્રીઅરવિંદ આશ્રમનો ચેપ લાગેલો કે લાંબા વાળ રાખવા. મારા પુત્ર સિદ્ધાર્થને અને મારા ભાઈના પુત્ર સુરેન્દ્રને નાની ઉંમરમાં દીક્ષા આપવાની હતી. અમે વ્યાસ બેટમાં રહેવા ગયેલા.

મોટા કહે, 'અહીંયાં આપણે મુંડન કરાવીને છોકરાઓને દીક્ષા આપી દઈએ.' દીક્ષા આપવામાં માથું મૂંડાવવું પડે.

સિદ્ધાર્થ કહે, 'ના, હું ના મૂંડાવું. ભાઈ (નંદુભાઈ) કરાવે તો હું કરાવું.' એ જાણે કે ભાઈ તો ના જ પાડવાના છે. એની ઉંમર એ વખતે સાતઆઠ વર્ષની હતી.

મેં કહ્યું, 'તું કરીશ તો હું મૂંડાવીશ.' મેં માથું મૂંડાવી નાખ્યું.

જોકે મને વાળનો મોહ ન હતો. જ્યારે હું, ગાંધીઆશ્રમમાં જોડાયો ત્યારે મેં કાંતાબાને કહેલું, 'મને ચૂનીભાઈ અને હેમંતભાઈ જેવા વાળ રાખવા દો. ઝીણા, ઝીણા, બોડું નહિ. ટોલું નહિ.'

કાંતાબા કહે, 'ના, એ તો નહિ. વાળ તો રાખવાના. એટલું મારું કહ્યું માનવાનું. હું તમારું બધું કહ્યું માનું છું. તમે આટલું ના માનો ?' વાળ રાખ્યા, પણ વ્યાસ બેટમાં ટોલું કરાવ્યું.

ટોલું કરાવ્યા પછી મોટા કહે, હવે તમે ભીખ માગવા જાઓ. તમે સંન્યાસી થયા તો હવે 'ભિક્ષાન્ન દેહિ' કરીને અનાજ માગી લાવો. હાથે પકાવો. જંગલમાં રહો અને ખાઓ.'

અમે ભિક્ષા માગવા ગયા. વ્યાસ બેટમાં ઘેરઘેરથી માગીને દાળ, ચોખા બધું લઈ જંગલમાં ગયા. ખીચડી પકાવી. એકાંતમાં રહ્યા અને પછી સાંજે આવ્યા. બોડું તો મને પોતાને પણ ગમતું ન હતું, તોય તેમ કરાવ્યું.

બીજો એક બહુ રમૂજી પ્રસંગ છે. હેમંતભાઈ અને અમે ત્રિચિનાપલ્લી સાથે ગયા. હેમંતભાઈ, મોટા અને હું-ત્રણ જણ. સાંજે ફરવા નીકળીએ. મોટા એક દિવસ મને કહે, 'તમે સિગારેટનું બૉક્સ મંગાવી રાખજો.' મને થયું એ તો પીતા નથી. તોય હું તો લઈ આવ્યો. મને કહે, 'દીવાસળીનું બૉક્સ લઈ આવો. સાંજે ફરવા જઈએ ત્યારે સાથે રાખજો.' અમે ફરવા ગયા. ટેકરી ઉપર બેઠા.

મોટા કહે, 'પેલું બૉક્સ કાઢો. સિગારેટ સળગાવો.' પહેલાં પોતે સળગાવી, દમ ખેંચ્યો. પછી નાકમાંથી ધૂણીઓ કાઢી. મિલના ભૂંગળામાંથી જેમ ધૂણી નીકળે તેમ ફરફર છોડી. જૂનો મહાવરો

હોય તેમ. પોતે પીને મને આપી અને કહ્યું, ‘હવે તમે એનો ટેસ્ટ કરો.’

મેં કહ્યું, ‘હું નહિ કરું. મેં જિંદગીમાં કોઈ દિવસ પીધી નથી.’

તમારા બધા આગ્રહો છોડો. ‘હું તો બીડી પીતો નથી. જિંદગીમાં મેં બીડી પીધી નથી.’ - એ કહેવાનો તમને શોખ છે. તમારી તુમાખી છોડો અને પીવો.’

ગુરુએ આજ્ઞા કરી એટલે મેં પીધી. એની ધૂણી મને ગળામાં એવી પેસી ગઈ કે હું હેરાન થઈ ગયો. હું ચા પીતો ન હતો. કહે, ‘ચા પીવો, દૂધ નહિ.’ એટલે ચા પીતો પણ કરી નાખ્યો. તમે ગુમાનથી કહો છો કે ચાબીડી મેં કોઈ દિવસ પીધી નથી તે કહેવાનું છોડો. એવી એવી જીવનમાંની ઝીણી ઝીણી ગ્રંથિઓ છોડાવી.

લખવા માટે હું સાદું હોલ્ડર વાપરું. ૧૯૪૨-૧૯૪૪નાં વર્ષો સુધી ગાંધીજીની માફક બરુનો નહિ હોલ્ડર-પણ પેન હોલ્ડર વડે સ્કૂલોમાં લખાવડાવે. એ વખતે ઇન્ડિપેનો ન હતી. નિબ ઘસાઈ જાય એટલે કાઢી નાખવાની. એ તો અત્યારના લોકોને ખબર હશે અને સાથે ખડિયો રાખીને લખવાનું હોય. કોઈક વખત નવી શોધ થઈ હતી કે પેન ઉપર ટૉપ નાખી દેવાય. બહાર જતાં હું એ વાપરતો અને ઘરમાં ખડિયો અને હોલ્ડર વાપરતો. મોટાને કાગળો લખું તે એનાથી લખતો. એમણે બેત્રણ વખત જોયા કર્યું. શાહીમાં બોળવું પડે, ડાઘા પડે, બ્લૉટિંગ જોઈએ. ઘણી મુશ્કેલી પડે. ઘણાં બધાં એવી પેનો વાપરતાં. બબ્બે કે ત્રણ ત્રણ રૂપિયાની પેનો આવતી. એમણે મને ઊંચામાંની પાર્કરની પેન ભેટ આપી અને કહે, ‘હવે, આનો ઉપયોગ કરો.’

મેં કહ્યું , ‘મોટા, મારે તમને આપવાનું હોય, તમારે મને નહિ ?’

તેઓ કહે, 'મને મન થયું.' એ વખતે સેકંડ વર્લ્ડ વૉર  ચાલે. 'પાર્કર ઇન્ડિપેન તો મળે નહિ. કોઈકે એમને ભેટ આપેલી. મેં એનાથી લખવાનું શરૂ કર્યું. ખૂબ ફાવી ગઈ. બહુ સરળતા પડી. બાર મહિના લખ્યું હશે. પછી મારાથી નિબ તૂટી ગઈ. લખતાં લખતાં નિબ ઘસાઈ ગઈ. વર્ષમાં એવો ચસકો લાગી ગયો કે એ વખતે બીજી નિબ પાર્કરની તે વખતના રૂ. ૪૦/- આજના રૂ. ૪૦૦૦/- ખર્ચીને નિબ લાવીને લખવા માંડ્યું. એ નિબ પણ તૂટી ગઈ.

મોટા કહે, 'હવે બસ. આવી જાવ તમારા હોલ્ડર ઉપર. તમારી ગ્રંથિ તૂટી. તમે જાતે જઈને બજારમાંથી લઈ આવ્યા. મને એ ગમ્યું.' પાર્કરની નિબ એ સહેલાઈથી તૂટે નહિ. ઘસાય નહિ. તોય તૂટી ગયેલી. આવા બધા જે સૂક્ષ્મ આગ્રહો હતા, અહમ્‌ના ફાંકા હતા એ ફાંકા તોડવામાં એમણે ઘણો ભાગ ભજવ્યો.

રેશમી ખાદી આવતી. હું રેશમ પહેરતો ન હતો. કુંભકોણમ્‌માં પેઢીમાં રહેતો હતો ત્યારે મુંબઈ અવારનવાર જવાનું થતું. ત્યાં મુંબઈમાં મિત્ર વેપારીને ત્યાં ઊતરવાનું થતું. એ લોકો ઘણા શ્રીમંત હતા. રેશમી કપડાં પહેરતાં હતાં. મને એ રેશમી કપડાં જોઈને મોહ થયો. આપણે રેશમી પહેરીએ એમ થયું. મુંબઈથી રેશમી કાપડ ખરીદીને કુંભકોણમ્‌માં કબજો અને શર્ટ, પહેરણ સિવડાવ્યાં, પહેર્યાં ન હતાં. દિવાળી આવી. પહેરવાનો હતો. મારી સાથે હસમુખભાઈ પણ એમની ઉંમર ૧૨ વર્ષની હતી. દિવાળીમાં ત્યાં હતા. નવાં કપડાં પહેરવાનો રિવાજ હતો. મેં હસમુખભાઈને કહ્યું, 'ચાલ, તને નવું કપડું લઈ આપું.'

'મારે તો રેશમી જોઈએ. તમે રેશમી સિવડાવ્યાં તો મને કેમ નહિ ?' એમ હસમુખભાઈએ કહ્યું. હું તો ચેત્યો. આ વાત પણ સાચી. તે દિવસે મેં કહ્યું, 'હવે, જિંદગીમાં આપણે રેશમી કપડાં

પહેરવાં નથી.' એ સિવડાવેલાં બીજાને આપી દીધાં. અંગધારણ ના કર્યાં. આ વાત મોટાને તુમાખીથી કહેલી. એટલે મને કહે, 'નંદુભાઈ, મને રેશમી કપડાં પહેરવાનો શોખ થયો છે. રેશમી પહેરણ અને રેશમી સુરવાલ.' એમણે તો સિવડાવ્યાં.

મને પણ કહ્યું, 'હવે તમારે પણ ધ્યાન કરતી વખતે રેશમી પહેરણ અને રેશમી સુરવાલ પહેરવાનો છે.'

'મોટા, આવું કેમ ?' 'કંઈ ચાલે નહિ. સાધના કરવી હોય તો મેં કહ્યું તેમ કરવાનું.'

મેં પણ સિવડાવ્યાં. મનમાં બહુ થયું કે આવું બધું શું ? ખાદીનાં કપડાં પહેરીને સાધના ના થાય ? રેશમી વસ્ત્ર પહેરવાનું હેમંતભાઈને નથી કહેતા પણ મારી ગ્રંથિ તોડાવવા મને કહે, 'તમારે તો આ જ પ્રમાણે પહેરવાનાં છે.' કોઈ વાર જરૂર પડે તો આમ આગ્રહ કરતા. એમને લોકોનો ક્ષોભ નહિ. લોકોની નિંદાનો ડર નહિ. એ તો રેશમી કપડાં પહેરીને બહાર નીકળ્યા. સાબરમતી આશ્રમમાં લોકો તો કહે, 'ઓહોહો ! ભગતનો રુઆબ તો ફરી ગયો હવે. આ એક શિષ્ય મળ્યો છે, તે એ કહે તેમ કરે છે. આ રેશમી કપડાં પહેરીને હવે રંગરાગમાં પડી ગયા છે.' એમને કંઈ વાંધો નહિ. લોકોને જે કહેવું હોય તે કહે. બસ, એકાદ વર્ષ કપડાં પહેરીને કપડાં બાજુમાં મૂકી દીધાં. પતી ગયું. પાછા ખાદી ઉપર આવી ગયા. લજ્જા પણ એક પ્રકારનો સંકોચ છે. એ પણ લોકોની કીર્તિ ગુમાવ્યાનો, લોકોનું માન ગુમાવવાનો, લોકોનો આદર ગુમાવ્યાનો ભય લાગે. એ ભય એમને ન હતો.

નર્મદામાં નાહવાનો દાખલો આપું. એમનો વેશ કેવો ? ગરમીના દિવસોમાં પાઉડર લગાવડાવે. આખા શરીરે પાઉડર ચોળાવે, પણ નાહવાનું બહુ મોડા. બપોરે ૨-૩ વાગ્યે. ત્યાં

સુધી શરીર ઉપર પાઉડર રહે. શહેરમાં જવાનું થાય તો આવો વેશ-માથે ફાળિયું, શરીર ખુલ્લું, ખભે ખેસ, નીચે લુંગી અને પગમાં જોડા. કોઈ સાધુ જેવુંય ના લાગે. સાધુ તો કોઈ સારા વેશમાં હોય. આ તો સફેદ કપડાંમાં એક નવી જાતનો સાધુ. બધા લોકો હસે. કાંઈ વાંધો નહિ. હાલ, અમદાવાદમાં ડૉ. વિશાખાબહેન છે. તે મારા મૅનેજરની પુત્રી થાય અને મારી પાલક પુત્રી. એને મદ્રાસ ભણવા જવાનું હતું. એને ભણાવવામાં પણ એમણે સાથ આપ્યો. ભલે મદ્રાસ એકલી રહે. કશો વાંધો નહિ. કોઈક વાર એની હૉસ્ટેલ ઉપર જઈ ચડે. નીચેથી બૂમો પાડે 'ઓ વિશાખા' તો વિશાખા કહે, 'ભાઈસાહેબ, તમે મારી પાસે આવશો નહિ. આ તમારો વેશ જોઈ મારી બધી બહેનપણીઓ મારી મશ્કરી કરે છે. આ કોણ અલખબાવા જેવા છે. આટલે મોટેથી બૂમ પાડે છે. કોઈ સભ્યતા નહિ. ડિસિપ્લિન નહિ.' વેશ આવો અને તમે બૂમો પાડો, પણ એનો સંકોચ તોડવા માટે આ પ્રમાણે બેત્રણ વાર ગયેલા. આ વાત આજે ડૉ. વિશાખા રમૂજથી કહે છે.

એક વખત મેં કહ્યું, 'મોટા, તમારાં કપડાં ઉપર ડાઘા પડી ગયા છે.'

મને કહ્યું, 'જુઓ, અમારો મૂળ ધંધો તો રંગારાનો-રંગવાનો. ભાવસારનો મૂળ ધંધો કપડાં રંગવાનો. એમાં રંગના છાંટા ઊડે તો અમને કાંઈ વાંધો ના આવે.'

તમને તો બરાબર છે, પણ બધા જાણે છે કે નંદુભાઈ તમારાં કપડાં ધોવે છે, તે આવા રંગના ડાઘા રહેવા દે છે ? આવું બેકાળજીભર્યું ધોવે છે ?

મને કહ્યું, 'તમે તમારો કેમ વિચાર કરો છો ? તમે મારી સરળતા જુઓને ? તમને લોકો કેવું માનશે અને કેવું વિચારશે

એના કેમ વિચારો આવે છે ? લોકો ભલે ગેરસમજ કરે. તમારામાં હિંમત હોવી જોઈએ કે જેની સેવા આપણે કરીએ છીએ એની સેવામાં આપણને કોઈ ખોટી રીતે સમજવાનું કરે તો તેમ થવા દેવું. એમાં કંઈ નુકસાન નથી થતું. ઊલટો ફાયદો છે. જેમ ચાલે તેમ ચાલવા દેવું'.

આમ મને કહ્યું તો ખરું, પણ પછી એમણે વ્યવસ્થિત કર્યું. પણ એક વખત તો દાબી દીધો. આ વાત ગાંધીઆશ્રમમાં બનેલી. એ વખતે તો કશો ખુલાસો નહિ કરેલો.

ડભાણમાં બીજો ઉત્સવ ઉજવાયો. મોટા કહે, 'ઉત્સવ તો હું એટલા માટે ઊજવવાની રજા આપું છું કે બે પૈસા ભેગા થાય. મારે વળી મારા ઉત્સવો ઊજવવાના હોય !' ૧૯૬૮માં 'સ્મૃતિગ્રંથ' પ્રગટ કરવાનો હતો. કાંટાવાળા સાહેબ કહે કે 'મોટા, મિલોવાળા પાસેથી અને બીજા પાસેથી આપણને જાહેરખબર મળે, પણ રોકડા પૈસા ના મળે. જાહેરખબરના સારા પૈસા મળે છે.'

મોટા કહે, 'મારાં વખાણ મારે હાથે કરવાનાં ?' મણિશંકર પંડ્યા કહે, 'મોટા, છપાવવાનું ખર્ચ હું આપીશ.' આપનાર નીકળી આવ્યો છે, તો હવે મને વાંધો નથી.' 'કેટલો ખર્ચ આવશે ? જાણતા હોવ તો કહો.' અમુક આંકડો આપ્યો. ત્રણચાર હજારનો. એમણે કબૂલ કર્યું. એ શરતે એમણે આ 'સ્મૃતિગ્રંથ' છપાવવાની મંજૂરી આપી. એમને આ 'સ્મૃતિગ્રંથ' છપાવવાની ઈચ્છા ન હતી. પછી તો જાહેરખબરનાં પાનાં પણ વધી ગયાં અને ખર્ચો વધી ગયો. કેટલાક કહેતા કે 'હવે છાપવાનાં નાણાં તમને મળવાનાં નથી તો કહે, 'આમાં મારું કશું જવાનું નથી. જેમણે મને વચન આપ્યાં છે તેમણે તે પાળ્યાં છે, પણ તમારી દૃષ્ટિએ તમને લાગતું હોય કે કદાચ નહિ થાય, પણ મને ખાતરી

છે કે પાળશે.' ચારેક હજારનો એસ્ટીમેટ હતો. જાહેરખબરનાં પાનાં વધી ગયાં અને ખર્ચો વધી ગયો. બધું વધી ગયું તો જેટલું કબૂલેલું તેના કરતાંય વધારે આપેલું અને ભાવ એટલો બધો વધ્યો કે તેમણે સ્થાપેલી વિવેકાનંદ કૉલેજનો શુભારંભ મોટાના હાથે કરાવ્યો.

મહેસાણા કૉલેજ કરી. તેનું ઉદ્‌ઘાટન કરાવવા એમણે સુરત ગાડી મોકલી અને સુરતથી છેક મહેસાણા લઈ આવ્યા અને ઉદ્‌ઘાટન કરાવ્યું. એટલો બધો તેમને ભાવ થયેલો.

એક બીજો ઉત્સવનો પ્રસંગ આવ્યો. તે મને હજુ પણ યાદ આવે છે. ખંભાતમાં એક શાળા ખોલવાની હતી. અને પૂજ્યના અસહકારની ચળવળના સાથી-પછી મિનિસ્ટર થયેલા, એમણે આગ્રહ કરેલો કે 'મોટા, તમારે જ આનું ઉદ્‌ઘાટન કરવાનું છે.'

મોટા કહે, 'તમે શું આપશો મને ?'

પહેલાં તો તેઓ ગવર્નર પાસે ગયેલા અને ગવર્નરનું નક્કી થયેલું, પણ પછી કંઈ ઓચિંતું ગવર્નરનું આવવાનું બંધ રહ્યું. અમે કાંટાવાળાને ત્યાં હતા. તેઓ ત્યાં આવ્યા અને મોટાને કહ્યું, 'મોટા, ઉદ્‌ઘાટન કરશો ?'

'કરું તો ખરો, પણ આપશો શું મને ? રૂ. ૧૦૦૦/- અને ગાડી. સુરતથી લઈ જાય અને મૂકી જાય એ મારી શરત છે.' ગાડી અમને સુરત લેવા આવી. તે વખતે પૂજ્યને ૧૦૦ ડિગ્રી તાવ અને નાડીના ધબકારા ૧૩૨.

સુરતના આશ્રમવાસીઓ અને બીજા કહે, 'મોટા, આ સ્થિતિમાં તો ના જવાય.'

'ના, મેં વચન આપ્યું છેને ! જે થવાનું હોય તે થાય. શરીર પડવાનું હોય તો પડે, પણ આપણે કોઈને વચન આપ્યું હોય અને આપણા માટે કોઈ રાહ જોતું હોય તો ના કેમ પડાય ?'

એવા તાવ સાથે અમે ખંભાત ગયા. પાંચ કલાકની સફર હતી. અમે સાતઆઠ વાગ્યે પહોંચી ગયેલા. ૩ વાગ્યે નીકળેલા. તાવ તો ધીકતો. મંચ ઉપર બેઠા. તાવ ચાલુ હતો. બાજુમાં ડૉક્ટર બેઠા હતા.

ડૉક્ટરને મોટા કહે, 'નાડી જુઓને મારી. બધાંને ખ્યાલ આવે કે આ સાચું કહે છે કે ખોટું કહે છે. હું મોઢે કહું તેથી શું વળે ?'

'મોટા, તમારી પલ્સ-નાડી-નો ધબકારો ૧૩૪ છે. તમે આ પરિસ્થિતિમાં કેવી રીતે આવ્યા ?'

'જુઓને આવ્યો છુંને !'

ઉદ્‌ઘાટન અંગે ગવર્નરને માટે ચાંદીની કાતર બનાવેલી. એ કાતર ગવર્નરને ભેટ આપી દેવાની. ગવર્નર સાહેબ આવ્યા નહિ. એટલે મોટાને બોલાવ્યા. મોટા તો સામાજિક સેવક એટલે એમને તો ગમે તેવી કાતર ચાલે. ચાંદીની આપવા માટે જીવ સંકોચાયો.

મોટાને લોઢાની કાતર હાથમાં આપી અને પૂજ્યે રિબન કાપી. પછી મોટાના કાનમાં કોઈકે ફૂંક મારી કે 'મોટા, ચાંદીની કાતર કરાવી છે પણ તમને ના આપી.'

જ્યારે પ્રવચન કરવાનું આવ્યું ત્યારે પૂજ્ય કહે, 'સાહેબો, ગવર્નર સાહેબ માટે ચાંદીની કાતર હતી. તમને થયું હશે કે આવડો મોટો સમારંભ અને લોઢાની કાતર ? પણ ના, ચાંદીની કાતર કરાવેલી ખરી પણ ગવર્નર સાહેબ માટે. હું તો સાધારણ માણસ. અને રૂ. ૧૦૦૦/- ફી ચૂકવી છે તો વધારે રૂપિયા આપવાની જરૂર શી ? એમ એમને મનમાં થયું હશે. ગવર્નર સાહેબ આવી સ્થિતિમાં આવે નહિ, પણ હું તો આવ્યો.'

હવે, પેલા ભાઈ છોભીલા પડ્યા. એમણે જે કાર્ય કર્યું તે બરાબર ન હતું તેનો પાઠ શીખવવા માટે, એમના મિત્ર શ્રી માધવલાલ શાહને પાઠ શીખવવા માટે આટલું કહ્યું.

પછી મોટાએ કહ્યું, 'હવે જુઓ, આ કાતર મારે મન તો રૂપા કરતાંય વિશેષ મૂલ્યવાન છે.' આથી, હું તો ઑક્શનમાં (હરાજીમાં) મૂકું છું. જેને જોઈએ તે બે પૈસા આપીને કાતર લઈ જજો.'

આ લોઢાની કાતરના બે હજાર રૂપિયા ઊપજ્યા અને લોકોએ ઘણી તાળીઓ પાડીને આનંદ કર્યો. લોકોને થયેલું, 'મોટા, ખરા છે. કોઈની શેહશરમ રાખતા નથી.' અને પછી તરત જ અમે પાછા ફર્યા. ત્યારે એમણે કહ્યું, 'એકાદ રાત રહો, આરામ કરો.' 'આરામ મારા આશ્રમમાં' અને અમે એ ગામમાંથી એ જ તબિયતે પાછા આવ્યા. વચન આપ્યું હોય તો કદી તે કોઈને નારાજ ના કરે.

કુંભકોણમ્‌માં કાર માટે એવું બનેલું. મેં કહેલું, 'લાલાજી, મોટાને જવાનું છે અને આટલા વાગ્યે ગાડી આશ્રમે લાવજો.' એમણે કહેલું 'સારું', પણ ઘરાક આવી ગયા એટલે પંદર મિનિટ મોડું થયું. એમણે તો  ટાઇમ આપ્યો હોય એટલે એ તો ચાલવા માંડે. પાંચ મિનિટ થોભાય નહિ. ટાઇમ આપ્યો હોય એટલે ચાલવા માંડવાનું અને ગાડી ના આવે તો ચાલતાં પહોંચી જવાનું. અને આવે તો રસ્તામાં બેસી જવાનું. એટલે હસમુખભાઈને થયું કે મોટાની સાથે આવું નહિ ચાલે. ટાઈમસર કહે તો ટાઈમે જ જવું પડે. ભલે લાખ કામ હોય. એમાં ઢીલ ના થવી જોઈએ. અને આ છાપ મોટાના મિત્ર વર્ગમાં પણ બેઠેલી. તેથી, ગાડી કહેલા ટાઈમે જ આવે.

એકવાર નડિયાદમાં એવું બન્યું કે ગાડી સમયસર ના આવી, તો એ તો ચાલતા નીકળી પડ્યા. અધવચ્ચે ગાડી આવી. એમને કોઈએ પ્રૉમિસ આપ્યું હોય તો એ પ્રૉમિસ પળાવવાનો પણ આવી રીતે એમની પાસે આગ્રહ રાખે.

મદ્રાસમાં મારા એક મિત્ર હતા. એમણે ઉમળકાથી કહ્યું કે 'નંદુભાઈ, આશ્રમને માટે તમને સો રૂપિયા મોકલી આપીશ.' ૧૦-૧૫ દિવસ થયા પણ રકમ ના આવી. એટલે મોટા કહે, 'લખો કાગળ'. મેં કહ્યું, 'રાહ તો જુઓ'. 'મહિનો રાહ જોઈ.' પણ પૈસા ના આવ્યા. મને કહે, 'લખો બીજો કાગળ.' તોપણ પૈસા ના આવ્યા. મને કહે, 'જ્યાં સુધી 'ના' કહે નહિ ત્યાં સુધી આપણે કાગળ લખવાના. આપનાર કહે કે 'મારે આપવા નથી' પછી આપણે કાગળ લખવાના બંધ કરવાના', પણ સામાને એમ ના લાગવું જોઈએ કે આપણને પૈસાની પડી નથી અને મને યાદ પણ ના કરાવ્યું. પરિણામે પૈસા આવી ગયા.

એ જ પ્રમાણે ૧૯૪૨માં મુંબઈમાં ફાળો ઉઘરાવવા ગયેલા. આ પ્રસંગ **'જીવન દર્શન'**માં છપાયો છે. પ્રમુખે તો બીજાને દેખાડવા માટે રૂ. ૫૦૦/- ટિપમાં ભર્યા. રકમ આપતી વેળા રૂ.૧૦૦/- જ આપ્યા. મોટા કહે, 'એ ના ચાલે. તમે મને વચન આપ્યું છે. આ તો સમાજનો દ્રોહ કહેવાય. હું તમારા સો રૂપિયા નહિ સ્વીકારું. 'સારું ત્યારે બેસો.' પૂજ્યે અડ્ડો જમાવ્યો. એટલે પ્રમુખે રૂ.૫૦૦/- આપ્યા. તો આવી રીતે કોઈ વચન આપે તો એ પળાવવાનો આગ્રહ રાખતા. મોટે ભાગે તો લોકો વચન પાળતા.

૧૯૬૨માં મારા મોટા ભાઈ વાડીભાઈના દીકરાનાં લગ્નના જમણની નાત હતી. એ વેળા નાતના આગેવાનો મોખરે પાટે બેસે. શોભા જેવું લાગે. તે વેળા મોટાને પાટ ઉપર બેસાડ્યા.

હસમુખભાઈનાં પત્ની કહે, 'મોટા, તમે આ બધાંના દેખતાં

હીરાનો હાર પહેરો ખરા ?'

મોટા કહે, 'પહેરું તો તું મને શું આપે ?' 'તમને હાર આપી દઉં'.

મોટા તો હાર પહેરીની પાટ* ઉપર બેઠા. લોકો જોયા કરે. 'આજે શણગાર સહિત મોટા આવ્યા છે.' હાર પહેરી લીધો. એ હાર પછી એમણે મને રાખવા આપ્યો અને આશ્રમમાં લઈ ગયા. એ હાર વેચીને આશ્રમમાં રકમ આપી દેવાનું મોટાએ કહેલું ત્યારે હસમુખભાઈએ કહ્યું, 'તમે જે કિંમત કહેશો તે હું આપી દઈશ.' 'પૈસા તમે જ કહોને !' મોટાએ કહ્યું અને હસમુખભાઈએ હારની કિંમત આંકીને (૧૯૪૫ની ખરીદ કિંમતના રૂપિયા દોઢ લાખ) એટલા રૂપિયા મોટાને આપી દીધા.

**[૧૯]**

મોટા, એકવાર ટ્રેનમાં મુસાફરી કરતા હતા. હેમંતભાઈ તેમની સાથે હતા. મોટાના પાકીટમાં પૈસા હતા. ટ્રેનમાં એક ગઠિયો હતો. એના મનમાં એમ કે 'આ ભાઈ ઊંઘે છે', પણ મોટા ઊંઘતા ન હતા. એણે ખિસ્સામાંથી પાકીટ લીધું. મોટાએ પાકીટ નિરાંતે લેવા દીધું. એ તો જાગતા રહ્યા. સ્ટેશન આવ્યું અને ગઠિયો પાકીટ લઈને ઊતરવા ઊભો થયો એટલે પેલાને મોટા કહે, 'એ મિસ્ટર, પેલું પાકીટ તો આપી દો. પાકીટ લઈને ક્યાં જાઓ છો ?'

'કયું પાકીટ ?'

તો કહે, 'કેમ, મારા ખિસ્સામાંથી કાઢ્યું તે.' બિચારો શરમાઈ ગયો. એટલે આવી રીતના નુસખા પણ બધા કરે. જુએ કે ક્યાં સુધી ચાલે છે ?

કોઈની શેહશરમ નહિ. ગુજરાતના અગ્રગણ્ય ગુજરાતી સાહિત્ય પરિષદના અગ્રણીઓ વિદ્વાનો-બે કવિ અને એક સાક્ષર-મળવા આવ્યા. તેઓએ દાનને માટે વાત કરી. ગુજરાતી સાહિત્ય

પરિષદને રૂ.૫૦,૦૦૦/- પૂજ્યે ૧૯૬૩માં (૧૯૯૫માં તેની કિંમત ૧૦ લાખ તો સહેજે થઈ જાય) આપેલા. એટલે તેઓને વિચાર આવેલો કે મોટા પાસે ઘણા પૈસા હશે. આપણને બીજાં કામમાં પણ થોડા પૈસા આપે તો સારું. મોટાને બધી યોજના સમજાવી ત્યારે અમે નરોડામાં હતા. વીસ પચીસ માણસ બેઠેલા હતા. મોટાએ કહ્યું, 'માફ કરજો. આમાં મારું મન ગોઠતું નથી.' એટલે એ ઊભા થયા અને જવા લાગ્યા.

મોટા બોલ્યા, 'આ થાળીમાં જુઓ છો. આ પૈસા છે. લોકોએ આપેલા છે. અમે આશ્રમો ચલાવીએ છીએ. અમે તો કમાણી કરતા નથી, તો અમારો આશ્રમ નભશે કેમ ? એટલે દાનદક્ષિણા આપતા જાઓ. ધોતિયું ખંખેરીને ચાલતા થવાનું ના હોય.'

એમણે પૈસા આપ્યા. એમાંના કોઈએ માઠું ના લગાડ્યું. એમની એ માનસિક ઉદારતા અને વિશેષતા.

એવો જ એક દાખલો શ્રી અમૃતલાલ યાજ્ઞિકનો. મુંબઈમાં આર. આર. શેઠની કંપનીના મૅનેજર શ્રી ધીરુભાઈએ એમને ત્યાં જમવા નોતરેલા અને યાજ્ઞિકને એ પેઢી સાથે સારો સંબંધ. યાજ્ઞિક સાહેબને ધીરુભાઈએ એમના ઘેર બોલાવેલા. યાજ્ઞિક સાહેબ બેઠેલા તે મોટાએ સહેજ વાત કરી. વલ્લભવિદ્યાનગરની યુનિવર્સિટી મારફત જે ગ્રંથશ્રેણી બહાર પાડી છે તેની વાત કરી. 'તે ગ્રંથશ્રેણીમાંની એક શ્રેણીમાં મારો લેખ પણ લીધો છે.' એમ યાજ્ઞિક સાહેબે કહ્યું અને એ યોજનાનાં ઘણાં વખાણ કર્યાં.

એટલે મોટા કહે, 'યાજ્ઞિક સાહેબ, વખાણ કર્યાં એ તો સમજ્યા, પણ કોઈ દિવસ થૂંકથી પૂડલા ચડ્યા સાંભળ્યા છે ? તેલ જોઈએ. મારાં વખાણ કર્યાં તેથી મારા આશ્રમનું શું વળ્યું ? મને શો લાભ ? અમારું શું દળદળ ફીટ્યું ? હું એમ રાજી ના

થાઉં. થોડાક પૈસા અમને આપો તો અમને સમજાય કે તમારો અમારા માટે કંઈક ભાવ છે.'

યાજ્ઞિક સાહેબ બહુ જ સજ્જન ! અમારી મુલાકાત પૂરી થઈ. યાજ્ઞિક સાહેબ ઘેર ગયા. રૂ. ૨૫૧/–નો ચેક લખીને અમને મોકલ્યો. અને એમના લખાણની મળેલી પૂરેપૂરી રકમ અમને મળી ગઈ. આવા સજ્જનો બહુ ઓછા હોય છે, કે જે પોતાને બધાંના દેખતાં કોઈ વઢે તોય એને વિધેયાત્મક ગણે ! મોટા, પરવા ના કરે કે આટલા બધા પ્રતિષ્ઠિત માણસ છે અને આ બધાં બેઠેલાં છે એમની વચ્ચે હું એમને કડવું સત્ય કહું છું. મોટાને એવો સંકોચ નહિ.

૧૯૭૨માં રાજકોટમાં મોટાનો જન્મદિન ઉત્સવ હતો. ઢેબરભાઈ પ્રમુખ હતા. ઢેબરભાઈ એ વખતે કૉંગ્રેસના મહામંત્રી હતા. તે એટલા બધા મહત્ત્વના હોદ્દા ઉપર હતા. એ કેંદ્રીય પ્રધાનમંડળનો હોદ્દો ગણાય. મિલન સમારંભ મિટિંગ સવારે આઠ વાગ્યે શરૂ થનાર હતી. આઠ વાગ્યે ઢેબરભાઈ આવ્યા નહિ. એટલે મોટાએ સંચાલકભાઈને કહ્યું કે 'આપણું કામ શરૂ કરો.'

સંચાલક કહે, 'થોડો વખત રાહ તો જુઓ.' 'ના, રાહ ના જોવાય. ગમે તેવો મોટો માણસ હોય, એ ના હોય તો આપણે એની ગેરહાજરીમાં શરૂ કરી દેવું જોઈએ.'

સમારંભ શરૂ થઈ ગયો. દસેક મિનિટ પછી ઢેબરભાઈ આવ્યા. હજુ તો મંડપમાં પેસે છે ત્યાં તો મોટા કહે, 'ઢેબરભાઈ ! મોડું કેમ થયું ? આ બધાંને બેસાડી રાખ્યા ! આવું આપણને શોભે નહિ !'

એમણે નમ્રતાથી જવાબ આપ્યો કે 'મારી તબિયત સારી નથી એટલે મારે મોડું થયું.'

'તો આવવાનું સ્વીકારવું ન હતું. આપણને કોઈ બાંધી મારે છે ? પણ જો આમંત્રણ સ્વીકાર્યું હોય, તો ગમે તેવા સંજોગોમાં પણ આપણે હાજરી આપવી જોઈએ.'

ઢેબરભાઈ એક અક્ષર બોલ્યા નહિ. મિટિંગ પૂરી થઈ ગઈ. મને થયું કે ઢેબરભાઈ કદાચ માઠું લગાડશે. આટલા મોટા માણસ ! આમ તો 'મોટા' એમનાથી ઘણા મોટા, પણ સમાજની દૃષ્ટિએ તો મોટાનું મૂલ્યાંકન કેટલું ?

ઢેબરભાઈ કહે, 'મોટા, મારે તમારી સાથે સત્સંગ કરવો છે.'

મોટાએ કહ્યું, 'અહીંયાં નહિ. ટોળાંમાં ના ફાવે. તમે મને રોટલા ખાવા તમારા ઘેર બોલાવો. દક્ષિણા આપજો. તો હું તમારા ઘેર સત્સંગ કરવા આવીશ.'

ગુજરાત રાજ્યના એક ઉચ્ચ માજી અધિકારી શ્રી ગુલાબ-ભાઈ ત્યાં હાજર હતા. મોટાના બહુ પ્રશંસક હતા. એક ચોપડી છપાવી આપેલી. બહુ ભાવિક હતા.

તેઓ કહે, 'મોટા, હું રહું છું ત્યાં રાખો. જૂહુ સ્કીમમાં. ત્યાં ઢેબરભાઈ આવશે અને આપ પણ પધારજો. તમે મુંબઈ આવવાના હોવ ત્યારે પ્રોગ્રામ બનાવજો અને ઢેબરભાઈ આવશે અને આપણે સત્સંગ કરીશું.'

મોટા કહે, 'સારું'.

અમે ત્યાં ગયા હતા. અમે સત્સંગ કર્યો. ઢેબરભાઈ ખાસ આવ્યા. એ એમની નમ્રતા હતી. મોટાની સ્પષ્ટતા ખરી કે શેહશરમ વિના સાચી વાત કહેવી. એવી રીતે, સામે પક્ષે ઢેબરભાઈની મોટાઈ બતાવે છે, કે ખરી વસ્તુ આપણને કોઈ સમજાવે તો માઠું ના લગાડવું. એના તરફ ભાવ વધવો જોઈએ. એમણે ભાવભર્યું આમંત્રણ આપીને, સામે ચાલીને સત્સંગ માગ્યો. મોટાએ આવા આવા નુસખાઓ ઘણા કર્યા હતા.

[૨૦]

એક યજમાન અમને મદ્રાસથી કુંભકોણમ્ એમની ગાડીમાં મૂકવા આવ્યા હતા. એમના હાથે ઘડિયાળ હતું. એ વખતે એની કિંમત ૧૩ હજાર રૂપિયા હતી. ત્યારના ૧૩ હજાર એટલે ૧૯૯૫ના લગભગ ૨ લાખ રૂપિયા તો ખરા. રોલેક્સ નામ પણ જાણીતું છે. સોનાનો પટ્ટો, સોનાની ઘડિયાળ, હીરા જડેલા. લોકોમાં પ્રતિષ્ઠાની નિશાની ગણાતી. એ પહેરીએ તો 'પ્રેસ્ટિજ' ગણાય.

પેલા ભાઈએ કહ્યું, 'મોટા, આ ઘડિયાળ તમને ભેટ કરું છું.'

તો કહે, 'ભાઈલા, મારે શું કરવાની ? આ તો તમને શોભે. તમે રાખો.' હસીને એને પાછું આપી દીધું. ના લીધું.

ઈંદુભાઈ શૅરદલાલ બોલ્યા, 'લઈ લેવું હતુંને, મોટા !'

તો કહે, 'હજુ ઝાઝો પરિચય થયો નથી. આ પહેલી વારનો પરિચય છે. આપણને મદ્રાસ બોલાવ્યા. આપણને રાખ્યા. આપણને મૂકવા આવ્યા. આર્થિક મદદ કરી. જ્યાં લેવા જેવું છે ત્યાં માગીને લેવાય. દબાણ કરીનેય લેવાય.

વાડીલાલ આઈસક્રીમવાળા શ્રી બચુભાઈને ત્યાં અમને રાત રહેવાનું અને જમવાનું આમંત્રણ મળેલું. દિવસ દરમિયાન ઘણા લોકો આવ્યા અને ગયા. અમે રાત રહ્યા. રાત્રે સૂતા ત્યાં સુધી તો ભેટની રકમ મળી નહિ. અમે બધા ચાર વાગ્યે ઊઠ્યા. એ પણ ઊઠ્યા. મોટાનો જવાનો ટાઈમ થયો. સાડા પાંચ વાગ્યે નીકળી જવાનો ટાઈમ. પાંચ થયા પણ ભેટનું કોઈ ચિહ્ન દેખાય નહિ. પછી યજમાન રૂ. ૧૦૦૦/- ભેટના લાવ્યા.

'બચુભાઈ, આ રૂ.૧૦૦૦/-ના ચાલે. તમારું આવડું મોટું મકાન, નામ પણ મોટું.'

એક ક્ષણનો પણ વિચાર કર્યા વગર બચુભાઈએ રૂ.૧૦૦૦/-ના સ્થાને રૂ.૨૦૦૦/- તરત જ આપ્યા. મને થયું કે મોટા તો વળગી પડ્યા ! પણ પછી તો બચુભાઈને એવો રંગ લાગ્યો કે અવારનવાર બોલાવતા. આશ્રમમાં આવતા. અનાજ, તેલ, કઠોળ, આઈસક્રીમ મોકલતા. એમની આઈસક્રીમની ફેક્ટરી ઉપર લઈ ગયેલા. જુદા જુદા નમૂના ખવડાવેલા. એટલો બધો મોટા પ્રત્યે ભાવ થયો. કોઈ સામાન્ય મનુષ્ય હોય તો એમ જ વિચારત કે મોટાને બોલાવવા જેવું નથી. બચુભાઈ તો આમેય બહુ સજ્જન હતા. એટલે એમની વિશેષતા તો ખરી જ. વગર સંકોચે ૧૯૬૮-૧૯૬૯ની સાલના રૂ.૨૦૦૦/- આપ્યા. (ત્યારના રૂ.૨૦૦૦/- અને આજના રૂ.૨૦,૦૦૦/- અને તે પણ હજારને બદલે ૨ હજાર) પણ એ મોટાની માણસની કળવાની રીતો જુદી હતી. અને એવો સંબંધ બંધાયો કે મોટાએ દેહ છોડ્યા પછી પણ એમણે આશ્રમને મબલક ભેટ આપવાની ચાલુ રાખેલી. વર્ષમાં બેત્રણ વાર મોટી મોટી રકમના ચેકો એમ ને એમ આપતા.

**[૨૧]**

મોટાને તો જે કામે ગયા હોઈએ તે કામ જ મુખ્ય. પછી બીજી બધી વાત. ગુજરાત હરિજન સેવક સંઘને માટે ૧૯૪૫માં કોલંબો સુધી ઉઘરાણું કરવા ગયેલા ત્યારે બધા જેલમાં હતા અને હરિજન સેવક સંઘની સાબરમતી શાખાની શાળાની છોકરીઓને માટે ખાવાના પૈસા ન હતા.

મને કહે, 'ચાલો, આપણે ફાળાના પૈસા ઉઘરાવવા માટે.'

મેં કહ્યું, 'ચાલો.'

આખો મલબાર કિનારો, કોચીન, કાલીકટ, મેંગ્લોર, ત્રિવેન્દ્રમ એ બધે ફરતાં ફરતાં લંકા સુધી ગયેલા. બેંગ્લોર પણ ગયેલા. મેં કહ્યું, 'મોટા, રાત્રે અહીં ફુવારા સરસ ઊડે છે.

'આ ફુવારા બુવારાની પછી વાત. અત્યારે પૈસા ઉઘરાવવાની વાત કરો. મારે કાંઈ જોવું નથી. જોવા માટે પછી લઈ આવજો. આ ટ્રિપમાં તો કામ કરવાનું જ લક્ષ. બીજી બાજુ લક્ષ જ ના જવું જોઈએ. એ એક જ કામ કરીએ.' કોલંબોમાં કશું જોયું નહિ. અમે પૈસા ઉઘરાવવાનું જ કામ કર્યું.

મોટાએ જે સાધના કરી હતી તે એકલક્ષી સાધના. અમને કહે કે સાધના કરવાનો એક પ્રકાર એકલક્ષી છે. બીજું બધું ગૌણ બનવું જોઈએ. અમે સાથે કારમાં નીકળ્યા હોઈએ. આશ્રમનું કામ હોય. મારું અંગતપણે નહિ. રસ્તામાં કામ હોય અને જવાનું હોય, કોઈને બે મિનિટ મળવાનું હોય, મારું અંગત પણ નહિ. રસ્તામાં થોડું કામ હોય, રસ્તા ભેગો રસ્તો હોય તોપણ તેઓ તો કહે, 'એક મિનિટ પણ ગાડી થોભાવવાની નથી. જેવી ગાડી આવી તેવી સીધી ગાડી જવી જોઈએ. બીજું કામ હોય તો પછી બીજી વાર આવજો, પણ મારી જોડે આવો તો આડું તેડું કામ ના જોઈએ.' એકસાથે બે કામ નહિ. સીધા આવ્યા અને સીધા ગયા. કોઈને ત્યાં જવા કરવાની વાત નહિ. એ એમની સાધનાની ગતિ અને લક્ષ બતાવે છે, કે કેટલી તીવ્રતા હતી અને એ રીતે અમને પાઠ આપ્યો, કે તમારે પણ સાધનામાં આવું એક લક્ષ હોવું જોઈએ.

**[૨૨]**

મારાં પત્નીને કોડાઈકેનાલમાં એકાએક જ સ્પોન્ડીલાઈટીઝથી કરોડરજ્જુનો એક મણકો ખસી ગયો. ડૉક્ટરને બતાવ્યું. તો કહે, 'તાબડતોબ ઑપરેશન કરાવવા જેવું છે. ત્રિચિનાપલ્લી લઈ જાઓ. એટલે અમે બે ત્રિચિનાપલ્લી આવ્યાં. મોટા, કોડાઈકેનાલ રહ્યા. સાથેના બધા લોકો મહિનો કોડાઈકેનાલ રહ્યા. મહિના સવા મહિના પછી મોટાને એ જ રોગ લાગુ

પડ્યો. કોઈ જાતનું આવી પડવાનું નિમિત્ત નહિ અને એ જ જગ્યાએ. એ તાદાત્મ્યભાવને લીધે મોટાને તેમ થયું. આમાં કશું લેવાની ખાતર હોતું નથી. એમાં લેવાપણું નથી. સહજભાવે આવે. રાણી રાસમણિનાં પુત્રી જગદંબાને જલંધરનો વ્યાધિ થયેલો. પેટમાં પાણી ભરાયેલું. તેમના પતિ મથુરાબાબુએ રામકૃષ્ણદેવને વિનંતી કરી કે 'આ ઝટ મટાડી દોને'. તો રામકૃષ્ણદેવ કહે, 'મારામાં કંઈ શક્તિ નથી. મટવાનું હશે તો મટી જશે. મારામાં આવશે અને એને મટશે.' પછી જગદંબાને મટી ગયું ખરું અને રામકૃષ્ણ પરમહંસને એ રોગ લાગુ પડ્યો અને લાંબો સમય રહ્યો.

મારા મામા-હસમુખભાઈના પિતાને જલંધર થયેલું. મૃત્યુની અણી ઉપર હતા. ડૉક્ટરોએ આશા છોડી દીધી. ડૉક્ટરો, વૈદ્યો છૂટી પડ્યા હતા.

હસમુખભાઈએ અશ્રુ સાથે કહ્યું, 'મોટા, મેં કોઈ દિવસ તમારી પાસે કશું માગ્યું નથી. તમે મારા પિતાને મટાડી દો.'

તો મોટા કહે, 'જો ભાઈલા, મારી પાસે એવી શક્તિ નથી કે હું બચાવું, પણ જો ઈશ્વરને માન્ય હશે કે એમને બચવાનું જ છે તો મટી જશે.' પછી મોટાને જલંધરનો રોગ લાગુ થયો અને એની હાલાકી ઘણો લાંબો સમય ભોગવવી પડી.

એવી રીતે ૧૯૪૫માં અમે હિમાલય ગયાં હતાં ત્યારે મારા પુત્ર સિદ્ધાર્થને ઝાડા થયા હતા. એ વખતે હું તો મોટા સાથે નવો સવો જોડાયેલો. મેં કહ્યું, 'મોટા, મટાડી દોને. આપણી આ મુશ્કેલી ટળી જાય.' તેઓ બોલ્યા, 'ઈશ્વરની ઈચ્છા હશે તેમ થશે.' અને એમને ઝાડા થયા અને સિદ્ધાર્થને ઝાડા મટી ગયા અને અમારી યાત્રા શરૂ થઈ. દિવસમાં ત્રણચાર વાર મોટાને શૌચ જવું પડે. હિમાલયમાં પગપાળા ફરીને પપમે દિવસે પાછા દેવપ્રયાગ

આવ્યા ત્યારે સિદ્ધાર્થને ઝાડા શરૂ થયા અને એમને બંધ થયા. તે તાદાત્મ્યને કારણે બન્યું. એમને પછી તો તાદાત્મ્યને કારણે પણ સહેવાનું રહ્યું નહિ. એની મેળે આપોઆપ એમનામાંથી પસાર થઈ જાય. ઘણાના એવા રોગો જતા રહે. સામાને તો ઘણી વાર પાછળથી ખબર પડે. મોટામાં આવી જાય, પછી એમાંથી પસાર થવા માંડે. એ સ્થિતિમાંથી પણ આગળ વધતાં વધતાં પસાર થઈ જાય અને કોઈને ખબર પણ ના પડે. આ એક અનંત યાત્રા છે. અનંત વિકાસ છે. વિજ્ઞાનનો અનંત વિકાસ છે, તેમ અધ્યાત્મનો પણ અનંત વિકાસ છે. માણસ આગળ ને આગળ પ્રગતિ કરતો જાય છે. જેમ શ્રીઅરવિંદોનું એક જાતનું મંતવ્ય છે તેમ તેને મળતું આ છે. મુક્તિની સાધના મુક્તાત્મા થયા પછી પણ ચાલુ જ રહેતી હોય છે. પ્રગતિ અખંડિત ચાલુ રહેતી હોય છે.

**[૨૩]**

જેનો સાથ લીધો તેનો સાથ મૂકવાનો નહિ. ચોર હોય, લબાડ હોય, જૂઠો હોય, જે હોય તે. નોકર ચોરી કરતાં પકડાયો. સ્પષ્ટ પુરાવા મળ્યા. ચોરાઈ ગયેલો માલ પાછો લાવીને મોટાને બતાવ્યો.

'ભલે ચોર્યું. એને તક આપો. આપણે એમને રાખો.' એને રાખ્યો. ઘણાં બધાં વર્ષો સુધી અમારી સાથે રહ્યો. આશ્રમની ચાંદીની વસ્તુ ટ્રંકમાંથી લઈને એ વેચવા ગયો અને જેને વેચવા ગયો એ અમારા ઓળખીતા નીકળ્યા. એટલે એમણે કહ્યું, 'આ તમારું વેચવા આવ્યું છે. છતાં કોઈને કાઢવાની વાત નહિ. એક નોકર ડોસી હતાં. એનાથી બિલકુલ કામ થાય નહિ એવી સ્થિતિ થઈ ગઈ, પણ બદલવાની વાત નહિ. મોટા કહે, 'હાથે કરી લો. નોકર બદલવાની વાત નહિ.' એ ડોસીમાં જીવ્યાં ત્યાં સુધી રહ્યાં.

એટલે એવી રીતે કોઈને સાથે લો તો તેને છોડો નહિ. સુધરવાની તક આપો.

મોટા, કોઈનો પણ સાથ ના છોડે તો આપણા જેવાને એમણે જ પકડ્યા હોય. આપણે કાંઈ પકડાવા ગયા ન હતા. એને કેમ છોડે ? એકવાર સાથ લીધો તે લીધો. એ કહેતા હતા કે લીધેલાનો સાથ છોડવાનો નથી. આવાં પ્રત્યક્ષ દૃષ્ટાંતો ઉપરથી ખબર પડી કે સૂક્ષ્મમાં અને વહેવારમાં પણ એમણે કોઈને છોડ્યાં નથી. કેટલાંકે તો ગાળો ભાંડી છે. એક બહેને મોટાના એક અનુયાયી આગળ ના કહેવાય એવું મોટા વિશે કહ્યું. તોય તે બહેન પ્રત્યે એટલો જ ભાવ રાખ્યો. પરિણામે ફરી પાછી એ બહેન ફરી ફરીને એમની પાસે જ આવી અને એમની ભક્ત બની.

મુક્તોના ઉદાર વર્તનનો એક દાખલો શ્રીઉપાસની બાબાનો છે. તેમની સેવા કરનાર બહેને શ્રીઉપાસની બાબાને ઝેર આપેલું. દુર્ગાબાઈ એનું નામ. શ્રીઉપાસની બાબાએ ગોદાવરી માને શિષ્યા તરીકે રાખેલાં. દુર્ગાબાઈ બધું કરતાં કારવતાં હતાં. બાબાએ ગોદાવરી માને ગાદી સોંપવાનું મનથી નક્કી કરેલું. આ દુર્ગાબાઈને ડંખ્યું. તેમની ઇચ્છા તેમના દીકરાને બાબા ગાદી સોંપે તેમ હતી. તે અફળ જતી જોઈ. એ તેને ના ગમ્યું. એટલે ઝેર આપ્યું. શ્રીઉપાસની બાબા તો બધું જાણે. છતાં શ્રીઉપાસની બાબાએ છેક સુધી એને જાળવી. પછી એ બાબાના સ્થાનેથી છૂટી થઈ ગઈ. દુશ્મનોએ દુર્ગાબાઈને ચડાવી. કોર્ટમાં કેસ મંડાવ્યો.

'બાબા, આ છોકરીઓ જે રાખે છે તેની પાસે યજ્ઞો કરાવે છે, પણ તેમની સાથે વ્યભિચાર કરે છે.' કોર્ટમાં એવો કેસ માંડ્યો. કેસ ચાલ્યો. બાબાના ભક્તોએ બાબા કચેરીમાં જાતે હાજર ના થાય તેવી પેરવી કરેલી પણ બાબાએ કહ્યું, 'હું કોર્ટમાં હાજર

રહીશ. જે થવાનું હોય તે થાય.' પેલી બાઈ હારી ગઈ. આવું બધું હતું છતાં દર મહિને એને ગામ એને પેન્શન મોકલતા. ગામડે રહીને એનો નિભાવ કરે તેવી રીતે. જ્યારે તે બાઈ ગુજરી ગઈ ત્યારે તેની અંત્યેષ્ટિ કરવા બીજા ભક્તોનો સખત વિરોધ હોવા છતાં બાબા તો બાઈને ગામ એકલા ગયા અને અંત્યેષ્ટિ તેમણે પોતે કરી. બાબાના આ કાર્યનો ઘણા ભક્તોએ વિરોધ કરેલો ત્યારે બાબાએ તેમને કહ્યું, 'એણે મારી કેટલી બધી સેવા કરી છે, તે તમો જાણો છો ?'

તમે તો આ ઝેર આપ્યું એ જ જાણ્યું. આ પાછળથી પણ હેરાન કર્યો તે જાણ્યું. એણે મારી ઘણી સેવા કરી છે, તે જાણો છો ? જ્યારે હું પીરસેલી થાળી પડતી મૂકીને જંગલમાં દોડ્યો જતો ત્યારે દુર્ગાબાઈએ મારી પાછળ ભટકી મરીને મારી સંભાળ વર્ષો સુધી રાખી. એ જોવા તમે કોઈ આવ્યા હતા ? એ કેમ ભુલાય ?'

મુક્તાત્માઓને માટે આ બધું બહુ સહજ છે. આપણને અશક્ય લાગે, પણ એમના માટે આ બધું બહુ સહજ છે.

તાદાત્મ્યનો મને એક બીજો કિસ્સો યાદ આવે છે. અમે એક યજમાનને ત્યાં ઊતરેલા. પતિપત્ની વચ્ચે ઝઘડો થયો ત્યારે પતિએ પત્નીને નેતરની સોટીથી ફટકા માર્યા. પત્નીને પાછળ સોળ ઊઠ્યા. મોટાને પણ એવો સોળ ઊઠ્યો. સવારમાં પેલા ભાઈ મોટા પાસે આવ્યા.

મોટા કહે, 'જોને ભાઈલા, મને બરડે આ બધું શું થયું છે ?'

'આ તો સોળ છે. સોળ શાથી થયા ?'

'એ તું જ સમજી શકશે.'

એ સમજી ગયો. એને ખૂબ લાગી આવ્યું.

એણે કહ્યું, 'કોઈ દિવસ મારી પત્ની સાથે આવો ક્રૂર વહેવાર નહિ કરું. હાથ નહિ ઉપાડું. નહિ તો મારા હાથને ડામ

દેજો.' એટલો બધો દંપતી ઉપર મોટાને ભાવ હતો. એ બંનેની આંખો ઉઘાડી.

**[૨૪]**

૧૯૪૨માં જીવણલાલ ઍલ્યુમિનિયમવાળા સુખી ગૃહસ્થને ત્યાં ગુજરાત હરિજન સેવક સંઘને માટે ફાળો ઉઘરાવવા ગયા. તે વેળા એમને ત્યાં સ્વામી આનંદ બેઠેલા. સ્વામી આનંદને કંઈ આવેશ આવી ગયો અને કહે, 'તમે બધા શું હાલી નીકળ્યા છો ? અત્યારે તો જેલમાં જવાનું હોય કે આમ પૈસા ઉઘરાવવા માટે રખડવાનું હોય ? આ બધું છોડી દો.' ખૂબ આકરા થઈને બોલ્યા. જીવણલાલ તથા મોટા સાંભળી રહ્યા. કશું બોલ્યા નહિ. નમસ્તે કરીને નીકળી ગયા. ઘેર આવીને એમણે એક કાવ્ય લખ્યું. **'એ શક્તિનાં સહુ રમકડાં આપણે તો બિચારાં'** આ કાવ્ય **'પુનિત પ્રેમગાથા'**માં છપાયું છે. આ કાવ્ય લખીને મને કહે, 'આ સ્વામી આનંદને મોકલી આપો.' મેં મોકલી આપ્યું. સ્વામી આનંદની પણ એટલી મહત્તા કહેવાય. તેમની ભૂલનો એમણે સ્વીકાર કર્યો અને એમણે કહ્યું, 'મારી ભૂલ થઈ. તમે મારું ધ્યાન દોર્યું.' સ્વીકારનો કાગળ પણ મારી પાસે હતો. એ મોટા માણસોની મહાનતા છે. ભૂલ થાય તોપણ કબૂલ કરવાની પણ હિંમત જોઈએ. મોટાએ એક અક્ષર પણ સ્વામી આનંદના આવા વર્તન વિશે ઉચ્ચાર્યો ન હતો, પણ ઊલટપક્ષે બોલેલા કે 'એમણે તો દેશભાવની ભાવનાથી કહ્યું હતું. મારે શા માટે માઠું લગાડવું ?'

બૅંકર અમદાવાદમાં અંબાલાલ શેઠના મકાનમાં શંકરલાલ, અનસૂયાબહેનની સાથે રહે. મોટાનાં કાવ્યોનું પુસ્તક **'કર્મગાથા'** 'સસ્તું સાહિત્ય'માં છપાયેલું અને સસ્તું સાહિત્ય કાર્યાલયના કર્તાહર્તા મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી મનુ સૂબેદાર આ 'કર્મગાથા'ના વાંચનથી આકર્ષાયેલા. એકવાર અમદાવાદ

આવેલ અને બૅકર સાહેબને બંગલે ઊતરેલા. બૅકરને સૂબેદારે મોટાને સાબરમતી આશ્રમે મળવા જવાની ઇચ્છા દર્શાવી. અને બીજા મહાશયો સાબરમતી આશ્રમે મળવા આવ્યા.

પછી જ્યારે જ્યારે અમદાવાદ આવે ત્યારે ત્યારે મોટાને બૅકરના બંગલે મળવા બોલાવતા. તેમને અંગત ભાવ ઉત્પન્ન થયો. બૅકર સાહેબે પોતાના લોટસ ટ્રસ્ટમાં ઠરાવ કર્યો 'જ્યાં સુધી ચૂનીલાલ ભગત જીવે ત્યાં સુધી એમને ટ્રસ્ટમાંથી દર મહિને (સો) રૂ.૧૦૦/- (આજના રૂ.૧૦,૦૦૦/- ગણાય) આપવા. ૧૯૪૫ની સાલની આ વાત છે. ઠરાવ કરીને એમના ટ્રસ્ટમાંથી દર મહિને પૈસા આપવા માંડ્યા. ત્રણેક વર્ષ તો આ ચાલ્યું.

અમે મુંબઈ જઈએ ત્યારે સાંજના તેમના ગૃહે નાસ્તા માટે બોલાવે. તે વખતે કાર મોકલી આપે. કાર મૂકવા પણ આવે. એકવાર ગાડી આવી અને અમે ગયા. પાછા ફરતાં મારા મોટા ભાઈની મસ્જિદ બંદર ઉપર દુકાન છે ત્યાં એમને ઉતારવા ગયા. ત્યાં ખટારા ખૂબ આવતા હોય. એ દિવસે ડ્રાઇવરની સરતચૂક થઈ ગઈ કે ખટારાની સાથે એમની ગાડી અથડાઈ અને ગાડીને ગોબો પડ્યો.

ડ્રાઇવરે પોતાનો બચાવ કરવા માટે શેઠને કહ્યું, 'મોટા, મને છેક દુકાન સુધી અંદર લઈ ગયા. મેં તો કહ્યું કે રસ્તાને નાકે છોડી દઉં, છતાં છેક દુકાન સુધી લઈ ગયા તે આવું બધું થયું'.

એટલે શ્રી મનુ સૂબેદાર અકળાઈ ગયા. મોટા માણસોને ગાડીની અપકીપ માટે ખૂબ આગ્રહો હોય છે. બધું સહન કરી લે પણ ગાડીને કોઈ ઈજા કરે કે બારણું જોરથી વાસે તો એમને એ ખટકે. એમણે તરત ફોન કર્યો. અમે ત્યાં બેઠા હતા. અમારા મોટા ભાઈએ વાડીભાઈને ફોન ઉપર બોલાવ્યા. 'વાડીભાઈ, તમે દુકાન આવી સંકડાશ અને ગીચ વસ્તીવાળી જગ્યાએ કેમ

રાખી છે ? મારી ગાડીને નુકસાન કર્યું ?' એવું આવેશમાં બોલ્યા. તે મોટાથી ફોનમાં થોડા થોડા અક્ષરો સંભળાયા. વાડીભાઈએ ફોન મૂકી દીધો.

પછી મોટા કહે, 'શું છે, ભાઈ ?'

વાડીભાઈએ વાત કરી, 'મોટા, આમ કહ્યું.'

બીજા દિવસે અમે ટ્રેનમાં કુંભકોણમ્ જતા હતા. ટ્રેનમાં મને કહે, 'સૂબેદાર સાહેબને કાગળ લખો. રૂબરૂ સાંભળે એની અસર ના થાય. લખાણ વાંચશે. લખાણ એકથી બે વાર વાંચશે. એની અસર સારી થશે.'

એમને કોઈ વાર કોઈને કંઈ ઠપકો દેવો હોય કે જે કહેવું હોય તે મોઢે કશું ના કહે. બે દિવસ રહીને કાગળમાં લખે. કાગળ મેળવનાર વ્યક્તિ કાગળ બેત્રણ વાર વાંચે ત્યારે રોષ ઊતરી ગયો હોય. આપણે તરત ને તરત કહીએ તો રોષ પણ હોય અને આપણે કહીએ તેની અસર ના થાય. ટ્રેનમાં કાગળ લખાવ્યો. અને પછી પોસ્ટ કર્યો.

મેં કહ્યું, 'આ બહુ કડક લખાણ છે.'

'મારું શું બગડી ગયું ? જો સમજુ હશે તો ટકી જશે, નહિ તો છોડી દેશે. એમાં આપણને શું નુકસાન છે ?'

કાગળ વાંચીને મનમાં દુઃખ તો ખૂબ લાગ્યું હશે. સમસમી ગયા હશે. કાગળ લખ્યા બાદ એક મહિના પછી અમે કુંભકોણમ્‌થી મુંબઈ આવ્યા. સૂબેદાર સાહેબને ફોન કર્યો. એમણે ફોનમાં કહ્યું, 'મોટા, તમારે અમારી સાથે થાણા આવવાનું છે. શ્રીગોદડિયા મહારાજને મળવા. શ્રીગોદડિયા મહારાજ તમારા પણ ગુરુ થાય છે. તમે એમને ઘણી વાર યાદ પણ કરો. અને મારે કંપની જોઈએ છે. એટલે તમે મારી સાથે ચાલો.' મોટા, શ્રીગોદડિયા મહારાજને એમના ગુરુ ગણતા હતા. મોટા કહે, 'સાહેબ, આવું તો ખરો પણ

મારી પાસે સમય નથી. મારે ટિકિટો રિઝર્વ થઈ ગઈ છે. આ વૉર ટાઈમ છે. (સેકંડ વર્લ્ડ વૉર) ટિકિટો મળતી નથી. મહાપરાણે સવારના સાત વાગ્યાની ટિકિટ મળી છે. હવે પછી ક્યારેક પાછું રિઝર્વેશન મળે અને મારે એક જણને ત્યાં જવાની એપોઈન્ટમેન્ટ છે. એટલે આ વખતે તો નહિ બને. આજે મારાથી નહિ અવાય.' ગાડીમાંથી લખાયેલા કાગળની અસર તો તાજી હતી જ અને મહિનામાં પાછા ફર્યા અને આ થયું. એટલે સૂબેદારનું મન ઢીલું પડી ગયું. એમણે વળતો જવાબ થોડા વખત પછી જણાવ્યો કે 'મારા ટ્રસ્ટમાંથી તમોને પ્રતિમાસે મળતી રૂ.૧૦૦/-ની રકમ (આજના રૂ.૧૦,૦૦૦/-) હવે બંધ થાય છે.'

કાગળ વાંચીને મોટા કહે, 'ભલું થયું ભાંગી જંજાળ. આપણે કહેવા તો ગયા ન હતા કે આપો. એમણે પોતે જ શરૂ કર્યા અને પોતે જ બંધ કર્યા.' આવું પણ કોઈક વાર બનતું પણ ખરું.

પછી મને કહે, 'જુઓ, એની સામે તમારા મામાનો દાખલો લો. મામાને તો શરૂ શરૂમાં મારા પ્રત્યે કેટલો બધો વિરોધ હતો. તમે તે જાણો છો.' મામા વેજિટેબલ ઘી ખાતા. એ કહે, 'સાચું આવે તેમાંય ૨૫% તો વેજિટેબલ ઘી તો આવે જ છે. તો પછી શા માટે વેજિટેબલ ઘી ના ખાવું ? ખોટા પૈસા ખર્ચવા !' ઘરમાં વેજિટેબલ ઘીનો શીરો બને. મહેમાન આવે તેમને માટે પણ એનાથી બનાવેલું ભાથું બંધાવી આપે. મામા સાથે સંબંધ થયા પછીની આ વાત છે. અમારે ત્રિચિથી મુંબઈની ગાડી પકડવાની હતી. હું સાથે હતો. ત્રિચિથી ભાથું બંધાવેલું.

અમે ટ્રેનમાં જમવા બેઠા. મોટા કહે, 'મારે આ વેજિટેબલ ઘીનું નહિ ચાલે.' મામાએ મોહનથાળ કરીને આપ્યો હતો.

ટ્રેનમાં તરત કાગળ લખ્યો. 'મુરબ્બી મામા, ભલે તમે વેજિટેબલ ઘી વાપરો. તમારી સમજણથી બધું બરાબર હશે,

પણ મને વેજિટેબલ પચતું નથી. હવે, કૃપા કરીને મને વેજિટેબલનું ભાથું આપશો નહિ. નહિ આપો તો ચાલશે. મને માઠું નહિ લાગે અને આપો તો ચોખ્ખા ઘીનું જ આપશો અને થોડા હકથી બીજી એક વિનંતી કરું છું કે મહેમાનો આવે ત્યારે તો વેજિટેબલ ઘી ના વાપરશો. તમારે એકલાને જે ખાવું હોય તે ખાજો. મહેમાન આવે તો ચોખ્ખા ઘીની જ રસોઈ બનાવવી. પૂરી પણ એમાં તળવી. મીઠાઈ પણ એમાં. બધું એમાં બનાવવું. તમને પોસાય એવું છે ! 'અતિથિ દેવો ભવ' લોકો ઘણી વખત એમ કહે છેને કે 'દેહને એ દેવને.' આપણે તેમાં મર્યાદા સમજવાની છે. મહેરબાની કરીને મારી આ વાત સ્વીકારજો.' તે જ દિવસથી વેજિટેબલ ઘી મામાના ઘરમાંથી સમૂળગું ગયું તે ગયું.

મામાએ મોટાની વાત પચાવી. ભલે ઝાઝો સત્સંગ કર્યો ન હતો, જ્યારે સૂબેદાર સાહેબ શ્રીગોદડિયા મહારાજના તથા ઘણા સાધુસંતોના સત્સંગમાં હતા, પણ 'મોટાઈનો' અહમ્. એ મોટા અર્થશાસ્ત્રી હતા. લાખો રૂપિયાનાં દાનનાં ટ્રસ્ટો કરેલાં. (લાખો તે વેળાના-આજના તો કરોડો).

**[૨૫]**

પૂજ્ય મોટાએ કરવાની ખાતર કોઈ દિવસ ચમત્કારો કર્યા નથી. નિમિત્ત આવે અને આપોઆપ થઈ જાય તો થવા દેતા. તેનાં ઢોલ પણ પીટ્યાં નથી. મને અને ચમત્કારને આગવું વેર. મને તો કહે, 'ચમત્કારોથી તમને તો કશો ફાયદો થશે નહિ. આ બધું તમારા માથા ઉપરથી વહી જશે.' એક ચમત્કાર અનુભવ્યો. એમણે મારો નિર્ણય બદલી નાખ્યો. દેહત્યાગ વખતે તો મારા મનની સંકલ્પની નક્કર ભૂમિકા હતી. મારે કુંભકોણમ્ આશ્રમમાં જઈને રહેવું છે. એમણે પણ ના ન કહી અને જેમ ઠીક લાગે તેમ

કરજો તેમ કહ્યા કર્યું. છેલ્લી ઘડીએ તેમણે મને બોલાવ્યો. તે વખતે હું બહુ લાગણીવશ થઈ ગયો. (આમ, સ્વાભાવિક રીતે મારા સ્વભાવમાં લાગણીવશ થવાતું નથી, પણ થયો.) એ વખતે મેં કહ્યું, 'મોટા, હું, કુંભકોણમ્ આશ્રમે નહિ જઉં અને મારી શક્તિ હશે ત્યાં સુધી હું, ગુજરાતમાં આશ્રમમાં રહીને સેવા કરીશ. એ પણ એમણે સાંભળી લીધું.' મોં ઉપર આમેય ચિહ્ન નહિ અને તેમ પણ કશું ચિહ્ન નહિ, પણ મને મનમાં થયું કે જે થયું તે સારું થયું. જેથી કરીને એમના મનમાં આશ્રમ વિશે સગડગ જે હતી તે દૂર થઈ. મારા મનની પકડ તૂટી.

મેં મોટાને કહેલું કે 'તમારા ગયા પછી એકાદ વર્ષમાં બધું સમેટીને જે કરવાનું હશે તે ઘટતું કરીને હું, કુંભકોણમ્ આશ્રમે ચાલ્યો જઈશ. તમને જો આશ્રમનો મોહ નથી, તમે સ્વેચ્છાએ દેહ છોડી દો છો, તો મારે શા માટે મોહ રાખવો ?' આ આશ્રમ કંઈ મારું સર્જન નથી. કુંભકોણમ્ આશ્રમે જવાનું મને વધારે અનુકૂળ છે, પણ એમનામાં એવી શક્તિ હતી કે છેલ્લી ઘડીએ તે તમારા નિર્ણયને ફેરવાવી શકે. એ મોટો ચમત્કાર છે.

**[૨૬]**

એમની એક બીજી ખાસિયત છે કે આખું કોળું શાકમાં ગબડી જાય તોપણ બોલે નહિ. બીજાને ત્યાં જમવા જાય તો ગમે તેવું થયું હોય, ઊતરી ગયેલું કોઈ વખત ભૂલથી પિરસાઈ ગયું હોય તોપણ ખાઈ લે. (એમની સ્વાદવૃત્તિ તો બહુ સતેજ હતી. હાથમાં લે અને ખબર પડી જાય કે આ બગડી ગયેલું છે. છતાં પણ ખાઈ લે.) જ્યારે સાધકને મઠારવાનો હોય તો ત્યાં રજમાત્ર ચલાવી ના લે.

એમની અનાગ્રહવૃત્તિ કેટલી બધી ! કુંભકોણમ્ આશ્રમના ઓરડાઓ કરવાના પૈસા મોટાના હતા. ફક્ત મૅનેજમેન્ટ

ગોપાલદાસ મામાની. એમણે કહીને આપેલું કે આ પ્રમાણે કરવાનું છે. મામા ઘણા કરકસરિયા હતા. એમણે રસોડામાંથી બીજા ઓરડામાં જવા માટે બે ફૂટની પહોળી પ્લીન્થની પગથી કરાવી. રાત્રે જો પગ જરા આડો પડ્યો તો તમે ત્રણ ફૂટ ઉપરથી નીચે પડો. પગથી પણ પહોળી કરાવે નહિ. શી જરૂર છે ? ચાલતા જવા માટે આટલી બધી પહોળાઈની શી જરૂર છે ? સાત ફૂટ ઊંચે મેડા ઉપર જવા માટે સીડી કરાવી તો કોઈ વધુ જાડું માણસ હોય તો ચડી ના શકે. દોઢ ફૂટ કે બે ફૂટ પરાણે પહોળી હશે ! આટલી બધી કરકસર ! પણ મોટા તો તાલ જોયા કરે.

મેં કહ્યું, 'મોટા, તમે મામાને કંઈ કહોને.'

તો કહે, 'ના, એકવાર એમને સોંપી દીધા પછી હું વચ્ચે દખલ નથી કરતો. સોંપતા પહેલાં મારે વિચારવું જોઈતું હતું. હું જાણતો હતો કે એમની પ્રકૃતિ આવી છે. એ આ પ્રમાણે કરવાના. એમને મારો પ્લાન આપી દીધો. પછી એમને સોંપ્યા પછી હું હાજર ના હોત તો શું કરત ? આ તો સદ્ભાગ્યે હાજર છું. ના હોત તો ? જેમ થાય તેમ થવા દેવાનું. પાછળથી જે દુઃખ પડે તે પ્રેમથી ભોગવી લેવાનું. વચ્ચે દખલગીરી નહિ કરવાની.'

આ એમની ખાસિયત હતી.

અમારા મિત્ર રમાકાંતભાઈ જોશી, મારી ઘણી બધી વસ્તુઓ લાવી આપે. હું ખરીદવા માટે સાબરમતી આશ્રમમાંથી બહાર ના જઉં. તે વેળા મોટા, મારી સાથે રહે. મારે ડઝન કપરકાબી લાવવાનાં હતાં. મેં રમાકાંતભાઈને સોંપ્યું. રમાકાંતભાઈ લઈ આવ્યા. એક બે પ્યાલામાં તળીએ અણીદાર કણીઓ રહી ગયેલી. સાફ કરતી વખતે તે વાગે. થાનના દેશી મંગાવેલા. ૧૯૪૭-૧૯૪૮ની વાત કરું છું. મેં કહ્યું, 'રમાકાંતભાઈ, આ બરાબર નથી. બદલાવી લાવો.'

એટલે મોટા, મારા ઉપર એકદમ ગુસ્સે થઈ ગયા. 'બરાબર નથી તો જાતે જોઈને લઈ આવો. એને સોંપ્યા પછી તે જે લાવ્યો તે તદ્દન બરાબર. કશું બદલાવાનું નથી. ફેંકી દો. જો ના વાપરવા હોય તો. કોઈને કામ બતાવ્યા પછી વચ્ચે દખલગીરી ના કરવી.' તેમણે બનાવટી આક્રોશ કર્યો. મારા મનમાં ઠસાવવા માટે કે 'તમારી પ્રકૃતિ અઠીક છે.' તમારી ઈચ્છા મુજબ જ થવું જોઈએ. એ બરાબર નથી. તમારા વતી તમે એને મોકલ્યો. એ માણસ એની બુદ્ધિ પ્રમાણે-એની સમજણ પ્રમાણે લાવ્યો. એણે ના જોયું એ એની ભૂલ કબૂલ, પણ એથી કરીને બદલાવવા માટે ના મોકલાય. તમારો નોકર છે ? નોકરને પણ આવું ના કરાય.' ત્યારથી મેં કાનપટ્ટી પકડી કે એ વાત તદ્દન સાચી છે. ત્યાર પછી કોઈ દિવસ બજારમાંથી કોઈ વસ્તુ આવી હોય અને મનથી ના ગમતી હોય તો મેં પાછી મોકલી નથી. નુકસાન થાય, ના ફાવે, ના કામમાં આવે તોપણ ચલાવી લેવાનું, કેમ કે આ રીતે ઈશ્વરે મોકલ્યું છે.

એ પ્રમાણે એમણે કુંભકોણમ્ આશ્રમના ઓરડાઓ તૈયાર થતી વેળા આચરી બતાવીને પ્રત્યક્ષ પદાર્થપાઠ આપ્યો.

પૂજ્ય મોટા કહેતા કે'પોતાના પ્લાન પ્રમાણે ના થયું કે ના થવાનું બને તોપણ ભલે. જે થાય તે ખરું ! વચ્ચે દખલગીરી ના કરીએ. વળી, ત્યારથી શિખામણ મનમાં વસી ગઈ કે આપણે ભલે બીજા પાસે મંગાવવું, પણ જેને તમે કામ સોંપો તે તમારો પ્રતિનિધિ છે. પૈસા જાય કરે તો તમારા જાય, એના નહિ. આ સમજી લો. કોઈની સાથે મોકલવા હોય તો મોકલજો, ના મોકલવા હોય તો ના મોકલતા. મારી સાથે ઘણી વખત બહુ કઠણાઈથી વર્તતા. પૈસા મોકલવા હોય તો મોકલજો, ના મોકલવા હોય તો ના મોકલતા, પણ એને સોંપ્યા પછી પૈસા ખોવાઈ ગયા તો પૈસા

તમારા ગયા, એના નહિ. એની જવાબદારી બિલકુલ નહિ. તમારાથી જાત તે એનાથી ગયા. એમાં શું થયું ? આમ પહેલાં વિચાર કરવો.'

વળી, ત્યારથી એવી શિખામણ પ્રાપ્ત થઈ અને મનમાં વસી ગઈ કે જેને આપણે કામ સોંપીએ તે આપણો પ્રતિનિધિ છે. તેનાથી જેવું થાય તેવું આપણાથી થયું ગણીને તેને સ્વીકારી લેવું. વળી, આપણે વસ્તુ ખરીદવા માટે કે કોઈકને પહોંચાડવા માટે રકમ આપીએ અને એ માણસથી તે ખોવાઈ જાય કે તેનું ખિસ્સું કપાઈ જાય તો નાણાં તમારા જાય-એના નહિ. એ કંઈ કમિશન એજન્ટ નથી અથવા દલાલ નથી કે નાણાંની જવાબદારી તેની હોય. અને આ સમજણ અને શિખામણ મને જીવનમાં ઘણી ઘણી ઉપયોગી નીવડી છે.

❀

॥ હરિ:ૐ ॥

# ખંડ : ૨

## પ્રવાસપત્રો

### [૧]

*ઊંઝા, તા. ૧૮-૧૦-૧૯૫૯*

જત, અમો 'જીપ'માં પાલનપુરથી ડીસા આવ્યા. ડીસાનો આશ્રમ, ડીસા ગામથી અંદાજે અડધો પોણો માઈલ દૂર છે. હાલમાં તો તદ્દન એકાંતમાં છે. આજુબાજુ પ્લૉટસ્ પડ્યા છે. ભવિષ્યમાં અહીં કૉલોની થવાની શક્યતા ખરી.

રૂ.૧૦,૦૦૦/-(આજના દોઢ લાખ)નો ખર્ચ મકાન બાંધવા પાછળ થયો. કૂવો ઠીક ઠીક ઊંડો પણ ખાસ કરાવ્યો છે. એક મૌનમંદિર અને બીજું રહેવાનું મકાન. તેમાં ત્રણ ઓરડાને ફરતી કંપાઉંડની દીવાલ છે. ખૂબ સસ્તામાં અને સારું ચૂના-સિમેંટનું મકાન છે. સદ્‌ગત મણિભાઈએ અંગત દેખરેખ રાખીને અને ચીજો માગીતાગીને ભેગી કરીને, શ્રમ લઈને ઓછા ખર્ચે ઝીણવટથી અને કરકસરથી આ આશ્રમનાં મકાનો તૈયાર કર્યાં છે. ખૂબ શાંતિ લાગે તેવું સ્થળ છે. મારવાડની હદ આવી એટલે લીલોતરી તો અલબત્ત ના જ હોય.

બટાકાનો વેપાર અને ખેતી એ આ સ્થળનો એક ખાસ ઉદ્યોગ છે. કેવી રીતે બટાકાની ખેતી થાય છે તે આ વખતે જોયું. આંખોવાળા બટાકા-બીના બટાકા-ખાસ સીમલાથી આવતા હોય છે અને તે જ વાવેતરના ખપમાં આવે. એક બટાકામાં દસપંદર આંખો હોય. એટલે એક આંખ એક કકડામાં આવે તેમ સિફતથી

બટાકાના કકડા કરીને તેને નદીના ભાઠામાં રોપાય છે. રોપતાં પહેલાં ખોળનું ખાતર નાખવામાં આવે છે. ખરો ખર્ચ ખોળનો, ખાતરનો તથા મજૂરીનો થાય છે. લાખો રૂપિયાના બટાકા ડીસામાં થાય છે. માળી અને પટેલ કોમના હાથમાં આની જ ખેતી અને વેપાર છે. ઠીક ઠીક શ્રીમંત પાર્ટીઓ આ વેપારમાં છે.

અત્રે, શ્રી રાઠોડ કરીને એક ડૉક્ટર છે. તેઓ M.B.;B.S. છે. અને તેમનાં પત્ની પણ M.B.;B.S. ડૉક્ટર છે. બંને સાથે ભણતાં હતાં. શ્રી રાઠોડ સુથાર કોમના છે અને તેમનાં પત્ની જૈન છે. અમદાવાદના સુતરિયા કુટુંબના છે. બંને પ્રૅક્ટિસ કરે છે. ઘરે જીપ ગાડી છે. દવાખાનામાં એક્સ રે મશીન છે અને કામ સારું કરે છે. પ્રૅક્ટિસ સારી ચાલે છે. બંને યુવાન છે. છસાત વર્ષથી અહીં સ્થિર થયેલાં છે. સદ્‌ગત મણિભાઈ પ્રતિ આ દંપતીનો ઘણો ભાવ હતો. જોકે તેઓને બેમાંથી એકેયને આધ્યાત્મિકતા પ્રતિ અનુરાગ નથી, પણ જાહેર કામ-સેવાનો રસ છે અને પૂજ્ય પ્રતિ મણિભાઈના અંગે સદ્‌ભાવ છે.

બટાકાના વેપારીની બે મોટી પેઢીઓ આ ડીસાના આશ્રમમાં રસ દાખવે છે અને પૂજ્ય શ્રીમોટાને અત્રે આવવાનું થાય છે ત્યારે અચૂક રોજ મળવા આવે છે અને ઘરે જમવા નોતરે છે અને ચરણે રકમ પણ ધરે છે. બંને માળી કોમનાં કુટુંબો છે. ડીસામાં પ્રતિષ્ઠિત વેપારીઓ છે.

થોડાક સિંધી ભાઈઓ પણ આશ્રમે આવે છે અને ગામના પણ બીજા થોડાક લોકો આવે છે.

સુભદ્રાબહેન કરીને એક દિશાવર વણિક કોમનાં વિધવા આધેડ ઉંમરનાં એક બહેન તથા બીજાં એક બહેન જરાક મોટાં છે. તેઓ બે જણાં રોજ આશ્રમે આવે છે અને આશ્રમમાં રહેતા શ્રી બ્રહ્મચારી પરમાનંદજીની સેવામાં ઉપસ્થિત રહે છે અને

આશ્રમના ખર્ચમાં મોટો હિસ્સો સુભદ્રાબહેન આપે છે. સુભદ્રાબહેનનો પુત્ર ગામમાં કરિયાણાનો વેપાર કરે છે. આર્થિકપણે ઠીક સુખી છે, ગામલોકોની ખોટી ટીકાઓ અને નિંદાનો જરા પણ ડર રાખ્યા વિના બેધડક રોજ આશ્રમે આવે છે અને દિવસનો ઘણો મોટો ભાગ આશ્રમે રહે છે. બાઈ નીડર જણાય છે. જ્યારથી આશ્રમમાં આવવાનું થયું ત્યારથી તેના સ્વભાવમાં ઘણો સારો પલટો આવ્યો છે એમ બીજાઓ કહે છે. આશ્રમમાં આ બહેન જ અમારી ખરી રીતે યજમાન હતી અને છે.

શ્રી બ્રહ્મચારી પરમાનંદ યુ. પી. બાજુના બ્રહ્મચારી છે. ૨૫ વર્ષથી ડીસામાં એકાકીપણે રહે છે. ગામલોકોનો સારો ભાવ છે. તેઓ એકલા જ હાલ આ આશ્રમમાં રહે છે અને પૂજ્ય શ્રીમોટાનો સંપર્ક તેમને પૂજ્યનાં પુસ્તકો દ્વારા થયો અને સદ્‌ગત મણિભાઈની દ્વારા પણ આકર્ષણ થયેલું, પણ વધુ આકર્ષણ તો પુસ્તકોથી થયું છે અને પછી પૂજ્યશ્રીના શિષ્ય થયા છે. પૂજ્યશ્રીનો ફોટો આશ્રમમાં રાખેલો છે અને રોજ તેની પૂજાય કરે છે. વય અંદાજે ૪૨ હશે. નિઃસ્પૃહી, શાંત અને એકાંતપ્રિય સાધક છે. તેમણે કદી કોઈની પાસે કશું ગામમાં કે બીજે પોતાને માટે હજી સુધી કોઈ દિવસ માગ્યું નથી. નીડર પણ ગણાય. સરળ પ્રકૃતિના હશે ખરા. આ આશ્રમની હસ્તીની તેમ જ આધ્યાત્મિક વિષયની જાણ ગામલોકોમાં ઘણી જૂજ ગણાય. કેળવણી અને આર્થિક દૃષ્ટિએ આ પ્રદેશ ઘણો પછાત ગણી શકાય.

આ ગામમાં એક રજપૂત ડૉક્ટર હતા. કશું ભણેલા નહિ. ચાર ચોપડી જ ભણેલા, પણ કંપાઉંડરીના અભ્યાસના અનુભવે ધીરે ધીરે 'ડૉક્ટર' તરીકે પંકાયા અન પછી તો ઘણા અનુભવી 'ડૉક્ટર' તરીકે ગણાયા અને તેમની પ્રૅક્ટિસ સારી ચાલતી.

લાખો રૂપિયા ભેગા કરી શક્યા હોત તેવી કમાણી હતી, પણ તેમણે ગરીબોની સેવામાં તન, મન અને ધન ખર્ચે રાખેલાં, તે હતા ત્યાં સુધી કોઈ બીજા ક્વૉલિફાઇડ ડૉક્ટરે પણ આવીને સ્થિર થવાનો પ્રયાસ નહિ કરેલો. ઈંજેક્ષનોથી માંડીને ઍલૉપથી, બાયોકેમિક અને બધી જાતની દવાઓ કરતા અને આપતા.

આણંદમાં જેમ ડૉક્ટર કૂક પ્રખ્યાત થયા હતા તેમ આ પ્રદેશમાં ડૉક્ટર સીંગ પ્રખ્યાત હતા. તેમને આગળ આણનાર એક જેઠાભાઈ પટેલ કરીને સુખી ગર્ભશ્રીમંત પટેલ ખેડૂતભાઈ હતા. આ જેઠાભાઈએ પોતે ડૉક્ટરી વિષયનો અભ્યાસ કર્યો. પોતે તે જમાનામાં-પહેલાંના જમાનામાં પોતાની વાડી અને મકાનમાં હૉસ્પિટલ જેવું કાઢ્યું હતું. ઇન્ડોર દરદીઓને પણ રાખતા હતા. ખાટલા પણ રાખેલા અને બહારથી આવતા દરદીઓને પણ દવા મફત આપતા. તે કામમાં આ સીંગ ડૉક્ટર અનુભવથી પ્રવીણ થયા અને નામાંકિત બન્યા.

જેઠાભાઈ પટેલ આજે પણ હયાત છે. હાલ તો વૃદ્ધ થયા છે અને નિવૃત્ત જીવન ગાળે છે. તેમને મોટી ખેતી છે. વાડીઓ છે અને બટાકાના ખેડૂત અને વેપારી પણ છે. ખૂબ જ પરગજુ વૃદ્ધ જન છે. તેઓ દર રવિવારે સાંજે આશ્રમે આવે છે. પૂજ્યના તેઓ સારા પ્રશંસક છે. નાના જમીનદાર જેવા ગણાય. હવે જોકે ઘસાઈ ગયા છે, છતાં આર્થિકપણે ઠીક ઠીક સુખી તો છે જ. ભણેલા તો માત્ર અંગ્રેજી ત્રણચાર ચોપડીઓ જ, પણ દાક્તરી સાહિત્યનો અભ્યાસ તેમણે કર્યો અને લોકોને ઉપયોગી થવાનો પુરુષાર્થ કર્યો. તેમણે પોતાના પિતા તરફથી મળેલી પુષ્કળ સંપત્તિનો લોકોપયોગી કાર્યોમાં, દુઃખી દલિતોની સેવામાં કર્યા જ કર્યો. એટલે સુધી કે તેમનાં નિકટનાં કુટુંબીઓનો તે અંગે વિરોધ જાગ્યો અને પુત્રોએ મોટા થતાં વહીવટ હસ્તગત કર્યો અને હવે તેમને માસિક રૂ.૧૫૦/- કે

એવી અંગત રકમ ખર્ચ માટે આપવામાં આવે છે. એટલે કે હવે 'નિવૃત્ત પેન્શનર' બન્યા છે. તેમની કક્ષાની આટલી તો નાની શી રકમમાંથી પણ ધર્માદા કરવાનું ચૂકતા નથી. તે આપણા હરિઃૐ આશ્રમને, બીજી સંસ્થાઓને અને પીડિત દુઃખીજનોને મદદ કર્યે જ જાય છે. પ્રભુનું ભજન-સ્મરણાદિ ૧૬ વર્ષની ઉંમરથી તેમણે શરૂ કરેલું. અત્યારે ૭૧ વર્ષ થયાં છે. હજી પ્રમાણમાં સશક્ત છે. કુટુંબમાં પત્ની, બે પુત્રો અને બે પુત્રીઓ છે. બધાં જ થાળે પાડેલાં છે. હમણાં જ તેમણે ડીસામાં સાબરકાંઠે એક મહાદેવના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને ફરતો ચોક આદિ કરાવ્યો અને તેમાં રૂ. ૧૯,૦૦૦/- વાપર્યા. અલબત્ત, આ રકમ તેમણે પોતાનાં કુટુંબીઓ-પુત્રો, પુત્રીઓ, ભત્રીજાઓ, પિતરાઈ-ભાઈઓ આદિ પાસેથી મેળવી લીધેલી. ડીસાની આ એક અતિજાણીતી અને સન્માનનીય વ્યક્તિ છે. પૂજ્યને ચરણે અચૂક દર વખત તેઓ કંઈક ને કંઈક રકમ ધરે જ છે અને આશ્રમે મળવા આવે છે.

ડીસાથી ૧૭ માઈલ દૂર (પાલનપુરથી પણ ૧૭ માઈલ દૂર થાય છે.) દાંતીવાડા કરીને ગામ આગળ 'દાંતીવાડા' ડૅમ બંધાવવાની યોજના મુંબઈ સરકારે હાથ ધરી છે. ૭ કરોડ રૂપિયા ખર્ચવાનો અંદાજ છે. અમોને આ સ્થળે લઈ જવામાં આવેલા. 'જીપ' સિવાય આ બાજુના પ્રદેશમાં સફર થવી સરળ નથી. જીપનું મશીન હોય તો જ રેતાળ દળમાંથી, ખાડા ટેકરાઓમાંથી પસાર થઈ શકાય. હજી આ ડૅમમાં પ્રાથમિક કાર્યની શરૂઆત થઈ છે. નાનું શું નગર થવા આવ્યું છે. બેએક વર્ષમાં પૂર્ણપણે કામ શરૂ થશે ખરું. મોટાં મોટાં મશીનો-ટ્રૅક્ટરો અને રસ્તાઓ બાંધનારાં ટ્રૅક્ટરો આદિ કામ કરતાં જોયાં. સુરંગો ફોડાશે-પથ્થરો તોડાશે અને ૧૫૦ ફૂટ ઊંચી સિમેંટની દીવાલ બંધાશે.

દસથી બાર ચોરસ માઈલ વિસ્તારમાં પાણીનો સંગ્રહ થશે. આ યોજનાથી સાબરકાંઠાના પ્રદેશો કે જે સૂકા-પાણી વિનાના વેરાન જેવા છે તે લીલા-હરિયાળા થશે. લોકો મહેનતુ તો છે જ. ભૂમિ કુંવારિકા જેવી છે એટલે સારો પાક થવાનો એ નક્કી છે અને લોકોની આર્થિક સ્થિતિ પણ સુધરવાની. ડૅમ પૂરો થતાં પાંચેક વર્ષ લાગવાનાં.

ડીસાથી ૧૫ માઈલ દૂર શ્રી શંકરભાઈ સોલંકી કરીને એક હરિજનભાઈ રહે છે. શરૂમાં પટાવાળા તરીકે કામ શરૂ કરેલું, પછી ક્ષયની બીમારીથી માંદા પડ્યા. મહિનાના મહિનાઓ અને બેએક વર્ષ લગી શ્રી રાઠોડ ડૉક્ટરની સારવાર હેઠળ પ્લાસ્ટરમાં પથારીવશ પડી રહેલા. પછી સાજા થયેલા અને હાલ શ્રી રાઠોડ ડૉક્ટરની સલાહ-સૂચનથી અને મદદથી સ્વતંત્રપણે ગામડાંઓમાં દાક્તરી કામ શરૂ કર્યું છે. આયુર્વેદની પરીક્ષા પણ આપી છે. બાયોકેમિકનું પણ શીખ્યા. ઍલોપથીનું કંપાઉંડરિંગનું શીખ્યા. હાલમાં આ ત્રણેનું મિશ્રાણ કરીને ત્રણે પદ્ધતિઓનો આશ્રય લઈને દરદીઓને ટ્રીટ્મેન્ટ આપે છે. ઈન્ટ્રાવીનન્સ ઈંજેક્ષનો પણ આપે છે. ડિલિવરીના કેસો એટેન્ડ કરે છે અને ઑલરાઉંડ ડૉક્ટરનું કામ કરે છે. માસિક ૧૦૦ થી ૧૨૫ રૂપિયા સહેજે ખુશીથી કમાય છે. દાંત પણ ઈંજેક્ષન આપીને ખેંચી કાઢે છે. તે રીતે ડેન્ટિસ્ટનું પણ કામ કરે છે. માંડ ચાળીશ પચાસ રૂપિયા ડીસામાં મળતા તેને સ્થાને હજુ તો એક જ વર્ષની પ્રૅક્ટિસમાં ૧૦૦ થી ૧૨૫ રૂપિયા ચોખ્ખા કમાય છે અને ગામડાંમાં પ્રખ્યાતિ પામતા આવ્યા છે. સંસ્કૃત પણ શીખ્યા અને ભાષામાં-અલબત્ત, સરળ સંસ્કૃતમાં જે હોય છે તે આયુર્વેદની પરીક્ષા પણ આપી છે. આયુર્વેદના ગ્રંથો વાંચે છે અને દરદીઓને દવા આપે છે અને અનુભવ મેળવે જાય છે. ઘેર નાની નાની સાદી દવાઓ પણ

બનાવે છે. આમ, ગામડાંઓમાં વૈદો, દાક્તરોની કેટલી બધી તંગી છે ! અને આવાં તદ્દન ગરીબ ગામડાંઓમાંથી પણ માસિક આવી સારી કમાણી કરી શકવાની શક્યતા દાખવે છે. તે આપણા મહત્ત્વાકાંક્ષી યુવાનોને દાખલારૂપ છે. નોકરી રૂ.૫૦/-, ૬૦/-ની કે ૧૦૦/- ની કરવાને સ્થાને સ્વતંત્રપણે આમ કમાણી સાથે મોટપ પામી શકાય તેમ છે. આ સોલંકીભાઈમાં શોધખોળો કરવાની પણ કુદરતી બક્ષિસ છે, તેમ તેમની વાતોમાંથી લાગ્યું. તેઓનો પુરુષાર્થ તો છે જ. પત્રવહેવારથી પૂજ્યના સંપર્કમાં તેઓ ચારપાંચ વર્ષથી હતા. આ ભાઈની પત્ની તદ્દન અભણ હોવા છતાં અમુક પાસાંઓમાં બીજી રીતે શિક્ષિતાને પણ ટક્કર મારે તેવી છે અને તે બાઈએ પોતાના પતિની ક્ષયની લાંબી બીમારીવેળા આખા કુટુંબનું, બાળબચ્ચાંઓનું પણ જાતે મહેનત-મજૂરી કરીને ચલાવ્યું અને પતિને પ્રેરણા, મદદ અને હૂંફ આપ્યાં કરી. મધ્યમ કક્ષાની અને શ્રીમંત લોકોની પત્નીઓ આવો ત્યાગ અને શ્રમ તથા જહેમત કરે કે કેમ તે પ્રશ્ન થાય ખરો. આજે પણ બહેન પોતાનાં ઢોરોને માટે ઘાસચારો જાતે કાપવા ખેતરોમાં જાય છે. જેની હવે તેવી જાતે શ્રમ કરવાની જરૂર નથી રહી છતાં-અને પતિને બીજી નાની નાની બાબતમાં પણ સલાહ-સૂચન આપે જાય છે અને ઉપયોગી- મદદરૂપ થયે જાય છે. આ યુવાન દંપતી સમાજમાં તદ્દન નીચલી કક્ષાના હોવા છતાં આર્થિકપણે અને સામાજિક પણે ઘણાએ સામાન્ય કક્ષાના હોવા છતાં, તેઓએ જીવન જીવવામાં જે ખમીર દાખવ્યું છે, તે ભલભલાઓને પ્રેરણારૂપ અને દૃષ્ટાંતરૂપ બને તેમ છે. આ સોલંકીભાઈ શરૂથી પૂજ્ય બાપુની-ગાંધીજીની ફિલસૂફીથી રંગાયેલા. એ રીતે પૂજ્ય બાપુજીનો એ 'ફાલ' ગણાય. પૂજ્ય બાપુએ આવા કેટલાયે જીવોને કાદવમાંથી કમળની જેમ ખીલવ્યા છે.

ડીસાથી વહેલી સવારે ૪ વાગ્યે જીપમાં નીકળીને પાલનપુર આવ્યા. શ્રી મોહનભાઈ, બટાકાના વેપારી જાતે ૩-૪૫ વાગ્યે જીપ લઈને આશ્રમે આવેલા. તબિયત એટલી સારી ના હોવા છતાં તે પાલનપુર સુધી આવ્યા હતા.

ઊંઝામાં શ્રી વાસુદેવ રાવળ ડૉક્ટરને ત્યાં ઊતરેલા. તેઓ સ્ટેશને સામે લેવા આવેલા. તેઓ અમદાવાદમાં મેડિકલનું ભણતા હતા ત્યારથી પૂજ્યે તેમના જીવનમાં રસ દાખવેલો. સ્ટેશન માસ્તર શ્રી ચૂનીકાકાના (એલિસબ્રિજ) મિત્રના પુત્ર થાય. રમાકાંતભાઈના મિત્ર થાય અને એ રીતે ડૉ. રાવળ યુવાનીમાંથી પૂજ્યના સંપર્કમાં આવ્યા અને ત્યારે જીવનની પ્રેરણા પામેલા. જેનો ઉલ્લેખ તેમણે બીજાઓ આગળ અમારી સમક્ષ કરેલો. આમ, નવયુવકોના જીવનમાં પ્રેરણાપ્રદ રસ દાખવવાથી આપણે તેમનો હંમેશને માટે કદરભાવ પ્રાપ્ત કરી શકીએ છીએ. ડૉ. રાવળ આમ તો માત્ર ઍલ.સી.પી. ઍન્ડ ઍસ. ડૉક્ટર, પણ તેમની માસિક પ્રૅક્ટિસ અંદાજે રૂ. ૧૫૦૦/- ની હશે. એટલે કે વાર્ષિક રૂ.૧૮,૦૦૦/- અંદાજની છે. તેઓ દરદીઓની એટલી બધી તો કાળજી રાખતા હોય છે, કે ગમે તેવું પોતાનું અરજંટ કામ હોય તોપણ દરદીને નિશ્ચિતપણે પૂરી સ્વસ્થતાથી નિરાંતે તપાસવાના અને તેની સાથે વાતો કરવાના. સવારના ૮ થી રાતના ૧૦ સુધી અવિરતપણે કામ કરે છે. ૮ વાગ્યાથી કામે ચડે છે તે બે વાગ્યા સુધી. દવાખાનામાં દરદીઓને અવિશ્રાંતપણે તપાસ્યે જાય છે. જમવામાં પોતાનો સમય જાય અને જમવા બેઠા હોય અને દરદી ઘરે આવ્યો હોય તો તેને બેસાડી રાખવો તેમને ના પાલવે અને ઉપલક મનથી જમવું પણ ના રુચે. તેથી, એ પ્રશ્નને હલ કરવાને માટે તેમણે છેલ્લાં ૫ વર્ષથી અનાજ છોડ્યું છે. રોજ ગાયનું ૬ રતલ દૂધ લે છે અને બાફેલાં શાકભાજી

દિવસમાં એકવાર તથા જે મળે તે થોડોક ચાલુ સિઝનનો મેવો લે છે. દૂધ દિવસમાં ત્રણ જ વાર. દર ટંકે ૨ રતલ લે છે. સવારે ૮ વાગ્યે ૨ રતલ અને ૧૨ વાગ્યે કે ૧ વાગ્યે બપોરે ૨ રતલ અને ૨ રતલ સાંજે ૭ વાગ્યે. બપોરના અને સાંજના ઘરેથી દૂધનો લોટો દવાખાનામાં તેમના ટેબલ ઉપર આવીને પડ્યો હોય તે ગટગટાવી જાય. બે થી ત્રણ મિનિટ ભાગ્યે તેમાં લે. સવારના ૮ થી ૨ સુધી દરદીઓને તપાસીને ૨ થી ૪ સુધી ગામમાં વિઝિટે જાય અને ૪ થી પાછા રાતના ૯-૯ાા-૧૦ સુધી દવાખાને. સાંજે જમવા-શાકભાજી લેવા ૧૫ મિનિટ જઈ આવે. સવારે ૧૧ વાગ્યે ૧૫ મિનિટ ઘરે ડોકિયું કરી આવે. મોટર સાઈકલ રાખી છે. પહેલાં બે વાર કાર રાખેલી. એકવાર જીપ અને એકવાર 'હડસન' કાર, પણ કાર રાખીને તેને વાપરવી ક્યાં અને ક્યારે ? બૅટરી પણ 'વીક' થઈ જાય. તેવાં બધાં કારણોથી કાર કાઢી નાખીને મોટર સાઈકલ રાખી છે. વર્ષના બધા દિવસો રવિવાર સુધ્ધાં અને પર્વના દિવસોમાં પણ એકધારું કામ કરે છે. તેમનો આનંદ કામ, કામ ને કામ છે. ન તો સિનેમા કે ન તો મુસાફરીનો આનંદ. ન તો સ્પેશિયલ વિઝિટ કે ન તો કુટુંબીજનો સાથે ટોળટપ્પાં. કંપાઉંડરો પણ ત્રણચાર રાખે છે. જેથી, અઠવાડિયે એક દિવસ વારાફરતી બધાને શૉપ ઍક્ટની રૂએ રજા આપી શકાય અને સાથે સાથે પોતાનું કામ પણ ચાલુ રહી શકે. ગામમાં તેઓ ખૂબ જ 'પૉપ્યુલર' યાને પ્રિયજન થઈ પડેલા છે. બીજા ડૉક્ટરોના હિસાબે તેમને ત્યાં હંમેશાં દરદીઓની ગિરદી ચાલુ જ હોય. પ્રૅક્ટિસ શરૂ કર્યાને લગભગ ૧૭ વર્ષ થવાને આવ્યાં છે. તેઓની ઉંમર હાલ આશરે ૪૦ વર્ષની છે. પિતા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર ખાતામાં હતા. પિતા, હાલ નિવૃત્ત છે. બાજુના ઉનાવા ગામમાં તેઓનું મૂળ વતન છે અને હાલ

પિતા ત્યાં જ રહે છે. ત્યાં તેમનાં અને તેમનાં ભાઈઓનાં ઘણાં ઘરો છે અને આર્થિકપણે સુખી છે. પોતાના ધંધામાં પોતાના મહેનતાણામાં દરદી રાજીખુશીથી જે આપે તે સ્વીકારે છે. ટૂંકમાં તેમનો સમગ્ર આનંદ દરદીઓની સેવા કરવામાં આવી રહેલો છે. જેમ કોઈ વેપારીને તેનો બધો આનંદ વેપારના કામમાં પૂર્ણપણે આવી રહેલો અને સવારથી સાંજ સુધી બસ ખાઈખપૂસીને વેપારના કામમાં જ જોડાયેલો રહેતો હોય તેમ આ એક રીતે ઈષ્ટ છે અને બીજી રીતે અનિષ્ટ પણ ગણાય. લાભ અને ગેરલાભ જોડે જ છે. જીવનમાં તો સમગ્રતા આવવી જોઈએ. તે આમાં ના આવી શકે, પણ યદ્વાતદ્વા ક્ષુલ્લક આનંદની પાછળ ભમ્યા રહેવા કરતાં આવું એકાંગી અને એકાકી જીવન તો ખચીત સારું જ ગણાય. ઊંઝાથી અમો ‘જીપ’માં મહેસાણા આવ્યા. ડૉક્ટર મહેસાણા સુધી મૂકવા આવેલા અને ફર્સ્ટ ક્લાસની અમદાવાદ સુધીની અમો ચાર જણાની ટિકિટ કઢાવવાનો પણ ઘણો આગ્રહ રાખ્યો, પણ અમે તેમ  કરવા દીધું નહિ.

## [૨]

*સુરત, તા. ૫-૧૧-૧૯૫૯*

મુંબઈમાં હમણાંનું પૂજ્ય મોટાનું ઊતરવાનું શ્રી નટવરભાઈ ચિનાઈને ત્યાં થાય છે. હમણાં ૩ દિવસ અમો ત્યાં જઈ આવ્યા. શ્રી નટવરભાઈ ભાવિક અને ખૂબ પરગજુ ભાવનાવાળા છે. તેમના પુત્ર ઠાકોરભાઈ પણ સેવાભાવી છે. પુત્રવધૂ સરોજબહેન પણ માયાળુ અને મળતાવડાં સ્વભાવનાં છે. એમની નાની પુત્રી નિરૂપમાબહેન પણ એલ એલ.બી.નો અભ્યાસ કરે છે. પૂજ્યનાં પ્રશંસક છે. આમ, આખું ઘર-ઘરનાં બધાં પૂજ્ય પ્રતિ ભાવનાવાળાં છે.

આ વખતે શ્રી રમણભાઈ ચિનાઈવાળાના આમંત્રણથી વોરસોવા પણ અમે જમવા ગયા હતા. શ્રી નટવરભાઈની સાથે આવેલા શ્રી રમણભાઈ આપણે ત્યાં ત્રિચિ બેત્રણ દિવસ રહી ગયેલા છે. તેઓ અને તેમના પુત્ર બિપિનભાઈ બેઉ આપણે ત્યાંના બધાંને યાદ કરતા હતા. તમારી ખબર ભાવપૂર્વક પૂછી હતી. ચંદ્રકાંતભાઈની, હસમુખભાઈની બધાની ખબર પૂછેલી. શ્રી રમણભાઈએ જમાડીને રૂ. ૧૦૧/- પૂજ્યને અંગત વપરાશ માટે પત્ર લખીને આપેલા.

વોરસોવા શ્રી નટવરભાઈના પિતાશ્રી, જેઓ માંદા છે, તેમને મળવા પણ ગયેલા. ત્યાં શ્રી નટવરભાઈનાં (સાવકી) મા શ્રીમતી હીરાબહેન, જેઓ સદા પીળાં વસ્ત્રો પહેરે છે અને ભાગવતી જીવન ગાળે છે, અને તેમનાં વિશેની હું માનું છું કે તમો બધી માહિતી જાણતા હશો. તે કૃષ્ણની ભક્તિ કરે છે તથા તેમનું પોતાનું એક ભક્તમંડળ પણ છે. તેમણે પણ પૂજ્યને રૂ.૧૦૧/- અંગત વપરાશ માટે આપ્યા. શ્રી નટવરભાઈના નાના ભાઈ (સાવકા) શ્રી કનુભાઈ પણ પૂજ્ય પ્રતિ ઢળતા થયા છે. તેમનાં પત્ની પણ પૂજ્યશ્રી પ્રત્યે આકર્ષાયાં છે.

શ્રી નટવરભાઈનાં ફોઈ સમરથબા (પુષ્પાબહેનનાં સાસુ) એ પૂજ્યને ચકલાંની ચણના રૂ. ૧૦૦/- પોતે રૂ.૨૫/- ભરીને બાકીના રૂ.૭૫/- કુટુંબની ૭-૮ વ્યક્તિઓ પાસેથી ઉઘરાવીને આપ્યા. આમ, ચિનાઈ કુટુંબની ઘણી વ્યક્તિઓ પૂજ્ય પ્રતિ આકર્ષાતી આવેલ છે.

પુષ્પાબહેનને પગેથી હાડકું કાઢીને પાછળ કરોડરજ્જુમાં કાપો મૂકીને, ખરાબ હાડકું કાઢીને પગનું હાડકું નાખ્યું. એટલે બે ઑપરેશન એકીસાથે થયાં ગણાય. દરદ તો ઘણું થાય છતાં તેમણે હસતાં મુખે તે બધું સહન કર્યું અને ડૉક્ટર તો ઘણા તાજુબ

અને ખુશ પણ થયેલા અને બોલેલ કે મારી કારકિર્દીમાં આવા બે જ હસતાં દરદીઓ મને મળ્યા છે. હાડકાંના સ્પેશિયાલિસ્ટ સર્જન ડૉ. ધોળકિયા પાસે ઑપરેશન કરાવેલ. ડૉક્ટરનાં પત્ની પણ ડૉક્ટર છે. ઍમ.બી.;બી.ઍસ. છે અને બેઉ સાથે કામ કરે છે. પુષ્પાબહેનને પથારીમાં જ હજી તો ત્રણ માસ રહેવું પડશે, ઊઠ્યા વિના અને પછી થોડુંક ઊઠવાની રજા મળશે. એકંદરે આઠેક માસ સુધી પથારીવશ રહેવાનું થવાનું.

શ્રી નટવરભાઈએ આ બધા ખર્ચા-ઑપરેશનનો, નર્સોનો (સ્પેશિયલ)-દવાદારૂનો અને બીજો બધો-પુષ્પાબહેન પાસેથી લેવાની ના પાડી. પુષ્પાબહેનનાં સાસુએ અને દિયરોએ પણ ઑફર કરેલી, પણ શ્રી નટવરભાઈએ પોતે જ દેવાનું નક્કી કર્યું છે. અંદાજે બે થી અઢી હજાર ખર્ચ થશે અને વર્ષ સુધી તેમની સેવા કરવાની અને રહેવાનું થશે તે જુદું. અને પુષ્પાબહેનને લીધે બીજાં સગાંઓ જોવા કરવા આવે અને થોડાક દિવસ શ્રી નટવરભાઈને ત્યાં રહી જાય તે જુદું. પુષ્પાબહેનની નાની બહેન (B.A.પાસ છે.) અને હમણાં ત્રણચાર માસ સેવા માટે રાખી છે. શ્રી નટવરભાઈએ એક બાઈને આખા દિવસ માટે તેમની સેવા માટે રાખી છે. આમ, શ્રી નટવરભાઈએ ઘણો ભાવ દાખવ્યો છે. પુષ્પાબહેનના સદ્‌ગત પતિ શ્રી નટવરભાઈના ખાસ મિત્ર થાય અને ફોઈના પુત્ર પણ થાય. એ સંબંધે આ ભાવ છે.

વૃંદાવનમાં રામકૃષ્ણ મિશન ૧૨ લાખના ખર્ચે હૉસ્પિટલ બંધાવે છે, તેમાં શ્રી નટવરભાઈએ ચાર થી પાંચ લાખ ઉઘરાવી આપ્યા અને હજી તે કામ તેમનું ચાલુ છે.

પૂજ્યની અને મારી ફર્સ્ટ ક્લાસની બે ટિકિટો તેમની પાસે ટ્રંક કૉલ કરીને મુંબઈથી નડિયાદ સુધીની રિઝર્વ કરાવેલી. મેં ઘણો આગ્રહ કર્યો છતાં તેનાં નાણાં ના લીધાં. દર વખતે આમ

પૂજ્યશ્રીની ટિકિટનાં નાણાં નથી લેતા. તે ઉપરાંત, ઘરની ચીજો પણ વારંવાર અનેક પ્રકારની બંને આશ્રમો માટે આપે જ જાય છે અને અવારનવાર રોકડ નાણાકીય મદદ પણ કરે છે.

શ્રી.પી. ટી. કરીને કુંજરાવના (ખેડા જિલ્લો) એક પાટીદાર ભાઈ છે. મૅટ્રિક સુધી પણ ભણ્યા નથી. ૪૨ વર્ષની ઉંમર છે. તેમના પત્રો તમોને બુકપોસ્ટથી મોકલાવતો રહ્યો છું. તેઓ તમાકુના વેપારી છે અને તેમનો પરિચય આછો આછો પહેલાં લખી ગયો છું. તેઓ પણ પૂજ્ય પ્રતિ ખૂબ ભાવ રાખે છે. શાળા કે કૉલેજમાં ઝાઝું ભણ્યા નથી છતાં અંગ્રેજી અને ગુજરાતી બંને ભાષા ઉપર સારો કાબૂ ધરાવે છે અને all rounder છે. તેમને ત્યાં કુંજરાવ આ રવિવારે અમારે જવાનું છે.

નરોડામાં શ્રી અમૃતભાઈ પટેલ કરીને કરિયાણાના વેપારી છે. ઠીક ઠીક સાધારણ આર્થિકપણે સુખી છે. નરોડામાં તેઓએ દોઢ વર્ષથી પોતાના અલગ મકાનમાં જપમંદિરની-મૌનએકાંતની સાધના શરૂ કરી છે. પોતે પણ દર વર્ષે મૌનમાં બેસે છે અને તેમણે શરૂ કરેલ જપમંદિરમાં છેલ્લાં દોઢ વર્ષથી સતત અખંડ મૌન પણ ચાલુ છે. ૭ દિવસ માટે પણ ઘણાં બેસતાં હોય છે. ઉંમર ૪૬ છે. તદ્દન સાધારણ સ્થિતિમાંથી આપ કમાઈથી ઉપર આવ્યા છે. પોતાની નરોડાની દુકાનમાં પાંચેક બીજા ભાઈઓ કામ કરે છે. તેમનું આખું કુટુંબ સુરત આશ્રમે અમો સાથે હાલ આવેલ છે. તેમને એક પુત્રી છે. હાલ ઉંમર વર્ષ ૧૬ હશે. એકની એક જ પુત્રી છે. બીજા બે નાના પુત્રો છે. આ પુત્રીનો વિવાહ અસારવાના મુખીના (ચંદુભાઈના) દીકરા સાથે ત્રણેક વર્ષ ઉપર કરેલો. દીકરો ત્યારે પ્રીવિઅસમાં હતો. છોકરાની સંમતિ લઈને વિવાહ કરેલો. છોકરી પણ સારી છે. કોઈ જાતની ખોડખાંપણ નથી. એકાદ વર્ષ રહીને પછી છોકરાએ વિવાહ તોડવાનું કર્યું. આ વિવાહ થવાથી

જ નરોડાના શ્રી અમૃતભાઈને પૂજ્યનો પરિચય પોતાના વેવાઈ અસારવાના મુખી દ્વારા થયો. વિવાહ થતાં પહેલાં વાટાઘાટો છ માસ ચાલેલી. ત્યારે પૂજ્યનો પરિચય તેમને થયેલો અને વિવાહ થયા બાદ ઉત્તરોત્તર સંબંધ વધતો આવ્યો. પછી તો વિવાહ તૂટ્યો. છોકરાએ પોતે જ એમ કર્યું. છતાં બેઉ વેપારીઓનો સંબંધ પૂર્વવત્ આજે પણ ચાલુ છે અને છોકરો પણ શ્રી અમૃતભાઈને ઘેર કદીક જાય છે. મુખીને અને શ્રી અમૃતભાઈને તો મૈત્રીનો સંબંધ જે વિવાહથી નહિ બંધાયેલો તે આજે પણ કાયમ છે અને પૂજ્ય સાથેનો સંબંધ તો ઝડપથી વધતો આવ્યો છે. છોકરી અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં એટલે કે દસમા ધોરણમાં હાલ ભણે છે. આમ, શ્રી અમૃતભાઈ (નરોડા)ની ખાનદાની અને સ્વભાવની સજ્જનતા તેમની આ ઘટનામાંથી વર્તાઈ આવે છે.

અમદાવાદમાં નવા વર્ષના દિવસે બપોરે ટ્રેનમાં નીકળ્યા. ચાર વાગ્યે સાંજે પહોંચેલા. તે પહેલાં નડિયાદમાં ભારતભવન હોટલવાળા નગીનભાઈને ત્યાં પૂજ્ય ગયેલા અને ત્યાં બધાં તેમનાં સગાંવહાલાંઓ મળવા આવેલાં અને અંદાજે રૂ. ૨૦૦/- ભેગા થયેલા.

અમદાવાદમાં ઘણા લોકો સાબરમતી આશ્રમે આવ્યા અને બેસતા વર્ષની સાંજના અને ભાઈબીજના દિવસના મળીને રૂ.૩૦૦/- અંદાજે તેમનાં ચરણે આવેલા.

પૂજ્ય મોટા ભાઈ પ્રતિવર્ષે બેસતા વર્ષે રૂ. ૬૦૦/- આપે છે તે જુદા.

ભાઈબીજની સવારે પ્રતિવર્ષ શાંતાબહેનના હાથની રસોઈ પૂજ્ય જમે છે. બાએ અને મોટા ભાઈએ અલગ અલગ પૂજ્યની પાદપૂજા કરેલી અને આરતીઓ ઉતારેલી. સૌએ ચરણામૃત લીધેલું. મોડી રાત સુધી લોકો આવ્યા કરેલા. સુરતમાં પણ હવે

ઘણા લોકો આવતા થયા છે. બેઉ મૌનઓરડા સતતપણે મૌનાર્થીઓથી રોકાયેલા રહ્યા કર્યા છે. ૨૧ દિવસ અને ૭ દિવસ એમ બેઉ પ્રકારનાં મૌન ચાલે છે. જુદી જુદી વ્યક્તિઓ મૌનમાં બેસે છે અને તેમનાં સગાંવહાલાં અને મિત્રોની અવરજવર રહે છે અને તે દ્વારા જનતામાં આશ્રમની જાણ થતી ચાલી છે.

સુરત આશ્રમના મકાનમાં રૂ.૫૦,૦૦૦/- ખર્ચાયા છે અને હજી બીજા રૂ.૮૦૦૦/- ખર્ચ થવાનો અંદાજ છે. પૂજ્યને માટે એક અલગ ઓરડો-બાથરૂમ સાથેનો ભીખુભાઈ ખૂબ આગ્રહ કરીને પોતાના પદરના પૈસામાંથી સદ્‌ગત વિદ્યાબહેનની ઇચ્છાને માન આપીને બંધાવે છે અને બે જાજરૂ પણ બંધાવવાના છે. તેનો ખર્ચ બીજા બેત્રાણ ભાઈઓ આપનાર છે. આમ, રૂ.૬૦,૦૦૦/- સહેજે મકાન ખર્ચમાં જ થવાના અને ઘર માટેનું રાચરચીલું જુદું ભીખુભાઈના મકાનમાંથી આવી ગયું. જૂનો રેડિયો પણ હાલ તો કામમાં આવે છે. રોજ સવારે ૬-૩૦ થી ૭-૩૦ લાઉડસ્પીકરો દ્વારા ભજનો બંને મૌનમંદિરોમાં પહોંચાડવામાં આવે છે.

નડિયાદ અને સુરત બંને આશ્રમોએ બે સેવાભાવી ભાઈઓ રસોઈ અને ઘરકામ માટે મળી આવેલા છે. તે ઉપરાંત, નડિયાદમાં હેમંતભાઈ જનરલ કામ માટે અને સુરતમાં ભીખુભાઈ તેવા જનરલ કામ માટે છે તે જુદા. ભીખુભાઈના નાના ભાઈ સુરત જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ છે અને જૂના કૉંગ્રેસી કાર્યકર્તા- ઍમ.એ.; ઍલઍલ.બી. સુધી ભણેલા છે અને તેમનાં નાનાં બહેન B.A.;B.T. થયેલાં છે અને નડિયાદમાં વિઠ્ઠલ કન્યા વિદ્યાલયના સુપ્રિન્ટેન્ડન્ટ છે. કુંવારાં છે. દેશ સેવાર્થે આમ ભીખુભાઈ સુરતમાં પોતે કૉંગ્રેસી કાર્યકર્તા તરીકે અને કુટુંબની પ્રતિષ્ઠિત વ્યક્તિઓને કારણે સારી લાગવગ અને પ્રતિષ્ઠા સુરતની જનતામાં ધરાવે છે.

જેમ જેમ મૌનએકાંતમાં બેસનારાઓની સંખ્યા પ્રસરતી જશે તેમ તેમ આશ્રમની જાણકારી જનતામાં વધુ ને વધુ પ્રસરવાની ખરી. તમોએ આ સુરતનો આશ્રમ જોયો નથી. તેથી, વિગતથી તે વિશે બધું લખ્યું છે.

**[૩]**

*કુંજરાવ, તા. ૮-૧૧-૧૯૫૯*

જત, સુરતથી દરિયાકિનારે ૧૨ માઈલ દૂરના લવાછા કરીને ગામે, અમે બે દિવસ ઉપર સુરત આશ્રમેથી કારમાં ગયેલા. સુરત આશ્રમમાં કામ કરતાં શ્રી ઝીણાભાઈનું આ ગામ છે. પછાત કોમનું નાનકડું ગામ છે. સુરતની નીરો સોસાયટીમાં કામ કરનારા ઘણા ભાઈઓ આ ગામના છે. બે વિભાગમાં આ ગામ વહેંચાયેલું છે. બે વિભાગ વચ્ચે ૧ માઈલનું અંતર છે. દરિયાકિનારે પાછળ પટે આ બે વિભાગો આવેલા છે. હમણાં થયેલ અતિવૃષ્ટિને કારણે સડક ધોવાઈ ગયેલી અને વચ્ચે તૂટી પણ ગયેલી. લવાછાથી બે માઈલ દૂર સડક તૂટી ગયેલી. ત્યાં કાર અટકાવીને ચાલતાં નીકળ્યા. દરિયાનાં પાણી ખાડી દ્વારા આ વિભાગમાં ભરતીના સમયે ફરી વળતાં હોય છે. અમો દોઢ ફૂટ ઊંડા કાદવ-કીચડના કળણમાં થઈને ચીકણી લપસણી માટીમાં દઢપણે પગલાં માંડતાં માંડતાં એકમેકને ટેકવીને ચાલતાં ચાલતાં એકાદ ફર્લાંગ આવો કીચડવાળો અને લપસણો રસ્તો ખૂંદીને આગળ ચાલ્યા. જીવનમાં પ્રથમ વાર આવા કળણમાં ચાલવાનો અનુભવ મળ્યો. કળણ પૂરું થવાની જગ્યાએ લવાછા ગામેથી ચોખ્ખું પાણી પગ ધોવાને લાવવામાં આવેલું. બે ગાડાં પણ આવેલાં. એક તો રેંકડી હતી, તેમાં પૂજ્યને બેસાડ્યા. બબ્બે બળદો જોડેલા હતા. બળદો ઉપર લાલ રંગીન વસ્ત્ર ઓઢાડીને શણગારેલા. સામૈયું કરવા આવનાર નવયુવકોનો ઉત્સાહ માતો ન હતો. તેના આગેવાન યુવકભાઈ

હમણાં જ સુરત આશ્રમમાં ૭ દિવસ મૌનમાં બેસી ગયેલા. ગામને પાદરે કાંસીજોડાં અને નરઘાં-તબલાં સાથે લઈને આવેલા યુવકોએ ભજનોથી અમારો સત્કાર કર્યો અને ભજનો ગાતાં ગાતાં પૂજ્ય શ્રીમોટાને રેંકડીમાં બેસાડીને સરઘસ આકારે ગામમાં લઈ ગયા. તે આગેવાન યુવકના આંગણામાં નાનો શો માંડવો રાતોરાત હાથોહાથ ઊભો કરેલો હતો. આસોપાલવ અને હજારી ગોટાનાં અસંખ્ય ફૂલોથી તેને શણગાર્યો હતો. પૂજ્યને બેસવાની હિંડોળાખાટ શણગારી હતી. ફૂલોથી અને ગાલીચાઓથી શોભતા મંડપમાં ભજનિકો હાર્મોનિયમની પેટી અને મંજીરા સાથે બેઠા હતા અને ભજનો લલકારતા હતા. થોડાંક બહેનો, ભાઈઓ અને બાળકો આવ્યાં હતાં. બહેનોએ એક પછી એક આવીને પ્રણામ કર્યાં. કોઈકે પુષ્પોથી પૂજ્યને વધાવ્યા પણ ખરા. લોકોનો ઉત્સાહ અનેરો હતો. ભજનિકો તાનમાં હતા. ગામડાંનાં ભલાં સાદાં ભોળાં હૈયાઓ આનંદ-ઉલ્લાસથી હીંચોળાઈ રહ્યાં હતાં. સાદું પણ આકર્ષક દૃશ્ય હૈયાને હચમચાવી નાખવાને પૂરતું હતું. તે નવયુવક આગેવાનનાં ઘરનાં બૈરાંએ આરતી જેવું કર્યું. વધામણાં કર્યાં અને બધી મંડળીના લોકોને ચાપાણી પાયાં. અમો માટે કેસરિયા દૂધ આપ્યાં. પૂજ્યે અગમચેતી વાપરીને પ્રસાદનો ખર્ચ તેઓને માથે ના પડે તે માટે અગાઉથી ૧૨ ડઝન કેળાં સુરતથી સાથે મંગાવી રાખેલાં, તેમાંથી સૌને પ્રસાદ પણ અપાયો. સવારે ૪-૩૦ વાગ્યે અમો આશ્રમેથી મોટી ગાડીમાં નીકળેલા. 'વાન'માં અમો ૧૨ જણ હતા. બધા પુરુષો. ઝીણાભાઈ અને ભીખુભાઈ પણ સાથે હતા. તમાકુવાળા અને બીજા હોદ્દેદારો પણ સાથે હતા.

પૂજ્યની વિશેષતા એ હતી કે એમણે અગાઉથી તે આગેવાન યુવકને, ભીખુભાઈને અને ઝીણાભાઈ વગેરેને કહી રાખેલું કે

'આપણે બહુમાન શ્રી નરોત્તમભાઈનું જ કરવું. તેઓ તાજેતરમાં સુરત શહેર કૉંગ્રેસ કમિટીના પ્રમુખ તરીકે ચૂંટાયેલા હોઈને પણ તેમને બહુમાન દેવું.' આથી, પૂજ્યે તેમને પણ પોતાની જોડે જ હિંડોળાખાટે બેસાડ્યા હતા અને પોતાનાં દર્શને આવનાર ભાવિક બહેનો અને ભાઈઓને-પોતાને ફૂલના હાર પહેરાવવા આવનારને શ્રી નરોત્તમભાઈ પ્રતિ તેઓ વાળતા રહ્યા હતા. સૂતરના હાર પણ આવતા હતા. પૂજ્યે બધાંને કહેલું કે કૃપા કરી પૈસા ખર્ચીને ફૂલના હાર ના આણશો. હાર આણવા જ હોય તો સૂતરના હાર આણજો. જેથી, તેની ખાદી પણ વણાવી શકાય. લવાછા ગામમાં અંદાજે સવા સાત કલાક રોકાયા.

ત્યાંથી પતતાં શ્રી ઝીણાભાઈના વિભાગના લવાછા ગામે પૂજ્યનું સરઘસ કાઢીને, તેમને રેંકડીમાં બેસાડીને ભજનિકો ભજન ગાતાં ગાતાં અને મંજીરા વગાડતાં વગાડતાં 'વરઘોડા'ના સ્વરૂપમાં લઈ જવામાં આવ્યા. અમો સૌ ચાલતા હતા. શ્રી નરોત્તમભાઈ રેંકડીમાં પૂજ્યની સાથે ના જ બેઠા. તેઓ વિવેકી હતા અને છે. ગામ તદ્દન પછાત-બહેનો પણ ઘણી પછાત. કોઈ મામૂલી નેતા પણ ભાગ્યે જ આવા ગામમાં આવે અને ભાષણ કરે. લવાછાના મોટા વિભાગમાં શ્રી ઝીણાભાઈ પ્રત્યેના ભાવને કારણે શ્રી ભીખુભાઈ અને પૂજ્યે પ્રવાસ કરીને રૂ. ૫૦૦૦/- ખર્ચીને (જેમાં સરકારની ગ્રાંટ પણ અર્ધ ઉપરાંત ભાગની છે.) એક સારું મોટું શાળાનું મકાન હમણાં જ લોકલ બોર્ડની મદદ લઈને બંધાવેલું છે, જેમાં ૧૧૦ બાળકો હાલ ભણે છે. પહેલાં આ ગામનાં બાળકોને ૧ માઈલ ચાલીને જવું પડતું. ચોમાસામાં તો કાદવ થઈ જતાં બાળકોને માટે જવું જ અશક્ય બનતું, પરંતુ હવે આ શાળાનું મકાન થતાં અને શાળા ખૂલતાં ૧૧૦ જેટલાં બાળકો ભણવા આવે છે, જે બાળકો પહેલાં તે સ્થળે શાળાના

અભાવે મુદ્દલે ભણી જ શકતાં ન હતાં. આમ, પ્રત્યક્ષ નજરે ગરીબ ગામડાંની પ્રજાની અક્ષરજ્ઞાનની કેળવણીની ધગશ જોઈને આવી શાળાઓ હોવાથી અક્ષરજ્ઞાનનો પ્રચાર કરવામાં તે કેટલી બધી ઉપયોગી થઈ પડે છે તે અનુભવ્યું. ૨૫' x ૨૦' નો એક જ મોટો હૉલ બાંધેલો છે. અલબત્ત, રવેશી ૬ ફૂટની છે ખરી. આગળ આ એક જ ઓરડામાં ૧૧૦ બાળકોને ભણવાનું અને તેથી સંકડાશ જણાતાં બીજો તેવો ઓરડો બંધાવવાની તજવીજ ચાલે છે. તે માટે પૂજ્યે રૂ. ૧૬૦૦/- ઉઘરાવીને લોકલ બોર્ડને આપી પણ દીધા છે. જેથી, હવે સરકાર એટલે કે લોકલ બોર્ડ બીજા ડબલ કે તેટલાં જ નાણાં ઉમેરીને બીજો ઓરડો લગોલગ બાંધી આપશે. ગામડાંની પ્રજાને જો શિક્ષણનાં સાધનો સુલભ બનાવી આપવામાં આવે તો તેઓની નિરક્ષરતા જરૂર ટળે ખરી.

અહીં આ શાળાના આગળના નાનકડા ચોગાનમાં પ્રમાણમાં મોટો મંડપ હાથોહાથ બંધાઈ ગયો હતો. લીમડાનાં પાનથી અને થોડાંક ફૂલોથી પૂજ્યને બેસવાની બેઠકને શણગારી હતી. સફેદ દૂધ જેવી ધોયેલી સ્વચ્છ ચાદરો બિછાવી દેવામાં આવી હતી. ૬૦-૭૦ બહેનો, સો એક બાળકો અને ૫૦ પુરુષભાઈઓ સત્કારવાને હાજર હતાં. 'હરિઃૐ'ના જયનાદો વચ્ચે પૂજ્યને સત્કારવામાં આવ્યા. વિશિષ્ટ આસને બેસાડ્યા અને પછી એક પછી એક બહેન આવીને પ્રણામ કરતી ગઈ અને આનો, બે આના, ચાર આના, રૂપિયો, સવા રૂપિયો એમ ચરણે ધરાવતાં આવ્યાં. આમ, પરચૂરણ-પરચૂરણ આપણે મન નાની રકમોથી, પણ આપનારને મન તો કીમતી ધન અને મૂડી મુકાતી આવી અને તે બધું મળીને રૂ. ૧૬ થી ૧૭ અંદાજે કુલ થયા, જે મારે મન તો શહેરના રૂ.૧૭૦૦/- કરતાં પણ અનેકગણા કીમતી

ભાવવાહી હતા. અહીં આ વિભાગે પણ વિભાગના પાદરે બીજા ભજનિકો સ્વાગત માટે વિભાગના આગેવાનો સાથે આવ્યા હતા. આખા ગામનો સત્કારમાં સાથ હતો. ગામની અત્યંત ગરીબાઈ જોતાં આ ભાવભીનું જે સ્વાગત અનુભવ્યું તે મોટા શહેરના હાથીની અંબાડીવાળા અને બેઠક સાથેના 'ભવ્ય' સ્વાગત કરતાં પણ અનેકગણી રીતે ચડિયાતું અને સવિશેષતાવાળું સ્વાગત હતું. હિંદની પ્રજાના હાડમાં આધ્યાત્મિકતા કેવીક ધબકે છે ! આર્થિક દૃષ્ટિએ અને સંસ્કારની દૃષ્ટિએ પણ નીચલામાં નીચલી કક્ષાના થરના લોકોમાં પણ પ્રભુ પ્રતિના પ્રેમની કેવી ઝલક છે ! અને ખાસ કરીને બહેનોમાં કેવી બધી ભાવભીની શ્રદ્ધા ભરી પડી છે, તે જોતાં મારી આંખો તો અનેક વાર સજળ બની જતી હતી.

આટલા બધા ગરીબ ગામડામાં પ્રથમ વાર જ મારે તો આવવાનું થયું અને આ રીતના સ્વાગતમાં ભાગ લેવાનું બન્યું. મારે માટે આ એક પુનિત ભાવપ્રસંગ બની રહ્યો હતો અને એ આખુંયે સવાર હૃદયને કૂણાં ભાવવાળું રસાર્દ બનાવનારું બની રહેલું.

અહીં તો બધી જ બહેનોએ વારાફરતી પૂજ્યનું વ્યક્તિગત સ્વાગત વ્યાસપીઠ ઉપર આવીને કર્યું. કેટલીક બહેનોએ તો ઘીનું કોડિયું-દીવા સાથે કંકુ અક્ષત આદિ લઈને તે સાથે પૂજ્યનું પૂજન પણ કર્યું. આ બધા સમય દરમિયાન ભજનો ચાલુ હતાં. મંજીરાના નાદ તાલબદ્ધ સમૂહમાં ચાલુ હતા. સંસ્કૃત શહેરના સંસ્કૃત સંગીતના સૂરો જેટલા આ બરછટ ભજનો મને તો આનંદ આપતાં હતાં. કદાચ આ પ્રથમ વાર જ આવું અનુભવવાનું મને સાંપડ્યું. તેથી પણ મને એમ લાગ્યું હોય તેમ પણ બને. ગમે તેમ, આ ભલી ગ્રામીણ શોષાયેલ પ્રજાનાં ભાઈબહેનોના

ભાવભર્યા સ્વાગતે મારા દિલમાં ઊંડી છાપ પાડી. અહીં પણ પૂજ્યે પેલાં કેળાંનો પ્રસાદ વહેંચાવડાવ્યો. આ બધો કાર્યક્રમ ૧૦ વાગતાં પૂરો થયો અને ૧૦-૩૦ વાગ્યે તો શ્રી ઝીણાભાઈના મોટા ભાઈને ત્યાં અમોને જમવાનું પણ પીરસવામાં આવેલું. અગાઉથી પૂજ્યે વરદી આપી હતી કે રોટલા, ભાત અને દાળ જ માત્ર કરવાનાં. મિષ્ટાન્ન નહિ તેમ જ શાક પણ વેચાતું લાવીને કરવાનું નહિ. તદ્દન સાદી રસોઈ (આપણે મન સાદી ! પણ પૂજ્યને માટે તો એ રસોઈ પણ વિશેષતાવાળી કદાચ ગણાતી હોય તો નવાઈ નહિ.) તે પ્રમાણે જ બનાવેલી. વધારામાં તેલ નીતરતું શાક હતું. (સુરતી તો આખરે ખરા જને !) દાળને 'ડખુ' કહેવામાં આવે છે. ખૂબ જ સ્વાદિષ્ટ તે હતું. ભાત પણ ઊંચી જાતના ચોખાનો અને ઘી પણ ઉપર પીરસવામાં આવેલું. રોટલાને બદલે ભાખરી કરવામાં આવી હતી. જોકે તે લોકોનો મુખ્ય ખોરાક જુવાર અને બાજરી જ છે. ઘરને આગલા દિવસે આખુંયે લીંપી ગૂંપીને રોનકભર્યું કરવામાં આવ્યું હતું. ખૂબ શાંતિમાં શાંતિથી આનંદથી અમો પંદરેક જણ જમ્યા. શાળાના શિક્ષકભાઈ પણ જમવામાં સાથે હતા. પૂજ્યે શાળાનાં બંને વિભાગના મળીને ૧૬૦ બાળકોને મગફળી-શિંગ પ્રસાદરૂપે વહેંચવાનો પ્રબંધ પોતાના પૈસાથી જ કરાવેલો. જે શાળાના ખૂલતા દિવસે તેમ કરાશે. તેમનાં ચરણે જે રકમ ભાઈબહેનોએ બંને સ્થળે મૂકી તે રકમ શાળાના શિક્ષકને શાળાપયોગી સાધનો વસાવવાને આપી દીધી અને બીજાં પણ થોડાંક વધુ સાધનોની આવશ્યકતા હોય, તો તે ખરીદીને આંકડો મોકલી આપવા જણાવ્યું.

જમ્યા બાદ પૂજ્યે થોડોક સમય આરામ લીધો અને દોઢેક વાગતાં પાછા ફર્યા. પાછા ફરતીવેળા પ્રથમના વિભાગેથી યુવાન

આગેવાનનાં કુટુંબીઓએ પૂજ્યની બે બળદની રેંકડીને ફૂલોની કમાનોથી શણગારી. વાંસની પટ્ટીઓથી આખી રેંકડીને મથાળે છત્તાર જેવું કરીને તેના ઉપર હજારી ગોટાનાં ફૂલોથી શણગારીને તે ઉપર રંગીન ચિત્રામણવાળું મોટું ટેબલ ક્લૉથ ઓઢાડી દીધું. જેથી, માથા ઉપર પૂજ્યને તાપ ના આવે અને અંદર ફૂલોની સુવાસ રહે અને જે રીતે આવતીવેળા સ્વાગત થયું હતું તે જ રીતે વિદાયમાન ભજન, મંજીરાના નાદ સાથે આપવામાં આવ્યું અને ગામના પાદર સુધી સૌ ભજનિકો વળાવવા આવ્યા હતા.

મોટા શહેરના રોનક અને શાનદાર ભવ્ય સમારંભો, સરઘસો અને સ્વાગતોના ઠાઠમાઠ કરતાં આ સાદું અને ભાવવાહી સ્વાગત રજમાત્ર ઊતરતું મને ના લાગ્યું. તેટલો જ ભાવ, મીઠાશ અને ભવ્યતા આ સાદાઈમાં ભારોભાર ભર્યાં હતાં. ગુણશક્તિ એક જ હતી. પ્રકાર અને વ્યક્તતામાં માત્ર ફેર-બસ એટલું જ ! આવા ઉત્સવો આવાં ગામડાંની પ્રજાઓ માટે ભારે ઉત્તેજનાપ્રેરક અને ઉલ્લાસ-આનંદપ્રેરક બની રહી શકે છે. શહેરીઓને આવા પ્રસંગોથી ગ્રામીણ પ્રજાઓના સંપર્કમાં આવવાનું સદ્‌ભાગ્ય સાંપડે છે. શહેરો અને ગામડાંઓના વાતાવરણમાં હિમાલય અને તળેટી જેટલું અંતર જે આવી વસ્યું છે, તે આ રીતે કંઈક ઓછું પણ થાય તો થાય.

શ્રી ઝીણાભાઈ, સુરત આશ્રમના ખૂબ અગત્યના સાધક ભાઈ છે. પછાત કોમના છે. બહુ જ થોડું બોલે. નહિ જેવું ભણેલા હોવા છતાં અને કદાચ એ જ કારણે ખૂબ કામ કરતા અને આશ્રમને ઘરેણારૂપ થઈ પડેલા એ ભાઈ છે. એ ભાઈના પ્રેમને વશ થઈને પૂજ્ય તેમના ગામે આવેલા. પૂજ્ય હોય છે ત્યારે શ્રી ઝીણાભાઈ તો બે વાગ્યે સવારે ઊઠે છે. રાત્રે ૮ વાગ્યે સૂઈ જાય છે. કદીક ૮-૩૦ પણ થઈ જાય અને આખો દિવસ

ખડે પગે બધી જાતનાં કાર્યો કરવા તત્પર રહેલા હોય છે. રસોઈથી માંડીને પૂજ્યની અંગત સેવા, આશ્રમનું પરચૂરણ કામ, કપડાં ધોવાં અને ઑલરાઉંડરનું કામ કરે છે. ટપાલ લઈ આવવી, નાખી આવવી વગેરે કામ પણ કરે છે. પૂજ્ય ના હોય ત્યારે અંદાજે ૩ વાગ્યે ઊઠતા હશે અને બધું કામ મૂકપણે-આડંબર કે હોહા કર્યા વિના હસતાં મુખે અનેક ભાત ભાતના લોકોની વચ્ચે સૌની સાથે હળીમળીને-રીઝવીને પ્રસન્નતાપૂર્વક સેવાભાવે કાર્ય કરી રહેલા છે અને વધુ આનંદની વાત તો એ છે કે ખુદ ભીખુભાઈ આ ઝીણાભાઈ ઉપર ખૂબ ભાવ રાખે છે અને પોતાના કરતાં પણ આશ્રમને તેમની હાજરી વધુ અગત્યની હોવાનું પોતે માને છે. એટલું જ નહિ, પણ બીજાઓ આગળ આનંદપૂર્વક તેઓ તે વ્યક્ત કરે છે. નીરા સોસાયટીના કામ કરનારા અનેક ભાઈઓમાંથી ઝીણાભાઈની પસંદગી વર્ષો પહેલાં પૂજ્યે કરી હતી. આશ્રમને માટે તે પસંદગી કેટલી બધી યોગ્ય કરી છે, તે અનુભવી શકાય છે !

**[૪]**

*ડાકોર, ૧૬-૩-૧૯૬૦*

આજે બપોરે શ્રી નટવરભાઈએ નમતી બપોરે નજીકના બાળમંદિરનાં બાળકોને બોલાવ્યાં હતાં. બધાંને એક એક રૂપિયો અને મીઠાઈ તથા ચોકલેટ વહેંચ્યાં. પૂજ્યના હાથે બધાંને અપાવ્યું. ભજનો મથુરીબહેને ગવડાવ્યાં. બાળકોને ધૂન કરાવી ત્યારે શ્રી નટવરભાઈએ ઊભા થઈને મોટેથી ધૂન કરાવેલી. સાંજે મંદિરમાં સૌ ગયેલાં. શ્રીરણછોડરાયના મંદિરમાં બેસીને શ્રી નટવરભાઈએ પોતે જ ધૂન શરૂ કરાવી. ત્રીસ મિનિટ ચાલી. બીજાં બહારનાંઓ પણ જોડાયાં. પછી તો શ્રી નટવરભાઈ નાચવા લાગ્યા. પૂજ્યે પણ સાથ આપ્યો અને ઊભા થઈ સામસામા હાથોમાં હાથ મિલાવીને બેઉ નાચવા લાગ્યા.

રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ મથુરીબહેનનો પ્રોગ્રામ હતો. મેં તેમને પ્રથમ વાર શાસ્ત્રીય આલાપોને આરોહ અવરોહથી ગાતાં સાંભળ્યાં. બીજાંઓ પણ એકઠાં થયાં. તબલાં વગાડનાર હાજર હોઈ બરાબર રંગ જામેલો. ભજનો અને શાસ્ત્રીય સંગીત બંનેની ધૂન શરૂ કરાવી. તેઓનો કંઠ બુલંદ અને મીઠો છે. ધૂનની વચ્ચે તેઓ ઊભાં થઈને નાચવાં પણ લાગ્યાં. ભાવાવેશમાં આવી ગયેલાં. નાચતાં નાચતાં ધબ દઈને બેસી પડ્યાં અને 'હરિઃૐ'ની મીઠી આક્રંદભરી બૂમો મારી. પાંચ મિનિટ બાદ સ્વસ્થ થયેલાં. ખૂબ ભાવાવેશમાં હતાં.

રાત્રે ૧૦-૩૦ વાગ્યે જમણ શરૂ થયું. રાત્રે ૧૧ વાગ્યે જમી રહ્યાં. ૧૧-૩૦ વાગ્યે સૂતાં અને પાંચ વાગ્યે તો જાગી ગયાં.

આજે સવારે ૬ વાગ્યે કેસરિયા સ્નાન કરાવવા બધાં ગયાં. શ્રી નટવરભાઈ તો નાહીને ગયેલા. મારે બીજું કામ હતું તેથી હું ગયો ન હતો.

## [૫]

*ડાકોર, તા. ૨૫-૩-૧૯૬૦*

બરાબર આજથી એક અઠવાડિયા ઉપર તા.૧૮મીએ અમો-પૂજ્ય શ્રીમોટા, શ્રી પી.ટી. પટેલ અને હું નડિયાદ આશ્રમેથી-કુંજરાવ-શ્રી પી.ટી.ને ગામ જઈને બપોરના ડાકોર આવેલા. શ્રી પી.ટી. જીપકાર લઈને સવારના ૬ વાગ્યે નડિયાદ આવી ગયેલા. અમો તરત નીકળીને કુંજરાવ શ્રી પી.ટી.ના ગામ ગયા. આણંદથી ૧૦ માઈલ અંદાજે દૂર હશે અને નડિયાદથી ૨૫-૩૦ માઈલ હશે. ત્યાં અંદાજે ૮ વાગ્યે પહોંચ્યા. કુટુંબની બધી બહેનો અને ભાઈઓ પૂજ્યને પગે લાગ્યાં. હારતોરા પહેરાવ્યાં અને ફૂલ વેર્યાં અને તે બાદ ૯-૩૦ વાગ્યે અમો જમવા બેઠા. જમીને પૂજ્યે આરામ લીધો. તે બાદ જીપમાં ડાકોર જવા

નીકળ્યા. શ્રી પી.ટી. જ જીપ હાંકતા હતા. ૭૦ માઈલની ઝડપ મૂકી દીધી. તેમનાં પત્નીએ 'હરિઃૐ'ની ધૂન શરૂ કરાવેલી. ધૂનનું તાન વધતું જાય તેમ જીપની સ્પીડ પણ વધતી જાય. ભજન પણ તેમનાં પત્નીએ ગાયાં. ડાકોર એક કેળવણી સંસ્થામાં અમારો ઉતારો રખાયેલો. અને સ્પેશિયલ ટ્રેન સાંજે ૫-૩૦ વાગ્યે ઊપડવાની હતી.

સ્પેશિયલ કરવાનું સાહસ એક શ્રી વડોદિયા કરીને ચાલુ ધારાસભ્ય ખેડા જિલ્લાના વતની અને શ્રી પી.ટી.ના મિત્ર છે, તેઓએ કરેલું. તેઓની આર્થિક સ્થિતિ અતિસામાન્ય છે. કંઈક કમાણી કરવાના આશયથી આ સાહસ પ્રથમ વાર ખેડ્યું. તા. ૧૮મી એ સ્પેશિયલ ઉપાડવાનું નક્કી કરાયેલું. તા. ૩જી સુધી માંડ-પરાણે ૧૦૦ યાત્રીઓ નોંધાઈ શકેલા. ઓછામાં ઓછા ૪૨૫ યાત્રીઓ જોઈએ. તે ભાઈ ઢીલા પડી ગયેલા. શ્રી પી.ટી.એ પૂજ્ય મોટાને વાત કરી. શ્રી વડોદિયા પણ પૂજ્યને મળ્યા. પૂજ્યે જણાવ્યું કે યાત્રીઓ થઈ જશે. નિશ્ચિંત રહો. અને યાત્રીઓ વધારવાનાં વ્યાવહારિક સૂચનો પણ કર્યા અને તા.૧૪મી સુધીમાં તો બધી સંખ્યા પૂરી થઈ ગઈ અને પછી તો બીજાઓને 'ના' કહેવાની ફરજ પડી. એટલે કે પૂરેપૂરી સંખ્યા નોંધાઈ ગઈ અને બધાંનાં પૂરાં નાણાં આવી ગયાં. કાશ્મીર-દક્ષિણ હિંદ-પૂર્વ એમ ચારેબાજુની અંદાજે ૪૫ દિવસની આ યાત્રા હતી.

તા. ૧૮મીએ ૫-૩૦ વાગ્યે પૂજ્યના હસ્તે તે સ્પેશિયલ સ્ટાર્ટ કરાવાનું ગોઠવાયેલું અને તેની જાહેરાત પણ છાપીને પૅમ્ફલિટો દ્વારા કરાવાઈ ચૂકેલી. ચાંદીના હૅન્ડલવાળા લાલ અને લીલા બે વાવટાઓ શ્રી પી.ટી.એ કરાવેલા. લીલા વાવટાથી ગાડીને સ્ટાર્ટનો સિગ્નલ બરાબર ૬ વાગ્યે અપાયો હતો.

પૂજ્યને માટે બે ઘણા મોટા શાનદાર હારતોરા આવેલા. એક શ્રી પી.ટી.એ અને બીજો શ્રી વડોદિયાએ પહેરાવ્યો. શ્રી

વડોદિયા પ્લૅટફૉર્મ ઉપર પૂજ્યને પગે લાગ્યા. સ્ટેશનના પ્લૅટફૉર્મ ઉપર આરામ ખુરશીમાં પૂજ્યને બેસાડવામાં આવેલા. ૪-૪૫ વાગ્યે અમોને સ્ટેશને લાવવામાં આવેલા. માઈકની ગોઠવણી પણ હતી. શ્રી પી.ટી.એ પ્રથમ, પછી શ્રી વડોદિયાએ પૂજ્યની ઓળખાણ આપી અને પૂજ્યને બે બોલ બોલવાની વિનંતી કરવામાં આવી. પૂજ્યે પાંચ મિનિટ પ્રવચન કર્યું. સાચી યાત્રા કોને કહેવાય તે વિષય ઉપર યાત્રીઓને બોધ આપ્યો અને ઈશ્વર સ્મરણ કરવા તથા બે વખત પ્રભુધૂન કરવા વીનવ્યા. ત્યાર બાદ પૂજ્યને રેલગાડીના ગાર્ડના ડબ્બા આગળ લઈ જવામાં આવ્યા. ગાડીને આસોપાલવનાં તોરણોથી શણગારી હતી. સ્ટેશન પ્લૅટફૉર્મ ઉપર મેળાનું તાજગીભર્યું દૃશ્ય હતું. સવા ચારસો યાત્રીઓને વિદાય આપવા આશરે બે હજાર માનવી ભેગું થયું હતું. ગાડી-ઘોડાગાડીઓ, બળદગાડીઓ, ટૅક્સીઓ, જીપો અને ખાનગી કારો પણ હતી. ઉત્સાહ અને કોલાહલ પણ હતો. ૬ વાગ્યે સિસોટી વાગી. લીલી ધજા ફરકી. પૂજ્યે ધજા ફરકાવી અને ગાડી ઊપડી.

ગાડી ઊપડતાં પહેલાં એક હાર ગાડીને અને બીજો એક હાર ડ્રાઈવરભાઈને પહેરાવેલો. ડ્રાઈવર તો આ બનાવથી ખૂબ ભાવમય બની ગયેલો જણાયો. કદાચ આખી જિંદગીમાં તેને કોઈએ આટલા ભાવથી-માનથી-હાર નહિ પહેરાવ્યો હોય. પૂજ્યે જ આ સૂચન શ્રી પી.ટી.ને કરેલું કે આમ કરવાનું છે. પૂજ્યની આ મૌલિક-અતિમૌલિક-પદ્ધતિ છે. રેલગાડીના સ્થૂળ સંચાલક અને રક્ષક આ બે ભાઈઓ હતા. એક સંચાલક અને બીજો રક્ષક. પૂજ્ય તો સૂક્ષ્મ સંચાલક અને રક્ષક હતા. સ્થૂળને પણ અવગણવાનું નથી. સૂક્ષ્મનું જેટલું મહત્ત્વ છે એટલું નહિ તો-અગત્યનું મહત્ત્વ સ્થૂળનું પણ સૂક્ષ્મ સાથે જ છે. સૂક્ષ્મનો

આવિર્ભાવ સ્થૂળ દ્વારા જ શક્ય બનનાર છે અને એ સ્થૂળની કદર પૂજ્યે આ રીતે કરી. ડ્રાઈવરભાઈનો ભાવ જોઈ મને તો તે દૃશ્ય ખૂબ સ્પર્શેલું. આમ તો તે ડ્રાઈવરભાઈએ કશા પ્રકારે ભાવ પ્રદર્શિત કર્યો ન હતો, પણ તે ભાઈના નમનમાં અને તેમના ચહેરા ઉપર એ પ્રકારનો ભાવ તરવરી રહેલો મને લાગ્યો.

ઘણા લોકો પૂજ્યને પ્લૅટફૉર્મ ઉપર પગે લાગ્યા. એક ભાઈએ કોટ, પેન્ટ અને અપ-ટુ-ડેટ પોશાકમાં પૂજ્યને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ જમીન ઉપર પડીને કર્યા.

પૂજ્યને રૂ.૨૫૧/- ની શ્રી વડોદિયાએ ભેટ ધરી, જે રકમ પૂજ્યે પછીથી ખેડા જિલ્લા તરફથી પૂજ્ય શ્રી રવિશંકર મહારાજને એક લાખની થેલી અર્પિત થવાની છે, તે ફાળામાં આપી. જોકે આ રકમ સ્ટેશન ઉપર મળી તે પહેલાં જ પૂજ્યે રૂ. ૨૫૧/- ફાળામાં મોકલવાનું નક્કી કર્યું હતું અને કહ્યું પણ હતું.

પૂજ્ય મહારાજે **'કર્મગાથા'**માં પૂજ્ય શ્રીમોટાને **અતિ-ભાવવાહી** અને કદરભરી અંજલિ પ્રસ્તાવના રૂપે અર્પી છે અને 'કર્મગાથા' આખું પુસ્તક ૩ દિવસ સુધી લાગલાગટ પૂજ્ય મહારાજને શાંતિથી, એકાગ્રતાથી, હેમંતભાઈએ વાંચી સંભળાવેલ, તે સાંભળેલું. તેની કદરભક્તિરૂપે આ રૂ. ૨૫૧/-નો ફાળો આપેલો.

શ્રી વડોદિયાને મનમાં પ્રતીતિ થઈ કે પૂજ્ય શ્રીમોટાના આશીર્વાદથી યાત્રીઓની સંખ્યા પૂરી થઈ ગઈ. લાલ લીલી ચાંદીના હાથાવાળી (નકશીવાળી) ધજાઓ પૂજ્યને ભેટ આપવામાં આવેલી છે.

આ ધજાઓનું લીલામ પૂજ્યે ડાકોરમાં આજે કર્યું. તેમાં ચાંદીની જે ખોળીઓ છે, તે અંદાજે ૩૫ તોલાની છે. શરૂઆત

રૂ. ૫૧/- થી થઈ અને રૂ. ૨૨૫/-માં શ્રી નટવરભાઈએ તે ખરીદી અને પાછા પૂજ્યને જ આશ્રમમાં (નડિયાદ) રાખવા દેવાની ઑફર કરી, પરંતુ પૂજ્યે તેની ફરી વાર ના પાડી અને 'મે ફેર' નામના તેમના ફ્લૅટમાં રાખવા જણાવ્યું.

**[૬]**

*ડાકોર, તા. ૨૫-૩-૧૯૬૦*

આજ પૂજ્ય અને હું નડિયાદથી અહીં ડાકોર આવ્યા છીએ. શ્રી નટવરભાઈ ચિનાઈની આજે વર્ષગાંઠ છે અને તેઓ મુંબઈથી અત્રે સીધા આવનાર હતા અને અમો બસમાં અહીં આવવાના હતા. તેમના આમંત્રણથી અમદાવાદથી શ્રીમતી મથુરીબહેન ખરે, શ્રી જયંતીભાઈ (ચિનાઈના જમાઈ), દત્તુભાઈ મહા, શ્રી મીનુ કાપડિયા પણ ડાકોર ટ્રેનમાં નડિયાદ આવેલાં અને શ્રી ચિનાઈને આણંદનું કનેક્શન ના મળતાં આણંદથી નડિયાદ ચાલી આવ્યા અને સીધા ટૅક્સી કરીને ૬-૧૫ વાગ્યે નડિયાદ આશ્રમે આવી પહોંચ્યા. ૪૫ મિનિટ તેઓ ત્યાં રોકાયા. આશ્રમમાં લટાર મારી અને અમે સૌ બસમાં આવવા નીકળ્યાં. શ્રી ચિનાઈ સાથે સુરતથી શ્રી ચૂનીભાઈ રેશમવાળા શેઠ અને તેમના ત્રણ કુટુંબીજનો પણ સાથે હતા.

ડાકોરમાં શ્રી લાલદાસ મહારાજનું અન્નક્ષેત્ર ચાલે છે. મંદિરથી દોઢેક ફર્લાંગ દૂર છે. અમદાવાદવાળા પૂજ્ય શ્રી સરયુ-દાસજી મહારાજ અને શ્રી લાલદાસજી મહારાજ બેઉ પાટડીના વતની અને ગુરુભાઈઓ. શ્રી સરયુદાસજી મહારાજ પ્રેમદરવાજે અમદાવાદમાં બિરાજ્યા અને શ્રી લાલદાસજી મહારાજ ડાકોરમાં બેઠા. તેમના શિષ્ય ભૂખણદાસ અને તેમના શિષ્ય મોહનદાસજી હાલ ગાદીએ છે. મંદિર સારું અને સુઘડ છે. શ્રી નાથદ્વારા શ્રી બાપાજીની મૂર્તિ છે. એ મંદિરમાં સદાવ્રત અન્નક્ષેત્ર પણ ચાલે

છે અને ૨૫૦ થી ૩૦૦ ખોડાં ઢોરોની પાંજરાપોળ પણ આ વહીવટ હસ્તક ચાલે છે. આનું ટ્રસ્ટ છે અને તે નગીનચંદ્ર ફૂલચંદ ચિનાઈની પેઢી એક ટ્રસ્ટી છે. શ્રી નટવરભાઈ દર વર્ષે ઘણું ખરું અત્રે આવે છે. એકવાર પૂજ્ય આ પહેલાં પણ તેમની સાથે અત્રે આવેલા.

શ્રી નટવરભાઈએ નાહીને પૂજ્યને પ્રથમ પ્રણામ કર્યા, પગે લાગ્યા, હાર પહેરાવ્યો અને રૂ. ૫૧/- ચરણે ધર્યા. પછી અમો સૌ શ્રીરણછોડરાયના મંદિરે ગયાં. મંદિરના ગર્ભદ્વારમાં દાખલ થયાં. મંદિરમાં શ્રીરણછોડરાયનાં દર્શન કર્યાં. ધરાઈને ચરણસ્પર્શ પણ કર્યાં. પૂજ્યે મૂર્તિની સામે અનિમિષ નયને ક્યાંય સુધી ત્રાટક કર્યા કરેલું. એટલે દસેક મિનિટ જેટલો સમય અમે અંદર હોઈશું તેટલો સમય ત્રાટક દશામાં એકાગ્ર હતા. હું તો ત્યારે પૂજ્યને જ જોઈ રહેલો.

મંદિરમાંથી બધાં બહાર આવ્યાં અને સૌ ઓટલે બેઠાં. શ્રી નટવરભાઈએ પૂજ્યના કપાળે ચંદન અર્ચન કર્યું અને બધાંના દેખતાં પગે લાગ્યા અને મૂકપણે આશીર્વાદ માગ્યા. તે બાદ શ્રી ચૂનીભાઈ શેઠ (સુરતવાળા) પણ પગે લાગ્યા અને અમે વારાફરતી બીજાઓ પણ પગે લાગ્યા. મુંબઈના એક શૅરદલાલ વૃદ્ધ શેઠ આવેલા. તેઓને પણ પગે લાગવાનો ઉમળકો થઈ આવ્યો હતો. બીજાઓએ ચંદનથી અર્ચિત પૂજ્યને પ્રણામ કર્યા.

મંદિરમાં ઉતારાનું સ્થાન સારું છે. બધી સગવડ છે. વીજળી પણ છે. ગોરમહારાજે બધાંને કપાળે ચંદન પણ લગાવેલું. તે ચંદનની સુવાસ મને હજી બે કલાક બાદ પણ, આ લખતીવેળા આવે છે અને મંદિરમાં દર્શન બાદ રાજભોગનું કેસરિયા દૂધ પણ પીધું. ગોરમહારાજે લાવીને બધાંને પાયેલું. ઘણાં વર્ષો બાદ આ દૂધ પીધું. નાનપણમાં પૂજ્ય દાદા સાથે ડાકોર આવતા ત્યારે

આવું કઢેલું દૂધ પીવા મળતું. તે દિવસોની સ્મૃતિ તાજી થઈ અને શ્રીરણછોડરાયનાં ચરણસ્પર્શ પણ કદાચ ૪૦ વર્ષ બાદ કર્યા. પંદરેક વર્ષનો હતો અને ૧૯૧૯માં ડાકોર આવેલો ત્યારે ચરણસ્પર્શ કર્યાનો ખ્યાલ છે. તે બાદ દસેક વર્ષ ઉપર પૂજ્ય મોટીબા અને બધાં સાથે ડાકોર આવેલાં પણ ત્યારે તો મંદિરમાં અંદર-ગર્ભદ્વારમાં મુદલે જવાનું જ બન્યું ન હતું અને પછી પાંચેક વર્ષ ઉપર છેલ્લો આવેલો ત્યારે પણ તેમ જ હતું. મુંબઈના શ્રી નટવરભાઈના પડોશી-નીચેના ફ્લૅટવાળા શ્રી જેઠાભાઈ પટેલ, જે કરમસદના વેપારી ભાઈ છે, તે પણ કારમાં સકુટુંબ મુંબઈથી અહીં આવ્યા છે અને અમારે સૌને પરમ દિવસે કરમસદ તેમને ત્યાં જવાનું છે.

આજે રાત્રે મથુરીબહેનનો ભજનનો પ્રોગ્રામ અહીં છે અને કરમસદમાં પણ બે પ્રોગ્રામ છે.

**[૭]**

*તા. ૨૭-૩-૧૯૬૦*

ગઈ સાંજે શ્રી લાલદાસજીના અન્નક્ષેત્રને અંગે અને પાંજરાપોળ અંગે લખેલું. ઘાસચારાની પડતર જમીન ખૂબ વિશાળ-બહોળી જમીન સરકાર પાસેથી ભાડે લીધી છે અને તે બધી જમીન ખેતીને લાયક બનાવી દીધી છે. ટ્રૅક્ટરથી ખેતી કરાવે છે અને છેલ્લાં ત્રણચાર વર્ષથી તમાકુ પણ રોપાય છે. છેલ્લાં ત્રણચાર વર્ષમાં રૂ.૫૦,૦૦૦/-થી પણ વધુ નફો થયો. ખેતર ઉપર પાકાં મકાનો અને ખેડૂતોને રહેવા માટે ઓરડીઓ છે. એમને માટે દવાદારૂની સગવડ વગેરે બધી સરળતાઓ અપાઈ છે. ફાર્મ ઉપર અંદાજે ૧૦૦ માણસો કામ કરે છે. ચાર ચાર માસનો પગાર બોનસ તરીકે પણ અપાય છે. આ અન્નક્ષેત્રે ડાકોર મ્યુનિસિપાલિટીને રૂ. ૨૫,૦૦૦/-નું અને રૂ. ૨૫,૦૦૦/-નું સંસ્કૃત પાઠશાળાને દાન કર્યું.

આ બધાં ખેડૂતોનાં સ્ટાફનાં કુટુંબોને શ્રી નટવરભાઈ ચિનાઈએ જમાડ્યા. ગઈ કાલે સાંજે અંદાજે ૪૦૦થી વધુ માણસો જમ્યા હશે. ખેતર શહેરથી એક માઈલ દૂર છે ત્યાં અમો બધાં જમવા ગયેલાં. મથુરીબહેને ભજનો ગાયેલાં. જમણમાં લાડુ, દાળભાત અને શાક કરેલાં.

રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ મથુરીબહેનનાં ભજનો હતાં. પૂજ્યે ભજનો બાદ બાજરાનો રોટલો અને શાક લીધેલા.

આજે સવારે મહીગળતેશ્વર એક નાની બસમાં બેસી ૧૬થી ૧૭ જણ ગયેલા. શ્રી નટવરભાઈએ ખીચડીશાક જમાડવાની વ્યવસ્થા ત્યાં કરાવેલી. શ્રી લાલદાસ મહારાજ મંદિરમાં ન હતા. તેમની ટ્રકમાં બધો સામાન અને માણસો લઈને આગળથી ગયેલા. ત્યાં નદીમાં નાહ્યા. પૂજ્યને માથે સૌએ અભિષેક કર્યો. શ્રી નટવરભાઈ તો પાણીમાં આવેશમાં પૂજ્યની ગરદન ઉપર જ ચડી બેઠા. શ્રી નટવરભાઈની ઉંમર વર્ષ ૫૬ પૂરાં અને વજન ૧૬૦ હશે ખરું. ઊંચાઈ પાંચ ફૂટ અને આઠ ઈંચ અંદાજ છે.

નાહી આવીને સૌ મંદિરમાં બેઠાં. મથુરીબહેને ભજનો ગાયાં. પૂજ્યને કપાળે, ગળે અને શરીરે શ્રી નટવરભાઈએ ચંદનનાં અર્ચનો કર્યાં. બીજાઓએ પણ કર્યાં.

જમીને પાછા ડાકોર આવ્યાં અને ડાકોર કરમસદ જવાને ગાડીઓમાં, મોટરોમાં નીકળ્યાં. કરમસદ ૩-૩૦ વાગ્યે પહોંચી ગયા.

અમારા ત્યાંના યજમાન શ્રી જેઠાભાઈ પટેલ સ્ટાન્ડર્ડ ઍન્જિનિયરિંગ કંપનીના માલિક છે અને કરમસદના જ વતની છે, પણ મુંબઈ શ્રી નટવરભાઈ ચિનાઈના નીચેના ફ્લૅટમાં રહે છે. આર્થિકપણે સુખી છે. સજ્જન છે.

## [૮]

*તા. ૨૮-૩-૧૯૬૦*

ગઈ રાત્રે સાંજે કરમસદમાં સરદાર શ્રી વલ્લભભાઈ પટેલ જે બાપીકા મકાનમાં રહેલા તે મકાનને જોઈ આવ્યા અને રાત્રે ૯-૩૦ થી ૧૦-૩૦ મથુરીબહેનનો કાર્યક્રમ હતો. પ્રમુખ પૂજ્ય શ્રીમોટા હતા. શ્રી જેઠાભાઈ પટેલે બધાંને પૂજ્યનો પરિચય આપ્યો અને ભજનો બાદ પૂજ્યને રૂ.૧૦૧/- અને મથુરીબહેનને પણ રૂ.૧૦૧/- આપ્યા અને રાત્રે ૧૧-૩૦ વાગ્યે આણંદ સ્ટેશને સૌને કારને બે ત્રણ ટ્રિપ કરાવીને મૂકી આવ્યા. આવીને પ્લૅટફૉર્મ ઉપર સૌ સૂઈ ગયાં અને સવારની ૬ ની લોકલમાં નીકળ્યાં. પૂજ્ય અને હું નડિયાદ ઊતરી ગયા. થર્ડ ક્લાસની સૌની ટિકિટ કઢાવેલી. અમો ૧૧-૧૨ જણ હતાં. આજે અંગ્રેજી તિથિ પ્રમાણે પૂજ્યનો સાક્ષાત્કારદિન હોઈ શ્રી નટવરભાઈએ પૂજ્યનું આખું શરીર અત્તરથી ચોળી દીધું. આખી શીશી ખાલી કરી નાખી. બીજાઓએ પણ ચોળ્યું. ભજન-ધૂન ચાલુ હતાં. બીજા પેસેન્જરો જોઈ રહેલા.

નડિયાદ આવતાં અમો ઊતર્યાં. શ્રી નટવરભાઈ તો ખરેખર રડી પડ્યા. તે ભાવભીને હૃદયે સૌએ વિદાય આપી. તેઓ સૌ અમદાવાદ ગયા. શ્રી ચૂનીભાઈ રેશમવાળા (સુરત) શેઠ પણ સાથે જ અમદાવાદ ગયા.

કરમસદથી રવિવારે સાંજે અમો શ્રી ગણેશાનંદજીના આશ્રમે (સુણાવ ગામ નજીક કરમસદથી ૮ માઈલ) ગયેલા. ત્યાં પૂજ્ય શ્રી રવિશંકર મહારાજ ૩ દિવસ રહેવાના હતા અને તે સાંજે મથુરીબહેનનાં ભજનો પણ રાખેલાં. પ્રમુખપદ પૂજ્ય શ્રીમોટાનું હતું. અમો કારમાં પાંચ વાગ્યે પહોંચી ગયેલાં. તરત મિટિંગ શરૂ થઈ. પૂજ્યનો પરિચય અપાયો અને પછી ભજનો

શરૂ થયાં. પછી પૂજ્ય મહારાજે વ્યાખ્યાન કર્યું. તેમાં શરીરશ્રમને ખૂબ મહત્ત્વ આપ્યું. પૂજ્યે તો કહ્યું કે 'હું વ્યાખ્યાન કરતો નથી. કોઈને આધ્યાત્મિક પ્રશ્ન પૂછવો હોય તો પૂછો.'

રાત્રે ૮-૩૦ વાગ્યે અમો સૌ નાહ્યાં. ગામની બહેનોએ આવીને આશ્રમમાં રસોઈ કરેલી. ફાડા લાપસી, પૂરી, ખીચડી, રોટલા વગેરે હતું. દાળભાત પણ હતાં. આશ્રમને ગામલોકોનો સહકાર સારો મળતો હશે એમ લાગ્યુ. તેઓ તેમની પ્રત્યે આકર્ષાયેલા. આશ્રમના અધ્યક્ષ તેઓ છે.

મુંબઈના એક શૅરદલાલ શ્રી છગનભાઈ કરીને પણ તેમની સાથે હતા. તેમની સાથે પૂજ્યે ઘણી ગમ્મત કર્યા કરેલી. તેઓ (શૅરદલાલ) સુરતી હોઈ ખૂબ વિનોદી અને ભોજન સામગ્રીઓની જ વાતો કરે, પૂજ્યે તેમાં સૂર મિલાવ્યા કર્યો અને બધાંને ખૂબ ખૂબ હસાવ્યાં કર્યું. તેમની સાથે વાતો કરતાં પૂજ્યને જોઈ કોઈકને એમ જ લાગે કે 'આ મહારાજ વળી કેવા છે ! બધી સાંસારિક, ભોજનની અને તેવી જ વાતો કર્યા કરે છે !' આમ, પૂજ્ય અજ્ઞાતપણાનો અંચળો ઓઢતા જ રહ્યા છે. જેવાની સાથે તેવા થઈને તેનામાં પૂજ્યને ભળી જતાં જોવા એ પણ એક અનોખો આનંદ છે.

સોમવારની સવારે વહેલા ઊઠીને બોચાસણના વલ્લભ વિદ્યાલયના આશ્રમે (કરમસદ) યજમાનની કારમાં અમો સૌ ગયેલાં. ત્યાં શ્રી સુરેન્દ્રજી (બોરિયાવીવાળા), જેઓ પૂજ્ય ગાંધીજીના નિકટના સાથી હતા અને હાલ શ્રી વિનોબાજીએ તેમને બોધીગયાના સર્વોદય આશ્રમના ઉપરી બનાવીને ત્યાં રાખેલા છે. તેઓને ઑપરેશન બાદ ટાઈફૉઈડ થયેલો તેમને જોવા, મળવા અને સત્સંગ કરવા અમો સૌ ગયેલાં. પિસ્તાળીસ મિનિટ સત્સંગ થયો હશે. શ્રી નટવરભાઈને આશાપુરી માતાએ જવાની ઈચ્છા

હતી. એટલે પછી અમો ઊઠ્યાં અને આશાપુરી માતાએ જઈ આવ્યાં. ત્યાંથી સીધા કરમસદ પાછા આવ્યાં અને પછી કલાક રહીને વલ્લભવિદ્યાનગર આણંદ યુનિવર્સિટી જોવા ગયાં. ત્યાં બધે ફર્યાં. શ્રી ભાઈલાલભાઈ પટેલની કુનેહ અને ચતુરાઈનાં દર્શન ત્યાં કર્યાં. શ્રી ભાઈલાલભાઈએ ઉજ્જડ ગામની સીમોમાં ચરોતરમાં નંદનવન સર્જાવ્યું છે. તેના સર્જકને કૉંગ્રેસની પક્ષા-પક્ષીએ આજે વિદાય આપી દીધી છે ! આવું છે પોલિટિક્સ ! ચરોતરને આ યુનિવર્સિટીને કારણે ઘણો ઘણો લાભ થયો છે. કેળવણીને કારણે પણ ઘણો લાભ થયો છે. કેળવણી ઘણી પ્રસરી. મેડિકલ કૉલેજ સિવાય (જે પણ હવે તાજેતરમાં થનાર છે.) ઍન્જિનિયરિંગ કૉલેજ પણ અહીં છે.

ગુજરાતમાં ચરોતર ધનિક પ્રદેશ છે. જેવી જમીન ફળદ્રુપ છે એવાં ભેજાં પણ ફળદ્રુપ છે. શહૂર છે, સાહસ છે અને આ નવું ગુજરાતનું જે રાજ્ય થાય છે તેમાં મુખ્ય અવાજ અને સંચાલન ચરોતરના પાટીદારોનો થાય તો નવાઈ નહિ ! જીવનનાં લગભગ બધાં ક્ષેત્રોમાં ચરોતરના પાટીદારો મોખરે છે. ધનમાં, ઉદ્યોગોમાં, કેળવણીમાં, સિવિલ સર્વિસમાં, ડૉક્ટર, ઍંજિનિયરિંગ લાઈનમાં, અધ્યાપક, આધ્યાત્મિક આશ્રમોમાં આદિમાં પણ મોખરે છે.

સોમવારે સાંજના ગ્રુપ ફોટો પડાવાયો. જ્યાં હું જાણી જોઈને ગયો ન હતો. સૌ બાળશાળાનાં મકાનો જોવા ગયેલાં. ત્યાં શ્રી નટવરભાઈ ચિનાઈએ રૂ. ૫૦૦/-ની ભેટ આપેલી.

મહીગળતેશ્વરમાં મહંતના મકાનને રિપૅર કરાવવાને પણ રૂ. ૫૦૦/- શ્રી નટવરભાઈએ આપ્યા. પૂજ્યે પણ રૂ.૧૦૦/- પોતાના વતીનો ફાળો ચહીને આપ્યો.

મુંબઈમાં શ્રી નટવરભાઈ ચિનાઈએ 'હરિઃૐ સત્સંગ

મંડળ' કાઢ્યું છે. એનો ઉદ્દેશ પૈસા ઉઘરાવીને ગરીબોને-વિદ્યાર્થીઓને-જરૂરિયાતવાળાઓને જુદી જુદી રીતે મદદ કરવી. તેનું ટ્રસ્ટ કરવાના છે અને જે રકમ-મૂડી ભેગી થાય તેના વ્યાજમાંથી પ્રતિવર્ષ મદદ કર્યે જવી એવો વિચાર છે. પૂજ્યે આ ફાળામાં રૂ.૧૫૧/- ભર્યાં. મેં રૂ. ૬૦/- ભર્યા અને બીજાઓએ પણ નાની મોટી રકમો ભરી.

શ્રી નટવરભાઈનો સ્વભાવ 'રાજા'નો છે. આપ, આપ ને આપ કરવામાં તેઓને ખૂબ આનંદ છે. પૂજ્યે વિનોદમાં તેમનું નામ 'આપુશાહ' પાડ્યું છે. તેઓ તેમની બધી જ વાર્ષિક આવક લગભગ વાપરી નાખતા જાણ્યા છે. દરિયાવ દિલના અને દિમાગના છે.

મથુરીબહેનનું શાસ્ત્રીય સંગીત સાંભળવાની મોજ અને આનંદ ડાકોરમાં મળ્યાં. મંદિરમાં અનેક જલસામાં તેમણે શાસ્ત્રીય સંગીત ઘણું ગાયું. તાન, આલાપો, આરોહ અવરોહ અને સારેગમની ધૂન તેમણે મચાવેલી. તબલાં બજાવનાર એક ઉસ્તાદ પુરાણીજી હતા. ઘણા હોશિયાર હતા. તેમને કારણે પણ મથુરીબહેન ખીલ્યાં હતાં. એકબીજાની સ્પર્ધા જામતી હતી. જાણે કોણ કોને થકવે છે ! આ ઉત્સાદ પુરાણીજીને શ્રી નટવરભાઈએ સુણાવ આશ્રમના જલસા માટે અને કરમસદ માટે પણ સાથે લઈ લીધા હતા. ત્રણ જણનો સાજ હતો. તંબૂરો વગાડનાર ભાઈ પણ સાથે હતા. બીજા ભાઈ પાસે હાર્મોનિયમ, તંબૂરો-તબલાં વગેરે સાજ સંપૂર્ણ હતું.

બોચાસણમાં શ્રી સુરેન્દ્રજી સાથે પૂજ્ય શ્રી કૃષ્ણમૂર્તિના વક્તવ્ય વિશે વાતો નીકળેલી. શ્રી સુરેન્દ્રજી, શ્રી કૃષ્ણમૂર્તિ પ્રત્યે આકર્ષાયેલા છે. હમણાં તેઓનો ભેટો થયો હતો. શ્રી કૃષ્ણમૂર્તિ જે બધું કહે છે તે બધું પુસ્તકમાં લખ્યું છે. તે સાધારણ માનવીને

ગોટાળામાં મૂકી દે તેવું છે ખરું. કિંતુ તત્ત્વની દૃષ્ટિએ તેઓ (શ્રી કૃષ્ણમૂર્તિ) જે કહે છે તે યથાર્થ છે એમ મને હંમેશ લાગ્યું છે. તેમની ભાષા 'અનુભવી'ની છે.

પ્રવાસમાં પૂજ્ય મિષ્ટાન્ન ખાતા નથી. કદીક થોડુંક લે પણ ખરા. મોટા ભાગે બાજરીનો રોટલો કે તેવું સાદું જ પસંદ કરે છે. તેમના પલટાતા ભાવોને પકડવા કઠિન છે.

**[૯]**

*સુરત, તા. ૪-૪-૧૯૬૦*

આજે ડાકોર પ્રવાસનો બીજો પત્ર રવાના કર્યો છે. આજે સવારે સુરતના શ્રી ચૂનીભાઈ રેશમવાળા શેઠ અને તેમના બે-ત્રણ મિત્રો અત્રેના આશ્રમે આવેલા. તેમનો પણ ભાવ સ્પષ્ટ વધ્યો છે. તેમણે અમને જણાવ્યું કે 'શ્રી નટવરભાઈ ચિનાઈ નડિયાદથી ટ્રેન છૂટ્યા બાદ ઘણું ઘણું રડેલા. અર્ધા કલાકથી ઉપર. ડૂસકાં ઉપર ડૂસકાં લીધે જ જાય અને કહેતા જાય કે 'મને મારી જિંદગીમાં પૂજ્ય શ્રીમોટા જેટલો પ્રેમ કોઈએ કર્યો નથી.' મેં (શ્રી ચૂનીભાઈ રેશમવાળા) તેમનું મન બીજે દોરવવા બીજી વાતો પણ કાઢી જોઈ, પણ શ્રી નટવરભાઈનું મન તો પૂજ્ય શ્રીમોટામાં જ ભાવપૂર્ણ હતું અને અમદાવાદ બે દિવસ રહ્યા ત્યાં પણ શ્રીમોટાને યાદ કર્યા જ કરતા હતા. હરિજન આશ્રમે પૂજ્ય શ્રીમોટાના હીંચકાનાં દર્શને પણ મને લઈ ગયેલા. આમ, ઘણી વાતો કરી. શ્રી નટવરભાઈનો પોતાનો પત્ર પણ આજે આવેલો તે સાથે છે-એ તો જાણે ઠીક, પરંતુ વિશેષતા તો એ છે કે પૂજ્ય શ્રીમોટાએ શ્રી નટવરભાઈને બે થી ત્રણ વાર ઊધડો લીધેલો. પ્રથમ વાર કારમાં કરમસદ જતાં અમે બધાં સાથે હતાં ત્યારે કહેલું કે 'છોકરાઓને જો પ્રેમ નહિ કરી શક્યા તો સાધનાના માર્ગે તમો કશું કરી શકનાર નથી. ઘરના વાતાવરણમાં પ્રેમ

રેલાવવો જોઈએ. લોક તો જ્યાં લગી ચાર પૈસા હશે ત્યાં સુધી તમારી વાહવાહ બોલાવશે અને આ બધું મળતું માન શ્રી નટવરભાઈને નથી પણ ધનને છે. તમે જે બધું આપ આપ કરો છો, તે પ્રકૃતિને વશ વર્તીને કરો છો. કંજૂસ અને ઉદાર એ બંને વૃત્તિઓ આધ્યાત્મિક પથ વિકાસમાં-પ્રકૃતિથી વશ બનીને તે વૃત્તિઓમાં પ્રવર્તનાર વ્યક્તિ સરખા છે. કોઈ ચડિયાતું ઊતરતું નથી. આમ, આ મુદ્દા ઉપર સખત કહેલું. મારા લખાણની ભાષા તો સૌમ્ય છે.'

બીજી વાર આનાથી પણ વધુ સખત રીતે ઝાટકણી કાઢી. અમો વલ્લભવિદ્યાનગર જોવા યજમાન શ્રી જેઠાભાઈ પટેલની કારમાં (જેઓ શ્રી નટવરભાઈની સાથે જ તેમના મહેમાન બનેલા) ગયેલા. સવારના ૧૧-૩૦ થઈ ગયેલા. શ્રી નટવરભાઈ બોલ્યા કે 'મોટા, આજે તો જમવાનું મોડું થઈ જવાનું.'

મોટા કહે, 'બહાર નીકળ્યા એટલે એમ જ ચાલે. આશ્રમની વાત જુદી.'

શ્રી નટવરભાઈ કહે, 'હા, આશ્રમમાં સાંજે ૫ વાગ્યે જમી લેવાનું બહુ આકરું ખરું.' કે એવું કશુંક બોલ્યા. આ તેમના બોલવા પાછળની બીજી થોડીક વિગતો જાણવી જરૂરી છે. એમની ઈચ્છા ડાકોરથી નડિયાદ આશ્રમે તા. ૨૮મીની સાંજે આવી-આશ્રમમાં જમી-રાત રહીને કરમસદ-બીજી સવારે વહેલા સૌને લઈને જવાની હતી. પૂજ્યે પત્રથી ગોળ ગોળ સમજાવી દીધું કે બહુ મોડું થઈ જાય. સાંજ પડી જાય. અમને ના ફાવે-વગેરે વગેરે.

છતાં એમનો આગ્રહ સાંજે આશ્રમે આવવાનો રહ્યો. એટલે બીજી વાર તો પત્રથી સ્પષ્ટ લખી દીધું કે 'અમો પાંચ વાગ્યે જમી લઈએ છીએ, તે પ્રમાણે તે પહેલાં નડિયાદ આવી શકાય તો જ

આવવાનું રાખશો અને મારી સલાહ તો નડિયાદ આવવાની માંડી વાળવાની છે. ડાકોરથી સીધા જ કરમસદ જવું સારું.' એટલે શ્રી નટવરભાઈ સમજી ગયા. પછીથી અમે ડાકોરથી નડિયાદ આવવાનું (બધાંને લઈને) માંડી વાળેલું. આ ઘટનાને ટકોર કરીને શ્રી નટવરભાઈ બોલેલા કે 'પાંચ વાગ્યે જમી લેવાનું આકરું ખરું. અમને ના ફાવે કે એવું કશુંક બોલ્યા'. એટલે પૂજ્યે તો ફટ દઈને સંભળાવવા માંડ્યું. ગુસ્સે થઈને જોરપૂર્વક કહ્યું કે 'કોઈ ચોખા મૂકવા આવ્યું હતું કે આવજો. તમારા ગૃહસ્થીની રીતો તમારે ત્યાં જ ભલે રાખો. અમારા ઉપર તે ના લાદો. હું કાંઈ બધાંને ખુશ કરવા કે કોઈનેય ખુશ કરવા મારા આશ્રમનો નિયમ તોડી ના શકું. જેને આવવું હોય તે આવે અને ના આવવું હોય તે ના આવે. કોઈ એમ માને કે અમો મોટાને મદદ કરીએ છીએ તો તે વૃથા છે. મને મદદ કરનાર મારો પ્રભુ છે. અમને-સાધુઓને ચીડવવા નહિ. મોંમાં આંગળાં નાખીને બોલાવવાનું ના કરશો. બગડેલો સાધુ સારો કે ખરી બીના સુણાવે. આજે બીજી વાર તમે મને બોલાવ્યો. મને કોઈની પરવા નથી. તમારી રીતરસમો તમારે ત્યાં જ રાખજો. મારા ઉપર તે ના લાદશો'-વગેરે વગેરે એવા તો સખત ટોનમાં અને રોષપૂર્વક બોલ્યા કે ઘડીભર તો શ્રી નટવરભાઈ સ્તબ્ધ થઈ ગયેલા. યજમાન અને તેમના મિત્ર શ્રી જેઠાભાઈ પણ અવાક બનીને વિસ્મય પામી ગયા. પૂજ્યે તો એવા ઊધડા લીધા અને ખૂબ સંભળાવ્યું, પણ પછીથી સ્વસ્થ થઈ ગયેલા લાગેલા અને ઘેર આવ્યા બાદ આનંદી પણ બની ગયેલા. મેં તો ઘણું થોડું જ ઉપર લખ્યું છે. લગભગ દસ મિનિટ સુધી પૂજ્યે ખૂબ જ કઠણાશભરી રીતે સંભળાવેલું, પરંતુ શ્રી નટવરભાઈનો જીવ એટલો સદ્‌ભાગી કે તેમણે એથી કડવું ના માનતાં ઓર પ્રેમ વધાર્યો. તે જ રાત્રે આણંદના સ્ટેશને

પ્લૅટફૉર્મ ઉપર સૌ ૧૨ વાગ્યે સૂતેલાં. શ્રી નટવરભાઈ પાસે બેડિંગના માપની ડનલોપિલોની ગાદી હતી. પૂજ્ય પાસે બેડિંગ ન હતું. એક ઓઢવાનું માત્ર પાથરેલું અને કશુંક બીજું કંઈ. તેથી, શ્રી નટવરભાઈએ ખૂબ જ આગ્રહપૂર્વક ડનલોપિલોની ગાદી પૂજ્યને સૂવા આપી હતી.

સાધારણ કોઈક તો પૂજ્યનાં તે સવારનાં કડવાં વચનો સાંભળીને છેડાઈ જ જાય અને ખાસ કરીને બધાંના દેખતાં તે કહેવાયેલાં તેથી તો ઓર લાગી આવે, પરંતુ એમના મન ઉપર તે ટકેલું નહિ.

મથુરીબહેનનો સંગીતનો જલસો ૧૧ વાગ્યે પૂરો થયો. તે બાદ શ્રી નટવરભાઈ પૂજ્યના પગ ચાંપવા ચાહીને પૂજ્ય પાસે આવે. વહેલી સવારે ૫ વાગ્યે પણ પૂજ્ય પાસે આવતા. શ્રી નટવરભાઈ મોડા સૂતા હોય તોપણ વહેલા ઊઠી જતા અને પરવારી લેતા. તેમના ઘરે પણ રોજ ૪ વાગ્યે નિયમિત ઊઠીને ૫ વાગ્યે તો હૅંગિંગ ગાર્ડનમાં ફરવા જતા રહે છે.

પૂજ્ય કઠિન પણ એટલા જ થઈ શકે છે અને ઘડી પછી પ્રેમ પણ એટલો જ દાખવી શકે છે. બંને પાસાંનો શ્રી નટવરભાઈને અનુભવ તે દિવસે થઈ ગયો.

શ્રી મનુ સૂબેદાર (મુંબઈ)ને પણ એવો જ એક કડક સખત કાગળ તેમના અવિવેક અંગે મુંબઈથી મદ્રાસ જતાં ટ્રેનમાં મારી પાસે જ લખાવેલો તે મને યાદ છે અને ત્યારે તેમની સાથેનો સંબંધ લગભગ નવો સવો જ હતો. છતાં પણ આમ પૂજ્યની નિઃસ્પૃહાની ભૂમિકા ઉપર સ્પૃહાનાં સુભગદર્શન ઘણી વાર મને થયાં કર્યાં છે અને જ્યારે તેઓ રોષપૂર્વક કહેતા હોય છે ત્યારે આંખો લાલચોળ થઈ જાય છે. અવાજ મોટો થઈ જાય છે. મુખની રેખાઓ સખત અને કડક બની જાય છે.

આપણામાં જ્યાં લગી તેમના રુદ્ર સ્વરૂપને સાચી રીતે સમજવાનું, સ્વીકારવાનું અને જરૂર પડતાં આવકારવાનું પણ નહિ બને ત્યાં સુધી તેટલું પાસું ઊણપવાળું ગણાય. વિષ્ણુનું પ્રેમ વાત્સલ્ય સ્વીકારીને આવકારી શકાવાનું, પણ શિવનું રુદ્ર સ્વરૂપ ત્રીજું લોચન જ્યારે ઊઘડે ત્યારનું સ્વરૂપ-પ્રેમથી-ભયરહિતપણે, ડઘાયા કે દબાયા વિના, લાચારી કે ગુલામીની છાંટ વિના, વશે કે કવશે-કરાયા વિના, સ્વતંત્ર નિરાલંબપણે જ્યારે આવકારી શકાશે ત્યારે તેમના પ્રતિનો આપણો પ્રેમ નક્કર અને સંગીન.

શ્રી નટવરભાઈ આમ તો સત્સંગી જીવ છે. ઘણા ઘણા સંતોનાં પાસાં સેવ્યાં છે. પૂજ્ય શ્રી ગંગેશ્વરાનંદ મહારાજ તેમને ત્યાં ઊતરતા હોય છે. તેમની સાથે કાશ્મીર પણ જઈ આવેલા. તેમના પિતાને ત્યાં તપસ્વી બાવા પણ ઊતરતા. પૂજ્ય હંસદેવ મહારાજ પણ ઊતરતા અને તેમની સાથેય ઘણો ગાઢ સંબંધ હતો. સાકોરી-(સાકુરી)નાં ગોદાવરીમાતા સાથે સંબંધ હતો, ત્યાં પણ બેત્રણ વાર જઈ આવ્યા છે. જૈન મુનિ શ્રી નાનચંદ્રજી મહારાજ પણ તેમના પિતાને ત્યાં ઊતરતા હોય છે.

**[૧૦]**

*નડિયાદ, ૮-૫-૧૯૬૦*

પૂજ્યે હમણાંના ૮ દિવસથી પાન મુદ્દલે બંધ કર્યાં છે. સુરત આશ્રમમાં કડિયા સુથારકામ ચાલે છે. સુથારો રાતે પણ ત્યાં જ રહે છે. તેઓમાંથી કોઈકે પૂજ્યના પાન ખાવા વિશે કંઈક બોલવાનું કર્યું. શું બોલેલ તે હું જાણતો નથી, પણ તે ક્ષણથી પૂજ્યે જણાવેલું કે ૧૦ દિવસ માટે પાન મુદ્દલે બંધ. પાન બંધ એટલે તમાકુ પણ બંધ. વર્ષોની ટેવ હોવા છતાં કશું છે જ નહિ ! કે વર્ષો ઉપર... આમ જ તમાકુ બે વર્ષ સુધી તેમણે ડૉક્ટર ઈશ્વરભાઈના સૂચનથી બંધ કરેલી.

અહીં આશ્રમના ઝાંપા બહાર નદીના રસ્તે દૂબળી ક્ષીણકાય ગૌમાતા મરવા પડેલી. જીવ કેમે કરીને જાય નહિ. ત્રીસ કલાક સુધી બિચારીને તરફડિયાં મારવાં પડ્યાં. પૂજ્યથી તેનું કષ્ટ જોયું જાય નહિ. તેના સ્મરણમાં તેમણે ૧૦ દિવસ માટે ચા પણ છોડ્યો છે. આજે ચા છોડ્યાને ચારેક દિવસ થયા. વહેલી સવારે પાંચ વાગ્યે તેઓ દૂધખાંડ વિનાની ચા પીતા. તે બાદ ૭ વાગ્યે અંદાજે દૂધવાળી ખાંડ સાથેની ચા પણ મોટા ભાગે લેતા. તે પછી ૧ વાગ્યે બપોરે સૂઈ ઊઠ્યા બાદ દૂધખાંડ રહિત ચા લેતા. આ ત્રણે વખતની ચા મુદ્દલે બંધ છે અને હમણાં તો પાન તમાકુ પણ બંધ છે.

કેરી તેઓને ઘણી ભાવે છે, તે જાણીતી વાત છે અને આ‍લ્ફૂસ તેમનું પ્રિય ફળ છે. છતાં જો તે ઉત્તમ પ્રકારનું હોય તો જ તેમને ખપે. તે ભાવે છે માટે ગમે તેવું હોય તોપણ તેઓ ખાય જ તેવું નથી. હમણાં મુંબઈથી એક બહેને ત્રણેક ડઝન રત્નાગીરીની આફૂસ મોકલેલી. ફળ એટલું મીઠું ન હતું. પૂરી ગળેલી નહિ. તેથી શરૂમાં કાપી તે સહેજ ખટાશ ઉપર પણ હતી. પૂજ્યે ત્યારે એક ચીરી ચાખીને બાકીની પોતાની રકાબીમાંથી બધાંને આપી દીધી. બીજાઓને પણ તેમની સાથે સાથે થોડી થોડી અપાયેલી તો હતી જ. એ જ કેરી ગળીને પાક્યા બાદ નડિયાદમાં કપાયેલી ત્યારે પણ એકબે દિવસ તેમની રકાબીમાંથી બધી ચીરીઓ જમ્યા. બીજે દિવસે વહેંચી દીધી. એનો અર્થ એ નથી કે તેઓ પ્રેમથી કોઈનું મોકલેલું તેટલા જ કે તેથી બલકે વધુ પ્રેમથી જમે નહિ. ઘણી વાર ગમે તેવી કઢંગી રસોઈ કોઈકે બનાવી હોય, બનાવી મોકલી હોય તો તેવી પણ પ્રેમથી માગીને જમે જ છે. જ્યારે કેટલીક વાર ના પણ જમે. એવું જમવા ના જમવામાં ફૅન્સી વિલ નથી હોતી. તેની પાછળ

ચોક્કસ ધારણા હોય છે. જે એકદમ સહેલાઈથી સમજવું મુશ્કેલ છે. કેટલીક વાર બીજાઓને, સાથે જમવા બેઠેલાંઓને, તે પદાર્થ પૂરતી અપ્રીતિ ના થઈ જાય તે માટે કઢંગા પદાર્થને પણ ખૂબ વખાણે. કેટલીક વાર વખાણ સાચાં પણ હોય. કેટલીક વાર જુએ કે અમુક પદાર્થ (દા.ત., આ આફૂસ કેરી) પોતે જમશે તેના કરતાં સાથે જમનારાંઓને તે જમવાથી વધુ આનંદ અને સંતોષ થશે. જ્યારે પોતે જમે ના જમે તે તેમને મન ગૌણ વાત હોય એટલે પણ તેવું બીજાઓને વહેંચી દે. ખાસ કરીને કમોસમનું દુષ્પ્રાપ્ય ફળ હોય તો પોતે ના લેતા યા નહિ જેવું થોડુંક જ લઈને બીજાઓને તે વહેંચી દે. આની પાછળનો હેતુ હું મનથી કળી શકું છું. તેની કદર પણ કરી શકું છું. સ્પષ્ટ સમજાવી શકતો નથી. પોતે તેવું જમે ના જમે લગભગ સરખું જ હોય. તેથી, કંઈ ખાસ વિશેષ આનંદ શરીરને પણ થવાનો ના હોય. જ્યારે બીજાઓને ખૂબ અભીપ્સિત કરેલા પદાર્થ હોય-ઝંખનાપૂર્વક ઈચ્છાયેલો પદાર્થ હોય અને તે બધાંને ઘણો આનંદ અને સંતોષ થવાનો હોય તો તેવા પદાર્થને વહેંચી દેવું પસંદ કરે. આવું રોજબરોજના ખોરાક વિશે હું નથી લખતો, પણ સહેલાઈથી, કમોસમને કારણે ઝટ ના મળતા તે તેવા કંઈક પદાર્થો વિશે છે.

બે કૉલેજિયન છોકરીઓ પોતાના અભ્યાસમાં પૂરતો શ્રમ લેતી ન હતી. તેઓ તેમને પ્રિય હતી. એક યા બીજા કારણે તેઓને ચાનક લગાડવા તેમણે તેઓને જણાવ્યું કે 'આ વર્ષે પાસ નહિ થાય ત્યાં સુધી લગભગ છઆઠ માસથી તેઓ માથું બોડું કરાવશે નહિ.' તેઓ દર અઠવાડિયે હાલ આમ માથે અસ્ત્રો ફેરવે છે અને 'બોડું' કરે છે-સેફ્ટી રેઝરથી પોતાના હાથે લગભગ.

## [૧૧]

*નંદરબાર, તા. ૨૧-૫-૧૯૬૦*

નંદરબાર, સુરતથી ૧૦૦ માઈલ-સુરતથી પૂર્વ દિશામાં આવ્યું છે. હવે, તે મહારાષ્ટ્રનો પ્રદેશ ગણાય છે. સુરતના શ્રી બાબુભાઈ ઈશ્વરભાઈ વગેરે ભાઈઓની ભાગીદારીની પેઢી અત્રે છે. જેમાંના બે ભાઈઓ ગયાં વર્ષે (શ્રી નટવરભાઈ તથા શ્રી સાકરભાઈ) કુંભકોણમ્ અને ત્રિચિ આવેલા. આ લોકોની મોટી પેઢી સુરતમાં છે અને નંદરબાર તેમની શાખા છે અને બજારમાં મોટું પોતાનું માલિકીનું મકાન છે અને બેત્રણ ભાઈઓ અત્રે વેપાર સંભાળે છે. ઊર્મિલાબહેનનાં સગાં મોટા ભાઈ, ઈશ્વરભાઈ અત્રે કાયમી રહે છે.

મથુરીબહેનનાં ભજનોના કાર્યક્રમને નિમિત્તે પૂજ્યને અત્રે દર વર્ષે આવવાનું ત્રણ વર્ષથી થાય છે. ત્રણ કાર્યક્રમો અત્રે છે અને એક ચોથો અત્રેથી ૨ માઈલ દૂર નવાપુર ગામે છે.

આ લોકોનો તમાકુનો મુખ્ય વેપાર. બાકી તો બીજી સાઈડ લાઈનોનું પણ કામ હોલસેલનું કરે છે. ૧૨-૧૩ જણ કામ કરનારાઓ (પેઢીમાં) ભાગીદારો છે. બહુ વિશાળ કુટુંબ છે. ૫૦ વર્ષની જૂની પેઢી છે અને બધું ભાગમાં જ હજી સુધી તો ચાલે છે. સુરતમાં અને નંદરબારમાં તેમના વેપારમાં તેઓની મોખરાની પેઢી ગણાય છે.

સુરતમાં ચાર દિવસ ઉપર આ પેઢીના એક ભાગીદાર શ્રી બાબુભાઈના પુત્ર ચિ. અરવિંદનાં લગ્ન સુરતના આશ્રમમાં તદ્દન સાદાઈથી થયાં. પરણનાર છોકરાની ઇચ્છા સાદાઈથી કરવાની હતી. છોકરીના બાપ પાસે પાંચેક લાખ રૂપિયાની મૂડી છે અને અનાજનો મોટો વેપારી છે. તેની ઇચ્છા ધામધૂમથી છોકરીનાં લગ્ન કરવાની અને સારો એવો ખર્ચ કરવાની હતી, પણ

વરપક્ષવાળાનો હાથ ઉપર હોઈ નમતું જોખવું પડ્યું અને લગ્ન એક કલાકમાં તદ્દન સાદાઈથી આશ્રમમાં પૂજ્યના હસ્તક થયાં. અલબત્ત, જ્ઞાતિના ગોર મહારાજ હાજર હતા, પણ લગ્નના અધિષ્ઠાતા દેવ પૂજ્ય શ્રીમોટા હતા. શ્રી બાબુભાઈને પણ પાંચેક હજારનો ખર્ચ ઊગરી ગયો. નહિ જમણ. નહિ વરઘોડો. કશું જ નહિ. આશ્રમમાં આવેલ ભાઈબહેનોને (અંદાજે ૧૫૦ માણસ હશે.) દૂધનો એકએક પ્યાલો અપાયેલો. ઍસ.ટી.ની બે બસો કરીને લોકો આવેલા. વરવધૂ પક્ષવાળા સાડા નવ વાગ્યે આવ્યાં અને ૧૧ વાગ્યે લગ્ન પતાવીને સૌ પોત પોતાને ઘેર ગયાં. તેમની ન્યાતના માણસો આશ્રમે આવેલા. મોટા ખુલ્લા ચોક ઉપર કપડાંની છત બાંધી દીધી હતી. ત્રણે બાજુ કપડું બાંધેલું જેથી તાપ ના આવે. તેઓની કોમમાં આ પ્રથમ જ નવો રિવાજ અને નવો ચીલો તેમની કક્ષાના લોકે પાડ્યો ગણાય. આની પહેલાં શ્રી શાંતિભાઈ તમાકુવાળાની પુત્રી વીણાનાં લગ્ન સુરત આશ્રમમાં થયેલાં ખરાં, પણ તેમાં પરણનાર યુવક પરજ્ઞાતિનો હતો અને વરવધૂની પોતાની પસંદગીના આંતરજાતીય લગ્ન હતાં. જ્યારે આ તો વિવાહ કરાવાયેલ લગ્ન અને એક જ જ્ઞાતિનાં અને એક જ ગામનાં-સુરતનાં બેઉ જણ હતાં.

શ્રી બાબુભાઈ અને શ્રી ઈશ્વરભાઈ એ બે પિતરાઈ ભાઈઓ. આખા કુટુંબમાં પૂજ્યના ખાસ ભક્તો છે અને હવે તો શ્રી બાબુભાઈના બીજા ભાઈઓ પણ આવતા અને માનતા થયા છે. તેમનું આખું કુટુંબ આશ્રમે પૂજ્ય પાસે આવતું થયું છે-બહેનો પણ. એક ભાઈ શ્રી નટુભાઈ કરીને જે નાના ભાઈ (બાબુભાઈથી નાના) છે, તે તો પહેલાં બિલકુલ આવામાં કશું માને નહિ અને ખૂબ ઉદ્દામ સ્વભાવના ગણાય અને તેમનું જ પેઢીમાં અને ઘરમાં પણ ચલણ. લગ્ન પ્રસંગે અને એવા પ્રસંગોએ તે જે કહે અને

કરે તે જ થાય. તે શ્રી નટુભાઈ પણ હવે પૂજ્યના ઠીક ઠીક પ્રશંસક બન્યા છે. મૌનએકાંતમાં પણ સાત દિવસ બેસી ચૂક્યા છે. તેમનાં પત્ની અને બધાં આશ્રમે આવતાં થઈ ગયાં.

વિરોધીને પણ 'ટૅકલ' કરવાની-તેને પોતાની પ્રતિ આકર્ષવાની પૂજ્યમાં અજબ અને ગજબની કળા છે. ગઈ સાલ જે બે ભાઈઓ શ્રી નટવરભાઈ અને શ્રી સાકરલાલ પણ ત્યાં આવેલા તે બંને અક્કડ, કડક અને પૂજ્યથી દૂર રહેતા હતા. તેઓ બંને દોઢેક વર્ષથી નિકટ આવવા લાગ્યા છે અને હવે ઠીક ઠીક ભાવ દાખવે છે.

જ્યાં જે કુટુંબમાં પૂજ્યનો પ્રવેશ થાય છે ત્યાં કુટુંબીજનોનો સહકાર- બધાંનો સહકાર કેમ કરીને મેળવી શકાય તેવી ખ્વાહેશ હંમેશ રહેતી હોય છે, જેથી, પેલા પ્રથમ જોડાનાર વ્યક્તિને સરળતા રહે. આ માટે તેમનામાં ધીરજ પણ અત્યંત અનુભવી છે અને બાળકોથી માંડીને વૃદ્ધજનો સુધી સૌ સાથે એકરૂપ અને એકરસ તેઓ થઈ શકે છે અને કરી શકે છે.

જુદી જુદી પ્રકૃતિઓની સાથે જુદી જુદી રીતે કુશળતાપૂર્વક વર્તવાની કળા તેમની પાસેથી શીખવી ઘટે છે. (અંગ્રેજી કવિ) શેક્સપિયરનું આ પ્રખ્યાત વાક્ય-તેમણે અમલમાં મૂકી બતાવ્યું છે. તેય સરળપણે. એનો અર્થ : 'જીતવા માટે તે નમે છે-નીચો નમે છે.' જુદી જુદી પ્રકૃતિઓવાળા સાથે તેમની તેમની કક્ષાએ તે નીચે ઊતરીને આવે છે અને તે રીતે તેમનો ભાવ સંપાદન કરીને પોતા પ્રતિ આકર્ષીને અંતે તે તેઓ ઉપર પ્રેમનો વિજય મેળવે છે, અને આ વિજય મેળવવાનું પણ તે તેઓના આત્માના કલ્યાણને માટે જ બને છે, પોતા માટે કશું નહિ, કારણ એને કશું મેળવવાનું બાકી રહ્યું નથી.

કોને કેટલું મહત્ત્વ આપવું, કેમ તેને 'ટૅકલ' કરવો એ બધું સમજવા જેવું છે અને આ સર્વની પાછળ ભાવ-એકમાત્ર ભાવ સામાના કલ્યાણનો જ હોય છે.

અત્યંત ધીરજ ધારતા પણ જોવાય છે અને અત્યંત અધીરાઈ પ્રાકૃત માનવીની અધીરાઈથી પણ સવિશેષ અધીરાઈ વ્યક્ત કરતા મેં અનુભવ્યા છે. પોતાની નિકટનાઓની સાધના અર્થે યા પોતાની સુધારણા અર્થે આપમેળે આવી મળેલા જીવો સાથે કેટલીક વાર ઉદ્દામપણે, જ્યારે બીજાંઓ સાથે તદ્દન છૂટછાટ અને નરમાશથી વર્તતા પણ જોઈ શકાય છે.

જેને જે રીતે રાજી કરી શકાય તે રીત તે અખત્યાર કરી શકે છે. સામી વ્યક્તિને કેવી રીતે ખુશ કરી શકાય તેની આગવી કળા તેમણે તેમનામાં વિકસાવી છે અને એ દરેક પાસામાં મૌલિકપણું પાછું. ઘરેડના જેવું ક્યાંયે નહિ. તેમની સાથે તેમનામય બની જઈ, તેમને તેમની પકડોમાંથી ઊંચે આણવા, બહાર કાઢવા અને શ્રેયપંથે વળતા કરાવવા એ છે તેમની વિશિષ્ટ કળા.

આજે એક બીજા ભાઈને ત્યાં અમો સૌ ગયેલા. તેમના મકાનમાં દેવમંદિર જેવી પૂજાની ઓરડી જુદી છે, ત્યાં અમને સૌને બેસાડ્યા. તે પછી તે ભાઈએ તેમની ક્રિયાકાંડની વિધિ શરૂ કરી. ચાંદીની ઈષ્ટદેવની મૂર્તિઓને પખાળવાનું, દેવ-દેવીઓની છબીઓને ધોવાનું, લૂછવાનું, ચાંલ્લા કરવાનું, ચંદનના ટિક્કા કરવાનું કામ અને એવું બધું કરવા માંડ્યું. જમણી બાજુમાં બે મોટા શંખ હતા. તેમાં પણ પૂજ્યે રસ દાખવ્યો. તેમ સાધનાનાં પ્રતીકો પણ તાંબારૂપાનાં પતરાં ઉપર ત્રિકોણ આકૃતિઓમાં હતાં, તે પણ હાથમાં લઈને જોયાં અને રસ દાખવ્યો. તે ભાઈએ ધૂપ સતત જલતો રાખવાને સ્થાને ધૂંધવાતાં છાણાં-મોટી ધૂપદાનીમાં રાખીને આણેલાં અને શરૂમાં નહિ જેવો

ધૂપ નાખ્યો હશે, પણ અમો સૌ તો તે ઓરડામાં છાણાંની ધૂણીથી આવરાઈ ગયેલા અને કેટલાક તો તંગ પણ થયેલા, પણ પેલા ક્રિયાકાંડીભાઈ ન તો ધૂણી બંધ કરવાનું કશું કરે કે ન તો ધૂપ નાખે. એટલે ધૂપની ધૂણી કરવાનો મૂળ હેતુ અને પ્રથા હશે તેને બદલે છાણાંની ધૂણીની પ્રસાદી અમો સૌને અંદાજે અડધો કલાક લગી મળ્યા કરી. પૂજ્યની આંખો બારીક અને નાની થઈ ગયેલી, પણ મુખ ઉપર ભાવમાં બિલકુલ ફેરફાર નહિ. ધીરજ અને શાંતિથી બધી ક્રિયાકાંડની રીતરસમો જોયા કરી. પછી આરતી થઈ અને પ્રસાદ વહેંચાયો અને અમોને 'મુક્તિ' મળી ! હવે કોઈક તો એમ પણ માની લે કે પૂજ્યને આવા બધાંમાં રસ છે અને ક્રિયાકાંડને અનુમોદતા હશે. તે ભક્તભાઈ પોતે પણ એ જ ભ્રમણામાં હશે કે પૂજ્યને આ બધું કબૂલ છે અને પૂજ્ય નિર્લેપની જેમ સાક્ષીવત્ જોયા કરતા હતા. કદાચ તે ભાઈએ પૂજ્યને પ્રશ્ન પૂછીને આવી ક્રિયાકાંડ અંગેની વિધિની યોગ્યતા અયોગ્યતા વિશે જાણવા ઈચ્છ્યું હોત, તો કદાચ તેને તેમાં પ્રોત્સાહન પણ આપત. એ તો જેવી જેની તૈયારી અને જરૂરિયાત. બાકી, હું જાણું છું કે તેમને આવા કશામાં રસ નથી, કારણ તેવી ક્રિયાઓથી કંઈ ભાવ જાગતો હોતો નથી. જે કંઈ તેવું થયે જાય છે અથવા કરાય છે તે મોટા ભાગે ઘરેડયુક્ત હોય છે. રાજસિક ભક્તિનો તે પ્રકાર છે. પૂજ્યના એક **'જીવન પગલે'** કાવ્યમાં છે, કે 'દેવ મંદિરમાં બેઠેલો પથ્થરનો દેવ તે સાચો દેવ નથી. પૂજા-અર્ચન વગેરે વિધિ-એ તો બધું હૃદયની અંદર બેઠેલ 'દેવ'ને જગાડવાને માટે છે.' જો તેનાથી કરીને અંદરનો-માંહ્યલો દેવ જાગતો ના હોય તો તે બધું વ્યર્થ છે.

પૂજ્યને જ્યાં સુધી હું સમજ્યો છું ત્યાં સુધી તેઓ આવી

બહિર્મુખી ભક્તિને કશું મહત્ત્વ દેતા નથી. ક્રિયાકાંડને લગીરે અપનાવતા નથી.

આત્મકલ્યાણપંથે 'ક્રિયાકાંડ અને વિધિનિષેધો'ની જરૂરિયાત માનતા નથી. છતાં તેવું બધું જે કરતા હોય તે તેઓને ભલે ઈષ્ટ હોય અને રહે. કોઈનો 'બુદ્ધિભેદ' ના કરવો તે તેમની નીતિ છે. છતાં જો આ બધાંથી ભાવ જાગતો હોય-ચિત્તશુદ્ધિ થતી હોય જેમ કે શ્રીરામકૃષ્ણ પરમહંસને થયેલું-તો તે બધું યથાસ્થાને છે. જગતમાં એવી એક પણ ક્રિયા કે કર્મ 'અનિષ્ટ' નથી કે જેમાંથી ભાવ ના જ ઊપજી શકે. એ દૃષ્ટિએ વસ્તુમાં કશું ઈષ્ટપણું કે અનિષ્ટપણું નથી. ઈષ્ટપણું કે અનિષ્ટપણું જે છે તે તેની પાછળના ભાવમાં, એટલે જો ભાવ તે તે ક્રિયાથી જાગતો હોય અને આત્મકલ્યાણ સધાતું હોય, તો તે તે આપણા માટે ઈષ્ટ જ છે-બાકી નહિ. આમ મુક્તિનાં વલણોને અને બહિર્ વર્તાવને કળી શકવો કઠિન છે અને આ હકીકત જો આપણને સ્મરણમાં હંમેશ મોખરે રહી શકે, તો एने કળવાનો કે માપવાનો પ્રયત્ન જ આપણે નહિ કરીએ.

સાધારણપણે પૂજ્ય શહેરમાં, ગીચ વસ્તીમાં અને બંધિયાર મકાનમાં રાત ગાળવાનું પસંદ કરતા નથી અને ઘણાને સ્પષ્ટ લખી પણ દે છે કે 'દિવસ તમારે ત્યાં ગાળીશું પણ રાત તો અમે અમારા આશ્રમે જ જઈશું.' આશ્રમમાં રહેવાથી તેમની અનુકૂળતા સચવાય છે. આમ છતાં જરૂર પડ્યે તદ્દન બંધિયાર મકાનમાં પણ અને તમાકુ જેવી ઉગ્ર વાસ આવ્યા કરતી હોય તેવી જગ્યામાં પણ તેઓએ રાતો ગાળવાનું કર્યું છે. અત્રે તો જોકે પવનનો સુસવાટો સારો છે અને રાત્રે અને દિવસે પણ પશ્ચિમી પવન જોસભેર ફૂંકાતો હોય છે. અલબત્ત, તમાકુની વાસ તો આવે જ છે. છતાં, તેઓ ત્રણ રાત અત્રે ગાળશે અને તે પણ મથુરીબહેનના

પ્રોગ્રામને માટે. જો તેમને કમાણી કરાવી આપવાનો હેતુ ના હોય તો અને તેમનો પ્રોગ્રામ ના હોય તો તેઓ નંદરબાર ત્રણ દિવસ આવીને આ પ્રમાણે કદાચ રહે નહિ. તેમને અત્રે આવવાને કશું બીજું આકર્ષણ નથી. બીજો હેતુ પણ ખાસ નથી. તો મથુરીબહેન માટે આટલો બધો શ્રમ અને આવી અગવડ શાને તેઓ ઉઠાવે છે ? એ પ્રશ્ન પણ થશે જ. કોઈ માનશે કે તેમને (પૂજ્ય મોટાને) મથુરીબહેન માટે પક્ષપાત છે-વગેરે વગેરે. જેની જેની જેવી પ્રકૃતિ હશે તે પ્રમાણે પૂજ્યનો હેતુ તેમાં સમજશે, પણ મારે મન સ્પષ્ટ છે, કે પૂજ્ય નિરપેક્ષભાવે મથુરીબહેનને સહાય કરતા રહ્યા છે. નિરપેક્ષભાવમાં અપેક્ષા એટલી ખરી કે મથુરીબહેન સંગીતકાર હોઈને આવા આધ્યાત્મિક આશ્રમોમાં અને સમારંભોમાં સંગીતની આવશ્યકતા પણ ખરી. મથુરીબહેન સાથે હોતાં-ભાવનાં મોજાં સંગીત દ્વારા રેલાવી શકે છે. વળી, તેમની કક્ષાના સંગીતકારની સંગીત સેવા કે સંગીત જો આપણે મેળવવાં હોય અને તેમને સાંભળવાં હોય તો સારી જેવી રકમ ખર્ચીને જ તે પામી શકાય, એમ ને એમ સંગીતકાર સંગીત ના સંભળાવે-સિવાય કે તે આર્થિકપણે સુખી હોય અને ભક્તિભાવે જોડાયેલ હોય-સાધનાની દૃષ્ટિએ જોડાયેલ હોય. મથુરીબહેનની આર્થિક સ્થિતિ એટલી સારી ના ગણાય. વાર્ષિક હજારેકની આવક પૂજ્ય કરાવી શકે તો તેને ઠીક સહારો મળી જાય. કોઈને થશે કે એવાં બીજાં ઘણાંયે ભક્તો છે કે જેમની આર્થિક સ્થિતિ નબળી છે. છતાં, તેઓને તો કંઈ પૂજ્ય મદદ નથી કરતા યા કરાવતા. તો તેમાં અને આમાં ફેર છે. મથુરીબહેન પાસે સૂક્ષ્મ કલા છે. સંગીત જેવી ઉત્તમ કલા છે અને પૂજ્ય કલાકારોના 'પક્ષપાતી' પણ છે. કલાને તેઓ હંમેશ ઉત્તેજન આપતા આવ્યા છે. કલાકારો તેમને વહાલા છે, કારણ તેઓ કલાના રસિયા છે, ગુણજ્ઞ છે અને

જો સમાજની સંસ્કૃતિને ઊંચે આણવી હોય તો સમાજે-સમાજના શ્રીમંતોએ કલાકારોને પોષવા જ જોઈએ. કલાકારોને પોતાના જીવનનિર્વાહની ચિંતા ના રહેવી જોઈએ. તેઓ મોકળા દિલે પોતાની કલાની પાછળ સમય ગાળી શકે અને એ રીતે આડકતરી રીતે સમાજની સેવા કરી શકે તે માટે જે સમાજ તેમને જીવનનિર્વાહની ચિંતામાંથી જેટલા અંશે મોકળા રાખશે તેટલી તે સમાજની સંસ્કૃતિ ઊંચી આવશે. એ રીતે પૂજ્ય કલાકારને પોષીને, સહાય કરીને, સમાજની એ દ્વારા સેવા જ કરી રહ્યા છે. જેમ માનવોના આત્માની સેવા તેમના આશ્રમો દ્વારા તેઓ કરી રહ્યા છે, તેમ મથુરીબહેનને નિર્વાહ ચિંતામાંથી મુક્ત રખાવીને-તેઓ સમાજના આત્માની સેવા જ કરી રહેલા છે. પૂજ્ય પાસેથી કશું કદી મફતમાં નહિ મળે. 'મફત' શબ્દ જ તેમના શબ્દકોશમાં નથી. જેમ નેપોલિયનના શબ્દકોશમાં 'અશક્ય' શબ્દ જ ન હતો તેમ મનાય છે અને કહેવાય છે, તેમ પૂજ્યના શબ્દકોશમાં 'મફત' શબ્દનું છે.

યોગ્ય થાઓ, લાયકાત પામો અને પછી ઈચ્છા કરો-યાને પછી મેળવો. મેળવવાની લાયકાત પુરવાર કર્યા વિનાનું મળેલું ટકી નહિ શકે. તેનું મહત્ત્વ તેને મન નહિ હોય. વળી, મથુરીબહેનની ઉપયોગિતા આશ્રમો માટે ઘણી છે. આશ્રમો માટે તે એક પ્રભુની દેણગી છે. પૂજ્યની પાસે કોઈ પણ કશી લોકોત્તરતાને સ્થાન છે. તેમને મન તેનું મહત્ત્વ છે. તેનો ઉપયોગ છે. ઉપયોગનું તેમની પાસે આગવું શાસ્ત્ર અને આગવી પદ્ધતિ છે અને તેવા કશાયનો ઉપયોગ તે કંઈ તેમના પોતાના અંગત લાભ કે સુખને માટે નથી પણ સંસ્થાના, વ્યક્તિના આત્મ-કલ્યાણના અને જનસમુદાયના ઉત્કર્ષને માટે તેઓનો ઉપયોગ પ્રવર્તે છે. આવી 'ઉપયોગ'ની ઉપયોગિતાને કેટલાક અસમાનતાની

લાગણી માને છે, ભેદભાવને માને છે, પસંદગી નાપસંદગી હોવાનું ગણે છે, કોઈની શેહમાં તણાવાનું ધારે છે, એવી જુદી જુદી રીતે સૌ કોઈ પોતાની સમજણ પ્રમાણે માની બેસે છે, પણ તેવા કોઈના માનવા સાથે પૂજ્યશ્રી સંબંધ ધરાવતા નથી.

આધ્યાત્મિક માનવી બીજાઓ માટે જીવતો નથી હોતો. પોતાના આત્મા માટે તે પ્રવર્તતો હોય છે. તેને બીજાઓના મતની સ્પૃહા છે છે અને નથી નથી. જેમ આપણે કોઈની વિદ્વત્તાને સન્માનીએ તેમ કલા પણ વિદ્વત્તાનો એક ભાગ છે-એટલા પ્રમાણમાં કલાકારો લોકોત્તર છે. મથુરીબહેન હજી પૂજ્યને સંતોષ થાય તેટલા પ્રમાણમાં તેમની નજીક આંતરિકપણે નથી આવી શક્યાં. પ્રથમ તો કંઈક વિરોધ પણ હશે અને ઉદાસીનતા તો હતી જ. હવે કંઈક આકર્ષણ પ્રગટતું આવ્યું છે. તેવા આકર્ષણને દઢાવવાનું, વધારવાનું અને પૂજ્યની આંતરિકપણે નજીક આવવાનું તેમનું બને તે માટે પૂજ્ય ધીરજથી તેમને ઘડી રહેલા છે. તેવા ઘડવામાં જે જે સાધનોથી પોતાનું કામ સરે તેનો ઉપયોગ તેઓ કરે જ.

વિજય મેળવવા માટે નમન કરે છે-એ રીત પણ દાખવે. વળી, કેટલાકની પ્રકૃતિ ઝટ ઝટ તરડાઈ જાય તેવી પણ હોય તો તેને તરડાવાનું ઓછામાં ઓછું બને અને આકર્ષણ તેનું વધતું આવે તેમ પણ વર્તે અને એકવાર 'માછલી જાળમાં આવી જાય' પછી તેના ઘડતરની રીતિ નીતિ જુદી પણ હોવાની. જાળમાં લાવવા માટે ગલને ગળ્યો પણ કરવો પડે. આમ, મથુરીબહેન પ્રત્યે તેઓ બીજાની દૃષ્ટિએ કોમળ, સહિષ્ણુ, ધીરજવાળા અને જતું કરવાવાળા લાગ્યા હોય તો તેમની દૃષ્ટિએ તે સાચું હોવા છતાં તેની પાછળના હેતુ અને ભાવની તેમને સ્પષ્ટ સમજણ નહિ હોવાથી તેમની સમજણ સાચી ઠરતી નથી. ઊલટપક્ષે

આપણે તો એવી વર્તનકળામાંથી શીખવાનું રહે છે કે જરૂર પડ્યે નિરપેક્ષ ભાવવાહી સહિષ્ણુતા અને ધીરજ તથા કોમળતા કેળવતાં આવડવાં જોઈએ. પૂજ્યને હવે અનેક જુદી જુદી દિશાઓમાંથી તેમના અંગત ઉપયોગ માટે રકમો મળે છે. તેમાંથી તેઓ દિલ ચાહે તેને મદદ કરી શકે એમ છે, પણ તેમ તેઓ નહિ કરે અને તેમ ના કરે તે વાજબી પણ છે, કારણ તેથી તો બીજાંઓની આંખો ઓર ચકરાશે. એટલે આમ બારોબાર સંગીતના કાર્યક્રમો યોજાવીને તેમને (મથુરીબહેનને) મદદ તેઓ કરે છે.

સામાન્યજન આમ કોઈને મદદ કરતો હોય છે ત્યારે તેની પાછળ તે હેતુ પણ રાખતો હોય છે, પણ તે દુન્યવી હેતુ હોય છે. અપેક્ષાસહ તેમ હોય છે. જ્યારે મુક્ત પણ હેતુ ધરાવતો હોય છે, કિંતુ તે નિરપેક્ષ હોય છે. કોઈક સંજોગોમાં તેવી વ્યક્તિ -સહાય લેનાર વ્યક્તિને બેવફા નીવડે તોપણ તેના મુક્તના અંતરના ઊંડાણમાં સ્પંદન નહિ હોય, રંજ નહિ હોય, કારણ તેને પોતાને કશી કામના નથી. તેનાં સકળ કાર્યો પ્રભુપ્રેરિત થાય છે. જનસમાજને આ સમજણ હોતી નથી યા હંમેશ સ્મૃતિમાં રહેતી હોતી નથી અને મુક્તની આજુબાજુ એકઠા થયેલ તેના શિષ્યો, ભક્તો અને પ્રશંસકોને પણ પોતાનાં આગવાં મન હોઈ, મનની આગવી સમજણો હોઈ પોતાની સમજણથી ભિન્ન પ્રકારે મુક્તનો બહિર્ વર્તાવ જોતાં તેમને મનમાં સગડગ થતી હોય છે. દ્વિધાભાવ જાગતો હોય છે. તેમના પોતાના ખ્યાલોથી ભિન્ન વર્તાવ જોતાં ગુરુની માત્ર સપાટી ઉપરની અને બહિર્ મોખરાની હિલચાલોને પોતાની દૃષ્ટિએ ઊતરતા પ્રકારની યા અઠીક ગણી કાઢે છે.

પૂજ્ય જ્યારે કોઈ વ્યક્તિનું બહુમાન કરે છે, કે બીજાં કરતાં વધુ આદર આપતા જણાય છે, કે તેની સવિશેષ દેખભાળ-સંભાળ

કે કાળજી કે આગતા સ્વાગતા કરતા જોવામાં આવે છે ત્યારે તે તે વ્યક્તિને બહુમાન નથી કરાતું, પણ તેનામાં રહેલી સવિશેષતાને તેની ઉપયોગિતાને તે અર્પણ થતું હોય છે અને તે પણ પોતાનો કોઈ આગવો સ્વાર્થી હેતુ સાધવા નહિ, પણ પોતાને પ્રભુઅર્પિત જે મિશન થયેલું છે તેને આગળ ધપાવવામાં કે તેને સફળ બનાવવામાં તેવી ક્રિયા સહાયરૂપ છે. તે તેનું હાર્દ છે.

પૂજ્યે સવારમાં ધોતિયું, ટોપી વગેરે બદલ્યું હતું જ. સાંજના ૪ વાગ્યે સ્ટેશને જવાનું હતું. સુરત માટે કોઈ વ્યક્તિએ તેમને બીજું ધોતિયું બદલવું છે કે કેમ તેમ પૂછ્યું. તેને પૂજ્યે ના કહીને કહ્યું કે 'ના, બદલવું નથી, ચાલશે. જે છે તે જ ઠીક છે.' આ ઘટનાની ૧૦ મિનિટ બાદ એક બીજી વ્યક્તિએ તે જ પ્રશ્ન પૂજ્યને પૂછ્યો. તેવા પૂછવામાં કંઈક આગ્રહ પણ હતો. પૂજ્યે 'હા' કહી અને બધું બદલ્યું.

બીજી વ્યક્તિએ પહેલી વ્યક્તિને પૂજ્યને પૂછતાં પહેલાં પૂછેલું કે 'પૂજ્યને ક્યાં બદલાવીશું ?' પહેલી વ્યક્તિએ કહેલું કે 'પૂજ્ય બદલશે નહિ. તેઓ તેમ પસંદ કરતાં નથી.' છતાં બીજી વ્યક્તિને સંતોષ થાય તે ખાતર પહેલી વ્યક્તિએ બીજીને કહેલું કે પૂજ્યને પૂછી જુઓ. અને પૂજ્યે બીજી વાર પૂછતાં 'હા' પણ કહી. બીજી વ્યક્તિને મનમાં સંતોષ થયો હશે કે 'પોતાની ધારણા સાચી હતી. પહેલી વ્યક્તિને મનમાં ખાતરી હતી કે પૂજ્યનું વલણ સાધારણપણે બદલવાનું હોતું નથી, પણ બીજી વ્યક્તિને રાજી રાખવા કે કરવા તેના કથનને અપનાવેલું અને તેમાં કશું ખોટું પણ ન હતું. હવે, સાધારણપણે પહેલી વ્યક્તિ જો સામાન્ય મનની સમજણવાળી હોય તો મનમાં ઓછું આણે કે પોતાનું કહેવું પૂજ્યે માન્યું નહિ અને બીજાનું કહેવું માન્યું. જો એવું ઓછું આણવાનું બને તો સમજીએ કે તેમની સેવાને આપણે હજી

યોગ્ય નથી બન્યા. કેવા અને કયા સંજોગોમાં પૂજ્ય એકની એક ક્રિયાને સ્વીકારે અને બીજી જ ક્ષણે તેનો અસ્વીકાર પણ કરે. બંનેમાં યથાર્થતા છે.એટલે પૂજ્યની પ્રતિ ભાવ જો દૃઢ ના બન્યો હોય અને તેમના ભાવની પોતા માટેની ભાવની જો પ્રતીતિ ના હોય - પોતાને પૂજ્ય ખૂબ જ ચાહે છે તેમ દૃઢ પ્રતીતિ ના હોય અને તેમનાં પ્રત્યેક વલણ અને વર્તાવમાં ગૂઢ રહસ્ય અને શુભ હેતુ અને યથાર્થતાની ખાતરી હોય તો કદી ઓછું ના આવે અને તેમની પ્રત્યેક હિલચાલથી આનંદ જ થાય અને નવું નવું જાણવાનું મળ્યા કરે. સાથે રહેનારની બુદ્ધિ કુશાગ્ર બનવાને પૂરી સંભાવના આવા પ્રસંગો પૂરી પાડે છે, તેમ સમજીને તેવા પ્રસંગોને આવકારે અને તેમાંથી આનંદ પણ પામે.

પૂજ્યને ખાટું દહીં અનુકૂળ નથી. સહેજપણ ખાટું હોય તો ના લે. જ્યારે બે દિવસ ઉપર સુરતથી નંદરબાર આવતાં ટ્રેનમાં અમો બધાં જમતાં હતાં અને સુરતીભાઈઓ મઠો પણ સાથે લાવેલા. તે મઠો ખાટો હતો. અંદર બરફ નાખેલો હતો છતાં ખાટો હતો અને તોપણ તેમણે બીજી વાર માગીને તે મઠો લીધો અને ઠીક ઠીક લીધો.

આજે ૨૧ માર્ચે 'પ્રકાશા' અમે આવ્યા છીએ. તાપીના કિનારે નંદરબારથી ૧૧-૧૫ માઈલ દૂર પહાડી જગ્યાએ એકાંતમાં ટેકરા ઉપર શિવનું દેવાલય છે. ત્યાં જમતીવેળા મીઠો મજાનો મઠો હતો. ટ્રેનમાંના મઠા કરતાં ક્યાંયે વધુ સારો, છતાં તેમણે વધુ તો ના લીધો એટલું જ નહિ, પણ પોતાને જે પ્રથમ વાર પિરસાયેલો તે પણ છોકરાઓને દઈ દેવાને આગ્રહ કર્યો અને આજે તો મઠો વધુ મીઠો પણ હતો, છતાં તેમણે આમ કર્યું. એટલે તેમને કળી શકવા કઠિન છે.

## [૧૨]

*તા. ૩૧-૫-૧૯૬૦*

આ પત્ર હિંમતનગરથી લખી રહ્યો છું. અમદાવાદથી ૪૮ માઈલ કાર રસ્તે અને ૫૫ માઈલ ટ્રેન રસ્તે આ ટાઉન આવેલું છે. નવું જ વસેલું છે. ઈડરથી ૧૫ માઈલ દૂર છે. હવે, સાબરકાંઠા જિલ્લાનું મુખ્ય મથક છે અને તે અંગે સરકારી કર્મચારીઓ અને તેના ઑફિસરોની વસ્તીને લીધે ગામનો વસવાટ વધ્યો છે.

અત્રેથી પ્રાઈવેટ કાર અમોને લેવાને અમદાવાદ ગાંધી આશ્રમે આવેલી. અમે ૬ થી ૭ વાગ્યાનો સમય આપેલો અને કાર બરાબર તે જ મિનિટે આવી પહોંચી. ૯ વાગ્યે વહેલી સવારે અહીંની થિયૉસૉફીકલ લૉજના આશ્રય નીચે મથુરીબહેનનાં ભજનોનો કાર્યક્રમ P.W.D.ના ડાકબંગલામાં રખાયેલો. ત્યાં બધી સરળતા હતી અને ચોખ્ખી હવામાં રહેવું પૂજ્યને હંમેશ વધુ પસંદ છે. એટલે તે પ્રમાણે યજમાને ગોઠવેલું.

એક દિવસ હિંમતનગરમાં ગાળ્યો. ગઈ કાલે અમો અત્રેથી ૩૫ માઈલ દૂર આવેલા 'વીરેશ્વર' મહાદેવની જગ્યાએ ગયાં હતાં. ૩૫ જણ અંદાજે હતા. જીપકારોમાં ગયેલાં. જગ્યા-સ્થળ રમણીય છે. હિમાલયની યાદ તાજી થઈ. નાનાં વહેતાં ઝરણાંનાં પાણીથી નાહ્યાં. નાનો શો ધોધ પણ હતો. તેની નીચે હોજ સ્વિમિંગ પુલ જેવું પણ હતું. તેમાં પણ નાહવાનો આહ્‌લાદ આવ્યો.

આવી જગ્યાએ ઉજાણી તો હોય જ અને ઉજાણી એટલે ભારે જમવું અને પ્રમાદ ઊભો કરી ઊંઘને આમંત્રવી અને એમ આખો દિવસ નિષ્ક્રિય તામસમાં ગાળવો. આ સાધારણપણે આપણી ઉજાણીઓના અને તેમાં ભાગ લેતા મોટા ભાગનાનો શિરસ્તો હોય છે. અલબત્ત, અમો સાથે મથુરીબહેન હતાં. એટલે

જમ્યા બાદ થોડોક સમય ભજન કરાયેલાં. આવવા જવામાં પણ ઠીક સમય ગાળવો પડેલો.

અત્રે એક હરિજન સંસ્કારી દંપતી હાલ છે. ભાઈ પબ્લિસિટી ઑફિસર છે. તે ભાઈ પૂજ્યના હાથ નીચે ઊછરેલા અને ભણેલા. પૂજ્ય ઠક્કરબાપા પણ નાનાંનાનાં અનાથ બાળકોને હરિજન આશ્રમે ૧૯૨૮ની રેલવેળા લઈ આવેલા. એ વખતે ચારપાંચ વર્ષની ઉંમરના હતા. તેમાંના આ એક ભાઈ તે ગ્રેજ્યુએટ થયા અને હાલ ઑફિસર છે. ગાંધીઆશ્રમમાં અમારા મકાનની નજીક પણ થોડો વખત રહેલા.

આ ભાઈ, તેમના વર્તુળમાં સિદ્ધાંતવાદી ગણાય. પોતાના ખાતાની કાર પોતાના અંગત ઉપયોગ માટે મુદ્દલે વાપરતા નથી, તેમ જ પટાવાળાનો ઉપયોગ પણ ઘરકામ માટે મુદ્દલે કરતા નથી. ઘરે કોઈ નોકર જ રાખ્યો નથી. બાકી, ઇચ્છે તો ઑફિસના પટાવાળા જરૂર ઘરકામ કરી આપે. જિલ્લા અધિકારીઓને ત્યાં તેમ થતું જ હોય છે. અરે, તેમના હોદ્દાથી ઊતરતી પોસ્ટ-વાળાઓને ત્યાં પણ પટાવાળા ઘરકામમાં આવતા જ હોય છે. જ્યારે આ ભાઈને ત્યાં તેઓ અને તેમનાં સુશિક્ષિત પત્ની બધું કામ હાથે જ કરે છે. બધું મળીને આ ભાઈને અંદાજે રૂ.૪૦૦/- માસિક મળે છે. છતાં તેમનાં પત્ની હાથે જ રસોઈપાણી, વાસણ-કૂસણ સાફ કરવાં અને કપડાં ધોવાં વગેરે બધું કામ કરે છે. બાઈ કે મરદ નોકર મુદ્દલે નથી રાખ્યો અને કોઈ એમ ના માને કે તેમને બાળકો નહિ હોય એટલે કરે અને ફાવી શકે. પણ ના ! એમ પણ નથી. તેમને ચાર સંતાનો છે. બે પુત્રો અને બે પુત્રીઓ. ૧૦ વર્ષથી માંડીને બે વર્ષનું બાળક-એમ ચાર સંતાનો છે. દેખાવ, રૂપ અને રંગ આપણને ટક્કર મારે તેવાં છે. બધાં બાળકો સુઘડ સ્વચ્છ સારા પોશાકમાં સજ્જ હોય.

અમે ત્યાં હતા તે દરમિયાન બે વાર ગયેલા. એકવાર ચા માટે અને બીજી વાર જમવા માટે. બંને વખત તેમના ઘરની સુઘડતા, સ્વચ્છતા અને સુરેખ ગોઠવણી આકર્ષક હતાં. રસોઈ પણ સ્વાદવાળી અને સપ્રમાણવાળી હતી. ભોજનને અંતે તેમની બે નાની દીકરીઓએ નૃત્ય કરી બતાવેલું. હમણાં જ તાજેતરમાં તે છોકરીઓએ તે શીખવાનું શરૂ કરેલું છે. તેમનાં સદ્‌ભાગ્યે પડોશમાં જ એક નૃત્યશિક્ષક તેમને મળી આવ્યા છે. છોકરાં કહ્યાગરાં પણ જણાયાં. ભજનના કાર્યક્રમ વેળા ૧૧ વાગ્યા સુધી બંને બાળકીઓ ઊંઘ આવતી હોવા છતાં ના ઊંઘી અને અમારી સાથે જાગતી વ્યાસપીઠ ઉપર બેસી રહેલી. એક છોકરીએ ઊંઘ ઉડાડી દેવા નીચે ઊતરીને આંટા મારવા શરૂ કરેલા. ઊંઘી જવા અમે કહ્યું છતાં ના ઊંઘી અને તેમની મા તો પ્રેક્ષકવર્ગમાં નીચે બેઠેલ, છતાં છોકરીઓ અમો સાથે ઉપર બેઠેલી. પૂજ્યને આ દંપતી અને તેમના સંસારને મળવાનું થવાથી ઘણો આનંદ થયો લાગ્યો. તેમની સંસ્કારિતાથી ઘણા રાજી થયા. નાના શા ગામમાં (હિંમતનગરની વસ્તી દસેક હજારની છે.) રૂ. ૪૦૦/-નો અધિકારી જેની પાસે મોટર વાહન અને પટાવાળા હોય તેમની પત્ની દળણું દળાવવા પણ ડબ્બો માથે મૂકીને જાતે જ જાય અને બધું ઘરકામ હાથે જ કરવાનો આગ્રહ રાખે તે નાની વાત નથી. આવા નાના ગામમાં એવા અધિકારીની પત્નીનો સાધારણપણે તો રુઆબ શહેરના કોઈ શેઠિયાની પત્ની કરતાં અનેકગણો વધુ હોય છે, કારણ પોતે સાહેબની પત્ની છે, તેનું તેને ભાન રહે છે. ત્યારે આ બહેન તો સ્વચ્છ સુઘડ કપડાંમાં માથે દળણું મૂકી જાતે દળાવવા બહાર જાય છે ! કેવું સરસ દૃશ્ય ! ધન્ય છે આવી સંસ્કારિતાને ! અને લોકોત્તરતાને ! બોલવામાં અને વહેવારમાં આ હરિજન કન્યા (પત્ની) શિક્ષિત કન્યાથી ક્યાંયે ઊતરે તેમ

નથી. પૂજ્ય મોટાએ આ બાળકોને રૂ. ૧૦/- ભેટ પણ આપ્યા, જે ઘણી આનાકાની બાદ તેમની માએ તે સ્વીકારવા દીધા. પૂજ્યે તેમનાં બાળકોને પ્રથમ વાર જ જોયાં અને મળ્યાં. તેઓ પ્રથમ વાર પૂજ્યને - મારી ધારણા પ્રમાણે - આ દંપતીને મળીને ઘણો હર્ષ થયેલો અને તેમનાં સ્વચ્છ આદર્શવાદી જીવનથી રાજી થયેલા.

હરિજનોને પણ જો તક આપવામાં આવે, શિક્ષણની સરળતા અને સુઘડતાઓ દેવામાં આવે તો આપણા કરતાં જરા પણ તેઓ ઊતરે તેમ નથી જ. ઘડતરમાં વાતાવરણ મોટો ભાગ ભજવતું હોય છે. તેઓને સારું વાતાવરણ મળવાની જરૂર છે. પૂજ્યે તો તે હરિજન અધિકારી ભાઈને સૂચન પણ કર્યું કે 'તમારે તમારી પત્નીને ઘરકામમાં જેમ કે વાસણ ઊટકવામાં, કચરોપૂંજો કરવામાં મદદ કરવી. સંકોચ ના રાખવો.' પૂજ્યનું કેવા પ્રકારનું વલણ આ અંગે છે, તે આ ઉપરથી સહેજે સમજાય છે. ચીલે ચીલે ચાલનારા કરતાં લોકોત્તરપણે જીવન જીવનારા તરફ પૂજ્યને હંમેશ પક્ષપાત હોય છે. આ ભાઈનું નામ છે શ્રી કૃષ્ણકાંત રાઠોડ અને તેમનાં પત્નીનું નામ સુમતીબહેન છે. (ઉંમર વર્ષ ૩૨ અને પત્નીની ઉંમર ૨૭ વર્ષ અંદાજે છે.)

ઈડરનો ગઢ અમે જોયો. ગઢ એટલે કિલ્લેબંધી જેવું કશું નથી, પણ ૧૦૦૦ ફૂટ ઊંચી એવી ટેકરીઓ ઉપર કુદરતી કિલ્લેબંધી જેવું આવી રહેલ છે. પ્રજા કચડાયેલી અને ગરીબ છે. રાજસ્થાનની હદ ઉપર આ ગામ આવ્યું છે. સ્વરાજ્ય મળ્યા બાદ ઈડર અને હિંમતનગરની રોનક બદલાઈ ગઈ અને પ્રજામાં પ્રાણ અને જાગૃતિ આવ્યાનું જાણ્યું. આ સ્થળે પૂજ્ય ૧૯૨૪ કે તેવામાં ઈંદુલાલ યાજ્ઞિક સાથે આવેલા ત્યારે અને આજે - બે પરિસ્થિતિમાં તેમને ઘણો ફેર સ્પષ્ટ લાગ્યો.

## [૧૩]

*હિંમતનગર, તા. ૩૧-૫-૧૯૬૦*

## પૂજ્ય શ્રીમોટાનો પત્ર

૧૦ દિવસ ઉપર અમો સુરતથી નંદરબાર, મથુરીબહેનનાં ભજનોના પ્રોગ્રામે ગયેલા. ત્યાં આર. ઘેલાભાઈ કરીને એક તમાકુની ૫૫ વર્ષ જૂની પેઢી છે ત્યાં ઊતરવાનું બનેલું. ત્રણ પેઢીથી આ ભાગીદારીની પેઢી ચાલે છે. હાલ બે મુખ્ય વૃદ્ધોના લગભગ ૧૦ થી ૧૧ પુત્રોની વચ્ચે આ ભાગીદારી ચાલે છે. તે પુત્રોના પુત્રો પણ ૨૦-૨૨ વર્ષના છે અને તેઓ પણ પેઢીમાં કામ કરે છે. તેમાંથી કેટલાક પૌત્રો બે વર્ષ ઉપર આપણી કુંભકોણમ્ અને ઘણું કરીને ત્રિચિની પેઢીએ પણ આવેલા અને તેમણે શ્રીમોટાના ફોટાની માગણી કરેલી. આ લોકોનો તમાકુનો મોટો વેપાર છે. તેમાંના એક વૃદ્ધ અઠવાડિયા ઉપર જ દેવગત થયા.

નંદરબારથી અમો 'નવાપુર' સુરત પાછા વળતાં ઊતરેલા. નવાપુરમાં આમ તો મુખ્ય વસ્તી ગુજરાતી છે. છતાં, તે મહારાષ્ટ્ર સ્ટેટમાં ગયું છે.

નવાપુરમાં અમારો મુકામ શ્રી મંગળદાસભાઈ ચોખાવાળાને ત્યાં હતો. આ ચોખાવાળા કુટુંબ સુરતમાં પ્રતિષ્ઠિત અને પ્રખ્યાત છે. તેઓ મઢી (સુરત-ટાપટી રેલવે પટ્ટીમાં) વેપાર અર્થે આવેલા અને મઢી હતા. તેમણે વાત વાતમાં એક વાત અમને એવી કહી કે જે સાંભળીને મને ખૂબ ખૂબ હર્ષ થયો અને મને થયું કે તે બધું તમો સૌને ભાઈ નંદુ લખી જણાવે તો સારું અને મેં તેને સૂચવ્યું પણ ખરું, પણ તેણે તો કહ્યું, 'ના, એ મારાથી ના લખાય.' એટલે પછી મેં તેને કહ્યું કે તો ઠીક ! હું લખાવીશ. સુરતમાં અને નડિયાદમાં તો તે બાદ સમય ના મળ્યો, પણ અહીં પ્રમાણમાં સમય હોવાથી આજે લખાવી શક્યો છું.

તે અમારા યજમાન શ્રી મંગળદાસભાઈના શબ્દોમાં જ તે લખાવીશ.

'અમો ચાર ભાઈઓ છીએ. ચારેના ભાગ સરખા ચાર ચાર આની છે. કામ તો હું એકલો જ જાણે કરું છું અને પ્રભુકૃપાથી બે પૈસાની પ્રાપ્તિ પણ ઠીક ઠીક થઈ છે. અમારો વેપાર દાળો અને ભરડિયાનો છે. નાની શી દાળની મિલ છે. ફૅક્ટરી છે. એક ભાઈ - મોટા ભાઈ શ્રી ગોરધનદાસ ચોખાવાળા, સુરત શહેરની મ્યુનિસિપાલિટીના પ્રમુખ છે અને કૉંગ્રેસ શહેર કમિટીમાં છે. પહેલાં તો શહેર કમિટીના પ્રમુખ પણ હતા, પણ બે હોદ્દા સાથે ના રખાય તેવો કૉંગ્રેસનો ઠરાવ આવતાં શહેર કમિટીના પ્રમુખ તરીકેનો હોદ્દો જતો કર્યો. તેઓ પોતાનો બધો સમય કૉંગ્રેસ અને મ્યુનિસિપાલિટીની પ્રવૃત્તિઓમાં ગાળે છે. સુરતમાં પણ મોટરકાર રાખી છે અને ઑફિસ અને સ્ટાફ જેવું છે, પણ તેઓ તો જાહેર પ્રવૃત્તિઓમાં જ રચ્યાપચ્યા રહે છે અને કેટલાંય વર્ષોથી ધંધાનું કશું ધ્યાન કે જવાબદારી તેમણે રાખેલ નથી અને મેં તેમને તેમની પ્રવૃત્તિમાં પ્રોત્સાહન આપ્યા કર્યું છે, કારણ કોને ખબર કોના પ્રતાપે અને પુણ્યે હું કમાતો હોઈશ. મોટા ભાઈએ કદી વેપાર ખેડ્યો જ નથી. કૉલેજ છોડીને સીધા જ જાહેર પ્રવૃત્તિઓમાં પડ્યા.

બીજા એક ભાઈ ડૉક્ટર થયા અને મુંબઈમાં પ્રૅક્ટિસ કરતા હતા, પણ તેમના મગજને કશુંક થયું અને બ્રેઈન હેમરેજ જેવું થતાં હવે બ્રેઈનથી અપંગ બની ગયા છે. તેમનો પણ શરૂથી ચાર આની ભાગ છે.

ત્રીજા ભાઈ દેવલોક થયા છે. તેમનાં પત્ની, પુત્રો, પુત્રીઓ મારી સાથે જ રહે છે. તેમનો પણ પહેલેથી ચાર આની ભાગ ચાલુ છે.

અને ચોથો મારો ચાર આની ભાગ. નવાપુરમાં મને આવ્યે ૨૫ વર્ષ થયાં. હાલ મારી ઉંમર ૪૯ વર્ષની છે. મઢીથી વેપારનું સ્થાન બદલીને નવાપુર આવ્યો અને મને અહીં ફાવટ આવતી ગઈ. શરૂથી જ ચાર સરખા ભાગ છે અને કુટુંબમાં સંપ અને પ્રેમભાવ પ્રવર્તે છે. મને પણ ઘણી વાર જાહેર પ્રવૃત્તિમાં ભાગ લેવાનું અને બીજી સેવાઓની પ્રવૃત્તિઓમાં પડવાનું મન થાય છે, પણ હું એમ સમજ્યો છું કે કુટુંબની સેવા એ મારી સામાજિક સેવા જ છે. મોટા ભાઈ ગોરધનભાઈને હું તેમના જીવનનિર્વાહની ચિંતામાંથી મુક્ત રાખું અને તેઓ પૂરેપૂરી રીતે સામાજિક સેવામાં ધ્યાન આપી શકે અને તે પણ ટટ્ટાર મસ્તકે - તેમાં મારી સેવા આવી જ જાય છે. જાહેર સેવકને પોતાના જીવનનિર્વાહની ચિંતા ના હોય તો ઉત્તમ અને તો જ કોઈની પણ શેહમાં તણાયા કે દબાયા વિના ફરજ બજાવી શકે છે.

ડૉક્ટરભાઈ અપંગ બન્યા. તેમના કુટુંબને મારે સાથ આપવો જ જોઈએ અને જે ભાઈ દેવલોક પામ્યા તેમના કુટુંબને હું મારું જ કુટુંબ ગણું છું. પ્રભુ કોના નિમિત્તે મને આપતો હશે તે હું શું જાણું ? ઘણાય બુદ્ધિશાળી અને ઘણા મહેનતુ લોકો ઘણીય મહેનત કરવા છતાં માંડ જીવન ગુજારો મેળવે છે, જ્યારે પ્રભુએ મને બધી રીતે ફાવટ આપી. બંગલા આપ્યા, વાડીઓ આપી, કાર આપી. લાડી, વાડી અને ગાડી બધું જ આપ્યું અને સૌથી વધુ મહત્ત્વનું તો પ્રભુએ મને સન્મતિ આપી કે 'હું કમાઉ છું, હું કમાઉ છું' એવું મને ના થતાં સૌનાં નસીબ થકી હું કમાઉ છું એવી સૂઝ આપી અને આજ સુધી તો ભાઈઓ વચ્ચે ભેદભાવ જાગ્યો નથી અને આવી બુદ્ધિ સૂઝવી તે પણ પૂર્વજન્મના સુસંસ્કારનો ઉદય પણ હશે. મારે એક પુત્ર છે અને ત્રણ પુત્રીઓ છે. ચારેય મોટાં થઈ ગયેલાં છે. તે અપરિણીત છે. પુત્રીઓ

મૅટ્રિક આસપાસમાં ભણે છે અને બધી પહેલો બીજો નંબર રાખે છે અને છોકરો B.Com.; LL.B. થયો છે અને હવે બે વર્ષ માટે આગળ ભણવા અમેરિકા જવા માગે છે. મારી તો ઇચ્છા એવી હતી કે હવે તે વેપારમાં જોડાય તો મને રાહત રહે અને એકલા હાથે મારે જે બધું જોવું પડે છે તેમાં મને તે મદદરૂપ થાય, પણ તેની ઇચ્છા અમેરિકા જવાની થતાં તેમાં પણ મેં સંમતિ આપી છે અને હવે આ વર્ષે તે અમેરિકા જશે. આમ, હાલ તો મેં કુટુંબસેવામાં મારો ઉત્કર્ષ સાધવાનો ખ્યાલ રાખ્યો છે અને જે બને છે તે ઘર આંગણે રહીને સેવા કરતો આવ્યો છું.

આમ, તેમણે પોતાના જીવનની ઘણી વાતો કરી. પ્રથમ વાર જ મારે તેમનો મેળાપ થયો. તેમના ભાઈ ગોરધનભાઈ ચોખાવાળા સુરત આશ્રમે આવેલા અને તેમનાં પત્ની ત્રણચાર વાર બાળકો સાથે આવી ગયેલાં. પ્રથમ વાર જ નવાપુર જવાનું બનેલું. હવે, બાકીનું ભાઈ નંદુ લખશે. તેમનો વધુ પરિચય તે આપશે.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા પ્રણામ.

★ ★ ★

*હિંમતનગર, તા. ૩૧-૫-૧૯૬૦*

પાછલાં પાનાંઓમાં શ્રી મંગળદાસભાઈ વિશે જે લખ્યું છે તેમનો ટૂંક પરિચય :-

તેઓ લગભગ ૫૦ વર્ષની ઉંમરના છે. ખાદીધારી કુટુંબ છે. પોતે તો પૂર્ણ ખાદી પહેરે છે. નવાપુરમાં ગામને છેડે પોતીકી મોટી જમીન છે, જેમાં દાળોની ફાડો કરવાની ફૅક્ટરી છે અને તેમાં પોતાનો ડાઇનેમો - પાવરહાઉસ છે. અને ફૅક્ટરીમાં, ઘરમાં અને જમીન ઉપર બધે પોતાની આગવી વીજળી છે. ગામમાં જોકે હજી વીજળી આવી નથી.

આજે લાખેક રૂપિયા લાગે તેવું આલીશાન નવી ઢબનું બંગલા ટાઈપનું મકાન ટેસ્ટથી કરાવાયેલું છે અને ઘરે મોટી મોટર ટ્રક, ટ્રેક્ટર અને સીડાન કાર પણ ફરવા જવાને છે. નોકરચાકરો તો હોય જ. છતાં રસોઈયો નથી રાખ્યો. પત્ની અને છોકરીઓ હાથે રસોઈ બનાવે છે. છોકરીઓ નવાપુરમાં જ ભણે છે. બધાં સંસ્કારી જણાયાં. પૂજ્ય શ્રીરંગ અવધૂત મહારાજ બે વર્ષ ઉપર નવાપુર તેમના આગ્રહથી આવેલા અને તેમની ગામમાંની વાડીએ ઊતરેલા, અને ત્રણ દિવસ રહેલા ત્યારે રોજ હજાર હજાર માણસની રસોઈ થતી હતી. શ્રી મંગળદાસભાઈનાં પત્ની સવિતાબહેનની ઉંમર અંદાજે ૪૫ લાગી. સશક્ત, દેખાવડાં, ગૌર, સંસ્કારી બાઈ લાગ્યાં. ખેતીની નીપજનો અવેર તેઓ સંભાળી લે છે. ૧૩૮ આંબાઓ (કલમી અને ફળાઉ - ચાલુ ફળના) છે. તેની જુદી એક વાડી જ દૂર છે. અને ગામમાં એક બીજી વાડી છે. જ્યાં દ્રાક્ષ, પપૈયા, કેળાં-એવાં બીજાં લીલાં ફળો ઉગાડે છે. શાકભાજી પણ ખરી. રૂ. ૪૦૦૦/-નાં રીંગણ એક વર્ષમાં તેમણે ઉપજાવ્યા અને તે માટેનો ખર્ચ રૂ. ૧૦૦૦/-થી પણ ઓછો આવેલો. રૂ. ૫૦૦/-ની દ્રાક્ષ તેમણે ગયા વર્ષે નવાપુરમાં જ વેચી. તેમનાં પત્નીને પૂજ્ય શ્રીરંગ અવધૂત મહારાજ પ્રતિની ભક્તિ છે અને વિશેષ ભાવ છે. તેમના ભાવથી જ પ્રેરાઈને તેઓ નવાપુર આવેલા. તેઓ પાદરાના છે-(વડોદરા નજીકના પાદરાના) પત્નીને લીધે જ શ્રી મંગળદાસભાઈ થોડોક રસ સાધુસંતોમાં ધરાવતા થયા હોય એમ મને લાગ્યું. શ્રી મંગળદાસભાઈ પોતે બધો પૂરો સમય વેપારમાં આપે છે. ખૂબ મહેનત, ખંત અને ચીવટવાળા જણાયા. હવે થોડાંક જાહેર કામોમાં રસ લેતા શરૂ થયા છે. ગ્રામ પંચાયતોના સરપંચ તરીકે તેમની ઈચ્છા વિરુદ્ધ તેમને નીમવામાં આવ્યા છે. ગામના તેઓ આગેવાન જેવા છે. નીડર છે. હોશિયાર છે. બુદ્ધિમાન

પણ છે. તેઓ એકવાર પણ સુરતના આશ્રમે આવ્યા નથી. છતાં પૂજ્ય માટે ઠીક ભાવ દાખવેલો. તેમના મોટા ભાઈ શ્રી ગોરધનભાઈ ચોખાવાળા, સુરતમાં પ્રતિષ્ઠિત વ્યક્તિ છે અને તેઓ સુરત આશ્રમે એકવાર આવી ગયેલા. તેમનાં પત્ની ત્રણેક વાર આવેલાં. સુરતમાં પણ તેઓને ડ્રાઈવર સાથેની કાર છે અને પોતાનું આગવું મકાન છે. શ્રી ભીખુભાઈ અને બીજા કૉંગ્રેસના બધા સાથીઓએ મથુરીબહેનનો એક પ્રોગ્રામ તેમણે ગોઠવેલો અને રૂ. ૨૦૦૦/- તેમણે આપ્યા. અમોએ નંદરબારથી સ્પષ્ટ કહેવડાવેલું કે અમો માટે સાદું ભોજન રોટલો અને શાક કે એવું જ કરાવજો. છતાં, તેમનાં પત્નીએ શીરો પૂરી જ કર્યાં હતાં. અમો અને નંદરબારનાં મળીને પંદર જણ હતાં. ટ્રેનમાંથી જ અમે ૧૦-૩૦ વાગ્યે ઊતરેલાં. બપોરે ૧૨ વાગ્યે જમેલાં અને સાંજે ૫-૩૦ વાગ્યે જમવા બેસી ગયેલાં.

બીજી સવારે ભીખુભાઈનાં નાનાં બહેન કુસુમબહેન, નડિયાદની વિઠ્ઠલ કન્યા વિદ્યાલયનાં આચાર્યા છે, બી.એ.;બી.ટી. છે. કુમારિકા છે. (ઉંમર વર્ષ ૪૦) તેઓ મૌનમાં બેઠેલાં. તેમનાં મૌનની પૂર્ણાહુતિ હોવાથી અને ભીખુભાઈનાં ૮૦ વર્ષનાં વૃદ્ધ બા પણ અમો સાથે નંદરબાર આવ્યાં હોઈ અમારે બીજી સવારે ૬ વાગ્યે સુરત આશ્રમે પહોંચવું જ જોઈએ એમ હતું. અમે અગાઉથી શ્રી મંગળદાસભાઈને જણાવેલું અને તેમણે તેમની કાર રાત્રે પ્રોગ્રામ પૂરો થયા બાદ સુરત મોકલવા જણાવેલું. (સુરતથી નવાપુર આશરે ૬૦ માઈલ થાય છે.) અને અમોને રાત્રે કારમાં જ રવાના કરેલા. અમો ૧૨-૩૦ વાગ્યે રાત્રે નીકળેલાં તે ૨-૪૫ વાગ્યે વહેલી સવારે સુરત આશ્રમે આવી પહોંચેલાં. શ્રી મંગળદાસભાઈ સાથે પૂજ્યને કે અમારે ખાસ એવો કશો જ પરિચય નહિ. માત્ર, તેમના ભાઈ શ્રી ગોરધનદાસ

ચોખાવાળા અને તેમનાં પત્ની સાથે થોડોક સંબંધ. તેના આધારે આ પ્રોગ્રામ ગોઠવાયેલો અને તેમના મહેમાન બનેલા. શ્રી મંગળદાસભાઈને તો ભજનોમાં કે સંગીતમાં પણ કશો જ રસ નથી એમ તેમણે પોતે જ જણાવેલું.

નવાપુર અને નંદરબાર એ બધો પ્રદેશ પશ્ચિમ ખાનદેશ પ્રદેશ ગણાય છે. જંગલો નજીકમાં જ છે. લાકડાંનો વેપાર (ઈમારતી લાકડું) એ બાજુ સારો છે. શ્રી મંગળદાસભાઈ આવા ઈમારતી લાકડાંનો વેપાર પણ કરે છે, તે ઉપરાંત, એક જિનિંગ ફૅક્ટરીમાં કપાસમાંથી રૂ કાઢી તેની ગાંસડીઓ બાંધવાની ફૅક્ટરીમાં પણ ભાગીદાર છે. આમ, અનેક વેપાર એકીસાથે એકલા હાથે ખેડે છે. તમો જેવા ગૌર વર્ણના ઊંચા મધ્યમ બાંધાના અને કંઈક દેખાવડા કહી શકાય એવા ૫૦ વર્ષની ઉંમરના છે. ઉંમરના પ્રમાણમાં ચપળ અને સ્ફૂર્તિલા લાગ્યા.

## [૧૪]

*નડિયાદ આશ્રમ, તા. ૩-૬-૧૯૬૦*

**(આ પત્ર પૂજ્ય શ્રીમોટાને સંબોધીને છે.)**

પ્રિય પૂજ્ય ! કેટલાકને બલકે મોટા ભાગના લોકોને પોતાના ભાવનો ઉપલકિયો વિસ્તાર કરવો રુચતો હોય છે. કેટલાકને ઊંડાણ કરવું રુચે. એકવાર ઊંડાણ પૂરેપૂરું સિદ્ધ કર્યા બાદ વિસ્તાર થાય તે જુદી વાત છે. તે આવકારપ્રદ છે, પણ ઊંડાણના ભોગે થતો વિસ્તાર અહિતકર છે. ઉપલકિયા વિસ્તારમાં છીછરાપણું આવી જવા સંભવ રહે છે.

ભાવને વ્યક્ત કરવામાં સંકોચ અંતરાયરૂપ બને છે. પોતાના માણસને મહત્ત્વ મળતું જોતાં બીજા શું ધારશે તે પણ એક સંકોચનો પ્રકાર છે.

પ્રસંગ ઉપસ્થિત થતાં માનવી કોને મહત્ત્વ દે છે, તે ઉપરથી પણ તેના ભાવનું મૂલ્યાંકન નીકળી શકે છે.

ઉપરનાં ત્રણ કારણોને લઈને ગાંધીઆશ્રમમાં સોગંદવિધિ અને પ્રાર્થના સમયે તમો માટે જે બેઠક અને જગ્યા નક્કી કરાઈ હતી. જે ભાઈના હાથમાં પ્રત્યક્ષ વ્યવસ્થા હતી, તેમણે ઉપરનાં ત્રણ કારણોથી કદાચ તે જગ્યા પસંદ કરી હોય. કોરું ધાકડ ટેબલ અને તેય પીઠ પાછળ ઘણે દૂર એક ખૂણામાં. આ જગ્યા જોતાં જ મને આંચકા જેવું લાગેલું. સહેજ ભિન્નતા ઊઠતી લાગી અને તેવું થવાને કારણે બીજી કોઈ સારી જગ્યા હોવી જોઈએ તેમ ઊગ્યું. મને પોતાને મારે માટે આવા પ્રસંગો ખાસ આકર્ષણ ઉદ્ભવાવી શકતા નથી. જાણે તેવું બધું કલ્પનાના રાજ્યમાં હું અનુભવતો હોઉં છું. એટલે મારી તો ધારણા પહેલાં એ હતી કે તમોને બેસાડીને હું તો મારા કામે આપણા ઓરડામાં ચાલ્યો જઈશ. માઈક દ્વારા બધું સંભળાવાનું તો છે જ. એટલે મારું બીજું કામ અને આરામ બંને થયાં જશે. પ્રાર્થના સોગંદવિધિ એ બધું માનસિકપણે હું નિહાળી શકતો હતો અને જો મારો ત્યાં જ ચાલુ વસવાટ હોત અને તમો ના હોત તો કદાચ હું તે પ્રસંગવેળા ત્યાં એટલે કે સભામાં હાજર ના પણ રહેત. એનો અર્થ એ પણ નથી કે મને તમો સાથે ત્યાં આવવું કરવું ન હતું. આપણે અમદાવાદ ગયા તે તો ગમ્યું હતું. મારે માટે ગમવા ના ગમવા કરતાં તમો સાથે આવવાનો જ આનંદ મહત્ત્વપણે હતો. કંઈક ઉપયોગમાં આવી શકવાની શક્યતાનો જ ઉલ્લાસ હતો. તમો ગમે ત્યાં જતા હોવ ત્યાં તમો સાથે સાથે હોવાનો આનંદ હોય જ છે.

ટેબલની બેઠક જોઈને હું આગળ વધ્યો. ગાલીચો પાથરેલી ગાદી ઉપર કોણ બેસનાર છે તે પૂછી જોયું. સાથે સાથે ઉપર કશુંયે પથરાયા વિનાનું ગાદલું દેખતાં થયું કે અતિમહત્ત્વની વ્યક્તિઓ

તે ગાદલા ઉપર તો નહિ જ બેસવાની હોય. તેની પાછળ એક ખુરશી જોઈ. આમંત્રિત મહેમાનો માટે તો ના જ હોય તેમ થયું, કારણ કે ત્યાં માત્ર એક ખુરશી ના હોય, અનેક હોય અને એવી અલગ જગ્યાએ પણ ના હોય. તે ખુરશી ઉપર બેસી જોયું. 'વ્યૂ' સરસ આવતો હતો. જગ્યા નજીક પણ હતી અને ત્યાં બેસનાર સર્વને જોઈ શકે પણ બીજાં બધાં તેને ના જોઈ શકે તેવું પણ લાગ્યું. તે જગ્યા મને ગમી ગઈ અને રબરની બેઠક ત્યાં ગોઠવી લીધી.

તમો ખાસ સુરતથી છેક ત્યાં સુધી આ પ્રસંગને કારણે જ આવેલા તેવી માહિતીની જાણ મુખ્ય વ્યવસ્થાપકને હોવા છતાં તેમણે તમારી જગ્યા અંગે કશો વિચાર ના કર્યો. જ્યારે બીજા અનેકોને આમંત્રિત મહેમાનો માટે નક્કી કરાયેલી જગ્યાઓ ઉપર બેસાડવામાં આવેલા અને તેઓ બધા કંઈ તેમની સાથેના નિકટના ભાવ પરિચયવાળા પણ ન હતા. હા, આંખે ચડે તેવા સામાજિક દરજ્જાવાળા ઘણા તેમાંના હશે ખરા, પરંતુ તમારી મહત્તા આગળ તેઓનું તેવું સ્થાન મારી દૃષ્ટિએ ઘણું ગૌણ લાગેલું. માનવી તેવા પ્રસંગોમાં તેવા તેવા પ્રસંગોની સાથે જેને અતિ- નિકટથી સંકળાયેલા હોય તેમને મહત્ત્વ આપે તે સમજાય તેવું છે. જેમ કે મિનિસ્ટરો અને પ્રમુખ આદિ પણ જ્યારે અતિ- સામાન્ય બીજા જનોને પણ જેને મહત્ત્વ-ભાવનું-વધુ મળવું જોઈએ તેના કરતાં પણ જ્યારે તેઓ અંગેના વધુ મહત્ત્વ અને કાળજી વ્યક્ત થાય તે પેલા નિકટના સ્વજનને કદાચ નિકટતાને કારણે તો ઉપેક્ષા, બેકાળજી કે અવગણના નહિ થઈ જતી હોય તે ? મુદ્દલે મહત્ત્વ ત્યારે ના મળે તેવી ઘટના ખરે જ શોચનીય છે. તે બેઉ વ્યક્તિઓને-મુખ્ય વ્યવસ્થાપકને અને પ્રત્યક્ષ તેવા બધાની વ્યવસ્થા કરનાર અને તમો પ્રતિ ભાવ છે તે હું જાણું છું, પણ તે વેળા તેમના ભાવની ઉપર પત્રની શરૂમાં જણાવેલ ત્રણ કારણોને

લઈને કે બીજા ગમે તે કારણને લઈને રાહત વળી ગઈ હશે ખરી. મને તો ખૂબ લાગેલું કે તેઓ માટે આ અતિશોચનીય હકીકત ગણાય. તમો તો મન ઉપર આવું કશું મુદ્દલે ના જ લો તે હું જાણું છું. તમારો ભાવ આવા કારણે તેઓ વિશેનો ન્યૂનાધિક થતો નથી કે થવાનો નથી તે પણ જાણું છું. તેઓનો ભાવ હજુ સક્રિય ચલણી નાણાંરૂપે બન્યો નહિ હોય તેવું તો તમો સમજી લો ખરા એવું પણ માનું છું. બનતી કે બનેલ બીનાના પ્રત્યાઘાત મુદ્દલે કશા ના ઊઠે તે સમજું છું, પણ તેવી પરિસ્થિતિનું આકલન તો તમોને તરત થઈ જ જાય તે પણ તેટલું જ સાચું છે. મુક્તને નથી પડી માન-અકરામ કે મહત્તાની. હાથીની અંબાડી ઉપર ચડાવો કે જૂતાના હાર પહેરાવો તે બધું તેને સરખું છે, પણ તે તે સ્વજનોનો ભાવ જ્યારે કામ આપતો ના જુઓ ત્યારે તેઓના કાજે તેઓના ભાવને કાજે તે ભાવ હજી સર્વ બાજુ અમલી થઈ શક્યો નથી. તે ઊણપને લઈને તેઓ કાજે તેમના વિકાસ કાજે તમોને દિલમાં કશુંક થાય ખરું એમ માનું છું. અને તેવી તેવી તેમની ઊણપોમાંથી તેઓ વેળાસર બહાર તરી આવે તેમ પણ પ્રાર્થી જવાનું હોય તો નવાઈ નહિ.

ઘણી નાની ઉંમરથી ૧૬ કે ૧૭ વર્ષની ઉંમરથી આવી બીના અંગે મને પ્રભુદત્ત એક સૂઝ કે સમજણ મળેલી હતી કે આવા જાહેર પ્રસંગોમાં કે બહુજન સમુદાય પ્રસંગો વેળા નિકટનાં સ્વજનો કે જેઓને વારંવાર કે રોજ મળવાનું છે, સંપર્ક થવાનો છે, તેવાઓના ભોગે બહારની વ્યક્તિઓ સાથે તે પ્રસંગને કારણે જ ભેગી થયેલ કે મળેલ વ્યક્તિઓની સાથે એવો વર્તાવ ના થવો ઘટે કે જેથી નિકટનાં સ્વજનોને માનહાનિ લાગે કે ઓછું આવે. પેલા બહારના તો બીજે દિવસે ભૂલી પણ જાય. તેમને ઓછું મહત્ત્વ મળે તો તેનું તેઓને લાગે પણ નહિ. લાગવાને કારણ

પણ નથી. જ્યારે નિકટના સાથીઓને જીવનભર દુઃખ થાય તેવું બની જઈ શકે છે. તેઓની લાગણી ઘવાઈ જઈ શકે છે. એટલે હંમેશ ત્યારે પ્રથમ કાળજી તે ભાવનું વ્યક્તત્વ નિકટનાઓ માટે રહી શકતું. આનું કારણ એ પણ હશે કે હેતુનું લક્ષ્ય સજીવ રહેતું હોય, ઉપયોગિતાની દૃષ્ટિ મોખરે રહેતી હોય, તેથી તેમ બનતું હોય. આને હું ભાવને ઊંડાણમાં લઈ જવાનું ગણું છું. બહારનાઓને મહત્ત્વ દેવાની ઘટનાને ભાવનો ઉપલકિયો વિસ્તાર ગણું છું. જેમની સાથે રોજ રહેવાનું છે તેમની લાગણી વાજબીપણે ક્યાંય લગીરે ના ઘવાય તેની કાળજી અમારે આવા પ્રસંગોએ ખાસ રાખવાની હોય અને તો ભાવનું ઊંડાણ પણ કરી શકાય અને જ્યારે પોતાના ઈષ્ટદેવની વાત હોય ત્યાં તો વાત જ શી પૂછવી !

મહાભારતમાં આવો એક પ્રસંગ છે. પાંડવોના રાજસૂય યજ્ઞવેળા પ્રથમ અર્ધ્ય કોને દેવો તે પ્રશ્ન થાય છે.

આ લખી રહ્યો છું ત્યાં બારણામાંથી બહાર દૃષ્ટિ નાખતાં સામે વડની અનેક શાખાઓ, થડ અને ડાળીઓ વચ્ચેથી દેખાતા મનોહર આકાશને જોઈને આહ્‌લાદ-શુદ્ધ સાત્ત્વિક આનંદ અનુભવું છું. પાંદડાં અને ડાળો વચ્ચેથી દેખાતા દૂરદૂરના આકાશને જોઈને હર્ષ થાય છે. મન ઓર વધુ પ્રસન્નતા અનુભવે છે. વહેલી પ્રભાતની શાંતિ પણ છે જ. હરિઃૐના જાપનો મીઠો સૂર પણ સામેના મકાનમાંથી સંભળાઈ રહ્યો છે. હું પોતે તો મોટેથી જાપ કરી શકતો નથી. બે દિવસથી ગળું બેસી જવાને કારણે અવાજ નીકળી જ શકતો નથી. અંદર ગળામાં છોલાય છે. બોલવા જતાં અને આમ મોટેથી જાપ નહિ કરી શકવાથી એક જાતની અકળામણભરી લાગણી પણ રહે છે અને કંઈક જાણે Missing હોય, ખોવાઈ ગયું હોય તેવી ભાવના પ્રવર્તે છે. એવી અંતરમાં માનસિકપણે-

આંતરિકપણે જાપ કરવાની પૂરી કોશિશ કરું છું. કદાચ જીભ અંદરથી હલાવીને તો કદીક જીભ હલાવ્યા વિના અને એમ જાપના ભાવમાં રહેવા મથું છું. મોટેથી જાપ ઉચ્ચારણ સાંભળવાથી કાનને પડેલી ટેવ અનુસાર તેવા ઉચ્ચારણ નહિ સંભળાવાને લઈને જાણે કશુંક પાસે નથી એમ પણ લાગે છે.

આ વડની શોભા કવિની ભાષામાં 'અદ્ભુત' કાવ્ય પણ યોજાવી જાય ખરી. ગઈ કાલે સાંજે પણ તમોને ક્રીમ ઘસતી વેળા બાજુના જ પીપળામાંથી ફૂટેલ નવી ડાળીઓ અને તેના ઉપરના આછા ભૂખરા અર્ધ રંગીન કૂણાં-ઝીણાં મુલાયમ પાંદડાં, તેમના આકાર અને રચનાને જોઈને અંતરમાં પુલકિત થવાયે જવાતું હતું. શું પ્રભુની કરામત છે ! જગતની શી અવર્ણનીય શોભા છે ! શી સર્જનહારની લીલા છે ! આવું એકાદ દશ્ય મનમાં અતિ-પ્રસન્નતા ભરી દેવાને પૂરતું બની જાય છે, પણ આ તો આડફંટપણાનું લખાણ થયું ગણાય.

મહાભારતમાં કથાકાર વ્યાસ ભગવાને શ્રીકૃષ્ણને તેવા અર્ઘ્યને યોગ્ય ગણ્યા અને બીજા અનેક રાજા મહારાજાઓની હાજરી હોવા છતાં સામાજિક અને લોકપ્રશંસાની દષ્ટિએ, જનદષ્ટિએ બીજી અનેક વ્યક્તિઓ વધુ મહત્ત્વની હોવા છતાં પાંડવોની પાસે કથાકાર શ્રીકૃષ્ણને જ તેવા અર્ઘ્યને યોગ્ય ઠેરવે છે અને પરિણામે શિશુપાલનો વધ થવાનું બને છે, પણ તે જુદી વાત છે. મુખ્ય વાત તો એ છે કે શ્રીકૃષ્ણને જ પસંદ કરવામાં આવે છે. આ છે ભાવનું ઊંડાણ, તેનો સ્વીકાર અને આવિષ્કાર.

પ્રત્યેક સ્થળનું અનોખું અને આગવું આકર્ષણ-સૌંદર્ય હોય છે. સુરત આશ્રમનું જુદું છે તો અહીંનું જુદું છે તો વળી, કુંભકોણમ્નું ત્રીજી રીતે આગવું સૌંદર્ય છે. સાબરમતીનું વળી ચોથી રીતનું અનોખું છે.ક્યાંય કોઈને એકમેક સાથે સરખામણી

ના કરી શકાય. સરખામણી અમારા જેવા કરીએ એટલે પ્રભુને ખુદને જ ઉતારી પાડ્યો ગણાય - અવગણ્યો ગણાય. તેની કલાને વખોડી ગણાય.

**[૧૫]**

*સુરત, તા. ૨૧-૯-૧૯૬૦*

હાલમાં પૂજ્યનો કોઈ પ્રવાસ થયો નથી. છતાં એક ખ્રિસ્તીભાઈને ત્યાં થોડા દિવસ પહેલાં સવારે ચા માટે જવાનું પૂજ્ય સાથે બનેલું તેની વિગત લખીશ.

નડિયાદના આશ્રમના વડની ઉપર ૧૨ વર્ષનો એક પારસી છોકરો બેઠેલો. અંદાજે ૧૨ ફૂટ ઊંચાઈએથી નીચે પડ્યો અને માથામાં હેમરેજ થયું. સ્થિતિ ગંભીર હતી. તે વેળા આ ખ્રિસ્તીભાઈની મોટર (તેમનો ધંધો પોતાની કાર ભાડે ફેરવવાનો છે.) ખાલી પાછી ફરતી હતી તે કામમાં આવી ગયેલી. તે છોકરાને તાત્કાલિક હૉસ્પિટલમાં ખસેડ્યો. તે આ ભાઈએ તે દિવસ રવિવાર હોવાથી ડૉક્ટરો, નર્સો વગેરે ગેરહાજર હોવાથી હૉસ્પિટલના સ્ટાફને તેઓ ઓળખતા હોવાથી ડૉક્ટર, નર્સ વગેરેને બોલાવી લાવીને તરત જ ઉપચાર કરાવ્યા અને છોકરો ઊગરી ગયેલો. આ ભાઈનો આ રીતનો પૂજ્યે હૈયામાં ઉપકાર માનેલો. આ ઘટના બાદ આ ખ્રિસ્તીભાઈ - જેમનું નામ નરસિંહભાઈ છે, તેઓ અવારનવાર આશ્રમમાં આવતા થયા. પોતે એકાકી છે. લગ્ન કર્યાં નથી. ઉંમર અંદાજે ૪૫ છે. સારું ભણેલા પણ નથી. હાજરજવાબી, દલીલ-બાજીવાળા, નાસ્તિક અને બોલવામાં અને જવાબ દેવામાં પાછા ના પડે તેવા છે. બુદ્ધિશાળી પણ છે. ખૂબ જ નિયમિત છે. કહેલા ટાઇમ ઉપર હાજર થઈ જાય. ગાડીને - કારને સારી હાલતમાં રાખે. ભાવ-

દર ઘટાડવાની ખોટી હરીફાઈ ના કરે. બીજી કારો કરતાં પોતાનો દર જરા થોડોક વધુ પણ રાખે, પણ સર્વિસ પણ તેવી જ આપે.

તેઓની ઈચ્છા પોતાને ઘેર પૂજ્યની પધરામણી કરાવવાની હતી. આથી, અમોએ તા. ૧૬-૯-૧૯૬૦ની સવારે ૬ વાગ્યે એમને ત્યાં આવવું અનુકૂળ છે તેમ જણાવેલું. તેઓ બરાબર ૬ વાગ્યે ગાડી લઈને આશ્રમે આવેલા અને લઈ ગયા. ઘર સાફસૂફ કરેલું. એકાકી હોવા છતાં ફૂલોથી અને સુવ્યવસ્થિત ઢબે ઘરને શોભાવેલું. ચા નાસ્તાનાં સાધનો પણ સ્વચ્છ, સુઘડ અને સુશોભિત હતાં. લીલો મેવો-નારંગી, મોસંબી, કેળાં આદિનો નાસ્તો કરાવ્યો. ચા પાયો. બહુ પૂર્વતૈયારી સાથે તૈયાર રાખેલું. કોઈ જાતની ખોટી ધાંધલ નહિ. ઉતાવળ નહિ. દોડાદોડ નહિ. ટેબલ ઉપર ફૂલો ગોઠવેલાં. બારીને પડદા નાખેલા. ઘર નાનું પણ સુઘડ અને સ્વચ્છ. કોઈ પણ ગૃહિણીની સરખામણીમાં વ્યવસ્થિતતાના બારામાં ટકી શકે તેમ બધું છે.

આવું બધું જોઈને મને વિચાર આવ્યો કે સોબત-સંગત અને વાતાવરણ ફરે તો બધો ફેરફાર ગ્રહણાત્મક અને અનુકૂળ ભૂમિકામાં અને પ્રકૃતિમાં કરી શકાય છે ! આ જ ભાઈ જો પાશ્ચિમાત્ય લોકોના વાતાવરણના સંસર્ગમાં ના આવ્યા હોત અને ખ્રિસ્તી થવાને બદલે હરિજન રહ્યા હોત અને ઢેડવાસમાં વસતા હોત તો તેમના સંસ્કાર, રહેણીકરણી કેવી હોત ! વાણી કેવી હોત ! રંગઢંગ કેવા હોત ! તેઓ ખ્રિસ્તી પડોશી પાદરીઓના સંપર્કમાં આવ્યા અને આ પલટો થયો. એ રીતે ખ્રિસ્તી ધર્મે હિંદુના દલિત લોકોની સેવા બજાવી છે. કંઈક લોકોના જીવનને ઊંચે આણવાનું કર્યું છે. સ્વચ્છતા, સુઘડતા, વ્યવસ્થિતતા અને નિયમિતતા આદિ ગુણો તેમનામાં પ્રસરાવ્યા છે. અલબત્ત, બધા જ ખ્રિસ્તીઓમાં આમ ના સંભવી શકે. કિંતુ ખ્રિસ્તી ધર્મના

વાતાવરણની અસર તો બહિર્ વાતાવરણમાં મોટા ભાગના લોકો ઉપર પડી જ છે. તો આ છે ખ્રિસ્તી ધર્મની અગત્યની ભેટ.

હવે, પ્રશ્ન એ થાય ખરો કે આ તો બહિર્ રૂપાંતર થયું. બહિર્ સ્થૂળ ફેરફારો છે. કિંતુ બહિર્ની અસર ભીતર ઉપર પણ પડે જ છે. પ્રથમ બાહ્યશુદ્ધિ અને પછી આંતરશુદ્ધિ. સાધારણ રીતે બૃહદ જનસમુદાય માટે આ નિયમ લાગુ પડેલો જોયો છે. ખ્રિસ્તી ધર્મે પ્રેમ અને સેવાનો મંત્ર ફેલાવ્યો. ખ્રિસ્તી પાદરીઓએ ભલે પોતાનો ધર્મ ફેલાવવા માટે આ કામ કર્યું હોય કે કરતા હોય, છતાં આપણને તો તેનાથી કરીને જે આંતરિક અને બાહ્ય લાભો મળ્યા છે તેનો ઉપકાર કેમ વીસરી શકાય ? નરસિંહભાઈએ પૂજ્યને ફૂલહાર ચડાવ્યા અને ચા પાઈને પોતાની યથાશક્તિ પ્રમાણે નીકળતી વેળા-વિદાય દેતી વેળા રૂ. ૫/- કવરમાં મૂકીને ભેટ પણ ધર્યા. કવરમાં ભેટની રકમ મૂકીને આપવામાં વિવેક છે, સુસંસ્કાર છે એમ મને હંમેશ લાગ્યું છે. વળી, નરસિંહભાઈએ કોરા હાથે વિદાય ના આપી. તેમના ભાવના પ્રતીકરૂપે તે રકમ આપી. તે પણ તેમના સુસંસ્કારનું ચિહ્ન છે. મેં તેમને આભારપત્ર લખેલો તેનો પ્રત્યુત્તર પણ તેમણે તરત જ વાળ્યો છે.

**[૧૬]**

*સુરત, તા. ૨૪-૧-૧૯૬૧*

પૂજ્ય પ્રતિ બાળકો, કિશોરો-કિશોરીઓ, યુવાનો અને યુવતીઓ, પ્રૌઢ લોકો, વૃદ્ધો - એમ સર્વ કોઈ કયા આકર્ષણે આકર્ષાય છે ? પુરુષો અને બહેનો સર્વ કયા આકર્ષક બળથી પ્રેરાઈને તેમના પ્રતિ ખેંચાય છે ? આ પ્રશ્ન સહેજે ઉદ્ભવે ખરો. તેનાં અનેક કારણો હોઈ શકે.

પ્રથમ કારણ કોઈ એમ પણ કહી શકે કે તેમની ખ્યાતિ !

'મોટા'ના નામને લીધે પણ. જેને બધાં તરફથી બહુમાન મળતું હોય - તેવા પ્રતિનું આકર્ષણ - તેવાના પરિચયમાં આવવાનું આકર્ષણ 'તેવા મને ઓળખે છે કે તેવાની સાથે મારો સંપર્ક છે' તેવું કહી શકવામાં જે કારણ પોષાય છે તેવા કારણે પણ પૂજ્ય મોટા પ્રત્યે સર્વનું આકર્ષણ હોઈ શકે છે ખરું. છતાં આ તો બહિર્ કારણ જણાવ્યું. જ્યારે મૂળ આંતરિક કારણ એ પણ છે કે તેમનામાં સર્વ સાથે ભળી-ગળી જવાની શક્તિ છે. બીજાઓને મહત્ત્વ દેવાની કળા છે - નમ્રતા છે. બીજાઓને મહત્ત્વ દેવાથી કરીને બીજામાં ભાવ જાગે છે. તે તેઓને સ્વમાનને ઊંચું જોવાની તક મળે છે. 'કોઈ એક જણ એવું છે કે જે આપણામાં સારું જોઈ શકે છે. તેને વખાણી શકે છે. તેની કદર કરી શકે છે.' આવા સ્વાભિમાનના ખ્યાલે અને પોતાની લાગણીઓ સાથે સહાનુભૂતિ ધરાવનારની સાથે સહેજે હમદર્દી - નિકટતા - આત્મીયતા જે અનુભવાય તે બીજાઓને થાય છે અને આ આકર્ષણ બળે પ્રેરાઈને સર્વ આબાલવૃદ્ધ પૂજ્ય પ્રતિ આકર્ષાય છે. તેમની આ એક અનોખી આગવી ટેક્નિક છે. બીજાને પોતાની પ્રતિ કેમ વાળી લેવાં તે કળા તેમનામાં સહજ છે. પ્રેમ કરવાની પણ કળા હોય છે. જે તેમનામાં વિપુલ પ્રમાણમાં છે. તે પ્રેમની સાથે સાથે પરિચય વધતાં અને નિકટ આવતાં કઠણ થવાની પણ સહજ કળા તેમનામાં છે જેનો અનુભવ સુખદ કે દુઃખદ બંને પ્રકારનો નિકટ આવનારને થઈ શકે છે. ખરી રીતે દુઃખદ અનુભવ તે નથી જ પણ પામર મન તેને દુઃખદ માને તો નવાઈ નહિ.

Stoop to conquer વિજય પામવાને પ્રથમ નમવું. આ તેમની પદ્ધતિ ઘણાં સમજી શકતાં નથી. અમો બધાં બહારગામ એક ભાઈને ત્યાં મહેમાન તરીકે હતાં. એમાં એક ધનિક ભાઈ પણ સાથે હતા. ત્રીજી જ એક વ્યક્તિને એમ

લાગ્યું કે પૂજ્ય શ્રીમોટા આવા સંજોગોમાં અને તેમના આશ્રમોમાં પણ ધનિક ભાઈઓની હામાં હા મિલાવીને એક પ્રકારની 'ખુશામત' કરે છે. 'કોઈ ધનિક ભાઈ સાધારણ વાત કરે છે તેમાંય મોટા કંઈક વિશેષતા કલ્પીને ખડખડાટ હસે છે. જ્યારે ખરી રીતે તેમાં હસવા જેવું કશું નથી હોતું.' આવી મતલબનું વાક્ય એક ભાઈએ મને કહ્યું. જેવું આ એક ભાઈને લાગ્યું તેવું બીજાઓને પણ લાગ્યું હોય તો નવાઈ નહિ. હવે, આની પાછળ ખરી વસ્તુ શી છે ? તે જોઈએ. પ્રથમ તો તે ધનિક ભાઈ સાથે પૂજ્યને એવો અને એટલો ઘરોબો નિકટવર્તી નથી. તેમ જ તે ધનિક સાધનાર્થે તેમની સાથે જોડાયેલ નથી કે પૂજ્ય તેમને સુધારવાનું કામ કર્યા કરે. હરગિજ નહિ, પરંતુ એ રીતે તે ધનિક ભાઈ પૂજ્યના પ્રેમના વર્તુળમાં આવતા થાય છે અને એકવાર પૂજ્ય પ્રતિ તે ભાઈને ખરેખરું આકર્ષણ અને પ્રેમભાવ જાગી ગયા પછી તેને મઠારવામાં પૂજ્ય બાકી પણ નથી રાખી શકતા. ખરી રીતે તો એમ વિચારવું ઘટે કે પૂજ્યને તે ધનિક ભાઈ પાસેથી શું મેળવી લેવાનું છે ? તેમનો શો હેતુ છે ? પૂજ્યને અંગત કશો સ્વાર્થ નથી, તેમ આશ્રમોના નિભાવના સ્વાર્થ માટે તેઓ 'અંજાય' છે તેમ માનવું પણ ઉચિત નથી. જુદી જુદી સામાજિક કક્ષાઓના માનવીઓને આકર્ષવાને ભિન્ન ભિન્ન નિરાળી રીતરસમો હોઈ શકે છે. જેમ આપણે કોઈ પંડિત, વિદ્વાન કે કલાકારને સહજપણે માન-આવકાર આપીએ છીએ તેમ ધનિકને-શ્રીસંપન્ન વ્યક્તિને પણ-શ્રીલક્ષ્મી-પણ એક શક્તિ છે-તે ધારણાએ શ્રીસંપન્ન વ્યક્તિને, કલાકારને કે વિદ્વાનને અપાતા બહુમાનની જેમ માનઆદર અપાય. તેમાં મને કશું ખોટું નથી લાગતું. મહાત્મા ગાંધીજી જેવી દરિદ્રનારાયણ વ્યક્તિ પણ ઉપરની રીતે વર્તતી જાણી છે. ધનિકો પાસે પણ

એક પ્રકારની શક્તિ છે અને તે શક્તિનો ઉપયોગ સમાજના સંતોને કરવો હોય છે. દૈવી હેતુ માટે તેનો ઉપયોગ કરવાનો હોય છે. એટલે એ રીતે ધનિકને માનઆદર આપતા હોય તેમાં કશું અજુગતું નથી લાગતું. હા ! સદા કાળ માટે બનતું હોય તો જુદી વાત છે. તેવું તો પૂજ્ય પાસે નથી. થોડાક દિવસ ઉપર જ શ્રી નટવરભાઈ ચિનાઈને બધાંના દેખતાં ત્રણ વાર (ત્રણ દિવસમાં) ઊધડો લીધેલો અને માન ભંગ કરેલા અને તેવું જ બીજા ધનિકો જોડે પણ વર્તતા જોયા છે. તેઓને સ્પૃહા છે તો અપરંપાર છે નથી તો રજમાત્ર નથી. કોની સાથે કેવી રીતે વર્તશે તેનું સાધારણ રીતે આગળથી નિશ્ચિતપણે કશું કહી ના શકાય. પૂજ્યનો અંતર્ગત આશય તેમની નજીકમાં આવનારના જીવન ઉત્કર્ષનો હોય છે. તેવાનું જીવન થોડુંક પણ ઊંચું કેમ આવે તે માટે ભિન્ન ભિન્ન પ્રકૃતિઓની સાથે નિરનિરાળી રીતે તેઓ વર્તતા હોય છે. એકવાર તેમની નિઃસ્પૃહાની ભૂમિકા ઉપરની સ્પૃહાના હેતુનો ખ્યાલ આપણને મનમાં બેસી જાય, તેમના તેવા વર્તનની પાછળના પ્રેરક ભાવની ગમ કંઈક પડી જાય તો પછી મનમાં સગડગ થવા સંભવ ઓછો રહે યા મુદલે ના રહે. અને આખરે તો મુક્ત પુરુષો આરસી સમાન છે. આપણામાં જે જાતની વૃત્તિઓ હશે તે રીતે જ આપણે તેમના બહિર્ વર્તાવને સમજવાના, માપવાના અને મૂલ્યાંકન કરવાના - જે એવું આપણું મૂલ્યાંકન એટલું સહીસલામત અને સત્ય કદી ના ગણાય. જ્યારે એવી સગડગ થાય ત્યારે જો આપણે તે વિચાર કે વૃત્તિનાં મૂળ સુધી જવાનું નિર્દયપણે પૃથક્કરણ કરીએ તો આપણને નવી અને સાચી સમજણ મળવાનો સંભવ ખરો.

જેવું Wealth શ્રીના પ્રશ્ન અંગે તેવું જ Sex અને Power સ્ત્રી અને સત્તાના પ્રશ્નો અંગે પણ સમજવું. આપણને તે તે પ્રશ્નો અંગે 'મુક્ત' વિશે અને તેમના વર્તાવ વિશે જે જે મનમાં ઊઠે તે આપણી પોતાની વૃત્તિઓનું પ્રતિબિંબ છે એમ જો પ્રીછી શકીએ તો આપણી નિમ્ન વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ સુલભ બને છે.

**[૧૭]**

*સાવલી, તા. ૧૨-૩-૧૯૬૧*

આજે પૂજ્યના જન્મસ્થળના ગામે સવારે ૬-૩૦ વાગ્યે ઊગતા પ્રભાતે-સાવલી ગામે-ભાખરાં સમયે પ્રવેશ્યા. નડિયાદથી ૪-૩૦ વાગ્યે બંધ જીપમાં નીકળેલા. બધા મળીને ૧૧ જણ હતા. રસ્તે નામસ્મરણ ધૂન ચાલતી હતી. પ્રથમ અત્રેના મામલતદાર સાહેબ કે જેઓ પૂજ્યના પ્રશંસક છે અને જેઓ અમારા યજમાન છે, તેમને ત્યાં સીધા આવ્યા. આ ગામમાં પૂજ્યનાં સગાંઓ-ન્યાતીલાઓ છે. પૂજ્યના નજીકના એક પિતરાઈને ત્યાં સવારનું જમવાનું યોજાયું હતું. આ સૌ ભાઈઓએ પૂજ્યનું સ્વાગત સામૈયાના સ્વરૂપે સવારે કરવા વિચારેલું અને ભાગોળેથી ઉતારા સુધી વાજતેગાજતે લાવવાનું ધારેલું. આની જાણ પૂજ્યને થઈ જતાં તેમ ના કરવા લખી દીધેલું અને અમોએ આ લોકોને અમારો આવવાનો સમય ૯-૧૦ વાગ્યે જણાવેલ. જ્યારે અમો આવી ગયા ૬-૩૦ વાગ્યે. એટલે તેઓ સૌને વિસ્મય થઈ ગયું.

શ્રી મામલતદારને ત્યાં પ્રથમ આવ્યા-ઊતર્યા. ચાપાણી થયાં પછી બધા પરવારી ગયા કે તરત ૮ વાગ્યે પૂજ્યનાં ક્રીડાસ્થળો જોવા ગયા. ભાગોળે બે પીપળા છે. કૂવો છે. મહાદેવ છે. જ્યાં તેઓ નાનપણમાં રમેલા, તે બધાં સ્થળો જોયાં. બજાર જોયું. ત્યાંથી બે માઈલ દૂરના હનુમાનજીના મંદિરે ગયા. તળાવના કિનારે આ શાંત રમ્ય સ્થળ છે. મહાપ્રભુજીની બેઠક-હરરાયજીની બેઠક

પણ અહીં છે. તેનાં દર્શન કર્યાં. એમ બધે ફરીને નવ વાગ્યે પાછા ફરીને તેઓના જન્મસ્થળના મકાને ગયા. આ મકાન ભાવસારવાડમાં છે. (સાવલીની વસ્તી ૮ થી ૯ હજારની છે અને તાલુકાનું હેડક્વાટર્સ છે. અસલ ગાયકવાડી હતું.) મકાન મોટું, લાંબું, ઊંડું અને માળવાળું છે. ઘણાં વર્ષો ઉપર તેઓના વડીલોએ તે રૂ. ૧૨૦૦/-માં વેચી નાખેલું. હાલની કિંમત રૂ. ૧૦,૦૦૦/- મુકાય ખરી. આ મકાનને જોતાં લાગે છે કે પૂજ્યના વડવાઓની આર્થિક સ્થિતિ આજુબાજુની પરિસ્થિતિની સરખામણીમાં સારી હશે અને હતી. એ મકાનના પાછલા ભાગમાં જ્યાં પૂજ્યનો જન્મ થયેલો તે સ્થળનાં દર્શન કર્યાં. આ મકાનને જોતાં હૃદય કૃતજ્ઞતાભાવે ગદ્ગદ થયેલું. આંખો મૃદુ અને અવ્યક્ત અશ્રુભારે ભારે બની હતી. હૃદયમાં થડકાર થયેલો. એ સ્થળની કેટલી બધી પવિત્રતા હશે ! કે એવા સ્થળે આવા મુક્તનો જન્મ થયો ! ગુજરાતી શાળાની સામે જ મકાન છે. તે મકાનની નજીક જ તેમના પિતરાઈનું મકાન છે, જ્યાં અમારે સવારનું જમવાનું હતું. એ પુનિત મકાનમાં ઉપરનીચે, આગળપાછળ બધે મથુરીબહેન અને હું ફરી વળ્યાં. તે વેળા હૃદયમાં આભારભાવની ભાવના અને લાગણી મોજૂદ હતી. પૂજ્ય તો મકાનમાં દાખલ નહિ થયેલા. બહારથી બતાવીને પાછા ફરી ગયેલા અને પિતરાઈ ભાઈના મકાનમાં જઈને બેઠેલા. પિતરાઈ ભાઈની આર્થિક સ્થિતિ સારી ગણાય. જમવાની વ્યવસ્થા  વાનગીઓ આદિ ઉપરથી કુટુંબના સંસ્કારની સારી છાપ ઊઠતી હતી. જમ્યા બાદ તેઓએ પૂજ્યને ફૂલહારથી નવાજ્યા. યજમાને જમવાનો સમય ૧૦ વાગ્યાનો બરાબર પાળેલો. પૂજ્ય ૪૦-૪૫ વર્ષ બાદ આ સ્થળે આવ્યા. તેમનાં સગાંઓમાં વૃદ્ધો વડીલો તેમને ઓળખી શકતા લાગ્યા. જેવો આનંદ મને મારા બચપણના ગામ ધોળકાને ૪૫

વર્ષ બાદ જોતાં થયેલો અને હૃદય આર્દ્ર બનેલું તેવું પૂજ્યના આ પુનિત જન્મસ્થળનાં દર્શન કરતાં થયું. બધો સમય ભાવમાં વીત્યો એ એની કૃપા. નડિયાદથી મોટર રસ્તે ૪૫ માઈલ આ સ્થળ છે. ટ્રેન દ્વારા ૬૦/૬૫ માઈલ થાય છે. નડિયાદથી ભાઈ સોમાભાઈ, શાંતિભાઈ (ગાંધી આશ્રમ), પી.ટી. પટેલ અને બીજા ભાઈઓ પણ સાથે આવેલા. પૂજ્યે ખાસ ચહીને શાંતિભાઈને પણ આવવા આમંત્રેલા. તે તેમની સર્વગ્રાહી દૃષ્ટિ બતાવે છે. શાંતિભાઈના પિતાનું પણ બાલ અને કિશોર વયનું આ સ્થાન ગણાય. શાંતિભાઈ અત્રે પહેલી વાર જ આવ્યા અને અમો પણ પ્રથમ વાર જ આવ્યા.

**[૧૮]**

*પુના, તા. ૨૭-૫-૧૯૬૧*

બે કારમાં બધાં મળીને ૧૧ જણ પુના જવા નીકળ્યાં. પૂનાના યજમાન શ્રી ચંપકભાઈ દેવીદાસ, સુરતના શ્રી ચૂનીભાઈ રેશમવાળા, શેઠ શ્રી નટવરભાઈ ચિનાઈ, ઊર્મિલાબહેન, સરોજબહેન, રતનબહેન ફોજદાર, વૃંદાવન રામકૃષ્ણ મિશનવાળા સ્વામીજી વિમલાનંદ અને બે સારથિઓ.

મુંબઈથી ચાર વાગ્યે નીકળ્યાં. રસ્તામાં ખપોલી રોકાયાં. મુંબઈગરાઓનાં માનીતાં ખપોલીનાં બટાકાવડાં કેટલાંકે ખાધાં. પુના રાત્રે ૮ વાગ્યે પહોંચ્યાં. જમીને સૂતાં. ૧૦-૩૦ થઈ ગયેલા.

બીજી સવારે વહેલા ૬-૩૦ વાગ્યે 'કમરઅલી દરવેશ'ના સ્થળે ગયાં. પુનાથી મહાબળેશ્વરના રસ્તે ૧૫ માઈલ અને બે ફર્લાંગના પથ્થરેથી જમણી બાજુ વળતાં એક ફર્લાંગ દૂર આ કબર છે. તેની વિશેષતા એ છે કે ત્યાં બે ગોળ પથ્થરો છે કે જેમાં ચેતનનું જડ ઉપર સ્વામિત્વ સ્થપાયેલું છે. એક પથ્થર ચાર મણ (૮૦ કિલોગ્રામ) અંદાજનો, બીજો સાડાપાંચ મણ (૧૧૦

કિલોગ્રામ) અંદાજનો. બેત્રણ માણસથી પણ ના ઊંચકાય તેવા. તેને એક માણસ તો ખસેડી પણ ના શકે. નાના પથ્થરને ૯ જણ (બધા પુરુષો જ હોવા જોઈએ) અને મોટાને ૧૧ જણ આંગળી અડકાડીને 'કમરઅલી દરવેશ'ના નામનો પોકાર કરતાં પથ્થર માથા સુધી ઊંચકાઈ જાય છે. જ્યાં શ્વાસ બંધ થાય કે પથ્થર તેના પગ આગળ ધબ દઈને પડે. 'હરિઃૐ', 'શ્રીકૃષ્ણ શરણં મમ' વગેરે મંત્રોથી પથ્થર નથી હાલતો. એટલે તે સાંઈએ મંત્રથી તે પથ્થર ઉપર પોતાના ચેતનનું સ્વામિત્વ શરતો સાથે મૂકેલું છે. આ સમજવા જેવી અને વિચારવા જેવી વાત છે. જાતે જોયા વિના તેનું મહત્ત્વ નહિ ઊગી શકે. શ્રીજ્ઞાનદેવ મહારાજે, ઓટલા ઉપર સવારી કરીને એ ઉડાડેલો તે ઘટના શક્ય હોઈ શકે છે. તે આ પથ્થર ઊંચકાવાની ઘટનાથી સાબિત થાય છે. માનવી પોતાની ચેતનાનું બળ જડત્વ ઉપર વાપરીને તેને જેર (વશ) કરી શકે છે. આ વિશે પહેલાં લખાઈ ચૂક્યું હોઈ લંબાણથી લખતો નથી.*

ત્યાંથી અમો ડક્કન પુના કૉલેજમાં રહેતા ત્યાંના પ્રોફેસર શ્રી હસમુખભાઈ સાંકળિયાને ત્યાં ગયા. તેમનાં પત્ની સરલા-બહેન અને હસમુખભાઈ બે જણ રહે છે. બહેનની ઉંમર ૩૨-૩૫ હશે. ભાઈની ઉંમર ૪૦-૪૨ હશે. બંને સંસ્કારી અને સુશિક્ષિત છે. જંગલ જેવી જગ્યામાં એકાંત શાંત સ્થળમાં તેમનો એકાકી બંગલો છે. તેઓ બંને એકલાં જ રહેતાં હોય છે. તેઓ પતિપત્ની બે જ જણ છે. લગ્ન થયાં ત્યારથી જ બ્રહ્મચર્ય પાળે છે અને 'ભાઈબહેન'ના સંબંધ જેવા નામે સાથે રહે છે. સરલાબહેનના ગુરુ શ્રીઉપાસની બાબા છે અને લગ્ન કરીને ગુરુને પગે લાગવા ગયેલાં અને તે વેળા ગુરુએ બ્રહ્મચર્યનો આદેશ કે

* 'આશ્રમની અટારીએથી' - પુસ્તક પૃ. ૭૭

ઉપદેશ આપેલો ત્યારથી આમ રહે છે. બહેન, શરીર ઉપરનાં બધાં જ કપડાં પીળાં અને રેશમી પહેરે છે. બહાર જવાનાં વસ્ત્રો પણ તેવાં જ. બહેનની માતૃપક્ષે આર્થિક સ્થિતિ પણ સારી સંગીન છે. ઘરમાં બધા પડદા, શેતરંજીઓ, પલંગપોશો, ટેબલક્લૉથ બધું જ પીળાં વસ્ત્રોનું. જાજમ શેતરંજી સુધ્ધાં પીળાં જ અને આ બધું તે બહેને હાથે રંગેલું છે. કલાકાર છે. ફૂલોનાં ખૂબ શોખીન છે. બગીચો પોતે માળીની સહાય વડે ઊભો કર્યો છે. જાતજાતનાં સુગંધી પુષ્પો - જુદા જુદા રંગના ચંપાઓ, મોગરો, જૂઈ, મધુમાલતી, ગુલાબ આદિ અનેક જાતનાં પુષ્પો તેઓને મળતાં રહેલાં છે અને ઘરમાં ચારેબાજુ બીજાં પુષ્પોની સજાવટ એવી તો સરસ કરે છે, કે જાણે એક હૃદયસ્પર્શી વાતાવરણમાં આપણે આવ્યા હોઈએ તેમ લાગે. ફૂલોની સજાવટ ગોખે ગોખે અને મૂર્તિએ મૂર્તિએ જુદી જુદી જાતની આકર્ષક છે. પોંડિચેરીના શ્રીઅરવિંદ આશ્રમની યાદ આવે તેવી ગોઠવણી છે. તેઓ કૃષ્ણના પણ ભક્ત છે. મુખ્ય ગુરુ સાંઈબાબા. ઘરમાં શાલિગ્રામો, શંખો, શિવલિંગો, ૐકારના પથ્થરો, મૂર્તિઓ પથ્થરની, તાંબા પિત્તળની, પૂતળાં આદિ ઘણાં ઘણાં છે. જાણે એક નાનકડું સંગ્રહસ્થાન. પતિ આર્ચીઓલોજીસ્ટ (પુરાતત્ત્વવિદ્) હોઈ જૂની પુરાણી વસ્તુઓના શોખીન તો ખરા જ. બહેનને પણ તેનો શોખ છે. બંગલો જૂની સ્ટાઈલનો વિશાળ મોટો, એટલે ભવ્ય પણ લાગે. પતિપત્ની એકલાં જ રહે અને વર્ષના છ મહિના પત્ની એકલાં જ હોય. આવડા મોટા વિશાળ મકાનમાં - જંગલ જેવામાં- છતાં મુદ્દલે ડર નહિ. ભીતિ નહિ. એશઆરામનાં સ્થળોએ જવું આવવું નહિ. ક્યાંય સોશિયલ કૉલ્સ માટે જવું આવવું નહિ. તેઓ ભલાં અને તેમની પૂજાભક્તિ ભલી. રોજ સવારે ચાર વાગ્યે ઊઠે. ભજનકીર્તન કરે. ફૂલહારની સજાવટ કરે. રોજ સાંજે ચારેક વાગ્યે નાહીને પૂજામાં બેસી જાય. કૃષ્ણભક્તિમાં રમમાણ

રહેવાનો પ્રયત્ન કરે છે. બીજી બધી બહિર્ ઉત્તેજનાને છોડીને કેવળ આ કૃષ્ણભક્તિમાં લીન રહેવા તેઓ મથે છે. બહેન ભજનો પણ સારાં ગાય છે. અંગ્રેજી, ગુજરાતી, મરાઠી ઉપર સારો કાબૂ ધરાવે છે. હસમુખાં અને મળતાવડાં પણ ગણી શકાય. દાગીના-હીરા, સોનાના પણ સારી રીતે ધારણ કરે છે. ભક્ત છે એટલે સાધુ સંન્યાસી ટાઈપના અરસિક અને સીધાં સાદાં રખે કોઈ તેમને કલ્પી લે. અમો ઓચિંતા જ ગયેલા. અમારી તેમને ત્યાં જવા વિશે તેઓને જાણ કરી ન હતી. સાંજે મળવા જવાના હતા તેવી તેઓને જાણ હતી ખરી. એટલે અમો સવારે ઓચિંતા જઈ ચડ્યા ત્યારે પણ તેમનાં કાને હીરાનાં એરિંગ અને ગળે સોનાનો મોટો હાર, હાથે સોનાની બંગડીઓ, પીળાં રેશમી વસ્ત્રો, માથે ફૂલો વગેરેની સુંદર સજાવટ હતી. એટલે શુષ્ક-ત્યાગી જીવનનો તેમનો રાહ નથી. કૃષ્ણની ભક્તિમાં-જે રાધિકાનો ભાવ હોય-ગોપીઓનો જે ભાવ હોય તેવો તેમનો પ્રયત્ન હોવાનું લાગ્યું. ગૃહની વ્યવસ્થા, બગીચાની સફાઈ અને ખિલવણી, વડ-પીપળાનાં વૃક્ષોની આજુબાજુ તેમણે જાતે કડિયાકામ કરીને બેસાડેલ પથ્થરો આદિ જોતાં લાગ્યા વિના ના રહે કે તે બહેનમાં હૈયાસૂઝ અને વ્યવસ્થાશક્તિ ભારે હોવી જોઈએ. નાનપણથી આવો ભક્તિનો રંગ લાગવો તે, તે બહેનનું પરમ ભાગ્ય છે ! આવાં સ્થળે જવું એટલે યાત્રા સ્થળે જવું. જ્યાં જવાથી પ્રેરણા મળે, વિચારો ઉદાત્ત થાય, સ્ફૂર્તિ અને તાજગી આવે તે ખરાં તીર્થધામો છે. તેમના પતિને ધન્યવાદ છે, કે તેઓ સાથ આપી રહેલા છે. આ બહેને બધું ખૂબ ઊલટ અને ભાવથી બતાવ્યું. તેમના ઘરમાં જે જે બધું હતું તે બધું બતાવ્યું. કૃષ્ણની એક સુંદર મૂર્તિ પણ તેમના ઘરમાં હતી.

ત્યાંથી અમે 'લીમ્બ સેન્ટર'ની જગ્યાએ એટલે કે હાથપગ કોઈ શરીરનો અવયવ કપાઈ ગયો હોય, તો તેના સાથે

લાકડાનો અવયવ નાખીને શરીર પૂર્વવત્ લગભગ બની રહે તેવી એશિયાભરમાં આ એક જ આવી હૉસ્પિટલ છે, તે જોવા ગયા. આ સ્થળ મૂળ મિલિટરી માટે યોજાયેલું. લડાઈમાં હાથપગ ગુમાવી બેઠેલા સિપાહીઓ માટે આ ઊભું થયેલું. ત્યાર બાદ ધીમે ધીમે સિવિલિયન પ્રજાને પણ તેનો લાભ મળવા લાગ્યો. અહીં ઘણા અપંગો દૂર દૂરથી આવે છે. હવે તો બહેનોનો અને પુરુષોનો વૉર્ડ પણ થયેલો છે. જ્યાં પરપ્રાંતના અને પરગામના અપંગો રહીને આ બનાવટી અવયવ ધારણ કરીને અભ્યાસ અર્થે અહીં રહી શકે છે. આ સંસ્થાના વડા સાથે શ્રી નટવરભાઈને પહેલેથી પિછાણ હતી. એટલે તેઓ જાતે અમને બધું ફરી ફરીને બતાવવા આવ્યા અને બતાવ્યું. મિલિટરીના હાથમાં આ સંસ્થા હોવાથી સ્વચ્છતા, ઝીણવટભરી ચોકસાઈ અને વિનય આદિ આંખે તરી આવતાં હતાં. હિંદમાંથી બર્મા, સીંગાપોર, મલાયા આદિ જગ્યાએથી અપંગો આવે છે. ઠૂંઠા હાથપગે માણસ બીડી પી શકે. સાઈકલ ચલાવી શકે. મોટર હાંકી શકે. બધાં ક્ષેત્રોમાં સશક્ત જેમ કામ કરી શકે છે. આ વિજ્ઞાનની ભારે શોધખોળ છે. સંસ્થાના વડા શ્રી અનંત નારાયણ આ સંસ્થામાં અને અપંગોની સેવામાં એવો તો સારો રસ લે છે, કે તે જોઈને પ્રથમ પૂજ્યને અને પછી શ્રી નટવરભાઈને દિલમાં થયું કે સંસ્થાને કંઈક મદદ કરી હોય તો ઠીક. પૂજ્યે રૂ.૨૫૧/-થી શરૂઆત કરી. તેમણે જ આ વિચાર વહેતો કર્યો અને શ્રી નટવરભાઈએ રૂ.૧૦૦૦/-ની ભેટ ધરી. ચાર જુદી જુદી વ્યક્તિઓએ રૂ.૨૫૦/- ૨૫૦/- વહેંચી લીધા. પૂજ્યે પણ રૂ.૨૫૦/- આપ્યા. આ સંસ્થાનું વર્ણન જુદા પત્રમાં જુદે કરવું ઠીક. એટલે અત્રે તે વિશે લંબાણથી લખતો નથી. અપંગ બાળકો માટે-મોટેરાંઓ માટે બેસવા-રમવાના સુંદર સજાવટના ઓરડાઓ, રસોડું, જમવાની

વ્યવસ્થા વગેરે એટલું બધું તો સરસ છે કે મિલિટરીની વ્યવસ્થા માટે આપણને માનઆદર થયા વિના રહી શકે જ નહિ.

બાળકોને લકવો થાય છે. મોટાંઓને પણ - તેને મટાડવાની હૉસ્પિટલ અને વ્યવસ્થા જોઈ. શ્રી જયશ્રીબહેન મણિયાર કરીને એક ડૉક્ટર બહેન - ઈંગ્લેંડ જઈ આવીને આ વિષયમાં નિષ્ણાત થયેલાં. બહેને અમને બધાં યંત્રો બતાવ્યાં અને વિજ્ઞાને કેવી અને કેટલી બધી પ્રવૃત્તિ કરી છે તે બતાવ્યું. વીજળીનાં કિરણોથી અહીં મટાડાય છે. તથા, હૈયાસૂઝથી ઊગેલા કસરતના બુદ્ધિપૂર્વકના નાનામોટા ઉપાયો જોયા. આનંદ થાય તેવું હતું.

અહીંથી એક વાગ્યે ઘેર આવ્યાં અને જમ્યાં. થોડોક આરામ લેવાયો-તરત પછી આળંદી જવા નીકળ્યા. આળંદી એટલે જ્ઞાનેશ્વર મહારાજનું સ્થળ. પુનાથી ૧૨ માઈલ દૂર આ સ્થળ છે. જ્ઞાનેશ્વર મહારાજ આ સ્થળે જન્મેલા અને આ સ્થળે સમાધિ પણ લીધેલી. ડાકોરના શ્રીરણછોડરાયની નાની આવૃત્તિસમું અહીં મંદિર છે. ગામ નદી કિનારે છે.

સવારમાં આગાખાન પૅલેસના એક છેડે પૂજ્ય શ્રી કસ્તૂરબા ગાંધીની અને શ્રી મહાદેવ દેસાઈની સમાધિએ પણ જઈ આવેલા અને ફૂલ ચડાવીને હૃદયની અંજલિ આપેલી.

આળંદીથી પાછા ફરીને સાંજે ૭-૨૦ વાગ્યે ‘શ્રીહરિકૃષ્ણ મંદિરે’ શ્રી દિલીપકુમાર રૉયના આશ્રમે ગયા. પૂજ્યની ઈચ્છા હતી કે તેઓની ઓળખાણ કોઈ પણ ના આપે અને અજ્ઞાત અવસ્થામાં જ જઈને આવે. અમો સાથે વૃંદાવનના - રામકૃષ્ણ મિશનના એક સંન્યાસી વિમલાનંદ સ્વામી કરીને હતા. તેમને પૂજ્ય માટે ભારે માન છે. તેઓએ પૂજ્યને જણાવ્યું હશે કે તેઓ તો શ્રી દિલીપકુમાર રૉયને જણાવશે કે ‘મોટા આવ્યા છે’ અને ઓળખાણ કરાવશે. પૂજ્યે અને મેં તેમને કહેલ કે ‘કૃપા કરીને તેમ ના કરશો. આપણે ઓળખાણ આપવાની કશી જરૂર

નથી.' પણ વિમલાનંદે તો શ્રી દિલીપકુમારને નીચે આવતાં જાણ કરી અને પરિણામે તેઓએ પૂજ્ય શ્રીમોટાને મસ્તક નમાવી નમન કર્યું. પૂજ્યે પણ તેમ કર્યું અને પૂજ્યને તેઓએ પોતાની સાથે ઊંચા આસને વ્યાપસપીઠ ઉપર બેસવા આમંત્ર્યા. પૂજ્યે આનાકાની કરીને કહ્યું કે 'નીચે જ બેસીશ.' પણ શ્રી દિલીપકુમારે તેમ ના કરવા દીધું અને પોતાની સાથે પ્લૅટફૉર્મ ઉપર ગાદીતકિયે બેસાડ્યા અને પોતાને માટેની ફૂલની માળા પૂજ્યશ્રીના ગળામાં તેમણે પહેરાવી અને પછી શ્રી ઇંદિરાદેવી આવ્યાં. તેમણે પૂજ્યને નમન કર્યું. પૂજ્યે વળતો તેવો જવાબ આપ્યો અને પછી ભજનો, ગીતા ઉપરનું પ્રવચન અને આરતી થયાં. સવા કલાક બાદ તે બધું પૂરું થતાં ભક્તજનો શ્રી દિલીપકુમાર રૉયને પગે લાગવા આગળ વધ્યા અને પ્રથમ તે પ્રમાણે પગે લાગવા આવનાર ભાઈને શ્રી દિલીપકુમારે જણાવ્યું કે (પૂજ્ય મોટાને બતાવીને) 'આમને પ્રથમ પગે લાગો અને પછી મને.' તો બધા ભક્તજનો પૂજ્યને પણ સાથે સાથે પગે લાગેલા. અંતમાં પૂજ્ય દીદીએ (ઇંદિરાદેવીએ) પૂજ્યને નમન કર્યું અને આ બધું પૂરું થયું. અમારા ત્યાંથી વિદાય થતાં પહેલાં પૂજ્ય ઇંદિરાદેવી સાથે પાંચેક મિનિટ વાર્તાલાપ થયેલો. આ કાર્યક્રમ રાત્રે સવા નવે પૂરો થયો. તે બાદ અમો શ્રીમતી સરલાબહેન સાંકળિયાને ત્યાં ગયા. તેમના પતિએ જમીનમાંની તેમની શોધખોળનું 'મુવી-ચલચિત્ર' બતાવ્યું. તથા અમરનાથની યાત્રાનાં દર્શન ચિત્રમાં કરાવ્યાં. બંનેનાં-પતિપત્નીનાં-સંસ્કાર અને સૌજન્ય ઉમદા પ્રકારનાં અનુભવ્યાં.

રાત્રે ૧૦-૩૦ વાગ્યે યજમાનને ઘેર તેમની સાથે આવ્યાં અને જમ્યાં અને અંદાજે ૧૧-૩૦ વાગ્યે સૂતા હોઈશું.

★ ★ ★

વહેલી સવારે પુનાથી ૧૨ માઈલ દૂર હિંદની 'નેશનલ ડીફેન્સ એકેડેમી'માં ગયા. ત્યાં વિમાની, લશ્કરી અને દરિયાઈ લશ્કરના ઑફિસરોને ટ્રેનિંગ અપાય છે, તે સ્થળનું નામ 'ખડકવાસલા' છે. મૅટ્રિક પછીના વિદ્યાર્થીઓને એમાં પ્રવેશ અપાય છે. ત્રણ વર્ષમાં B. Sc. જેટલો કોર્સ અપાય છે. પછી ૧ વર્ષ દહેરાદૂન ટ્રેનિંગ માટે મોકલાવાય છે. લોનાવલા અને કોચીન મોકલાવાય છે. ચારપાંચ વર્ષ બાદ રૂ. ૭૦૦/- ના પગારથી મિલિટરી નોકરી શરૂ થાય છે.

ખડકવાસલા પુનાથી ૧૨ માઈલ દૂર પર્વતોની તળેટીમાં સુંદર રળિયામણા સ્થળે છે. નાગરિકોને રવિવાર સિવાય ગામમાં દાખલ થવા દેતા નથી. વસ્તી ૧૦,૦૦૦ માણસની છે. ૧૪૦૦ વિદ્યાર્થીઓ જેને કેડેટસ્ કહેવામાં આવે છે - તે ઉપરાંત, ૭૦૦ પ્રોફેસરો, નોકરો જુદા તથા બીજા બધા મળીને ૧૦,૦૦૦ ની વસ્તી છે. એમ અમને કહેવામાં આવેલું.

મિલિટરી હસ્તક હોવાથી સફાઈ, શિસ્ત અને વ્યવસ્થા આદરણીય છે. મકાનો ભવ્ય અને શાનદાર છે.

જમવાનો હૉલ ભવ્ય છે. એકસાથે ૧૫૦૦ માણસો ખુરશી ટેબલ ઉપર જમવા બેસી શકે તેવો છે. અને ત્રણ રસોડાં પણ વિશાળ છે. જેમાં બધું વીજળીથી જ થાય છે. દાળ, ભાત, બ્રેડ, તળેલાં વડાં, ઢોસા, શાક, રોટલી પીરસવાનું અને શેકવાનું બધું વીજળીથી (માત્ર, રોટલીઓ વણવાનું હાથે હોય છે.) રકાબી - પ્યાલાઓ વગેરે વીજળીથી ધોવાઈ જાય.

૧૬૦૦ માણસો બેસી શકે તેવું, મોટું એક થિયેટર છે, જ્યાં વ્યાખ્યાનો પણ અપાય છે.

અમને અધિકારીઓના સૌજન્યથી અપવાદ તરીકે ત્યાંના મોટા તળાવમાં નાની સ્ટીમ લોંચમાં અમને ૪૫ મિનિટ ફરવાનું પણ મળ્યું.

આપણા દેશનું રક્ષણ કરનાર લશ્કરી અધિકારીઓને તૈયાર કરવાનું આ સ્થળ હોઈ તેને તીર્થયાત્રા પણ ગણી શકાય. રૂ. ૫૦૦૦/-, ૧૦,૦૦૦/-, ૨૦,૦૦૦/-નો એક ઘોડો એવા સવારીના અનેક ઘોડાઓ પણ દેખાડવામાં આવ્યા.

કેડેટસ્‌ને માટે અદ્યતન સાધનો સાથેની ભવ્ય વ્યાયામશાળા જોઈ. ક્રિકેટ અને બીજી બધી રમતો ત્યાં રમાતી હોય છે. હૉસ્પિટલ, કૉલોનીનું પોતાનું ડ્રેઇનેજ વૉટર વર્ક્સ એમ બધું સ્વતંત્ર છે. એક નાનું સુંદર નગર છે. બગીચા પણ સરસ છે.

આમ, ખડકવાસલાની યાત્રા પૂરી કરીને બાર વાગ્યે ઘેર આવ્યાં અને જમ્યાં. બીજાં બધાંએ આરામ કર્યો અને સાંજે પાંચ વાગ્યે બજારમાં શૉપિંગ માટે પણ જવાનું થયું. સુરત આશ્રમે અનોખા ક્રાંતિકારી લગ્ન ૩૦મીએ થનાર હતાં. તે પ્રસંગે ભેટ આપવા માટે એક બહેને ખાદીની સાડી અને તેવું બધું દેવાનું ઈચ્છ્યું તેની ખરીદી કરી.

તે બાદ રામકૃષ્ણ મિશન મંદિરે ગયા. આ સ્થળ શાંત રમણીય જગ્યાએ છે. હમણાં જ થોડા ભક્તોના પ્રયાસથી પૂજ્ય શ્રીરામકૃષ્ણ દેવની છબી સાથેનું મંદિર અને રહેવાને ૪ ઓરડાઓ તૈયાર થયા છે. એકાંત, શાંત અને રમ્ય સ્થળ છે. પૂજ્યે રૂ. ૫૧/- આશ્રમમાં આપ્યા. તે જોઈને શ્રી નટવરભાઈએ બીજા રૂ.૨૦૦/- આપ્યા. પૂજ્ય સ્વામી વિમલાનંદ ત્યાં આગલે દિવસથી રહેલા. અમોને ચાકૉફી અને કેરીનો નાસ્તો આપ્યો અને તે પહેલાં વહેતી નદીના તીરે 'વિઠ્ઠલવાડી' નામના શિવાલયે લઈ ગયા. નજીકમાં જ આ શિવાલય હતું. ખૂબ રમ્ય સ્થળ છે. પૂજ્ય અને અમે નાહ્યા. આનંદ થયો. પાણીનું વહેણ જોશમાં હતું.

સાંજે ૭-૩૦ વાગ્યે ઘેર પહોંચ્યાં. જમીને થોડાંક ભજનો ગવાયાં. પૂજ્ય સાથે સત્સંગની વાતો થઈ અને ૧૦-૩૦ વાગ્યે સૂઈ ગયા અને સવારે ૩ વાગ્યે ઊઠીને ૫ વાગ્યે તો બંને કારમાં

અમો નીકળી જઈને ૯ વાગ્યામાં મુંબઈ આવી પહોંચ્યા. બપોર પછી ઘણાં બધાં 'મેફેર'માં મળવા આવેલાં. સાંજે ખારમાં સરોજબહેનને ત્યાં શ્રી નટવરભાઈ સાથે જમવા ગયા અને પાછા ફરતાં ૯-૩૦ વાગ્યે ઊપડતી લોકલમાં સેન્ટ્રલથી સુરત આવવા નીકળી ગયા.

## [૧૯]

*તા. ૩-૬-૧૯૬૩*

ગઈ કાલે તા.૨-૬-૧૯૬૩ને રવિવારે ઇંદુકાકા પટેલ (નડિયાદ)ને ત્યાં પૂજ્ય શ્રીમોટાના હાથે તેમના મકાનમાં તેમણે એક મૌનમંદિર કર્યું. એ અલગ બનાવેલું. તેની ઉદ્‌ઘાટનવિધિ કરાવી. પોતાના મકાનમાં ભોંયરામાં એક ઓરડો અંદાજે ૬x૧૨નો તૈયાર કરાવ્યો છે. તેના ઉપરનો માળ પણ મૌન-ઓરડા માટે જ છે. જ્યાં નાહવાનું, શૌચ આદિ પતાવવાની જગ્યા અને સૂવાને પલંગ મેડા ઉપર રાખ્યો છે. નીચે ભોંયરામાં હીંચકો, બાજઠ, પૂજ્યશ્રીનો ફોટો વગેરે સાધનોની સગવડ છે. બધું જ નવું વસાવ્યું છે. આ સ્થળે મૌનએકાંતમાં રહી શકાય અને પૂજ્યને પ્રાર્થના કરી શકાય તેવો તેમનો હેતુ છે.

પૂજ્યે દિવસ નક્કી કર્યો અને તે દિવસ તેમણે કબૂલ્યો. અમોને આશ્રમેથી લેવા માટે બે કારો લઈને ઇંદુકાકા, તેમનાં વૃદ્ધ માતુશ્રી, (ઉંમર વર્ષ આશરે ૮૫થી પણ વધુ) તેમનાં પત્ની, પુત્રો વગેરે ૬-૩૦ વાગ્યે આવ્યાં. માતુશ્રીએ પૂજ્યને રૂ. ૪૦૧/- ભેટ ધરી અને પછી બધાં ઘરે ગયાં. અમો સૌ સાથે કુટુંબ મોટું છે. પુત્રીઓ, પૌત્રીઓ, પુત્રો-પૌત્રો ભાઈઓ, પિતરાઈ ભાઈઓ, ભત્રીજાઓ - બધાં મળીને આશરે ૫૦ જણ પૂજ્યને સત્કારવા સજ્જ બનેલાં હતાં. બધાંએ પૂજ્યને વધાવ્યાં, સત્કાર્યાં અને પગે લાગ્યાં. પછી સ્નાન કરાવડાવ્યું. સ્ટીલની મોટી ડોલમાં અંદાજે ૨૫ રતલ કેસરિયા દૂધ, જેમાં મધ, દહીં વગેરે પણ હતું. તેવા

મૌનરૂમના બાથરૂમમાં ચાંદીના પાટલે બેસાડીને કાકાએ અને બધાંએ પંચામૃતથી પૂજ્યને સ્નાન કરાવ્યું. સ્નાન બાદ અત્તરની પંદરેક શીશીઓ બધાંએ વારાફરતી તેમના શરીરે ઢોળી, લગાવી. એટલું બધું અત્તર છાંટ્યું કે પૂજ્યને કલાકેક સુધી આંખો બંધ જ રાખવી પડી. ભજનો દરમિયાન આંખો બંધ રાખીને બેસી રહ્યા. ત્યાર બાદ માથે ફેંટાએ હાર બંધાવ્યા, હાથે કાંડાએ ફૂલોના ગજરા બાંધ્યા. ફૂલના ફૂમતાં મોટાએ લટકાવ્યાં. ગળામાં હાર પહેરાવ્યા. તેમના સૂવાના પલંગ ઉપર ખાસ અમદાવાદ માણસને મોકલીને, મોગરાનાં તાજાં પુષ્પો મંગાવીને, માળાઓ ભીંતે અને ચારેબાજુ લટકાવેલી. હીંચકે ચારે સાંકળોએ ફૂલોની માળાઓ બાંધેલી. આખું વાતાવરણ સુગંધીમય મઘમઘાટથી ધમધમી રહેલું, જેમાં હૈયાનો ભાવ તો પ્રાધાન્યપણે હતો જ હતો.

સ્નાન બાદ શરીર લૂછીને કાથીના પગલૂછણા ઉપર પગ મૂકીને બહાર આવવાનું હોવાથી તે પગલૂછણા ઉપર જાડો રંગીન રૂમાલ બિછાવેલો કે જેથી પગને ખૂંચે નહિ. આવી ઝીણી ઝીણી કાળજીભરી વ્યવસ્થા જોઈને ગદ્ગદ ભાવ જાગે જ જાગે.

કુટુંબ સંસ્કારી. આધુનિક જમાનાને અનુસરીને ઊછરેલું. શ્રીમંત હોવા છતાં પુત્રોને પણ ગુરુ પ્રત્યેનો અને વડીલજન પ્રત્યેનો ભાવ ઘણો હતો.

સ્નાન બાદ મથુરીબહેનનાં કલાકેક ભજનો થયાં. પછી બધાંને નાસ્તો દેવામાં આવ્યો. તે બાદ ભોજનની વ્યવસ્થા થઈ. બરાબર ૯-૩૦ વાગ્યે ભોજન કરવા બધાંને બેસાડી દીધેલાં. ભોજન બાદ પલંગ પાસે મોટી ડોલમાં અધમણ બરફનું ગચ્ચું મૂક્યું-જેથી હવામાં ઠંડક રહે. પંખો તો હતો જ, પણ વીજળીનો પંખો પૂજ્ય નથી વાપરતા એટલે કુટુંબીજનોએ વારાફરતી હાથ પંખો પૂજ્યને નાખ્યા કર્યો.

સૌ જમવા બેઠાં હતાં ત્યારે વૃદ્ધ માતુશ્રી પણ પૂજ્યથી જરાક દૂર સાથે જમવામાં હતાં. પૂજ્યને જમતીવેળા બે જણ હાથ પંખો નાખતા હતા અને સામે વૃદ્ધ માતુશ્રીને પણ એક જણ પંખો નાખતું હતું. જે દૃશ્ય મને ખાસ અનુપમ લાગ્યું. વહુઓ અને સંતાનો બધાં જ માતુશ્રી પ્રત્યે માનથી વર્તતાં જણાયાં. મુરબ્બી ઈંદુકાકાએ કહેલું કે તેઓ અને તેમના ભાઈ વૈકુંઠભાઈ જોડેના બંગલામાં જુદા રહે છે (વેપાર ભેગો ભાગમાં છે.) અને માતુશ્રી વૈકુંઠભાઈ સાથે રહે છે. બંને ભાઈઓ બંગલાની બહાર જતાં પહેલાં હંમેશાં પૂજ્ય માતુશ્રીને પગે લાગીને જાય છે અને ઘરમાં નાનાંમોટાં સૌ બાળકો પણ બાને દિવસમાં એકવાર સવારે તો પગે લાગી આવે. ઈંદુકાકાને ત્યાં કંઈ પણ મેવો-મીઠાઈ આવ્યાં હોય તેમાંથી પ્રથમ બાને માટે જોડેના બંગલે મોકલવામાં આવે. નવી વસ્તુ આવી હોય તો બાને પ્રથમ બતાવવામાં આવે. તે મેં નજરોનજરથી અનુભવ્યું. આ તેમનો રોજનો શિરસ્તો. માતૃપૂજા, માતૃભક્તિ- બધાંની જોઈને ખરે જ ઘણો આનંદ થયો અને થાય તેવું અનુભવ્યું.

શ્રી વૈકુંઠભાઈના ગૃહમાં ultra મૉર્ડનીઝમ - આધુનિક પાશ્ચાત્ય સુધારાનો વર્ગ વધુ, છતાં તે ઘરનાં પણ સૌ નાનાંમોટાં વડીલો પ્રત્યે જે ભાવ દાખવતાં હતાં, પૂજ્ય શ્રીમોટા પ્રતિ જે ભાવ દાખવતાં જોયાં તે ખરે જ અનુપમ દૃશ્ય હતું. શ્રી વૈકુંઠભાઈ પૂજ્યને કારમાં જતાં કે બેઠેલાં દૂરથી જુએ તો ભરબજારે દોડતાં સામેથી આવે અને પગે લાગે. બાકી, આમ તો તેઓ કદીક કદીક જ આશ્રમે આવે છે, પણ તે સાથે ભાવને સંબંધ નથી. તેમના પિતરાઈ ભાઈના પુત્રનાં વિવાહ-લગ્ન સમયે, જે લગ્ન આંતર-જાતીયનું હોવાથી ઘરમાં, (પિતરાઈનો) વિરોધ હતો, પણ શ્રી વૈકુંઠભાઈએ વરરાજાને લઈને આશ્રમે આવવાનું કર્યું. તે સમયે ૧૦-૩૦ થયા હતા. ઉપર લખ્યું તેમ શ્રી વૈકુંઠભાઈ કદીક જ

વર્ષના વચલા દિવસે આશ્રમે તો આવે, પણ આવા પ્રસંગોએ તેમની ભક્તિ અને શ્રદ્ધા જણાઈ આવે. તેઓ વરરાજાને (ઇંગ્લૅંડમાં ભણેલા અને તેજસ્વી, શ્રીમંત અને હોશિયાર યુવાનને) લઈને આશ્રમે આવ્યા. પૂજ્ય તો જમીને આરામ લઈ રહેલા હતા. શિયાળો હોઈ રૂમનાં દ્વાર પણ બંધ હતાં. આ સંજોગોમાં શ્રી વૈકુંઠભાઈ ન તો અપ્રસન્ન થયા, ન તો પૂજ્યને જગાડવાનું તેમણે ઇચ્છ્યું, ન તો દિલગીરી દાખવી, (પૂજ્યને ન મળાયાની) પણ જાણે આશ્રમે તેઓ આવી ગયા એટલે પૂજ્ને મળ્યાના અને પૂજ્યના આશીર્વાદ મેળવ્યાનો પૂરો સંતોષ દાખવીને પૂજ્યની રૂમનાં પગથિયાંને તેઓ બંને નીચા નમીને વળીને કપાળ પગથિયાંને અડાડીને મનોમન પ્રણામ કરીને, પગે લાગીને તરત કારમાં પાછા વળી ગયા. અને વિવાહ-લગ્ન નક્કી કર્યાં, અને યુવાનની આવી પ્રદર્શનરહિત મૂક ભક્તિનું દૃશ્ય જોઈને આનંદ થયો હતો.

ઈંદુકાકા બે વર્ષ ઉપર આફ્રિકાથી આવ્યા ત્યારે મુંબઈથી કારમાં આવેલા. પોતાનું ગૃહ મોટર રસ્તે પ્રથમ વચ્ચે આવે અને ઘરથી આશ્રમ સાડાત્રણ માઈલ દૂર હોવા છતાં, આખા દિવસનો મોટરનો શ્રમિત પ્રવાસ કરાયો હોવા છતાં પ્રથમ પોતાના ગૃહે ના જતાં રાતના દોઢ વાગ્યે તેઓ સૌ પ્રથમ આશ્રમે આવે છે. પૂજ્ય તો ઊંઘી ગયેલા. સૂઈ ગયેલા આશ્રમવાસીઓને પણ ખલેલ ન કરવા ઇચ્છતાં તેઓ સૌ ઝાંપા બહારથી જ આશ્રમને પગે લાગીને, આશ્રમમાં પ્રવેશ કર્યો ગણીને, પૂજ્યનાં દર્શન કર્યાં ગણી લઈને, પૂજ્યના ધામમાં પ્રવેશ્યા બાદ પાછા સાડાત્રણ માઈલ પાછા ફરીને રાત્રે બે વાગ્યે થાક્યા પાક્યા ઘેર પહોંચે છે ! આવી છે ભાવની વાત. !!!

॥ હરિઃૐ ॥

❀

## ‘શ્રીમોટાની મહત્તા’
## [પૂ. શ્રીમોટાના પ્રેરણાત્મક જીવનપ્રસંગો]
## પ્રસંગસૂચિ
## અનુક્રમણિકા (પ્રસંગોની) ●

શ્રી નંદુભાઈ
- પૂજ્યશ્રીની સાથે પરિચય-૧
- દીક્ષા, સાધનાની શરૂઆત-૨
- મૌનમાં બેસવાનું શરૂ ૧૯૪૩-૬
- ૧૯૪૬માં મૌનમાંથી બહાર નીકળ્યા પછી સતત ૧૬ કલાક બોલવાનું થવું-૭
- આ ગાળામાં પૂજ્યશ્રીને પોતાની બધી જ સંપત્તિ આપવા આગ્રહપૂર્વક દબાણ, પણ પૂજ્યશ્રીનો સ્પષ્ટ ઈન્કાર-૭
- સાધના અને પ્રકૃતિનું રૂપાંતર કરવાના પ્રયોગો-અનુભવો-૧૩, ૧૪, ૨૧ થી ૨૪, ૫૨ થી ૫૫ (૧) નાહવું નહિ (૨) એનાં એ જ કપડાં થોડાક દિવસ પહેરી રાખવાં (૩) લોક શું કહેશે તે ના વિચારવું
- વડીલો સાથે સુમેળ સાધવો-૧
- દાનની વૃત્તિ-મોહનું સમજવું-૧૫
- દવા વિના કબજિયાત મટવી-૬
- મુ. ચાચાજી સાથે વાર્તાલાપ-પ્રકૃતિના રૂપાંતર વિશે-૧૧-૧૨
- ઘર તો ગૃહિણીનું જ, પત્નીને મહત્ત્વ આપવું-પતિ તરીકેના અહમ્‌નું દર્શન
- પૂ. મોટીબા-૩૬, ૩૮, ૩૯
- ભક્તિ અને આપવું એટલે શું ?-૩૮
- માની ભક્તિ જરૂરી-૩૭
- સ્વજનોના રોગ પૂજ્યશ્રી દ્વારા મટ્યા-૪૧, ૪૨
- શ્રી હેમંતકુમાર નીલકંઠ-૧૦, ૧૭, ૧૮, ૩૨, ૫૧
- ડૉ. કાંતાબહેન-૪૪
- શ્રી જમનાબહેન-૪૪
- શ્રી ઈંદ્રવદન શૅરદલાલ-૪૬
- શ્રી વજુભાઈ જાની (નીડરતા અંગે)-૫૫
- પૂજ્યશ્રીની નિઃસ્પૃહતા, વિશેષ વર્તનકળા-૪૯, ૫૦
- કોઈની સાથે કામ પડે ત્યારે કેવું વર્તન છે-૪૯, ૫૦, ૫૧
- પૂજ્યશ્રીનું નિરાગ્રહીપણું-૫, ૬, ૨૪, ૨૫

- પૂજ્યશ્રીનું ધન પ્રત્યે નિર્લોભીપણું-૮, ૧૭
- પૂજ્યશ્રીનું કોઈની સાથે વાણીમાં આક્રોશ લાવવાની કળા વિશે સમજણ-૮, ૯
- આ અંગે બીજા મહાત્માઓ વિશે સમજણ-૯ શ્રીઅરવિંદ, શ્રીરામદાસ સ્વામી, શ્રીરમણ મહર્ષિ
- પૂજ્યશ્રી હરિજન સેવક સંઘના મંત્રી તરીકે શ્રી પરીક્ષિતભાઈ સાથેનો સંબંધ. અત્યંત નમ્રતાનું દર્શન-આશ્રમની છોકરીઓનાં સૂચનો-૯, ૧૦, ૧૧
- હિમાલયની યાત્રામાં પૈસાની જવાબદારી પૂજ્યશ્રીએ સ્વીકારી હતી. કરકસર વગેરે અનુભવ -૧૬, ૧૯
- પૂજ્યશ્રી સંકોચથી દૂર
- બંગડી પહેરવાનો પ્રસંગ-૬૦, ૬૨
- નિરાગ્રહીપણું-૫, ૯
- ધન પ્રત્યેની નિરાસક્તિ-૮, ૧૭
- સ્વજનને ઘડવાની વિશિષ્ટ રીત- ૧૩, ૧૪
- જવાબદારીના ખ્યાલની સમજણ અનુભવે આપી. હિમાલયમાં. ૧૫, ૧૬
- પોતાની જવાબદારીનો અને તેમનાં માતુશ્રીનો મૃત્યુનો પ્રસંગ-૧૭
- આશ્રમ બાંધવા માટે એકઠાં કરેલ પૈસા પરત કર્યા-૨૬
- કોઈને કામ સોંપ્યા પછી વિચારવું નહિ કે દખલ ના કરવી તેનો અનુભવ-કુંભકોણમ્ આશ્રમ બાંધતી વેળા થયો-૨૭
- નડિયાદમાં પણ આશ્રમ પછી થયો-૨૮
- વચનપાલન-તાવવાળી સ્થિતિમાં પણ-૭૫
- સમયપાલન અને શ્રી ઢેબરભાઈ-૭૭
- ટ્રેનમાં ખીસા કાતરુનો પ્રસંગ-૭૯
- અમૃતલાલ યાજ્ઞિક-૮૦
- શ્રી ગુલાબભાઈ-૮૨
- કામ એ જ મુખ્ય-૮૪
- પૂજ્યશ્રીની એકલક્ષી સાધના-૮૪
- તાદાત્મ્યભાવના પ્રસંગો-૮૫, ૮૯
- નોકરો સાથેની વર્તનકળા-૮૭
- શ્રીઉપાસની બાબા-૮૭
- સ્વામી આનંદ-૮૮
- શંકરલાલ બૅંકર-૯૦

• મનુ સૂબેદાર-૯૦, ૯૨
• મુ. મામા-૯૭
• પૂજ્યશ્રીની છેલ્લી વેળાએ શ્રી નંદુભાઈનું વચન-૮૪
• કોઈને કામ સોંપ્યા પછી જેમ થાય તેમ થવા દે-જરાય દખલગીરી નહિ-૯૫
• શ્રી રમાકાંતભાઈ-૯૬
• શ્રી હેમંતભાઈ-૧૦, ૧૭, ૧૮, ૩૨, ૫૧
• શ્રીઅરવિંદ દર્શન-પોંડિચેરીમાં-૪, ૨૪
• ગાંધીજી અને દેશની સેવાનો હેતુ પોતાનો જેલનો અનુભવ-૫, ૬
• કુટુંબ સાથે એકરાગતા-કેળવણી -૩૯

**ખંડ : ૨**

**પ્રવાસપત્રો**

• નવાડીસાનો આશ્રમ-૯૯
• ઊંઝા-ડૉ. વાસુદેવ રાવલ-૧૦૬
• મુંબઈ-શ્રી નટવરભાઈ ચિનાઈ અને કુટુંબ-૧૦૮
• નરોડા-મોટા અમૃતભાઈ પટેલ-૧૧૧
• અમદાવાદ-ભાઈબીજ અને શ્રી શાંતાબહેન-૧૧૨
• સુરત આશ્રમ-શ્રી ભીખુભાઈ-૧૧૩
• લવાછા-શ્રી ઝીણાભાઈ-૧૧૪
• લવાછા-શ્રી નરોત્તમભાઈ-૧૨૧
• ડાકોર-શ્રી મથુરીબહેન ખરે-૧૨૧
• કુંજરાવ-પી. ટી. પટેલ-૧૨૨
• કરમસદ-૧૨૯
• સુણાવ-૧૩૦
• નટવરભાઈને બાળકોને પ્રેમ કરવાની વિશેષ સૂચના-તેમનો ભાવાવેશ-૧૩૩
• પૂજ્યશ્રી વિશે ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯
• સુરત આશ્રમમાં લગ્ન-સાદાઈ નવો ચીલો-૧૪૧
• પૂજ્યશ્રીની વિરોધીને 'ટૅકલ' કરવાની રીત-૧૪૨
• પૂજ્યશ્રીનો નવા કુટુંબમાં પ્રવેશ અને પરિણામ-૧૪૨
• પૂજ્યશ્રીનું જુદી જુદી પ્રકૃતિ-વાળા સાથે સુમેળભર્યું વર્તન-૧૪૨
• પૂજ્યશ્રીની નિર્લેપતા-૧૪૩, ૧૪૪
• બહિર્મુખી ભક્તિ ક્રિયાકાંડને મહત્ત્વ નથી છતાં તેમની વિશિષ્ટ નીતિ-૧૪૬

- કશું મફત મળતું નથી-લાયકાત કેળવો-૧૪૭
- આધ્યાત્મિક માનવીનું જીવન બીજાઓ માટે નથી-૧૪૮
- ભિન્ન ભિન્ન કર્મની યથાર્થતા-૧૫૦
- સામાન્ય પણ અધિકારી દંપતીનો વિવેક-૧૫૪
- નંદરબાર-૧૫૫, ૧૫૮
- શ્રી મંગળદાસ-૧૫૯
- પૂજ્યશ્રીને સંબોધીને લખેલ પત્ર ૧૬૨
- વડ ઉપરથી બાળકનું પડી જવું -૧૬૭
- ૩૧-૫-૧૯૬૦નો પત્ર-૧૫૫
- ૨૪-૧-૧૯૬૧નો પત્ર-૧૭૦
- ૧૨-૩-૧૯૬૧નો પત્ર-૧૭૩
- ૨૭-૫-૧૯૬૧નો પત્ર-૧૭૫
- ૩-૬-૧૯૬૩નો પત્ર-૧૮૪


**॥ હરિઃૐ ॥**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. ‘મનને’ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર ૭ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું ‘ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ’ અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે’જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | | |
|---|---|---|
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્‌લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. | નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. | ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. | જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. | જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. | જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. | જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. | જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. | પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. | મોહ | ૧૯૭૩ |
| ૩૬. | કૃપા | ૧૯૭૩ |
| ૩૭. | સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. | શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. | કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. | જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. | જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. | જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. | જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. | ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. | ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. | ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. | ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. | ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. | જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. | જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. | મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| **નં.** | **પુસ્તક** | **પ્ર.આ.** |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહ્દય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા-ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | **મોટા** - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

૧૭. દુર્લભ દેહ મનુષ્યનો ૨૦૦૭
૧૮. દૈવાસુર સંગ્રામ ૨૦૦૭
૧૯. પ્રસાદી (ગુજરાતી) ૨૦૦૮
૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ ૨૦૧૪
(તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક)
૨૧. જીવનયોગ ભાગ ૧ અને ૨ ૨૦૧૬
૨૨. બુદ્ધિ ૨૦૧૭

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા-જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી **મોટા**નો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના **મોટા** | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટાચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટાચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम (श्रीभगवान के अनुभव का स्थान) | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के **मोटा** | २०१२ |
| ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 |
| 2. | To The Mind | 1950 |
| 3. | Life's Struggle | 1955 |
| 4. | The Fragrance Of A Saint | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-Interest | 2005 |
| 9. | Inquisitiveness | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children | 2008 |
| 14. | Against Cancer | 2008 |
| 15. | Faith | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human To Divine | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace | 2012 |
| 20. | I Bow At Thy Feet | 2013 |
| 21. | Attachment And Aversion | 2015 |
| 22. | The Undending Odyssey (My Experience of Sadguru Sri Mota's Grace) | 2019 |

●

॥ હરિઃૐ ॥








કિંમત : રૂ. ૧૫/-